भेट ] ॥ अर्हम् ॥ [ भेट

॥ श्री वर्द्धमान-सत्य-नीति-हर्षसूरि जैनग्रन्थमाला ॥
पुष्प २०

महामहोपाध्यायश्रीक्षमाकल्याणकगणिविरचित-

# ॥ प्रश्नोत्तरसार्धशतक-सार्थ ॥

गुर्जरभाषानुवादक
આચાર્યશ્રીવિજયમહેન્દ્રસૂરિમહારાજ.

પ્રકાશક
શ્રીવર્દ્ધમાન-સત્ય-નીતિ-હર્ષસૂરિગ્રંથમાલાના

કાર્યવાહક
શેઠ વાડીલાલ મહોકમચંદ વકીલ
અમદાવાદ.

વીર સં. ૨૪૮૭ } પ્રત ૭૫૦ { વિક્રમ સં. ૨૦૧૭
સત્ય સં. ૨૬૨ } { ઇસ્વી. સં. ૧૯૬૧

મૂલ્ય-પઠન-પાઠન

भेट ]　　　　॥ अर्हम् ॥　　　　[ भेट

॥ श्री वर्द्धमान-सत्य-नीति-हर्षसूरि जैनग्रन्थमाला ॥
पुष्प २०

महामहोपाध्यायश्रीक्षमाकल्याणकगणिविरचित-

# ॥ प्रश्नोत्तरसार्धशतक-सार्थ ॥

---

गुर्जरभाषानुवादक

આચાર્યશ્રીવિજયમહેન્દ્રસૂરિમહારાજ

પ્રકાશક
શ્રીવર્દ્ધમાન-સત્ય-નીતિ-હર્ષસૂરિગ્રંથમાલાના
કાર્યવાહક
શેઠ વાડીલાલ મહોકમચંદ વકીલ
અમદાવાદ.

વીર સં. ૨૪૮૭ 
સત્ય સં. ૨૬૨　　પ્રત ૭૫૦　　વિક્રમ સં. ૨૦૧૫ 
ઈસ્વી. સં. ૧૯૬૦

મૂલ્ય-પઠન-પાઠન

# આભારદર્શન

આ પ્રશ્નોત્તર સાર્ધશતક પુસ્તક છપાવવા માટે આર્થિક સહાય આપનાર સદ્ગૃહસ્થોની શુભ નામાવલી.

રૂ. ૩૦૦) શેઠ ફોજમલ કપૂરચંદની કંપની. શિવગંજ—મારવાડ

રૂ. ૩૦૦) શેઠ બાબુલાલ તિલોકજી. પાદરલી—મારવાડ

રૂ. ૨૦૦) શેઠ નગીનદાસ ચંદુલાલ. સુરદાસશેઠની પોળ, અમદાવાદ.

રૂ. ૨૦૦) શેઠ સાંકલચંદ રાસાજી. જાવાલ-મારવાડ

રૂ. ૧૦૦) શેઠ ગોમરાજજી ફતેહચંદજી. શિવગંજ—મારવાડ

તા. કઃ- આ પુસ્તકમાં બાકીની ખુટતી રકમ—ડહેલાના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી ઉપાશ્રયના ટ્રસ્ટીઓએ આર્થિક સહાય આપેલી છે તે બદ્દલ ઉપરના સદ્ગૃહસ્થોનો તથા ટ્રસ્ટીઓનો આભાર માનવામાં આવે છે.

આ પુસ્તકમાં દાખલ કરેલ હર્ષપ્રભા વિજયહર્ષસૂરિ ચરિત્રનું છપાવવાનું ખર્ચ ચાંવલાનિવાસી શેઠ હીરાચંદજી ચુનીલાલજીએ આપેલ છે.

આ પુસ્તક સાધુ—સાધ્વી તથા જ્ઞાનભંડારોને ભેટ આપવામાં આવશે.

લી. પ્રકાશક

મુદ્રક : પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધી, નયન પ્રિન્ટિંગ પ્રેસ,
ગાંધીરોડ, ઢીંકવાવાડી, અમદાવાદ

तपागच्छ संविग्नशाखाग्रणी जिनागम रहस्यवेदी सुविहित
आचार्य श्री विजयहर्षसूरीश्वरजी महाराज (डहेलावाळा)



| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| जन्म | थावला | संवत | १९४१ | फागण | सुद | ५ |
| दीक्षा, | दाहोद, | संवत | १९५८ | फागण | सुद | ६ |
| गणिपद, | राधनपुर, | संवत | १९७० | मागसर | सुद | १३ |
| पन्यासपद | राधनपुर | संवत | १९७० | मागसर | सुद | १५ |
| आचार्यपद | फलोधि | संवत | १९८८ | जेठ | सुद | ६ |
| स्वर्गगमन, | अमदावाद | संवत | २०१६ | पोष | सुद | ८ |

# પ્રશ્નોત્તર સાર્ધશતક ગુજરાતી અનુવાદ

## પ્રસ્તાવના

જૈન શાસનમાં પૂર્વાચાર્યોનું રચેલું અનેકવિધ સાહિત્ય છે. તત્ત્વજ્ઞાન, અનુષ્ઠાન, ઉપદેશ, વિ. અનેક પ્રકારના સાહિત્યનાં મહાન વિપુલ ગ્રંથોનો આપણને વારસો આપ્યો છે. આમાનું કેટલુંક સાહિત્ય મૌલિક, કેટલુંક વિવરણાત્મક અને કેટલુંક અધિકારીને અનુરૂપ તૈયાર કરવામાં આવ્યું છે.

આગમગ્રંથો, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ષડ્દર્શનસમુચ્ચય, પ્રમાણ નયતત્ત્વલોકાલંકાર, અષ્ટક ષોડશક, યોગશાસ્ત્ર, વિગેરે મૌલિક ગ્રંથો છે. ટીકા, ટિપ્પણો અને પ્રકરણો તે વિવરણ ગ્રંથો છે જ્યારે આ તત્ત્વજ્ઞાનના મોટા ગ્રંથો અધિકારીને અનુરૂપ એના રહસ્યને સમજાવવા પૂર્વાચાર્યોએ જુદા જુદા ગ્રંથો બનાવ્યા છે તે પૈકી આ પ્રશ્નોત્તર સાર્ધશતક ગ્રંથ છે.

આ ગ્રંથમાં આગમ, પ્રકરણ, તત્ત્વજ્ઞાન અને અનુષ્ઠાનગત અનેકવિધ રહસ્ય પ્રશ્નોત્તર દ્વારા રજુ કરવામાં આવ્યું છે અને આવી હકીકત ખુબ જ ચિંતનશીલ, અને ઉંડા ધર્મગ્રંથોના અભ્યાસક જ રજુ કરી શકે.

આ ગ્રંથના રચયિતા મહામહોપાધ્યાય ક્ષમાકલ્યાણક ગણિ તેમના ગ્રંથ ઉપરથી આગમ, પ્રકરણ અને તત્ત્વજ્ઞાનના ઉંડા અભ્યાસી સાથે સતત ચિંતનશીલ મહાપુરુષ હોય તેમ જણાય છે. આ ગ્રંથમાં તેમણે આગમગ્રંથો, અને તે ઉપરાંત અનેક ગ્રંથના આધારો રજુ કરવા સાથે પોતાનો અનુભવ પણ રજુ કર્યો છે.

ક્ષમાકલ્યાણકગણિએ વિ. સં. ૧૮૫૧ માં આ ગ્રંથની રચના જેસલમરમાં કરી હતી. અને તેમણે વિશેષ શતક વિગેરે બીજા ગ્રંથો પણ રચ્યા છે.

આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ પૂજ્ય આચાર્ય મહારાજ મહેન્દ્રસૂરીશ્વરજી મહારાજે જૈનધર્મપ્રકાશ માસિકમાં આપ્યો હતો તે આજે પુસ્તક રૂપે પ્રગટ થાય છે.

આ પુસ્તક પ્રકાશન ગુજરાતી ભાષાના જાણકારોને અનેકવિધ રીતે ઉપયોગી થઈ શકે તેમ છે. આમાં કેટલાયે પ્રશ્નો એવા છે કે જે ભલભલા વિદ્વાનો પણ ઉત્તર આપતાં અચકાય તેમજ ત્રણસો વર્ષ ઉપર લખાયેલા આ ગ્રંથમાં એવા પણ પ્રશ્નો છે કે જે આજે પણ તેના ખુલાસાની જરૂરવાળા છે.

આ ગ્રંથનું પ્રકાશન પરમપૂજ્ય આગમપ્રજ્ઞ આચાર્યદેવ વિજય હર્ષસૂરીશ્વરજી મહારાજના સ્મરણાર્થે કરવામાં આવ્યું છે અને તે ખુબ જ યોગ્ય છે.

પૂજ્ય આચાર્ય વિજય હર્ષસૂરીશ્વરજી મહારાજ અખંડ આગમના અભ્યાસી, અપ્રમત્ત, સ્પષ્ટવક્તા અને વિચારશીલ ગણનાપાત્ર પુરુષ હતા. તેમણે તેમના જીવનમાં ઉગ્ર વિહાર કર્યો છે. અંતિમ કાળ સુધી પુસ્તકોનું અધ્યયન. વાંચન અને ચિંતન કર્યું છે. અને કોઈ પણ વિવાદાસ્પદ પ્રશ્નમાં પોતાને જણાતો સ્પષ્ટ અભિપ્રાય કોઈની પણ શરમ રાખ્યા વિના જણાવ્યો છે.

જૈન સંઘમાં આંગળીના વેઢે ગણી શકાય તેવા ગણનાપાત્ર પુરુષો પૈકીમાંના એક હતા. અને તેમનો અભિપ્રાય કે વિચાર હંમેશાં આધારભૂત ગણાતો.

આવા ઉત્તમ પુરુષના સ્મરણાર્થે તેમના જીવનને અનુરૂપ તાત્વિક ગ્રંથનું આ સંપાદન ખરેખર યોગ્ય છે. તેઓશ્રી વિ. સં.

# પ. પૂ. આચાર્ય મહેન્દ્રસૂરીશ્વરજી મ.



જન્મ વિ. સ. ૧૯૫૩ આસો વદ ૩ રતલામ

દીક્ષા વિ. સં. ૧૯૬૯ કારતક વદ ૪ અમદાવાદ

ગણિપદ વિ. સં. ૧૯૮૬ માગસર સુદ ૫

ડહેલાનો ઉપાશ્રય અમદાવાદ

પંન્યાસપદ વિ. સં. ૧૯૮૭ કારતક વદ ૮ સીપોર

આચાર્યપદ વિ. સં. ૧૯૯૯ ફાગણ વદ ૬ અમદાવાદ

૨૦૧૬ના પોસ સુદી ૮ ના રોજ સ્વર્ગગમન થયા છે. તેઓશ્રીના સ્મરણાર્થે અમદાવાદ-લુવારનીપોળે, ચલચિત્રની રચનાપૂર્વક મહા શાન્તિ પૂજા. શામળાનીપોળે, શેઠ કચરાભાઈ હઠીસીંગની શુભ પ્રેરણાથી બૃહદ્‌સિદ્ધચક્ર પૂજન તથા શાન્તિસ્નાત્ર ડહેલાના ઉપાશ્રયે પૂજાઓ તથા શાન્તિસ્નાત્ર તેમજ શિવગંજ વિગેરે બીજે સ્થળે શાન્તિસ્નાત્ર તથા અઠ્ઠાઈમહોત્સવ વિગેરે ધાર્મિક ક્રિયાઓ થઈ હતી.

આજે તેઓ નથી પણ તેમની જીવન પરાગ શાસનને મહેકાવી રહી છે.

આ પુસ્તક-પ્રકાશનમાં પુરી કાળજી રાખ્યા છતાં દૃષ્ટિદોષ કે સ્ખલનાથી કોઈ ભુલ થઈ હોય તેને વાંચકો ક્ષમા આપશે અને આ પુસ્તકનું વાંચન મનન કરી પ્રશ્નોતર દ્વારા જ્ઞાનવૃદ્ધિ કરી સમકિત અને ચારિત્ર્યમાં સ્થિર થઈ જીવન ઉજમાળ કરશે.
એજ અભ્યર્થના.

**તા. કઃ**-હર્ષપ્રભા આચાર્ય શ્રી વિજયહર્ષસૂરિ જીવનચરિત્ર છપાવવાનું ખર્ચ મારવાડ-થાંવલાનિવાસી શેઠ હીરાચંદજી ચુનીલાલ જીએ આપેલ છે.

# પ્રશ્નોત્તર સાર્ધશતકની વિષયાનુક્રમણિકા


| પ્રશ્નનંબર— | પ્રશ્ન | પાનું |
|---|---|---|
| | મંગલાચરણ | ૧ |
| ૧. | સમવસરણમાં ભગવાન્ કયા આસન ઉપર બેસીને દેશના આપે | ૨ |
| ૨. | ભગવાન્ દેશનાની શરૂઆતમાં કોને નમસ્કાર કરે | ૩ |
| ૩. | ભગવાન્ દીક્ષા સમયે કોને પ્રણામ કરે | ૩ |
| ૪. | વીર ભગવંતની પ્રથમ દેશનામાં દેવો જ આવ્યા હતા કે મનુષ્યો વિગેરે પણ હતા | ૩ |
| ૫. | સમવસરણમાં દેવતાના વાહનો ત્રિજાગઢમાં ભૂમિની સાથે સંલગ્ન હોય કે અલગ હોય | ૬ |
| ૬. | કેવલીયો સમવસરણમાં નમસ્તીર્થાય એ વચન વડે કોને પ્રણામ કરે છે | ૬ |
| ૭. | સમવસરણમાં ગણધરાદિક કયી રીતીએ બેસે છે અને કોણ ઉભા ઉભા સાંભળે છે | ૭ |
| ૮. | સમવસરણને વિષે બીજી પૌરુષીમાં કોણ ક્યાં બેસીને ધર્મ દેશના આપે છે | ૧૨ |
| ૯. | સમવસરણાદિને વિષે અલ્પઋદ્ધિવાલા દેવ કે મનુષ્યો મહર્દ્ધિકને પ્રણામ કરે કે નહિ | ૧૩ |
| ૧૦. | દીક્ષા અવસરે શિષ્યના મસ્તક ઉપર વાસક્ષેપ નાખવું એમાં શું પ્રમાણ છે | ૧૫. |
| ૧૧. | કેવલીઓને વેદનીયાદિ ચાર કર્મ કયા સ્વરૂપે રહેલા હોય | ૧૬. |
| ૧૨. | એકાવતારી દેવોને ચ્યવનના ચિન્હો થાય કે નહિ | ૧૮. |
| ૧૩. | ૧૧. ૧૨. ૧૩ ગુણસ્થાનકે કેવું કર્મ બંધાય | ૧૯. |
| ૧૪. | ચાર વાર આહારક શરીર કરનાર મુનિ સંસારમાં ભમે કે નહિ | ૨૦. |

૧૫. સ્ત્રી પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય કે નહિ ૨૦
૧૬. પુરુષની અપેક્ષાએ સ્ત્રીઓને ધર્મકાર્યમાં વિશેષ ઉદ્યમ હોય તેનું શું કારણ ૨૧
૧૭. સેવાર્તસંહનનવાળો જીવ ઉર્ધ્વ અને અધોગતિમાં કેટલે દૂર સુધી ઉત્પન્ન થાય ૨૨
૧૮. શરીર ત્યાગ કાળે જીવ કયા કયા માર્ગ વડે નીકળતો કઇ કઇ ગતિમાં જાય ૨૩.
૧૯. સ્ત્યાનર્દ્ધિ નિદ્રાવાળા જીવને વાસુદેવના કરતાં અર્ધું બલ હમણાં હોય કે નહિ ૨૪.
૨૦. સ્ત્યાનર્દ્ધિત્રિકના ઉદયમાં જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય કે નહિ ૨૭.
૨૧. એક ભવમાં જીવને કેટલા વેદનો ઉદય થાય ૨૮.
૨૨. યતનાવાળા સાધુને દેવતા છળી શકે કે નહિ ૨૮.
૨૩. શ્રાવક અગીયાર પ્રતિમા વહન કરીને પછી પાછો ગૃહસ્થાશ્રમમાં રહી શકે કે નહિ ૨૯.
૨૪. સમયે સમયે અનંતગણી હાનિ થાય આ પ્રઘોષ સત્ય કે અસત્ય છે ૩૦.
૨૫. કાર્તિક શેઠની પીઠ ઉપર તાપસે થાલ મુક્યું તે વાત સત્ય કે અસત્ય ૩૧.
૨૬. દેવ અને અસુરના યુધ્ધમાં તેમના શસ્ત્રો કેવા હોય છે ૩૨.
૨૭. મહર્દ્ધિક દેવ કેટલા દ્વીપ સુધી ચારે બાજુ ફરી શકે ૩૩.
૨૮. લવણ સમુદ્રમાં રહેલા કેટલા પ્રમાણવાળા મત્સ્યો જંબુદ્વીપમાં પ્રવેશ કરી શકે ૩૪.
૨૯. યુગલીયાઓની જઘન્ય સ્થિતિ કેટલી હોય ૩૫.
૩૦. નિર્ભાગીના સંયોગથી ભાગ્યશાળીઓનો પણ પુરુષોદ્યમ હણાય કે? ૩૬.
૩૧. ગૃહસ્થે તીર્થંકરને માટે કે તેમની પ્રતિમા નિમિત્તે બનાવેલ પકવાન્ન વિગેરે સાધુઓને કલ્પે કે નહિ ૩૭.
૩૨. મહર્દ્ધિક દેવો બાહ્યપુદ્ગલ ગ્રહણ કર્યા સિવાય ગમનાદિ કરી શકે કે નહિ ૩૯.

૩૩. પરમાણુ અને તેના પર્યાયો નિત્ય કે અનિત્ય ? અથવા એક પરમાણુમાં કેટલા પર્યાયો હોય ૪૦.
૩૪. ઇન્દ્રિયોનો વિસ્તાર–અવગાહના અને બાહલ્ય એટલે જાડાઈ વિગેરેનો પ્રશ્ન ૪૧.
૩૫. કલ્પવૃક્ષો સચિત્ત કે અચિત્ત ? વનસ્પતિ વિશેષ કે પૃથ્વી કાયમય ? વિસ્રસા પરિણામવાળા કે દેવાધિષ્ઠિત ? ૪૨.
૩૬. કુકડા અને મયૂરની શિખા સચિત્ત કે અચિત્ત ? ૪૪.
૩૭. જ્યોતિષી દેવોના શરીરનુ વર્ણન શું છે અને મુકુટોમાં ચિન્હ શું છે ૪૪.
૩૮. બધાએ તારાના વિમાનોનુ એક જ પ્રમાણ છે કે કંઈ ભેદ છે ૪૫.
૩૯. મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્રાદિ જ્યોતિષીઓનુ આયુષ્યનું પ્રમાણ કેટલુ ૪૬.
૪૦. મનુષ્યક્ષેત્રની અંદર રહેલા સર્વે ચંદ્રાદિ જ્યોતિષીઓ એક જંબુદ્વીપના મેરૂ પર્વતને જ પ્રદક્ષિણા આપે છે કે બીજા મેરૂને પણ પ્રદક્ષિણા આપે? ૪૭.
૪૧. મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્રસૂર્ય કઈ રીતિએ રહેલા છે ૪૭.
૪૨. ભરત અને મહાવિદેહને વિષે ગ્રીષ્માદિકાળમાં દિવસ અને રાત્રિનું પ્રમાણ કઈ રીતીએ છે ? ૫૦.
૪૩. ચોસઠ ઈન્દ્રોની ઘંટા અને તેના વગાડનાર દેવોના નામ શું છે ૫૨.
૪૪. ચોસઠ ઈન્દ્રોના વિમાન બનાવનાર દેવોના નામો તથા વિમાનની ધ્વજાનું પ્રમાણ કેટલુ ૫૫.
૪૫. ઇન્દ્રોના પાલકાદિ વિમાનો સચિત્ત કે અચિત્ત ૫૬.
૪૬. ઇન્દ્રના સામાનિક દેવોના વિમાનો જુદા હોય કે ઈન્દ્રના વિમાનમાં જ તેઓનુ સ્થાન હોય ! ૫૭.
૪૭. પરમા ધાર્મિક દેવો ભવ્ય જ હોય એ વચન સત્ય કે અસત્ય ? ૫૯.
૪૮. પહેલા અને છેલ્લા તીર્થંકરની છદ્મસ્થ અવસ્થામાં પ્રમાદ કાળ કેટલો ૫૯.

૪૯. શાશ્વતી જિન પ્રતિમાનું આસન કયું ? ૬૦.
૫૦. ચોવીશ તીર્થંકરો કેટલા અશનનો ત્યાગ કરી અને કયા આસને સિદ્ધ થયા ? ૬૦.
૫૧. અષ્ટાપદ પર્વત અને તેના ઉપર રહેલ જિન ચૈત્યનું કેટલુ પ્રમાણ છે ? ૬૨.
૫૨. અષ્ટાપદ પર્વતના આઠ પગથીયા કોણે કરાવ્યા ? ૬૩.
૫૩. અષ્ટાપદ પર્વતના ચૈત્યને વિષે પૂર્વાદિ દિશામાં બે-ચાર આઠ આદિ જિન મૂર્તિની સ્થાપના કરવામાં શું કારણ છે ? ૬૪.
૫૪. અષ્ટાપદનુ જિનમંદિર આજ દિન સુધી કેમ રહી શકયું ? ૬૫.
૫૫. બારમા અને ચઉદમાં ગુણ સ્થાનકના છેલ્લા સમયમાં કેવલજ્ઞાન અને મુક્તિ થાય કે તે પછીના સમયમાં થાય ? ૬૬.
૫૬. કેવલી સમુદ્‌ઘાત કોણ કરે અને કોણ ન કરે ? ૬૭.
૫૭. કેવલી સમુદ્‌ઘાત કરીને ભગવાન્ કેટલાકે સિદ્ધ થાય ૬૮.
૫૮. સમ્યક્‌ત્વથી નહિ પડેલા જીવો એક સમયમાં કેટલા સિદ્ધ થાય ? ૬૯.
૫૯. સિદ્ધ શિલાની જાડાઈમાં કેટલા કેટલા પ્રદેશની હાનિ થાય ૭૦.
૬૦. તીર્થંકર ગણધર અને દેવાદિના રૂપમાં કેટલી ગણી હાનિ હોય ૭૧.
૬૧. દેવોનું ઉત્તર વૈક્રિય શરીર અલંકાર સહિત ઉત્પન્ન થાય કે અલંકાર રહિત ૭૨.
૬૨. મનુષ્યાદિને આગમમાં છ પર્યાપ્તિ કહેલ છે તો દેવોને પાંચ કેમ ? ૭૩.
૬૩. માનસરોવરનું કેટલું પ્રમાણ અને કયા દ્વીપમાં છે ? ૭૪.
૬૪. હંસ જલમિશ્રિત દુધને કેવી રીતે જુદુ કરે ૭૪.
૬૫. દેવોને અસાતા વેદના કેટલો વખત થાય ૭૫.
૬૬. તિર્યગ્ જૃંભક દેવો કયાં વસે છે ? ૭૫.
૬૭. વાસુદેવોની કેટલા દેવો સેવા કરે ૭૬.
૬૮. ચઉદ પૂર્વધર સાધુ દેવપણુ પામે તેને કેટલુ શ્રુત સ્મરણ માં રહે ૭૬.

૬૯ દેવતા અને નારકીઓ પોતાના આહાર પુદ્ગલો અને કાર્મણ શરીરના પુદ્ગલોને અવધિ જ્ઞાનથી જાણે અને દેખે કે નહિ ૭૭

૭૦ અભવ્ય જીવો કેટલું શ્રુત પામે અને કેટલે દૂર સુધી ઉંચે જઈ શકે ૭૮

૭૧ અભવ્ય પુરુષ અને સ્ત્રીયોને કેટલી લબ્ધિઓ પ્રાપ્ત થાય ૮૦

૭૨ આઠ મહાસિદ્ધિઓનો કયી લબ્ધિમાં સમાવેશ થાય ૮૨

૭૩ તેજોલેશ્યાનું કેટલા ક્ષેત્રમાં રહેલ વસ્તુને બાલવાનુ સામર્થ્ય છે. ૮૩

૭૪ શીતલેશ્યા કયાંથી નીકળે છે. ૮૪

૭૫ વિદ્યાધરો પોતાની શક્તિવડે તિર્છા અને ઉંચે કેટલે દૂર સુધી જાય છે ૮૫

૭૬ દીક્ષાદિવિધિમાં ભગવાનની પ્રતિમાં ઉપર વાસક્ષેપ નાખવો તે યોગ્ય કે અયોગ્ય ? ૮૭

૭૭ જંઘાચારણ આદિમુનિયો બીજા દ્વીપમાં જતા લવણ સમુદ્રની શીખાને કેવી રીતે ઉલ્લંઘે છે ૮૭

૭૮. જો કાપેલ વસ્ત્ર ન મળે તો સાધુ પોતે વસ્ત્ર કાપીને લે કે નહિ. ૮૮

૭૯. સાધ્વીઓ પોતે જ વસ્ત્રની યાચના કરે કે સાધુઓ તેમને આપે. ૯૦

૮૦. સાધુઓ પોતાનાં અને બીજાના ક્ષેત્રમાં ચોમાસુ ઉતર્યા પછી કેટલા સમય બાદ વસ્ત્રપાત્રાદિ ગ્રહણ કરે. ૯૨

૮૧. સાધુઓ પૂર્વકૃતમાસ કલ્પાદિસ્થાને ફરીને કેટલા સમય બાદ આવી શકે. ૯૨

૮૨. જેમ સાધુઓને નવકલ્પવિહાર હોય તેમ સાધ્વીઓને હોય કે નહિ. ૯૩

૮૩. કોઈ સ્થળે રહેલા સાધુઓને પરોણા સાધુઓ આવે ત્યારે કઈ વિધિ કરવી. ૯૪

૮૪. સાધુ અને સાધ્વીઓ રાત્રિમાં વસતિના બારણા બંધ કરે કે નહિ. ૯૬

૮૫. સાધુઓ ઘણા દિવસે ઉલ્લંઘન કરવા યોગ્ય માર્ગમાં ભાથું સાથે રાખે કે નહિ. ૯૭

૮૬. ગોચરી વિગેરેમાં સાધુઓ ગૃહસ્થના ઘરના બારણા ઉઘાડે કે નહિ. ૯૮

૮૭. સાધુઓને માત્રુપેશાબ વડે પાત્રા ધોવા તે યોગ્ય કે અયોગ્ય ૯૯

૮૮. સાધુ અને સાધ્વીઓને કોણ વન્દ્ય અને કોણ અવન્દ્ય ? ૧૦૦

૮૯. સાધુ-સાધ્વી અને ગૃહસ્થાદિને પરસ્પર વસ્ત્રાદિ દેવા લેવાનો વ્યવહાર કેવો હોય. ૧૦૪

૯૦. વાદ કેટલા પ્રકારે હોય અને તે વાદ સાધુઓએ કોની સાથે કરવો અને કોની સાથે ન કરવો. ૧૦૫

૯૧. શક્તિમાન્ સાધુ વિપત્તિમાં પડેલ સાધુ તથા પાસત્થાદિને સહાય કરે કે નહિ ? જિનમંદિર માટે નવું દ્રવ્ય ઉત્પન્ન કરે કે નહિ ? દેવદ્રવ્યનું હરણ કરનારને શિક્ષા આપે કે નહિ. ૧૦૯

૯૨. ઉપયોગી શ્રાવકના અભાવે સાધુ પોતે જિન પ્રતિમાની આશાતના અટકાવે કે નહિ. ૧૧૦

૯૩. સાધુઓએ વસ્ત્ર ક્યારે ધોવા. ૧૧૧

૯૪. વસ્ત્રમાં જો જૂં ઉત્પન્ન થાય તો વસ્ત્ર ધોવામાં શું વિધિ કરવી. ૧૧૩

૯૫. સ્થંડિલ જતાં કેટલું જળ લઈને કેટલા સાધુઓ જાય. ૧૧૩

૯૬. સાધુઓ પરસ્પર કેટલું અંતર રાખીને સુવે. ૧૧૩

૯૭. રસ્તામાં ચાલતા સાધુએ કોને માર્ગ પૂછવો. ૧૧૪

૯૮. બીમાર સાધુની સેવા કરવામાં કેટલો લાભ. ૧૧૪

૯૯. સુવિહિત સાધુ બીમાર પાસત્થાદિની સેવા કરે કે નહિ. ૧૧૫

૧૦૦. બીમાર તથા તેની સેવા કરનાર સાધુઓ બીજા સાધુઓની ભોજન માંડલીમાં પ્રવેશ કરે કે નહિ. ૧૧૭

૧૦૧. વર્ષાકાલ સિવાય સાધુ સાધ્વી પાટપાટલા ગ્રહણ કરે કે નહિ. ૧૧૮

૧૦૨. માર્ગ આદિમાં સાધુઓ કોની આજ્ઞા લઈને વૃક્ષાદિની નીચે રહી શકે. ૧૧૯

૧૦૩. સાધ્વીઓના ઉપાશ્રયમાં ચોરવિગેરે પ્રવેશ કરે તો શું બોલવું. ૧૨૦

૧૦૪. જો કોઈ સાધુ પરલોકે જાય તો શો વિધિ કરવો. ૧૨૦

૧૦૫. સાધુઓએ વિહારાદિમાં ચંદ્રબલ વિગેરે જોવું કે નહિ. ૧૨૪
૧૦૬. જિન કલ્પશબ્દમાં જિનપદ વડે શું લેવું. તેમજ જિન-
કલ્પિ સાધુઓ તેજ ભવમાં મોક્ષે જાય કે નહિ? ૧૨૪
૧૦૭. છદ્મસ્થ ગુરુ કેવલજ્ઞાનવાળી સાધ્વીને વાંદે કે નહિ. ૧૨૭
૧૦૮. સાધ્વીઓ ગામની બહાર ભુજા ઊંચી રાખીને
આતાપના લેઈ શકે કે નહિ. ૧૨૮
૧૦૯. સંયમ અને અસંયમના ૧૭ તેમજ વસ્ત્રપંચકનો શો
વિચાર કહેલ છે. ૧૨૯
૧૧૦. કાલાતિક્રાન્ત માર્ગાતિક્રાન્ત આદિ ચાર પદનો શો અર્થ છે. ૧૩૧
૧૧૧. અતિક્રમ વ્યતિક્રમ આદિ ચાર પદનું સ્વરૂપ શું. ૧૩૩
૧૧૨. સ્વદારસંતોષી અને પરદારવર્જક શ્રાવકને પાંચે અતિ-
ચારો સમાન છે કે ફેર છે. ૧૩૩
૧૧૩. ચતુર્થભક્તાદિ તપમાં પહેલા અને છેલ્લા દિવસે એકાશનાનો
નિયમ છે કે નહિ. ૧૩૯
૧૧૪. શ્રાવકને સર્વથા રાત્રિભોજનનો ત્યાગ ક્યારે થાય. ૧૪૦
૧૧૫. દેવસિકાદિ પંચપ્રતિક્રમણમાં કેટલા ગમો હોય. ૧૪૧
૧૧૬. કાયોત્સર્ગમાં ઉચ્છ્વાસાદિ કઈ વિધિએ કરવું. ૧૪૨
૧૧૭. पारिट्ठावणियागारेणं એનો શો અર્થ અને પરઠવવાની
વસ્તુ કોને આપવી. ૧૪૩
૧૧૮. સાધુ અને શ્રાવકોએ કેટલાની સાક્ષીએ પચ્ચક્ખાણ કરવું. ૧૪૪
૧૧૯. કેવલીયો પડિલેહણા કરે કે નહિ. ૧૪૫
૧૨૦. કેટલાક હમેશાં દોરા વડે મુહપત્તિ મુખે બાંધી રાખે
છે તે યોગ્ય કે અયોગ્ય? ૧૪૫
૧૨૧. સાધુઓને દિવસે શયન અને રાત્રિમાં ગોચરીના અતિ-
ચારનું પ્રતિક્રમણ કેમ સંભવે. ૧૪૭
૧૨૨. મોક્ષે જતા મુનિઓના અંત્ય સમયે ત્યાગ કરાએલા કર્મ
પરમાણુઓ કેટલું ક્ષેત્ર સ્પર્શે છે. ૧૪૮
૧૨૩. આરિસો જોનાર મનુષ્ય શું જુએ છે. ૧૪૯

૧૨૪. વિંટેલ કે છૂટું કરેલ કંબલ આદિને સ્પર્શેલા આકાશ પ્રદેશો સરખા હોય કે ઓછાવત્તા. ૧૫૦
૧૨૫. દેવ અને નારક યોનિનું અચિત્તપણું કેવી રીતે સંભવે. ૧૫૧
૧૨૬. જીવાદિના આઠ મધ્ય પ્રદેશો કયાં છે ? કેવલી સમુદ્ઘાત સમયે જીવના એ આઠ પ્રદેશો કયાં રહે છે ? તેમજ કેટલા આકાશ પ્રદેશોને વિષે અવગાહીને રહે છે ? તેમજ એ પ્રદેશો કર્મથી લેપાય કે નહિ. ૧૫૨
૧૨૭. નવતત્વમાં કયા તત્વો જીવરૂપ છે અને કયા તત્વો અજીવરૂપ છે? ૧૫૫
૧૨૮. વિગ્રહ ગતિ આદિમાં અચક્ષુદર્શન શાસ્ત્રમાં કહ્યું છે તે શી રીતે ? ૧૫૬
૧૨૯. યુગલીયાઓના પૃષ્ઠકરંડક શબ્દ વડે શું લેવું. ૧૫૭
૧૩૦. યુગલીયાઓનું કેટલું આયુષ્ય બાકી રહે ત્યારે પુત્ર જન્મે. ૧૫૮
૧૩૧. પશ્ચિમ મહાવિદેહની ભૂમિ ઘણી નીચી હોવાથી શીતોદા નદી ઘણા ઊંચા સમુદ્રમાં શી રીતે પ્રવેશ કરે ? ૧૫૯
૧૩૨. પુષ્કરવર દ્વીપમાં નદીઓ આગળ સમુદ્રનો અભાવ હોવાથી કયાં પ્રવેશ કરે છે. ૧૬૧
૧૩૩. ઇંદ્રપણું, શુદ્ધ સાધુપણું ચક્રવર્તિપણાના ભાવ જીવોએ કેટલીવાર પ્રાપ્ત કર્યા છે ? ૧૬૨
૧૩૪. દ્રવ્ય અને ભાવ મનનું સ્વરૂપ શું છે અને એકના અભાવે બીજો હોય કે નહિ. ૧૭૧
૧૩૫. અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો રહે છે તો અક્ષર શબ્દથી શું લેવું. ૧૭૩
૧૩૬. કેવલજ્ઞાનનો એક સ્વભાવ કે અનેક સ્વભાવો હોય. ૧૮૦
૧૩૭. વિજયાદિ ચાર વિમાનમાંથી ચ્યવેલો જીવ કોઈવાર નરકાદિગતિમાં જાય કે નહિ. ૧૮૨
૧૩૮. ભરત ચક્રવર્તી કેટલા ભવે મોક્ષે ગયા અને અપ્રતિપતિત સમ્યક્ત્વવાળો જીવ કેટલા ભવ કરે. ૧૮૨
૧૩૯. સૂક્ષ્મ અને બાદરનિગોદાદિમાં જીવ કેટલો કાલ રહે છે. ૧૮૪

૧૪૦. આગમમાં ઉંદરની ઉત્પત્તિ કહી છે તે શાસ્ત્રોક્ત છે કે નહિ પેટમાં ધરોલી શાથી ઉત્પન્ન થાય. ૧૮૫
૧૪૧. આર્દ્રકુમાર શું જોઈને પ્રતિબોધ પામ્યા. ૧૮૬
૧૪૨. ગૃહસ્થોને સૂત્ર ભણાવવું તે યોગ્ય કે અયોગ્ય. ૧૮૯
૧૪૩. અંબડ શ્રાવક કઈ જાતિનો હતો. ૧૯૦
૧૪૪. નવમાસના નિયાણા ક્યા, અને કોઈ પણ નિયાણું કરવું કે નહિ. ૧૯૨
૧૪૫. ભગવાનનો ગુહ્ય ભાગ દેખાય કે નહિ? ખુલ્લા ગુહ્ય ભાગવાળી પ્રતિમા વંદ્ય કે અવંદ્ય? અને નિહ્નવના સ્તુતિસ્તોત્રાદિ માનવા કે નહિ. ૧૯૫
૧૪૬. શય્યંભવસૂરિએ મનકનામ્ પુત્રના સ્વર્ગવાસથી અશ્રુપાત કર્યો તે હર્ષથી કે શોકથી. ૧૯૮
૧૪૭. દ્રવ્ય–ક્ષેત્ર–કાલ અને ભાવમાં કોણ કોનાથી વધુ સૂક્ષ્મ. ૧૯૯
૧૪૮. સયોગી કેવલી આદિને અંત્ય સમયે શાસ્ત્રમાં શુકલધ્યાન કહ્યું છે તે શી રીતે ઘટે કારણ કે તેઓને ભાવમનનો જ અભાવ છે. ૨૦૦
૧૪૯. વર્તમાનકાળે કેટલાક રજોહરણ (ઓઘાના) ઉપર ઉનની નિષદ્યા હમેશાં બાંધી જ રાખે છે તે આગમાનુસારિ છે કે રૂઢીમાત્ર જ અને રજોહરણનું પ્રમાણ કેટલું. ૨૦૧
૧૫૦. ઓઘાનું પ્રમાણ કેટલું. ૨૦૨
૧૫૧. અવ્યભિચારી સમ્યક્ત્વનું લક્ષણ શું—તેમજ જૈનોને પણ પોતાના મતનો પક્ષપાત હોવાથી આભિગ્રહિક મિથ્યાત્વ કેમ ન લાગે, તથા ક્ષાયિકાદિ ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ ચારે ગતિમાં પ્રાપ્ત થાય કે નહિ? તથા નિશ્ચયનયથી જીવને ધર્મની પ્રાપ્તિ ક્યારે થાય? ૨૦૩
પર્વતિથિક્ષયવૃદ્ધિપ્રશ્નોત્તરવિચાર પૃષ્ઠ ૧ થી ૩૫
દિગંબરો વિષે જાણવા જોગ. પૃષ્ઠ ૩૬ થી ૪૦
મુખવસ્ત્રિકા બંધન નિબંધ,
હર્ષપ્રભા–આચાર્યશ્રી વિજયહર્ષસૂરિનું જીવનચરિત્ર

# પ્રશ્નોત્તરસાર્ધશતકનું શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧૬ | સંબંધવાલુ | સંબંધવાલા |
| ૬ | ૬ | સામમિક | સામાયિક |
| ૭ | ૧૪ | પૂવ | પૂર્વ |
| ૮ | ૩ | અને | ૦ |
| ૮ | ૧૫ | समपींआ | समप्पीआ |
| १० | २१ | नौक्तं | नोक्तं |
| ૧૧ | ૩ | સ્ત્રીએને | સ્ત્રીઓને |
| १३ | १२ | मयं | भयं |
| २२ | १ | लोउत्तरें | लोउत्तरे |
| २४ | २० | गरूणा | गुरूणा |
| २५ | ११ | सत्तंमात्तुं | सुत्तंमोत्तुं |
| २७ | १७ | उच्चते | उच्यते |
| २८ | १ | च्यरित्र | च्यारित्र |
| २९ | १३ | जा | जो |
| ૫૧ | ૭ | અરવતક્ષેત્રમાં | ઐરવતક્ષેત્રમાં |
| ५६ | १६ | शक्रादीनां | शक्रादीनां |
| ૬૩ | ૧૫ | ચક્રીના | ચક્રીના |
| ६६ | १ | गवेसइ | गवेसह |
| ६६ | २ | दिट्ठा | दिट्ठो |
| ७३ | ८ | पुनय | पुनर्ये |
| ७९ | १३ | अभव्याना | अभव्यानां |
| ८५ | २ | रोषविषादुद्ग | |
| ८५ | २ | रोषविषादुमातो | रोषविषाद् ध्मातो |
| ८६ | १९ | प्रणम्या | प्रणम्य |
| ૮૮ | ૧૦ | દ્વાપ | દ્વીપ |
| ૯૨ | ૪ | ન વાપ હોય | ન વાપર્યું હોય |

| | | | |
|---|---|---|---|
| ૯૫ | ૧૧ | ગોચારી | ગોચરી |
| ૯૬ | ૮ | જિનકલ્પા | જિનકલ્પી |
| ૧૦૪ | ૧૬ | मय | णय |
| ૧૦૫ | ૧૭ | साध | सार्धं |
| ૧૧૭ | ૪ | તથી | નથી |
| ૧૨૬ | ૨૨ | છઠા | છઠ |
| ૧૪૧ | ૧૦ | ૈવસિકની | દૈવસિકની |
| ૧૪૫ | ૧૦ | ઓધનિર્યુાક્તમાં | ઓધનિર્યુક્તિમાં |
| ૧૪૬ | ૧૧ | मुहपात्तियाए | मुहपोत्तियाए |
| ૧૪૭ | ૪ | સાધુએ | સાધુને |
| ૧૪૮ | ૧૦ | संभवादित्यदष | संभवादित्यदोष |
| ૧૫૦ | ૧૩ | छायपुद्गला | छायापुद्गला |
| ૧૫૭ | ૨૧ | जंबुद्वोपप्रज्ञप्तों | जंबुद्वीपप्रज्ञप्तौ |
| ૧૫૮ | ૨૨ | પલ્યોયમના | પલ્યોપમના |
| ૧૬૦ | ૭ | मिवाणवम् | मिवार्णवम् |
| ૧૬૦ | ૮ | द्रार | द्वार |
| ૧૬૦ | ૯ | विदृक्षु | दिदृक्षु |
| ૧૬૦ | ૧૦ | शातोदा | शीतोदा |
| ૧૬૦ | ૧૦ | दिवाधागामिनी | दिवाऽधोगामिनी |
| ૧૭૭ | ૧૨ | स्त्थानर्द्धि | स्त्यानर्द्धि |
| ૧૭૭ | ૧૫ | नचतत् | नचैतद् |
| ૧૮૨ | ૯ | પામા | પામી |
| ૧૮૩ | ૮ | तर्मक्षयं | कर्मक्षयं |
| ૧૮૩ | ૯ | स्रप्तभि | सप्तभि |
| ૧૯૨ | ૧ | સુલભા | સુલસા |
| ૧૯૩ | ૩ | तना | तेना |
| ૨૦૭ | ૧૭ | सूयादि | सूर्यादि |
| ૨૦૭ | ૨૦ | साध | सदा |

# હર્ષ-પ્રભા

## માતાનો હરખ

### ( ૧ )

આજે ફાગણ શુદ પંચમીનો દિવસ હતો. ધર્મપ્રેમી અચલાજીના ઘરમાં આનંદ આનંદ થઇ રહ્યો હતો. માતા ભૂરીબાઇએ એક પુત્રને જન્મ આપ્યો હતો. સગાંસંબંધી ને પાડપડોશી પણ આ સમાચાર સાંભળી હર્ષિત થયા હતા.

બાળકનું રૂપાળું-ગોરૂં સુંદર મુખ, વિશાળ લલાટ, તેજસ્વી આંખો, અણીઆળું નાક તથા હસુહસુ થતો ગુલાબી ચહેરો જોઇ જોઇને માતા આનંદિત થતી હતી. માતાના હરખનો પાર નહોતો. દલાજી ને ભૂતાજી એ મોટા પુત્રો હતા પણ નાનો બાળ માતાને ખૂબ પ્યારો હતો.

માતાનો લાડલો ચંદ્રની કળાની જેમ રાત-દિવસ વધવા લાગ્યો. ભાઈઓ ને બહેનો, કુટુંબીજનો ને પાડોશીઓ, નાનાને ખૂબ ખૂબ રમાડવા લાગ્યા.

નાનાનું નામ હુકમાજી રાખ્યું. મારો લાલ તેજસ્વી થશે, કોઇ મોટો હાકેમ થશે કે હુકમ કરનારો-આજ્ઞા કરનારો થશે તેમ માતા સ્વપ્નો સેવવા લાગી.

પિતા અચલાજી તો હુકમાજીનો ગૌર વર્ણ અને ચપળ

આંખો જોઇને રાજી રાજી થઇ જતા અને મારો હુકમો મારા ઘરનું-ગામનું ને મારવાડનું મોતી થશે તેમ ભાવનાઓ ભાવતા.

મરૂભૂમિ-મારવાડમાં જોધપુર રાજ્યમાં જાલોર પ્રાંત છે. જાલોર પ્રાંતમાં 'થાવલા' નામનું ગામ છે. આ કોઇ પ્રાચીન નગર હશે તેમ દેખાય છે. જુદી જુદી જગ્યાએ ખોદકામ થતાં પાયામાંથી ઉંડે ઉંડેથી જૈન પ્રાચીન પ્રતિમાઓ તેમજ જૈન મંદિરોના નાના-મોટા અવશેષો જોવા મળે છે. આચાર્ય પ્રવરો કે મુનિરાજો જે આ ગામમાં પધારે છે તેઓ પણ 'થાવલા' ને પ્રાચીન ભૂમિ બતાવે છે. આસ્માની સુલતાનીના કોઇ અગમ્ય કારણે પ્રાચીન સુપ્રસિદ્ધ નગરીનો નાશ થયો હોય અને તે ભૂમિ પર 'થાવલા' ફરી વસ્યું હોય તેમ લાગે છે.

આ થાવલા ગામમાં ઓસવાળ વંશ ભૂષણ ધર્મનિષ્ઠ અચલાજી નામના ગૃહસ્થ રહેતા હતા. તેમને શીલવતી, પતિવ્રતા અને ધર્મપ્રેમી ભૂરીબાઈ નામે સદ્‌ગુણાનુરાગી ધર્મ-પત્ની હતી.

પતિ-પત્ની બન્ને ધર્મપ્રેમી હતા અને દેવ ધર્મ ગુરૂની આરાધના કરતા હતા. તેમનું જીવન સાદુ, સંતોષી અને મધુર હતું. આપણા ચરિત્ર નાયક હુકમાજીનો જન્મ ૧૯૪૧ ના ફાગણ શુદિ પંચમીના દિવસે થયો હતો. શ્રી અચલાજીને ચાર પુત્રો અને બે પુત્રીઓ હતી, તેમાં હુકમાજી સૌને બહુ પ્રિય હતો. હુકમાજીનું હસતુ મોં અને આનંદી સ્વભાવથી ઘરમાં આનંદ આનંદ થઈ રહેતો.

થાવલા તો નાનુંએવું ગામ હતું. ત્યાં વેપાર માટે બહુ અવકાશ નહોતો. મોટાભાઈ દલાજીએ કોંકણ દેશમાં રત્નાગિરિમાં ત્રાંબા-પિત્તળના વાસણની દુકાન કરી અને મોટા બે પુત્રો દલાજી તથા ભૂતાજી તે કામમાં લાગી ગયા.

રત્નાગિરિમાં કામકાજ સારૂં ચાલ્યું. મોતીની દલાલી પણ શરૂ કરી ને બધાં સુખેથી રહેતાં હતાં, ત્યાં કુદરતનો કોપ ઉતર્યો અને અચલાજી થોડા દિવસની માંદગીમાં સ્વર્ગે સીધાવ્યા. સુખશાંતિમાં જીવનનિર્વાહ કરતા કુટુંબના ઉપર આફત આવી પડી. તીર્થસ્વરૂપ પિતાનું શિરછત્ર ગયું અને આપણા હુકમાજીને નાની દસ વર્ષની ઉંમરમાં પિતાની શીળી છાંયડી ગુમાવવી પડી. મોટા ભાઈઓએ ધીરજ રાખી અને વ્યાપાર આગળ વધાર્યો.

હુકમાજીને પણ રત્નાગિરિની શાળામાં અભ્યાસ કરવા બેસાડ્યો.. અહીં મરાઠી શાળામાં હુકમાજીએ પોતાના વ્યાપાર ઉપયોગી જરૂર પૂરતો અભ્યાસ કર્યો અને દુકાનમાં ગોઠવાઈ ગયો.

હુકમાજી ઉમરલાયક થયા. સોળ વર્ષની ઉંમર થઈ. વેવીશાળ માટે માંગણી થવા લાગી. મારવાડમાં સવરસા ગામમાં શ્રી મોતીલાલજીની સુપુત્રી સાથે તેમનો સંબંધ કરવામાં આવ્યો પણ કોઇ યોગી યોગભ્રષ્ટ થઈને આવ્યો હોય તેમ આપણા ચરિત્ર નાયક હુકમાજીને લગ્નના જોગ નહોતા. એ તો મુક્તિદેવીને વરમાળ પહેરાવવા જન્મ્યા હતા.

યોગીને વળી લગ્ન કેવાં ? એમનું જીવન તો ત્યાગ, તપશ્ચર્યા અને અહિંસાના પ્રચાર માટે જ હોય છે.

# વૈરાગ્ય ભાવના

## ( ૨ )

ભાઇ ! આપણા પડોશમાં શ્રી ડાહ્યાભાઈ રહેવા આવ્યા તે બહુ સુંદર સ્તવનો ને સજ્ઝાયો ગાય છે. તેમને ત્યાં ઘણાં ભાઇ-બહેનો સાંભળવા આવે છે. તમે આજ્ઞા આપો તો હું પણ સજ્ઝાયો સાંભળા જાઉં !' હુકમાજીએ ભાઇની આજ્ઞા માગી.

'ભાઇ ! સ્તવન-સજ્ઝાયો સાંભળવા જરૂર જાઓ પણ રાત્રે પાછા વહેલા આવી જશો નહિ તો તમારા ભાભી ચિંતા કરશે !'

'ભાઇ ! હું વહેલો આવી જઇશ.'

રત્નાગિરિમાં બીજાપુરનીવાસી વાડીલાલભાઈની દુકાન હતી. બીજાપુરના શ્રી ડાહ્યાભાઈ તેમના મિત્ર હતા તે પણ રત્નાગિરિમાં વ્યાપાર અર્થે આવ્યા અને તેમની પડોશમાં રહેવા લાગ્યા.

ડાહ્યાભાઈની ધાર્મિક ભાવના બહુ સારી હતી. ધાર્મિક અભ્યાસ પણ સારો હતો. સંગીતનું સુંદર જ્ઞાન હતું, અને મીઠું મધુરૂં ગળું હોવાથી સ્તવનો ને સજ્ઝાયો ખૂબ ભાવ-પૂર્વક ગાતા અને આસપાસના પડોશીઓ વૃદ્ધો-બહેનો-બાળકો બધાં તેમની ભાવભરી સજ્ઝાયો સાંભળવા તેમને ઘેર સાંજનાં આવતાં અને ડાહ્યાભાઇ પણ એવી હલકભરી મધુર ભાષામાં સુંદર રાગ-રાગણીમાં મોડી રાત્રિ સુધી ગાતા કે બધાં મંત્રમુગ્ધ થઇ જતાં.

ડાહ્યાભાઇના કુટુંબમાં તેમના માતાજી અને એક ભાઇ તથા માત્ર બે પુત્રીઓ હતા. તેમની ધર્મપત્ની અવસાન પામ્યા હતાં. તેમને ફરી લગ્ન કરવા માતાજીએ ખૂબ સમજાવ્યા પણ ધર્મના રંગે તેઓ એવા રંગાએલા હતા, તેમજ સંસારની અસારતાથી પરિચિત હતા તેથી તેણે ફરીથી સંસાર બંધનમાં બંધાવાનો વિચાર માંડી વાળ્યો.

જેમ જેમ સ્તવનો ને સજ્ઝાયોના ભાવ અને અર્થ તેમના હૃદયમાં ઉતરતા ગયા તેમ તેમ ડાહ્યાભાઇનો આત્મા ચેતી ગયો. અને સંસાર છોડવાની ભાવના પ્રદિપ્ત થવા લાગી.

આજ પૂર્ણિમાનો દિવસ હતો. આસપાસના પડોશી ને મિત્રો શ્રી ડાહ્યાભાઇના સ્તવનો ને સજ્ઝાયો સાંભળવા ઉત્સુક થઇને અગાશીમાં બેઠા હતા. આપણા ચરિત્રનાયક હુકમાજી પણ ભાઇની આજ્ઞા લઇને આવી પહોંચ્યા.

ડાહ્યાભાઇએ રહસ્યભર્યાં ને વૈરાગ્યથી ભરેલાં સ્તવનો એક પછી એક ગાવાની શરૂઆત કરી. આજ પૂર્ણિમાની ચાંદની પૂરબહારમાં ખીલી હતી. ચંદ્રના શીતળ કિરણો શીતળતા આપી રહ્યા હતા. ચારે તરફ શાંતિ પ્રસરી રહી હતી. કુદરત સોળે કળાએ ખીલી હતી.

અહીં ડાહ્યાભાઇ પણ ખીલ્યા હતા. અરણિક મુનિની સજ્ઝાયના શબ્દો—

અરણિક અરણિક કરતી મા ફિરે,
ગલીએ ગલીએ બજારોજી;

કહો કોણે દીઠો રે મ્હારો અરણીઓ,
પૂંછે લોક હજારોજી,
અરણિક મુનિવર ચાલ્યા ગોચરી૦

બધાનાં હૃદયમાં ગુંજી રહ્યા, અને મેતારજ મુનિ સજઝાયના શબ્દો—

વાધર શીશે વીંટીયું જી, તડકે રાખ્યા મુનિરાજ.
ફટ ફટ ફૂટે હાડકાં જી, તડ તડ ત્રુટે ચામ;
સોનીડે પરિષહ દીયોજી, મુનિ રાખ્યો મન ઠામ,
મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર.

સાંભળતાં સાંભળતાં નાના-મોટા બધાનાં હૃદય હચમચી ઉઠયાં. અને આંખડીઓ અશ્રુધારાથી છલકાઇ ગઇ. ડાહ્યાભાઇ પણ એવા હૃદયનાં ઊંડા ઊંડા ભાવપૂર્વક ગાતા હતા કે બધાં મંત્રમુગ્ધ થઇ જતા.

આપણા ચરિત્રનાયક હુકમાજીને પણ આજે આ સજઝાયો સાંભળી વૈરાગ્ય ભાવના જાગી ઉઠી.

ડાહ્યાભાઈએ ગૌતમસ્વામીનો વિલાપ સંભળાવ્યો, અને નીચેના પદોએ તો પોતે પણ રડી ઉઠયા.

આપ ગયા નોંધારો મૂકી મુજને,
દુ:ખનાં ડુંગર ઉગ્યા દીનદયાળ જો,
ભરત ભવિ તુમ પ્રેમ તણે પાગલ બન્યા,
છેહ દીધો તેઓ ને પણ કૃપાળ જો;
મન મંદિરના વાસી વ્હાલા વીરજી.

ગૌતમ ચઢીયા ભાવ મિનારા ઉપરે,
ભાવના આવી એકત્વમન માંહ્ય જો,
નિર્મળ પંચમ જ્ઞાન પ્રકાસ્યું તે સમે;
સુરનર ગણુ મહિમા આનંદ ગાય જો.
મનમંદિરના વાસી વ્હાલા વીરજી.

રાત્રિ જામતી હતી. ડાહ્યાભાઇની સજ્ઝાયે ભાવિકોના હૃદયો હચમચાવી મૂકતી હતી. છેલ્લે બધાના આગ્રહવશ થઇ ધન્નાશાલીભદ્રની સજ્ઝાય શરુ કરી અને જ્યારે નીચેના પદો આવ્યા અને વારંવાર અંતરાથી અને હલકથી તેઓ ગાવા લાગ્યા ત્યારે તો હૃદયેહૃદય નાચી ઉઠયા.

શ્રી જિનનો ધર્મ આદરુ,
મોહ માયાને પરિહરૂં;
હું છોડું જી ગજરથ ઘોડા પાલખીજી,
રાજગૃહી નગરી મોઝારે જી.

શાલીભદ્રના બહેન ધન્નાની પત્નિ પોતાના ભાઇના ત્યાગની વાત સાંભળી ચિંતા કરે છે. અને ધન્નાને સુગંધી જળથી ન્હવરાવે છે. ત્યાં આંખમાંથી અશ્રુબિંદુઓ સરી પડયાં ને ધન્નાએ કારણુ પૂછયું—તો કહે છે.

જગમાં એક જ ભાઇ મારે રે,
સંયમ લેવા મન કરે;
નારી એક એક જી,
દિન દિન પ્રત્યે પરિહરે જી.

ધન્નાએ કહ્યું:—

એ તો મિત્ર કાયરુ,
શું લેશે સંયમ ભાયરૂ!
જીભલડીજી મુખ માથાની જુદી જાણવીજી.

અને શાલીભદ્રની બહેનને પણ સંભળાવી દીધું—

કહેવું તો ઘણું સોહિલું જી,
પણ કરવું અતિ દોહિલું જી;
સુણો સ્વામીજી૦
એહવી ઋદ્ધિ કુણ પરિહરે જી;

અને ધન્નાજીને એવી તો ચોટ લાગી કે તેણે તરત જ ચારિત્ર અંગીકાર કરવા સંભળાવી દીધું—

કહેવું તો ઘણું સોહિલું,
પણ કરવું અતિ દોહિલું;
તો સુણ સુંદરીજી,
આજથી ત્યાગી આઠેયનેજી.

ને ધન્નાજી તો બધીને રોતી મૂકીને ચાલી નીકળ્યા શાલીભદ્રની હવેલીએ—

ઊઠો મિત્ર કાયરુ, સંયમ લઈએ ભાયરુ,
આપણ દોય જણજી, સંયમ શુદ્ધ આરાધીયેજી.

બન્નેએ સંયમ લીધો ને તપ કરી દેહને ગાળી ચઢતે પરિણામે દેવગતિમાં વિચર્યા.

આ સજઝાયે તો બધાના હૃદય ઝણઝણાવી નાખ્યાં. આંસુ-ઓની ધાર થઈ અને આપણા હુકમાજી તો એવા મુગ્ધ થઈ ગયા કે બધા ઉઠીને ચાલવા લાગ્યા ત્યારે પોતાને ખ્યાલ આવ્યો કે હવે ઘેર જવું જોઈએ.

આજની રાત હુકમાજીને ચેન ન પડી, નિદ્રાદેવી રીસાઈ ગઈ. ધન્નાશાલીભદ્રની સજઝાયના ભણકારા વાગી રહ્યા, અને પોતે દીક્ષાની ભાવના ભાવવા લાગ્યા. મારાં અહોભાગ્ય કયાંથી કે હું ત્યાગમાર્ગ ગ્રહણ કરી જીવન સફળ કરૂં ? સગાઈનું શું ! તો પછી સંસાર સમુદ્રમાંથી શે નીકળાશે. મારે નથી પરણવું. હું દીક્ષા લઈશ. જરૂર ભવોભવનું કલ્યાણ સાધીશ.

પ્રાતઃકાળે મધુર સ્વપ્ન આવ્યું. ભગવાન પાર્શ્વનાથના દર્શન થયાં અને પોતે સાધુવેશે પ્રભુના દર્શન કરી રહ્યા છે. હુકમાજીનું હૃદય આ સ્વપ્નથી નાચી ઉઠયું. વૈરાગ્યભાવના જાગી ઉઠી ને ચારિત્ર માટેનો નિર્ણય કરી લીધો.

# અબ મોહે તારો ?

## ( ૩ )

આપણા ચરિત્ર નાયક હુકમાજીની ભાવના બર આવે એવા સંજોગો દેખાતા ન હતા. મોટા ભાઈઓ અને ભાભીઓનો પ્રેમ હુકમાજી ઉપર ઘણો ઘણો હતો દુકાનના કામકાજમાં હુકમાજીનું મન ચોટતું નહિ પણ ઘરમાંથી નીકળવું મુશ્કેલ હતું.

' નાનુભાઈ ! હમણાં હમણાં કેમ ઉદાસ રહો છો. ભાભીએ હુકમાજી ઉદાસ રહેતા જોઈ પૂછ્યું '

' ભાભી ! ઉદાસ તો કાંઇ નથી પણ યાત્રા કરવાની ભાવના થઇ છે. '

' તીર્થ યાત્રા કરવી હોય તો તમારા ભાઇને કહીને જરૂર રજા અપાવું પણ તમે જશો કોની સાથે ! '

' ભાભી ! શ્રી વાડીભાઇ જવાના છે અને તેમનો ઘર જેવો સંગાથ છે. તમે મારા ભાઇને કહો તો મને જાત્રાનો લાભ મળે. '

' ભાઇ ! નાની બીંદડી (વહુ) લાવવી છે તેનું શું ! હવે તો વહુજીની રોટી-દાળ ખાવાનાને ! '

' ભાભી ! એવી મશ્કરી ન કરો. લગ્નની વાત મને રૂચતી નથી. હમણાં શું ઉતાવળ છે ! '

' શું જીવનભર કુંવારા રહેવું છે કે પછી તમે ડાહ્યાભાઇની સજઝાયના બોલ ગાયા કરો છો તેમ ચારિત્ર કયારે લઇશું ! થાય છે ! '

' ભાભી ! સાચું પૂછો તો મારી તો ભાવના દીક્ષાની છે પણ મારા મોટાભાઇની બીક લાગે છે. '

'અને અમારી મમતા તો યાદ પણ નહિ આવતીહોય. બોલ્યા એ બોલ્યા આજ પછી દીક્ષાની વાત બોલશો નહિ.'

'પણ ભાભી ! તમે તીર્થયાત્રા માટે રજા અપાવવા વચન આપ્યું છે તો મારા મોટા ભાઇને કહીને રજા અપાવવાની છે.'

ભાઇ ડાહ્યાભાઈ તો ઘણા સમયથી દીક્ષાના અભિલાષી હતા, તેમનું જીવન ધર્મમય રહેતું તે હંમેશાં સ્તવનો ને સજ્ઝાયોમાં મસ્ત રહેતા પણ માતાજીની આજ્ઞા મળવી મુશ્કેલ હતી.

ચાતુર્માસ પૂરૂ થયું એટલે ડાહ્યાભાઈ પોતાને વતન બીજાપુર જવાને બહાને મનમાં દીક્ષાની ભાવના લઇને પૂર્વપરિચિત પૂજ્ય પન્યાસજી મહારાજ શ્રી ભાવવિજયજી તથા મુનિરાજ શ્રી નીતિવિજયજી મહારાજજીના દર્શને સુરત આવ્યા.

પૂજ્ય ગુરૂમહારાજના દર્શન કરી કૃતાર્થ થયા. ડાહ્યાભાઇને રત્નાગિરિથી આવેલ જોઇ આશ્ચર્ય દર્શાવ્યું. ડાહ્યાભાઇએ પોતાની દીક્ષાની ભાવના દર્શાવી અને સારા મુહૂર્તે ડાહ્યાભાઈને ઠાઠમાઠથી દીક્ષા આપવામાં આવી. તેમનું નામ મુનિ દાનવિજય રાખવામાં આવ્યું. હાલ તેઓ પન્યાસપદવીથી વિભૂષિત છે.

ગુરૂમહારાજ સાથે નૂતનમુનિ દાનવિજયજી છાણી આવ્યા અહીં વડી દીક્ષાના યોગમાં પ્રવેશ કર્યો. વડી દીક્ષાનું મુહૂર્ત આવ્યું. ડાહ્યાભાઇ તથા બીજાપુરવાળા રત્નાગિરિમાં વ્યાપાર કરતા શ્રી વાડીભાઇને અરસપરસ ઘણો સારો પ્રેમ ભાવ હતો તેમની વડી દીક્ષામાં વાડીભાઇને છાણી આવવા પત્ર લખ્યો. વાડીલાલભાઇ વડી દીક્ષાના મહોત્સવમાં જવાની તૈયારી કરવા લાગ્યા. હુકમાજીને તેની સૂચના આપી પણ હુકમાજીને રજા મળવી મુશ્કેલ હતી.

ભાઇ-ભાભી જાણતા હતા કે હુકમાજીનો વિવાહ થયો નથી. દીક્ષાની ભાવના પણ છે. કોણ જાણે દીક્ષા-ઉત્સવમાં જઇને ત્યાં દીક્ષા લઇ લયે તો શું કરવું ! હુકમાજીની માતાજીની ઈચ્છા પણ તેને એકલો જવા દેવાની નહોતી. પણ હુકમાજીએ હઠ લીધી. યાત્રાનું બહાનું કાઢયું અને ખાવા-પીવાનું બંધ કર્યું. છેવટે કંટાળીને હુકમાજીને પાછા લાવવવાની શરતે વાડીભાઇ સાથે જવાની રજા આપી. ખર્ચના પૈસા જે કાંઇ થશે તે તમારા બન્નેના આવ્યા પછી આપવા મોટાભાઇએ કહ્યું. વાડીભાઇ પોતાના ખર્ચે છાણી લઈ ગયા.

હુકમાજીએ જાણે પોતાની ચિર્‌વિદાય હોય તેમ તૈયારી કરી લીધી. મનને દૃઢ બનાવ્યું. માતાજી, ભાભીઓ અને ભાઇઓની હર્ષપૂર્વક રજા લીધી અને આનંદપૂર્વક સંસારરૂપી કેદખાનામાંથી છૂટ્યા હોય તેમ ચાલી નીકળ્યા.

મુનિશ્રી દાનવિજયજીની વડીદીક્ષા પહેલાં શ્રી વાડીભાઇ અને હુકમાજી પહોંચી ગયા. વડીદીક્ષાના ઉત્સવમાં ખૂબ આનંદ આવ્યો. વડી દીક્ષા પછી છાણીથી માળવા તરફ વિહાર કર્યો. મુનિશ્રી દાનવિજયજીની પ્રેરણાથી શ્રી વાડીભાઈ તથા હુકમાજી વિહારમાં સાથે રહ્યા. રસ્તામાં ગ્રામાનુગ્રામના વિહારમાં મુનીશ્રીના ગુરૂમહારજ શ્રી નીતિવિજયજી મહારાજ શ્રી વાડીભાઇને વૈરાગ્ય રસનું પાન કરાવવા લાગ્યા. શ્રી વાડીભાઇનો આત્મા પણ ખૂબ સંસ્કારી અને ધર્મભાવનાથી જાગેલો હતો. તેમણે પણ દીક્ષાની ભાવના રજુ કરી અને વાડીભાઇને પણ દીક્ષા આપવામાં આવી અને તેમનું નામ મુનિ વીરવિજયજી રાખ્યું અને મુનિશ્રી કાન્તિવિજયજીના શિષ્ય કર્યા.

આપણા ચરિત્રનાયક હુકમાજીનો આત્મા તો ઘણા સમયથી ચેતી ગયો હતો. ધન્નાશાળીભદ્રની સજ્ઝાયે તેમના હૃદયને સંસારના બંધનથી છૂટવા પ્રેરણાના પાન કરાવ્યાં હતાં, ઘરથી પણ તે ભાવનાથી નીકળ્યા હતા. શ્રી ડાહ્યાભાઇએ દીક્ષા લીધી અને શ્રી વાડીભાઇએ પણ દીક્ષા લીધી.

વિહારમાં ગુરૂદેવના પગ દાબતાં દાબતાં હુકમાજીની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યાં. મહારાજશ્રીએ ભાવથી પૂછયું.

'હુકમાજી! તમે ઘણા સમયથી વિહારમાં સાથે છો. હવે થાકી ગયા હશો ને ઘર, માતા, ભાઇ, ભાભી સાંભર્યાં હોય તો તમે સુખેથી જઇ શકો છો.'

'ગુરૂદેવ ! અબ મોહે તારો ! મારા પણ દીક્ષાના ભાવ છે. કૃપા કરી મને પણ ભાગવતી દીક્ષા આપો ને મારા જીવનને ધન્ય બનાવો. હું પણ ઘેરથી દીક્ષાની ભાવનાથી જ નીકળ્યો છું.'

'ભાઇ હુકમાજી! તારી વાત તો સાચી પણ તારી માતા અને ભાઇઓ વગેરેનું શું ? તેઓ આવે ને ધમાલ કરે તો શું કરવું !'

'ગુરૂદેવ ! મારી મક્કમતા છે. મારો આત્મા ક્યારનો ચેતી ગયો છે. હું લગ્ન કરવાનો નથી. દીક્ષા લેવાની મેં પ્રતિજ્ઞા કરી છે.'

'જહાસુખમ્ !'

દાહોદમાં સ્થિરતા કરવામાં આવી.

સં. ૧૯૫૮ ના ફાગણ સુદ ૬ ના મંગળ દિવસે હુકમાજીને દાહોદ નગરમાં દીક્ષા આપવામાં આવી તેમનું નામ મુનિશ્રી હર્ષવિજયજી રાખવામાં આવ્યું. અને પોતાના શિષ્ય કર્યાં. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો. નૂતન મુનિનું મન હર્ષથી નાચવા લાગ્યું.

## કપરી કસોટી

### ( ૪ )

હુકમાજીની દીક્ષાના સમાચાર રત્નાગિરિ પહોંચ્યા અને તેમના માતાજી, ભાઇઓ અને ભાભીઓ તથા પરિવાર આદિમાં ચિંતાની લાગણી પ્રસરી રહી.

માતાજીનો લાડલો, સંબંધ કર્યો હતો તે છોડીને કુટુંબ-પરિવાર અને મિત્રોને પણ પોતાની ઊંડી ઊંડી ભાવના દર્શાવ્યા વિના દૂર દૂર જઇને દીક્ષા લઇ લીધી. અરે અમે પણ કેવા ! તેમના સમાચાર પણ ન પૂછાવ્યા. અરે અમારા સ્નેહી શ્રી ડાહ્યાભાઇ જેમણે દિક્ષા લીધી હતી અને બીજા સ્નેહી શ્રી વાડીભાઇ જેને હુકમાજી સોંપ્યો હતો અને રત્નાગિરિ લઇ આવવાની વાત થઇ હતી તેમણે તો દીક્ષા લીધી પણ કોઇને જણાવ્યા વિના હુકમાજીને પણ દીક્ષા અપાવી. અરે તેના ગુરૂમહારાજો પણ કેવા કે કુટુંબની રજા પણ ન મંગાવી. અમને સમાચાર ન આપ્યા.

હું તો મારા ભાઇને પાછો લઈ આવીશ. એ ચારિત્ર તો ખાંડાની ધાર છે. ગ્રામનુગ્રામના વિહાર. ધૂપ-ટાઢ કે વર્ષા બધામાં પરિસહો સહવાના. લૂખી સૂકી રોટી જે મળે તે લેવાનું. લોચ કરાવવો, તપશ્ચર્યા કરવી અને જ્ઞાનધ્યાન દ્વારા સંયમ પાળવો. આ બધું સુકુમાર એવા મારા લાલથી કેમ પળાશે. માતા પણ આવા આવા વિચાર કરતી ને તેની આંખડી અશ્રુભીની થઇ જતી.

માતાએ પ્રેરણા કરી અને તેમના મોટાભાઇ ભૂતાજી તથા મુનિ શ્રી વિરવિજયજી ( શ્રી વાડીભાઇ ) ના મોટાભાઇ દલસુખભાઈ ગુરૂમહારાજ વિહાર કરતાં કરતાં જાબુલા પહોંચ્યા તે સમાચાર મેળવી જાબુલા ગયા.

'મથ્થેણ વંદામિ' બન્નેએ ગુરૂમહારાજને વંદણા કરી 'ધર્મલાભ' ગુરૂમહારાજે ધર્મલાભ આપ્યો.

'ગુરૂદેવ! આપે મારા ભાઇને દીક્ષા આપી, અમને સમાચાર પણ ન આપ્યા. અમારો ભાઇ તો અણસમજુ છે. તેનો સંબંધ પણ થઇ ગયો છે,' મોટાભાઇ ભૂતાજીએ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું.'

'મહાનુભાવ! તમે મુનિશ્રી વિરવિજયને પૂછો અને તમારા ભાઇને પૂછો. અમે તો દીક્ષા આપવાની ના કહી હતી. પણ વિહારમાં જ્યારે શ્રી વાડીભાઇએ દીક્ષાની ભાવના દર્શાવી ત્યારે હુકમાજી તો દીક્ષા માટે તલસી રહ્યો હતો પણ અમે ના કહી પણ તે ઉદાસ રહેવા લાગ્યો. તપશ્ચર્યા શરૂ કરી. વિગયનો ત્યાગ કરી દીધો. પછી જ તેની દ્રઢ ભાવના જોઇને પછી જ દીક્ષા આપી છે. તમને પૂછાવવા માટે પણ હુકમાજીને અમે જણાવેલું પણ હુકમાજીએ કહ્યું કે એમ મારા માતાજી કે ભાઇઓ રજા નહિ આપે અને તે ખૂબ અધીરો થઇ ગયો હતો. વળી મુહૂર્ત પણ શુભ આવી ગયું તેથી દીક્ષા આપી છે; અને એ એવો વાસિત જીવ છે કે શાસનનું કલ્યાણ કરશે. તમારા કુટુંબને ઉજાળશે અને મારવાડનું અણમોલ રત્ન ગણાશે.'

મોટાભાઇ ભૂતાજી તો નિર્ણય કરીને આવ્યા હતા કે હુક-

માજીને દીક્ષા છોડાવીને જ લઇ જવો. પણ નૂતનમુનિ તો ખૂબ આનંદી જણાયા. તેમણે પણ મોટાભાઇને સમજાવ્યા કે મારી ઘણા વખતથી દીક્ષાની ભાવના હતી. મેં ગુરૂવર્યને વારંવાર વિનતિ કરી દીક્ષા લીધી છે. હું જ્ઞાનધ્યાનથી મારા આત્માનું કલ્યાણ કરવા ઈચ્છું છું. મોટાભાઇ ભૂતાજી સમજુ હતા. મુનિશ્રી દાનવિજયજી ( ડાહ્યાભાઈ ) તથા મુનિશ્રી વીર વિજયજી ( વાડીભાઈ ) બન્નેએ ભૂતાજીને સમજાવ્યા અને તે પણ ગુરૂમહારાજના ઉપદેશથી શાંત થયા અને મુનિશ્રી હર્ષ-વિજયજીને પ્રેમ પૂર્વક વંદણા કરી અશ્રુભરી આંખે રત્નાગિરિ ચાલ્યા ગયા.

ગુરૂમહારાજ અહીંથી વિહાર કરી રાજગઢ, ધાર ને માંડવ-ગઢની યાત્રા કરી ઈંદોર પધાર્યા. માતાજી તો ભૂતાજીને એકલા આવેલા જોઇને ઉદાસ થઇ ગયા. ભૂતાજીએ બધી વાત કરી. મુનિ હર્ષવિજયનો દીક્ષાનો આનંદ દર્શાવ્યો પણ માતા એ માતા. તેના હૃદયમાં શાંતિ નહોતી.

માતાજીએ ભૂતાજીને ફરી ઈંદોર જવા આગ્રહ કર્યો. સાથે બે ત્રણ સંબંધીઓને પણ લઇ ગયા. સાથે પોલીસનો બંદો-બસ્ત રાખ્યો. બધા ઈંદોર પહોંચ્યા.

ગુરૂમહારાજે તો ભૂતાજીને ફરી આવેલા જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘ ભાઈ તમે રાજીખુશીથી શાંતિપૂર્વક ગયા ને વળી આ શું ધમાલ ! ’

‘ કૃપાળુ ! શું કરૂં ! મારા માતાજી હમેશાં ઉદાસ રહે છે અને તેના જીવને ચેન નથી. તે નાનાને યાદ કરી કરી રડે

છે. તેમની આજ્ઞાથી અમે આવ્યા છીએ. કૃપા કરી હુકમાજીને આપો અને અમને નિશ્ચિત કરો ’ ભૂતાજીએ વસ્તુસ્થિતિ દર્શાવી.

‘ ભાગ્યશાળી ! મનુષ્ય જન્મમાં ચારિત્ર મળવું દુર્લભ છે. તમારા ભાઈનું મન સંસારમાં છે જ નહિ મારી ના જ નથી. તમે સુખેથી લઈ જાઓ પણ યાદ રાખજો તે ગૃહસ્થાશ્રમમાં રહેવાનો નથી. પાંચ-પંદર દિવસે પાછો આવશે અને તમને હંમેશનું વિશેષ દુઃખ રહેશે. તેમ છતાં મુનિ હર્ષવિજયજીની ઇચ્છા હોય તો મારી તો ના જ નથી. તમારા ભાઈને સમજાવીને ખુશીથી લઈ જાઓ ’ ગુરૂદેવે સ્પષ્ટતા કરી.

ભૂતાજી તથા આવેલા ભાઈઓએ નવીન મુનિને ખૂબ-ખૂબ સમજાવ્યા. માતાજી કેવી રીતે વલવલે છે અને કેવો કાળો કકળાટ કરે છે ખાતાં-પીતાં નથી તે જણાવ્યું, પણ નવીન મુનિએ મક્કમતા દર્શાવી કે પોલીસ લાવશો તો પણ હું ઘેર આવવાનો નથી. મેં જ આગ્રહ કરીને દીક્ષા લીધી છે. હું ચારિત્ર રૂડી રીતે પાળું છું, મને આનંદ છે. તમે મને પરાણે લઈ જશો તોપણ હું ઘરમાં રહેવાનો નથી. પૂજ્ય માતાજીને સમજાવશો અને બધાને મારા ધર્મલાભ કહેશો.

ઈન્દોરની ધર્મપ્રેમી પ્રજાની સમજાવટથી તથા ગુરૂમહારાજના સુંદર ઉપદેશથી તેમજ મુનિ હર્ષવિજયજીની મક્કમતાથી તેમનો પ્રયત્ન નિષ્ફળ ગયો અને તેઓ નિરાશ થઈને પાછા ગયા.

હજી કપરી કસોટી તો બાકી હતી. ઈન્દોરથી ગુરૂમહારાજશ્રી શિષ્ય પરિવાર સાથે ઉજ્જૈન પધાર્યા. ઉજ્જૈન શ્રી-સંઘની પ્રાર્થનાથી ઉજ્જૈનમાં ચાતુર્માસ કરવાનો નિર્ણય થયો.

માતાજીના જીવને શાંતિ નહોતી. ત્રણ ત્રણ પુત્રો ને પુત્ર-વધુઓ તથા પૌત્ર-પૌત્રીઓ હોવા છતાં નાના હુકમાજી તરફ અસીમ પ્રેમ હતો અને દીક્ષાના પરિષહો મારો લાલ કેમ સહેશે તેના વિચારોમાં ને વિચારોમાં આંસુ સારતાં હતાં. માતાજીએ છેલ્લો પ્રયત્ન કરવાં વિચાર્યું અને તેના પુત્ર દલાજીને સાથે લઇને માતાજી ઉજ્જૈન આવી પહોંચ્યા.

માતાજી તો પોતાના લાડકા પુત્ર હુકમાજીને મુનિવેષમાં જોઇને રડી પડયા. ગુરૂમહારાજને વારંવાર પ્રાર્થના કરી કે મારો પુત્ર મને પાછો આપો. આ વખતે હું તેને લઈ જઇને જંપીશ. અમારા કુટુંબનો દીવો ઓલવાઈ ગયો છે. અમારૂં રાંકનું રતન તમે લઇ ગયા છો. મારી દશાનો તો વિચાર કરો. દયા કરીને મારો લાલ મને પાછો આપો-પાછો આપો.

'ભાગ્યશાળી! તમે તો કેવા બડભાગી છો કે તમારો પુત્ર ભાગવતી પ્રવજ્યા લઇને શાસનનો ઉદ્યોત્ કરશે. તમારા કુટુંબનો દીવો ઓલવાઇ નથી ગયો એ તો ઘર ઘરની ને ગામ ગામની જ્યોત બની રહેશે. એ તમારૂં રાંકનું રતન ભલે હોય પણ એ જૈનશાસનનું મહા તેજસ્વી રતન થશે. છતાં તમને યોગ્ય લાગે તો તમે સુખેથી લઇ જાઓ.'

માતાજી પણ વિમાસણમાં પડી ગઈ. શું કરવું તેનો વિચાર થઈ પડયો. નૂતન મુનિ પણ મક્કમ હતા. માતાજીએ છેવટ પ્રયત્ન કરી લેવા નિર્ણય કર્યો અને શ્રી ઉજ્જૈનના શ્રીસંઘને પોતાનો પુત્ર પાછો અપાવવા પ્રાર્થના કરી અને છેવટની ધા નાખી.

આ પ્રાર્થનાથી સંઘમાં પણ ભારે વિમાસણ થઇ પડી. એક તરફ ગુરૂમહારાજ અને નૂતન સાધુનો દીક્ષાનો ત્યાગ ને

ધર્મની હેલણા, બીજી તરફ માતૃહૃદય અને સંઘની પાસે પ્રાર્થના. ખૂબ-ખૂબ વિચાર-વિનિમય પછી એ પાંચ ડાહ્યા ધર્મપ્રેમી વિચારક ભાઇઓએ એક નવીન પ્રયોગ શોધી કાઢયો. ગુરૂપ્રેમ અને માતૃપ્રેમની કસોટી કર્યા સીવાય બીજો ઉપાય ન હતો.

શ્રી સંઘ, ગુરૂદેવ, નૂતન મુનિ અને માતૃપ્રેમની આ કપરી કસોટી હતી. છેવટે નિર્ણય થયો કે મુનિ હર્ષવિજયજીના હૃદયના ભાવો પ્રમાણે મુક્ત વાતવરણમાં તેમની ઈચ્છા પ્રમાણે સંઘે ફેંસલો આપવો.

તે પ્રમાણે એક તરફ ગુરૂદેવ શાંત-પ્રશાંત ભાવથી બેઠા છે. બીજી તરફ તીર્થસ્વરૂપ જન્મદાત્રી માતાજી છે. મુનિશ્રીને જેમ યોગ્ય લાગે તેમ કરવાની છૂટ આપવામાં આવી, ગુરૂદેવે પણ મૌન ધારણ કર્યું. માતા તો અશ્રુભરી આંખે નૂતન મુનિનું મન પીગળાવવા એકનજરે જોઇ રહી હતી.

નૂતન મુનિની કપરી કસોટી થઇ રહી હતી. માતૃ-હૃદય તરફ પણ આકર્ષણ તો રહે પણ છેવટે ગુરૂપ્રેમનો વિજય થયો અને આપણા ચરિત્રનાયક હર્ષવિજયજી હર્ષભેર ગુરુદેવ પાસે દોડી ગયા ને તેમના ચરણમાં મસ્તક ઝૂકાવી દીધું. અશ્રુબિંદુઓથી ગુરૂદેવના પગ પખાળ્યા. સંઘનો ફેંસલો થઇ ગયો. માતા પણ આ દ્રશ્યથી વિવશ બની ગયા અને તેને મુર્છા આવી ગઇ. માતાને બહાર લઇ જવામાં આવ્યા. ખૂબ ખૂબ સમજાવ્યા પણ તે ગામનું પાણી પીધા વગર સજળનેત્રે ઘેર ચાલ્યા ગયા.

આપણા ચરિત્રનાયક કપરી કસોટીમાંથી પસાર થયા. માતૃપ્રેમ કરતાં ગુરૂપ્રેમનો વિજય થયો.

# જ્ઞાનપ્રાપ્તિ માટે સાધના

## ( ૫ )

કપરી કસોટી પૂરી થઇ. મુનિરાજ શ્રી નીતિવિજયજીને પણ શાંતિ થઇ. મુનિશ્રી હર્ષવિજયજીને પણ નિશ્ચિંતતા થઇ. અહીં મુનિરાજ શ્રી નિતિવિજયજીના પ્રયાસથી ને સચોટ ઉપદેશથી કાસટીયા પુખરાજજી તથા કિસનલાલજી દ્રઢ સમ્યક્ત્વવાસી થયા અને તેમની સાથે બીજા ઘણા કુટુંબો સ્થાનકવાસીમાંથી દ્રઢ મૂર્તિપૂજક બન્યા. શા ચત્રાશા લાલચંદવાળાએ મોટો ખર્ચ કરી ઉજમણું કર્યું. આસપાસના લોકોએ સારો લાભ લીધો. સં. ૧૯૫૮ નું પ્રથમ ચાતુર્માસ આપણા ચરિત્રનાયક શ્રી હર્ષવિજયજીએ ગુરૂદેવ સાથે ઉજ્જૈનમાં કર્યું.

અહીં મુનિ હર્ષવિજયજીએ અભ્યાસની શરૂઆત કરી દીધી. અને ગુરૂમહારાજ પાસેથી પંચ પ્રતિક્રમણ, પાક્ષિકસુત્ર, જીવવિચાર, નવનત્વ, દંડક, લઘુસંઘયણી આદિ ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરી પોતાની બુદ્ધિ-પ્રભા અને જ્ઞાનપિપાસાનો પરિચય કરાવ્યો. ગુરૂમહારાજને પણ મુનિ હર્ષવિજયના વિદ્યાપ્રેમને માટે આનંદ થયો. તેમની જ્ઞાનવૃદ્ધિ માટે પોતે વારંવાર પ્રોત્સાહન આપતા રહ્યાં.

અમદાવાદના સંઘની ગુરૂમહારાજને અમદાવાદ પધારવાની વિનતી થવાથી આપણા ચરિત્રનાયક મુનિ શ્રી હર્ષવિજયજી

ગુરૂમહારાજ સાથે અમદાવાદ પધાર્યા. અહીં ઝવેરી છોટાલાલ વજુભાઇની ભાવના શ્રી સિદ્ધાચળના સંઘની થવાથી ગુરૂમહારાજ સાથે વિહાર કરી સંઘ સાથે સિદ્ધાચળ પહોંચ્યા. અહીં ગુરૂદેવ તથા સંઘનું ભાવભર્યું સામૈયું કરવામાં આવ્યું. સંઘ સાથે શ્રી ઋષભદેવદાદાને ભેટયા. સંઘવી શ્રી છોટાલાલ ઝવેરીએ ઉલ્લાસપૂર્વક તીર્થમાળ પહેરી તથા સારા પ્રમાણમાં દ્રવ્યનો સદઉપયોગ કર્યો.

અહીંથી જાત્રા કરીને મુનિ શ્રી હર્ષવિજયજી અમદાવાદ ગુરૂદેવ સાથે પધાર્યા. સંવત ૧૯૫૯ નું ચાતુર્માસ અમદાવાદ દોશીવાડાની પોળમાં આવેલા ડેલાના ઉપાશ્રયમાં કર્યું. આ ચાતુર્માસમાં આપણા ચરિત્રનાયકે હેમલઘુપ્રક્રિયા વ્યાકરણનું અધ્યયન કર્યું. ચાતુર્માસ પૂર્ણ થતાં ગુરૂમહારાજ સાથે સુરત પધાર્યા. સં. ૧૯૬૦ નું ચાતુર્માસ સુરતમાં કર્યું. અહીં મુનિ શ્રી હર્ષવિજયજીએ ઉત્તરાધ્યયન સૂત્ર તેમજ આચારાંગ સૂત્રના યોગ કર્યા. સુરતથી વિહાર કરી પાલીતાણા પધાર્યા. સં. ૧૯૬૧ નું ચાતુર્માસ પાલીતાણામાં ઉજમબાઇની ધર્મશાળામાં કર્યું.

પાલીતાણામાં સિદ્ધક્ષેત્રની શીતળ છાંયડીમાં સં. ૧૯૬૨ ના કારતક વદ ૧૧ ને રવીવારે મુનિરત્ન શ્રી ભાવવિજયજી મહારાજના વરદહસ્તે મુનિરાજ શ્રી નિતિવિજયજી મહારાજશ્રીને સંઘ તથા શ્રાવકોના મોટા સમૂહ સમક્ષ પન્યાસપદવી અર્પવામાં આવી. આ પ્રસંગે સૂરતવાળા ઝવેરી શ્રી કુલચંદભાઇએ મહોત્સવ કર્યો હતો.

'ગુરૂદેવ ! મારી ભાવના મારો અભ્યાસ વધારવાનો છે. વિહારમાં સમય મળતો નથી. અહીં વ્યવસ્થા થઇ શકે તેમ

નથી. આપશ્રી આજ્ઞા આપો તો હું મ્હેસાણા શ્રી જૈન શ્રેયષ્કર મંડળ તરફથી ચાલતી શ્રી યશોવિજયજી સંસ્કૃત પ્રાકૃત પાઠશાળામાં જવા ઇચ્છું છું.' મુનિશ્રી હર્ષવિજયજીએ વિનંતી કરી.

'વત્સ ! તમારી ભાવના અભ્યાસની હોય તો તમે સુખેથી મ્હેસાણા તરફ વિહાર કરો. તબીયત સંભાળશો. ધર્મધ્યાન અને તપશ્ચર્યામાં ઉજમાળ રહેશો અને અભ્યાસમાં ખૂબ સાવધાન રહેશો' ગુરૂદેવે આજ્ઞા આપી. ગુરૂદેવની આજ્ઞા મળવાથી મુનિ શ્રી હર્ષવિજયજી મહારાજે મ્હેસાણા તરફ વિહાર કર્યો મ્હેસાણા જઇને પાઠશાળામાં જવા લાગ્યા અને પાઠશાળાના પંડિતજી પાસે હેમલઘુપ્રક્રિયા ગ્રંથ સાર્થ સમાપ્ત કર્યો. તેમજ અભિધાન ચિંતામણી કોષ પણ સાર્થ કંઠસ્થ કર્યો. સં. ૧૯૬૨–૧૯૬૩ નું ચાતુર્માસ મ્હેસાણા કર્યું. ચાતુર્માસ પૂર્ણ કરી ગુરૂમહારાજની નિશ્રામાં પહોંચી ગયા. મુનિમહારાજના અભ્યાસના સમાચાર સાંભળી હર્ષિત થયા. સં. ૧૯૬૪ નું ચાતુર્માસ ગુરૂદેવ સાથે રાધનપુરમાં કર્યું.

રાધનપુરમાં ઉપધાન તપનું ઉદ્યાપન કરાવી માળનો મહોત્સવ પૂર્ણ કરી ગુરૂદેવે વિહાર કર્યો મોરવાડા–વાવ, થરાદ, સાચોરની યાત્રા કરી રાજપુર થઇ આબુજી તથા પંચતીર્થની યાત્રા કરી સાદડી પધાર્યા. અમદાવાદની વિનતિથી ડેલાના ઉપાશ્રયમાં સં. ૧૯૬૫ અને ૬૬ નું ચાતુર્માસ અમદાવાદમાં ગુરુની સાથે કર્યું.

અહીં મુનિ હર્ષવિજયજીએ કાવ્યનો અભ્યાસ શરૂ કર્યો તેમજ કલ્પસૂત્ર તથા મહાનિશીથના યોગ કર્યા. અહીંથી વિહાર

કરી વીસનગર પધાર્યા અહીંથી ગુરૂદેવની આજ્ઞા મેળવી મુનિશ્રી દાનવિજયજી સાથે અમદાવાદ આવ્યા. સં. ૧૯૬૭ નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. જેમ જેમ અભ્યાસ વધતો જતો હતો તેમ આપણા ચરિત્રનાયકની જ્ઞાનપિપાસા વધતી જતી હતી અને જ્યાં જ્યાં તક મળે ત્યાં વિદ્વાનોનો પરિચય સાધી ખૂબ ઉત્સાહપૂર્વક અભ્યાસ ચાલુ રાખતા અને એ રીતે તેઓ શાસ્ત્રવેત્તા અને પ્રખરવિદ્વાન બન્યા હતા.

અમદાવાદમાં વિદ્વાન પંડિત ભગવાનદાસ પાસે કર્મગ્રંથની ટીકાનો અભ્યાસ કર્યો. પછી ગુરૂમહારાજ પાસે વીસનગર જઈને શ્રી જગદીશ્વર પંડિત પાસે ન્યાયનો અભ્યાસ કર્યો. અહીંથી વીરમગામ થઈ અમદાવાદ પધાર્યા અને આત્મપ્રબોધ-ગ્રંથ ઉપર ઉપદેશ આપવાનો પ્રારંભ કર્યો. વકતૃત્વશક્તિ અને વિદ્વતાથી સારો પ્રભાવ પાડ્યો સં. ૧૯૬૮ નું ચાતુર્માસ પણ અમદાવાદમાં કર્યું.

આપણા ચરિત્રનાયકની બુદ્ધિપ્રભા તથા જ્ઞાનપિપાસાથી ગુરૂદેવને ખૂબ આનંદ થયો. તેમના મંગળ આશીર્વાદ મળ્યા.

## પદવીદાન સમારંભ તથા શિષ્યલાભ

( ૬ )

ચાતુર્માસની સમાપ્તિ પર સં. ૧૯૬૯ ના કારતક વદ ચોથના દિવસે રતલામનિવાસી મિશ્રીમલ ચેનાજીને અમદાવાદ રાજપુરમાં દીક્ષા આપવામાં આવી અને મુનિરાજ શ્રી હર્ષ-વિજયજી મહારાજના પ્રથમ શિષ્ય થયા. તેમનું નામ મુનિ માનવિજય રાખવામાં આવ્યું. અમદાવાદથી મુનિ શ્રી વીરમગામ પધાર્યા. રાધનપુરનિવાસી કાનજીભાઇ ભૂહરદાસની દીક્ષાની ભાવના થતાં મહારાજશ્રી અમદાવાદ પધાર્યા અને ત્યાંથી થલપર વિહાર કરી કાનજીભાઇને દીક્ષા આપી અને મુનિ કલ્યાણવિજય નામ આપ્યું, જે પાછળથી આચાર્ય થયા અને જેમણે ધર્મ-ઉદ્યોત અને સમાજ ઉત્થાનના ઘણાં કાર્યો કર્યાં. ત્યાંથી શંખેશ્વરની યાત્રા કરીને રાધનપુર પધાર્યા. સં. ૧૯૬૯ નું ચાતુર્માસ રાધનપુરમાં કર્યું.

તેઓ સતત અભ્યાસી હતા. સં. ૧૯૬૯ ના ચાતુર્માસમાં આપણા ચરિત્રનાયક મુનિશ્રી હર્ષવિજયજી મહારાજે સુયગડાંગ, સ્થાનાંગ, સમવાયાંગ તથા ભગવતી સૂત્રના યોગ વહનની ક્રિયા કરી તેમજ નૈયાયિક પંડિત પાસે તર્કસંગ્રહની નીલકંઠ ટીકાનો અભ્યાસ કર્યો.

સતત જ્ઞાનપિપાસુ, વિદ્વાન, શાંતમૂર્તિ, સરળ પરિણામી મુનિ શ્રી હર્ષવિજયજીની યોગ્યતા તથા વિદ્વતા જોઇને ગુરૂવર્યો પંન્યાસજી ભાવવિજયજી તથા પંન્યાસજી નીતિવિજયજીએ રાધનપુરના શ્રી સંઘની પ્રાર્થનાથી સંવત ૧૯૭૦ ના માગશર

સુદ ૧૩ ના દિવસે ગણિપદ અને માગશર સુદ પુર્ણીમાના દિવસે પન્યાસપદવીથી વિભૂષિત કર્યા.

આ પદવીદાન સમારંભ નિમિત્તે રાધનપુરમાં અઠ્ઠાઇ-મહોત્સવ કરવામાં આવ્યો હતો તેમજ વિવિધ પ્રકારની મનોહર રચનાઓ કરવામાં આવી હતી.

પન્યાસજી હર્ષવિજયજીએ ગુરૂદેવોના મંગળ આશીર્વાદ મેળવ્યા. સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો.

રાધનપુરથી વિહાર કરી પન્યાસ શ્રી હર્ષવિજયજ મહારાજ ગુરૂદેવો સાથે પાલીતાણા પધાર્યા. તીર્થાધિપતિની યાત્રા કરીને અમદાવાદના શ્રાવક ભાઇઓની વારંવારની વિનતિથી ગુરૂમહારાજની આજ્ઞા લઇને અમદાવાદ પધાર્યા. સં. ૧૯૭૦ નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. સં. ૧૯૭૧ નું ચાતુર્માસ પણ ગુરૂદેવની સાથે પાંજરાપોળના ઉપાશ્રયે અમદાવાદ કર્યું.

અમદાવાદથી વિહાર કરી પેથાપુર પધાર્યા. સં. ૧૯૭૨ નું ચાતુર્માસ સંઘના આગ્રહથી પેથાપુર કર્યું

આ ચાતુર્માસમાં વ્યાખ્યાનના સમય ઉપરાંત પોતાને મળતા સમયમાં મહાભાષ્યનું અધ્યયન કર્યું. પેથાપુરથી વિહાર કરી ચાણસ્મા થઇને પાટણ પધાર્યા. પાટણ બે માસ સ્થિરતા કરી પાનસર થઇને ભોયણીતીર્થે પધાર્યા.

ભોયણીતીર્થમાં સં. ૧૯૭૩ ના ફાગણ વદ ૩ ના રોજ મંગળ મુહૂર્તે લીંબડીના રહીશ શા. મણીલાલ ઉજમશીને તેમના ભાઈની સંમતિથી દિક્ષા આપવામાં આવી અને તેમનું નામ મુનિ મંગળવિજયજી રાખવામાં આવ્યું અને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા.

ભોયણીથી વિહાર કરી વીસનગર પધાર્યા. અહીં અમદાવાદ નિવાસી સકરચંદ બાલાભાઈને દીક્ષાના ભાવ થતાં તે પોતે પન્યાસજી મહારાજ શ્રી હર્ષવિજયજી પાસે વિનતિ કરવા આવ્યા. સકરચંદભાઇની ભાવના જાણી પન્યાસજી મહારાજ વીસનગરથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. સં. ૨૦૭૩ ના જેઠ સુદ ૧૦ ના દિવસે મંગળ મુહૂર્તે બહુ જ ધામધૂમપૂર્વક શ્રી સકરચંદભાઈને હઠીભાઈની વાડીમાં દીક્ષા આપવામાં આવી અને દિક્ષિત મુનિનું નામ મુનિ સુમતિવિજય રાખવામાં આવ્યું અને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા. સંઘમાં આનંદ આનંદ ફેલાઇ ગયો.

ઉંઝાના શ્રીસંઘના આગેવાનો પન્યાસજી મહારાજને વિનંતી કરવા આવ્યા. ઊંઝામાં એક ભાગ્યશાળી ઉપધાનતપનું ઉદ્યાપન કરવાની ભાવનાવાળા હોવાથી તથા લાભનું કારણ હોવાથી ઊંઝાના આગેવાનોની વિનંતિ સ્વીકારી પન્યાસશ્રી ઊંઝા પધાર્યા. ઊંઝામાં ચાતુર્માસમાં તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઇ. પર્યુષણ પર્વો પણ ખૂબ ઉત્સવપૂર્વક ઉજવાયા અને ધર્મનો ઉદ્યોત થયો. ઉપધાન તપની ભાવના થતાં ઉપધાનતપ શરૂ થયાં અને આનંદપૂર્વક પૂર્ણ થયાં. પન્યાસ શ્રી હર્ષવિજયજી મહારાજશ્રીએ ઉપધાન તપની વિધિ બહુ સુંદર રીતે કરાવી અને માળનો ઉત્સવ આનંદપૂર્વક થયો. ઉંઝાના શ્રીસંઘમાં ધર્મ-ભાવના વિશેષ જાગૃત થઇ અને પન્યાસજી મહારાજના ઉપદેશામૃતોથી ઘણા બહેન-ભાઈઓને ધર્મનો સુંદર બોધ થયો. ધર્મઉદ્યોત થઈ રહ્યો.

# જન્મભૂમિનો સાદ ને તીર્થ યાત્રાઓ

## ( ૭ )

'કૃપાનિધાન ! અમારા મારવાડના મોતી સમા શાંતમૂર્તિ વિદ્વાન પન્યાસજી મહારાજને આજ્ઞા આપો તો અમારી ભાવના તેમને જન્મભૂમિમાં લઇ જવાની છે. વર્ષોથી જન્મ-ભૂમિ સાદ કરે છે. કૃપા કરી અમારી વિનતિ સ્વીકારો.' થાવલાના આગેવાનોએ ગુરૂવર્ય પન્યાસ શ્રી નીતિવિજયજી મહારાજને પ્રાર્થના કરી.

'ભાગ્યવાનો ! તમારી ભાવના સારી છે. પન્યાસજીની ભાવના પણ મારવાડની તીર્થભૂમિઓની યાત્રાની ઘણા સમયથી છે તો અમારી આજ્ઞા છે. તેઓ ખુશીથી મારવાડ તરફ વિહાર કરે અને જમભૂમિમાં ધર્મઉદ્યોત કરી તીર્થ યાત્રાઓ કરે. અમારા તેમને મંગળ આશીર્વાદ છે.'

પં. શ્રી નીતિવિજયજીએ આજ્ઞા આપી. થાવલાના શ્રી સંઘની ઘણા વખતથી વિનતિ હતી કે પોતાના ગામના વિદ્વાન મુનિવર્ય પન્યાસજી મહારાજ પોતાની જન્મભૂમિમાં પધારે અને થાવલામાં ધર્મ-ભાવના પ્રગટાવે તે માટે આગેવાનોએ તેમના ગુરૂવર્યને વિનતિ કરી અને ગુરૂદેવની આજ્ઞા અને આશીર્વાદ લઈને પન્યાસજી મહારાજે મારવાડ તરફ વિહાર કર્યો આબુ તીર્થની યાત્રા કરી જાવાલ થઈ પોતાની જન્મભૂમિ થાવલા પધાર્યા.

સંઘે પોતાના મારવાડના મોતી વિદ્વાન પન્યાસજીનું

ભાવભર્યું સ્વાગત કર્યું. સંઘના આબાલવૃદ્ધ પન્યાસજી મહારાજના દર્શન કરી હર્ષિત થયા.

સં. ૧૯૭૪ નું ચાતુર્માસ જન્મભૂમિ થાવલામાં કર્યું. આ ચાતુર્માસ દરમ્યાન અઠ્ઠાઈ–મહોત્સવ, પૂજા–પ્રભાવના સારા પ્રમાણમાં થઈ. તપશ્ચર્યા પણ ખૂબ થઈ. પન્યાસજી મહારાજની અમૃતવાણી ચાતુર્માસ દરમ્યાન સાંભળી આબાલવૃદ્ધ પ્લાવિત થઈ ગયા. સંઘમાં આનંદ આનંદ ફેલાઈ ગયો.

ચાતુર્માસ પૂર્ણ કરી પન્યાસજી મહારાજે તીર્થયાત્રાની ભાવનાથી વિહાર કર્યો. થાવલાના શ્રીસંઘના ભાઈ–બહેનોએ પોતાના પરમઉપકારીને ભાવભરી વિદાય આપી. બધાની આંખડીઓ સજળ થઈ ગઈ. ગુરૂવર્યે માંગલિક સંભળાવી ધર્મભાવના પ્રદિપ્ત રાખવા ઉપદેશ આપ્યો.

થાવલાથી વિહાર કરી તખતગઢ, ખીવાણદી, વરકાણા, નાંદોલ, નાંદલાઈ, ઘાણેરાવ તથા રાણકપુર તીર્થોની યાત્રા ખૂબ આનંદપૂર્વક કરી અને તીર્થયાત્રાની પોતાની ભાવના પાર પાડી

મારવાડના કલાત્મક મનોહર ભવ્ય મંદિરો, રાણકપુરનું બેનમૂન ભવ્ય કલાત્મક મંદિર અને તેની અનુપમ રચના વગેરે જોઈ જોઈને પન્યાસજીને પૂર્વ પુરૂષો ને મહાન જ્યોતિર્ધરોનો તીર્થપ્રેમ–ધર્મપ્રેમ અને કલાપ્રેમ તેમજ તે માટે લાખોના દાનની ભાવના અને જૈનધર્મની મહાન સંસ્કૃતિ વિષેનો ખૂબ પરિચય થયો, અને જૈન તીર્થોના સમુદ્ધાર માટેની ગુરૂદેવ પં૦ શ્રી નીતિવિજયજીની ભાવના કેવી અનુપમ છે તેનો ખ્યાલ આવ્યો.

શીવગંજ, કુંભારીયાજી અને તારંગા તીર્થના દર્શન કરી દાદાગુરૂ વયોવૃદ્ધ પૂજ્યપાદ પન્યાસજી મહારાજના દર્શનાર્થે પાટણ પધાર્યા. અહીં પન્યાસજી મહારાજ શ્રી ભાવવિજયજી મહારાજને વંદન કરી તેમના આશીર્વાદ મેળવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની યાત્રા કરી પૂજ્ય ગુરુદેવ શ્રી નીતિવિજયજી મહારાજ પાસે અમદાવાદ આવ્યા. સં. ૧૯૭૫ નું ચાતુર્માસ હાજા પટેલની પોળના ઉપાશ્રયે કર્યું. આ ચાતુર્માસમાં લોક પ્રકાશ નામના મહા ગ્રંથનું વાંચન કર્યું.

અમદાવાદમાં ગુરૂદેવને ચતુર્વિધ સંઘની હાજરીમાં સં. ૧૯૭૬ ના માગશર શુદિ ૫ ના રોજ ગુરૂદેવ પન્યાસ શ્રી ભાવવિજયજી ગણિવર્યે પન્યાસ શ્રી નીતિવિજયજી મહારાજને ખૂબ ધૂમધામપૂર્વક આચાર્યપદવી આપી. જન-સમુદાયમાં આનંદ આનંદ ફેલાઇ ગયો. પન્યાસશ્રીને તેથી વિશેષ આનંદ થયો. અમદાવાદથી આચાર્ય ભગવંતની આજ્ઞા લઇ રાધનપુર પધાર્યા. સં. ૧૯૭૬ નું ચાતુર્માસ રાધનપુરમાં કર્યું.

પન્યાસજી મહારાજ તો સૂત્રોના જ્ઞાતા હતા અને તેમનો સમય ઘણો ખરો જ્ઞાનાભ્યાસમાં જતો તેમજ સમય સમય પર તે સાધુમુનિરાજોને સૂત્રોની વાચના પણ આપતા હતા.

રાધનપુરમાં સં. ૧૯૭૬ ના ચાતુર્માસમાં સાધુઓને ભગવતી સૂત્રની વાચના આપી હતી.

રાધનપુરથી વિહાર કરી જૂનાગઢ પધાર્યા. અહીં નેમનાથ ભગવાન આદિના દર્શન કરી તીર્થયાત્રા કરી વણથલી, વેરાવળ અને પ્રભાસપાટણ પધાર્યા. અહીં ચંદ્રપ્રભસ્વામીના દર્શન કર્યા. અહીંથી ગુરૂમહારાજ પાસે પાલીતાણા પધાર્યા અને તીર્થા-

ધિપતિના દર્શન કરી શત્રુંજયની યાત્રા કરી. સં. ૧૯૭૭ નું ચાતુર્માસ ગુરૂદેવ આચાર્ય ભગવંતની સાથે પાલીતાણામાં કર્યું. અહીં પણ સાધુ મુનિરાજોને પ્રજ્ઞાપના તથા અનુયોગદ્વાર સૂત્રની વાંચના આપી.

પાલીતાણાથી વિહાર કરી વીરમગામ થઇને અમદાવાદના ભાઈઓની વિનતીથી અમદાવાદ પધાર્યા અને સં. ૧૯૭૮ નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. આ ચાતુર્માસ દરમ્યાન પણ પહેલાં બાકી રહેલ લોકપ્રકાશનો ગ્રંથ પૂરો કર્યો. પર્યુષણ પછી ઉત્તરાધ્યયન સૂત્રની એવી તો સુંદર ભાવમય વાચના વ્યાખ્યાનમાં કરી કે લોકોની ધર્મભાવના જાગૃત થઇ.

ચાતુર્માસ પૂર્ણ થતાં ઊંઝા પધાર્યા અને સં. ૧૯૭૯ નું ચાતુર્માસ ઊંઝામાં કર્યું. ઊંઝાથી વિહાર કરી ગુરૂમહારાજ પાસે અમદાવાદ પધાર્યા સં. ૧૯૮૦ નું ચાતુર્માસ સંવેગી ઉપાશ્રયમાં ગુરૂ મહારાજ સાથે કર્યું. અહીં બાકી રહેલ ઉત્ત-રાધ્યયનની ટીકા પૂરી કરી. અમદાવાદમાં શેઠ સાકલચંદ મોહનલાલને ત્યાં ગુરૂમહારાજ સાથે ચાતુર્માસ બદલ્યું અને અઠ્ઠાઇમહોત્સવ કરવામાં આવ્યો. ગુરૂદેવની નિશ્રામાં આપણા ચરિત્રનાયકને શાસ્ત્રાભ્યાસ, પ્રવચનો, સાધુ મુનિરાજોને સૂત્રોની વાચના આપવી તેમજ ઉત્સવો આદિના કાર્યક્રમો અને વિધિ-વિધાન સફળતાપૂર્વક કરવાની એવી સુંદર તાલીમ મળી કે પન્યાસજી જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં પોતાની વાણીથી ધર્મ જાગૃતિ લાવી શ્રી સંઘનું કલ્યાણ સાધી શાસનનો જય જય-કાર કરતા હતા.

★

## ધર્મ-ઉદ્યોત

## (૮)

'કૃપાનિધાન! મારી ભાવના શિવગંજમાં ઉપધાનતપની આરાધના કરાવવાની છે. આપશ્રી પધારો તો અમારા શ્રી સંઘને આનંદ થશે અને બીજા ધર્મઉદ્યોતના કાર્યો પણ થશે!' શિવગંજના શેઠશ્રી ફોજમલ વાલાજીએ વંદણા કરી વિનતિ કરી.

'ભાગ્યશાળી! તમારી ભાવના પ્રશંસનીય છે. ગુરૂદેવ આચાર્ય ભગવંતની આજ્ઞા હોય તો તે તરફ વિહાર થશે.' પન્યાસશ્રીએ ધર્મલાભ પૂર્વક ગુરૂઆજ્ઞા માટે સૂચના કરી.

શિવગંજના શેઠ ફોજમલજીની ભાવના પોતાના શહેરમાં ઉપધાન તપ કરાવવાની હતી. તેમણે પન્યાસજીને વિનંતી કરી તેમણે ગુરૂદેવની આજ્ઞા માટે સૂચના કરી અને શેઠ ફોજમલજીએ ગુરૂમહારાજને વિનંતિ કરી અને ગુરૂદેવે મંજુરી આપી અને મંગલ આર્શીવાદ આપ્યા. અમદાવાદથી વિહાર કરી આબુ ગિરિરાજની યાત્રા કરી પન્યાસજી મહારાજ શિવગંજ પધાર્યા શિવગંજના સંઘે પન્યાસજી મહારાજનું ભાવભર્યું સ્વાગત કર્યું. પોષ વદમાં શા ફોજમલ વાલાજી તરફથી ઉપધાનતપની આરાધના શરૂ કરવામાં આવી. આ ઉપધાન તપમાં શ્રાવક-શ્રાવિકા મળી ૨૩૪ ભાઇ-બહેનોએ લાભ લીધો. પન્યાસજી મહારાજે ઉપધાનની ક્રિયા ખૂબ શાંતિ ને સમજ પૂર્વક કરાવી. માળ પહેરામણીનો મહોત્સવ ખૂબ સુંદર થયો. આ મહોત્સવ ઉપર આસપાસના પાંચેક હજાર ભાઇ-બહેનો આવ્યા હતા.

માળની ઉપજ ઘણી સારી થઇ. શા ફોજમલજીએ ખૂબ સુંદર લાભ લીધો. સંઘમાં આનંદ આનંદ ફેલાઇ ગયો.

ઉપધાન તપની પૂર્ણાહૂતિ પછી પન્યાસજી મહારાજ ખીવાણુદી થઇ તખતગઢ પધાર્યા અને શ્રી સંઘના આગ્રહથી સં. ૧૯૮૧ નું ચાતુર્માસ પંન્યાસજીએ તખતગઢમાં કર્યું. આ ચાતુર્માસ દરમ્યાન શા જવાનમલ કસ્તુરચંદ તરફથી તખતગઢમાં ઉપધાનતપ શરૂ કરવામાં આવ્યા. અહીં ૩૩૬ ભાઇ-બહેનોએ લાભ લીધો. માળા પહેરામણીના મહોત્સવ ઉપર આશરે નવ હજાર ભાઈ-બહેનો આવ્યા હતા.

શા રાજમલજી પરકાજીની ભાવના કેશરીયાજીના સંઘની ભાવના હતી. તેમણે પન્યાસજી મહારાજને આગ્રહપૂર્વક વિનંતી કરી અને તેઓ શ્રી સંઘમાં પધાર્યા. સંઘમાં પન્યાસ મહારાજશ્રીની નિશ્રામાં ખૂબ આનંદ રહ્યો. સંઘના ભાઇ-બહેનોએ ભાવપૂર્વક શ્રી કેશરીયાજી દાદાની યાત્રા કરી શા રાજમલજીએ તીર્થમાળ પહેરીને ગુરૂદેવના મંગળ આશીર્વાદ મેળવ્યા.

કેશરીયાજીની યાત્રા કરી પન્યાસજી મહારાજ રતલામના સંઘની વિનતિથી રતલામ પધાર્યા અને લગભગ ૨૫ દિવસ રતલામમાં સ્થિરતા કરી. વ્યાખ્યાન અને ધર્મોપદેશ દ્વારા ધર્મ-ઉદ્યોત કર્યો.

રતલામથી ઉજ્જૈન પધાર્યા અને શ્રી અવંતિનાથના દર્શન કર્યા. અહીં જરા તબીયત નરમ થવાથી બે માસ સ્થિરતા કરી. અહીંથી વિહાર કરી વડનગર પધાર્યા. વડનગરથી ઇંદોર

પધાર્યા. ઇંદોરના સંઘની વિનતીથી પન્યાસજી મહારાજે સં. ૧૯૮૨ નું ચાતુર્માસ ઇન્દોરમાં કર્યું. આ ચાતુર્માસમાં તપશ્ચર્યા, પૂજા, પ્રભાવના, પર્યુષણ, સંઘજમણ આદિ ખૂબ આનંદપૂર્વક થયાં. ચાતુર્માસ બાદ ઇન્દોરથી વિહાર કરી માંડવગઢ તથા ભોપાવરની યાત્રા કરી રાજગઢ, દાહોદ, ગોધરા થઇ કપડવણજ થઇ અમદાવાદ પધાર્યા. સં. ૧૯૮૩ નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. વ્યાખ્યાનમાં સ્થાનાંગ સૂત્રની વાચના કરી ચાતુર્માસ ખૂબ આનંદપૂર્વક પૂર્ણ કરી પૂજ્ય ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ સાથે રાધનપુર પધાર્યા. સં. ૧૯૮૪ નું ચાતુર્માસ રાધનપુર કર્યું. આ ચાતુર્માસમાં મુનિ મહારાજોને પન્યાસજી મહારાજે લોક પ્રકાશ, નંદીસૂત્ર તથા પ્રકરણોની વાચના આપી.

રાધનપુરથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. સં. ૧૯૮૫ નું ચાતુર્માસ શ્રી ડહેલાના ઉપાશ્રયમાં અમદાવાદમાં કર્યું. આ ચાતુર્માસમાં પન્યાસજી મહારાજે વ્યાખ્યાનમાં સમવાયાંગ સૂત્રની વાચના શરૂ કરી હતી. અમદાવાદથી વિહાર કરી પન્યાસજી મહારાજ ખેરાળુ પધાર્યા. સીપોરના સંઘની વિનતિથી સીપોર પધાર્યા અને સં. ૧૯૮૬ નું ચાતુર્માસ સીપોરમાં કર્યું. વ્યાખ્યાનમાં ભગવતીસૂત્રનો ઉપદેશ કર્યો. સીપોરમાં પર્યુષણ આનંદપૂર્વક થયાં. તપશ્ચર્યા, પૂજા-પ્રભાવના, સંઘ જમણ ખૂબ આનંદપૂર્વક થયાં. સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો. સં. ૧૯૮૭ ના કાર્તક વદ ૮ ના રોજ મુનિશ્રી માનવિજય ગણિને ધામધૂમપૂર્વક પન્યાસ પદવી આપવામાં આવી. આ પ્રસંગે શ્રી હઠીસીંગ પટવાએ અઠ્ઠાઇ-મહોત્સવ કર્યો. શ્રીફળની પ્રભાવના કરી અને નવકારશી કરી ભોજન-સમારંભ કર્યો.

સીપોરના સંઘની ભાવભરી વિદાય લઇને પંન્યાસજી મહારાજ તારંગા, ટેંબા, નાગર મોરિયા અને પાલનપુર થઇ આબુની યાત્રા કરી શિવગંજ પધાર્યા. સંઘની વિનતિથી સં. ૧૯૮૭ નું ચાતુર્માસ પન્યાસજી મહારાજે શિવગંજમાં કર્યું. પન્યાસજી મહારાજની ઘણા સમયથી ભાવના હતી કે વિદ્વાનો તૈયાર કરવાની ભારે આવશ્યકતા છે. જૈન પાઠશાળાઓ તો ગામેગામ છે અને હોવી જોઇએ. જૈન સમાજમાં શિક્ષણ સંસ્થાઓ પણ ઘણી છે અને હવે તો જૈન હાઇસ્કૂલો પણ થવા લાગી છે. આ બધા માટે સારા વિદ્વાન, સુશીલ અભ્યાસી, ચારિત્રશીલ, ઉત્સાહી અને તાલીમ પામેલા શિક્ષકો–અધ્યાપકોની જરૂર રહેશે. પન્યાસજી મહારાજે તે માટે શીવગંજના શ્રી સંઘને ઉપદેશ આપ્યો અને પન્યાસશ્રીના ઉપઉપદેશથી શીવગંજમાં શ્રી મહાવીર વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી.

ચાતુર્માસ પૂર્ણ થતાં ખીવાણુદી તખતગઢ તથા પંચતીર્થી કરી વાપી પધાર્યા. અહીં ગુરૂદેવ આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજીનો સંદેશ મળવાથી ફલોધી તરફ વિહાર કર્યો.

પંન્યાસજી જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં ઉપધાન આદિ ઉદ્યાપનો કરાવ્યા અને સંઘમાં ધર્મજાગૃતિ લાવ્યા. વ્યાખ્યાનોમાં પણ તેઓશ્રી સૂત્રોની વાચના આપતા હતા અને ભાઇ બહેનો તેમના ભાવભર્યા મનનીય વ્યાખ્યાનો ને દ્રષ્ટાંતો સાંભળી પ્લાવિત થઇ જતા. તેઓ પોતે પણ જ્ઞાનપિપાસુ હોવાથી સતત અધ્યયન પણ કરતા અને સમય મળે ત્યારે બીજા મુનિવર્યોને સૂત્રોની વાચના આપતા હતા. આ રીતે પંન્યાસજી મહારાજ ધર્મ ઉદ્યોતના કાર્યો કરી ગુરૂદેવના ચરણમાં ફલોધી આવી પહોંચ્યા.

## આચાર્ય પદવી તથા ઉપધાન સમારંભ

( ૬ )

'ગુરૂદેવ ! મથ્થેણ વંદામિ !' પંન્યાસજીએ ગુરૂદેવને વંદણા કરી ચરણ સ્પર્શ કરી સુખશાતા પૂછી.

'ધર્મલાભ ! પન્યાસજી તમે શીવગંજમાં શ્રી મહાવીર વિદ્યાપીઠની સ્થાપના કરી તે સાંભળી મને અત્યંત આનંદ થયો. મારી તો ભાવના ઘણા સમયથી સાધુ પાઠશાળાની અને વિદ્વાનો તૈયાર કરવાની છે, તે તમે જાણો છો.' આચાર્યશ્રીએ ધન્યવાદ આપ્યા.

'ગુરૂદેવ ! આપના આશીર્વાદથી એવા માંગલિક કાર્યો થાય છે. આજે તો વિદ્વાન ધર્મ અધ્યાપકોની ભારે જરૂર છે.

'મારો સંદેશો તો પહોંચી ગયો હતો ને !'

'જી સાહેબ ! અમે બધા મુનિવરો સાથે શીવગંજથી વિહાર કરી ખીવાણદી, તખતગઢ થઇ પંચતીર્થીની યાત્રા કરવા ગયા અને વાલી પહોંચ્યા ત્યાં આપનો સંદેશો મળ્યો અને કોઇ જરૂરી કામ આવી પડયું હશે તેમ જાણી વાલીથી વિહાર કરી આપના ચરણમાં આવી પહોંચ્યા છીએ. સેવકને શું આજ્ઞા છે.' પન્યાસજીએ આજ્ઞા માગી.

'ભાગ્યશાળી ! તમે વિદ્વાન છો. જગ્યાએ જગ્યાએ ધર્મનો ઉદ્યોત કરો છો, સૂત્રની વાચના મુનિઓને આપો છો અને તમારો શ્રાંત સ્વભાવ તથા ધર્મપ્રરૂપણા માટેની તમારી

ધગશથી હું ખૂબ પ્રસન્ન થયો છું. ઘણા શહેરોની પણ તે માટે વિનતિ આવી છે. ફ્લોધીના શ્રી સંઘની ભાવના છે કે તમારી આચાર્યપદવીનો મહોત્સવ ફ્લોધીમાં થવો જોઇએ. તેથી મેં તમને સંદેશ મોકલ્યો હતો.

'ભગવંત! હું તો તમારો સેવક છું, સંઘનો સેવક છું. જ્ઞાનપિપાસુ હોવાથી સદા અભ્યાસી રહું છું ને મુનિરાજોને સૂત્રોની વાચના આપવાથી તો મારૂં જ્ઞાન તાજું થાય છે. મને 'જ્ઞાનમૃતં ભોજનં મળે છે.'

'પન્યાસજી! તમારી યોગ્યતા અને વિદ્વતા જોઇને તમને આચાર્યપદવી આપવાનો નિર્ણય કર્યો છે. તમે શાસન ને સમાજનું વિશેષ ને વિશેષ કલ્યાણ કરો એવા મારા મંગળ આશીર્વાદ છે.'

ગુરૂદેવનો સંદેશ સાંભળી પન્યાસજી તુરત ફ્લોધી આવી પહોંચ્યા. ફ્લોધીના સંઘની ભાવના પંન્યાસજીની આચાર્ય-પદવીના મહોત્સવનો લાભ લેવાની હતી.

આચાર્યપદવી પ્રસંગે શેઠ કિશનલાલજીએ અઠ્ઠાઇ-મહોત્સવ કર્યો. સમવસરણની રચના કરી. ઉજમણું પણ કર્યું અને શેઠ સંપતલાલજી ગુલેચ્છા તરફથી મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર થયું. થાવલાનિવાસી શા દલાજી અસલાજી તરફથી નોકારશીનું જમણ થયું. ગુરૂદેવ શ્રી આચાર્યપ્રવર શ્રી વિજયનીતિસૂરીશ્વરજીએ આચાર્ય પદવીના વિધિવિધાન કરાવ્યા અને જય-જયકાર વચ્ચે પંન્યાસ શ્રી હર્ષવિજયજીને આચાર્ય પદવી અર્પવામાં આવી. સંઘે સુંદર શાલ ઓઢાડી. બીજા ગુરૂભક્તોએ

પણ શાલો ઓઢાડી. આ પ્રસંગે તમામ ગચ્છોવાળાએ મહોત્સવમાં ભાગ લીધો અને શાસનનો જયજયકાર થઈ રહ્યો.

નૂતન આચાર્યે ગુરૂદેવને ભાવપૂર્વક વંદણા કરી. તેમના ચરણમાં મસ્તક નમાવ્યું અને ગુરૂદેવ આચાર્ય ભગવંતના મંગળ આશીર્વાદ મેળવ્યા.

સં. ૧૯૮૮ નું ચાતુર્માસ ફલોધીમાં થયું. અહીં આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીશ્વરજીએ પ્રજ્ઞાપના તથા સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રની વાચના કરી. ચાતુર્માસ પૂર્ણ થતાં શીવગંજ પધાર્યા અને તખતગઢની વિનતિ થતા તખતગઢ પધાર્યા. સંઘના આગ્રહથી સં. ૧૯૮૯ નું ચાતુર્માસ તખતગઢમાં કર્યું.

અમદાવાદમાં સાધુ–સંમેલન મળવાનું હતું. તેમાં આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજીને નિમંત્રણ હતું તેથી ગુરૂદેવની આજ્ઞાથી આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીશ્વરજી પણ ચાતુર્માસ પછી તખતગઢ પધાર્યા. આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજીએ સાધુ–સંમેલનમાં રસપૂર્વક ભાગ લીધો અને સાધુ–સંમેલનને સફળ કરવા ખૂબ પ્રયાસો કર્યા અને સાધુ–સંમેલન સફળ થયું.

સાધુ–સંમેલનની પૂર્ણાહૂતિ પછી આચાર્યશ્રીએ મુંબઈ તરફ વિહાર કર્યો. ગ્રામાનુગ્રામ ઉપદેશામૃત આપતા ગુરૂદેવ સાથે આપણાં ચરિત્રનાયક મુંબઈ પધાર્યા. શ્રી સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું. સં. ૧૯૯૦ નું ચાતુર્માસ ગુરૂદેવ સાથે મુંબઈમાં શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં કર્યું.

ચાતુર્માસ પછી ઘાટકોપર, થાણા, પનવેલ, ખાપોલી, તલે-ગાંવ, ખીડકી પધાર્યા. ખીડકીમાં પુનાના આગેવાનો આવ્યા અને આચાર્યશ્રીને પુના પધારવા વિનતિ કરી. પુનાના સંઘે આચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું અને સંઘના આગ્રહને વશ થઇ સં. ૧૯૯૧ નું ચાતુર્માસ પૂનામાં કર્યું.

શેઠ લીલાચંદ જયચંદે વ્યાખ્યાનમાં ભગવતી સૂત્ર વાંચવા વિનતિ કરી. આચાર્યશ્રીએ બહુજ સુંદર રીતે ભગવતી સૂત્રની વાચના કરી.

આચાર્યશ્રી પુનામાં પધાર્યા હોવાથી આગેવાનોની ઉપધાન તપ કરાવવા ભાવના થઇ અને ૧૨૩ બહેન-ભાઈઓ ઉપધાનમાં બેઠા. આચાર્યશ્રીએ ઉપધાનનું રહસ્ય સમજાવ્યું અને ઉપ-ધાનની ક્રિયા સુંદર રીતે કરાવી. માળારોપણના મહોત્સવ ઉપર શેઠ લીલાચંદ જયચંદ તરફથી અઠ્ઠાઇ-મહોત્સવ, શાંતિસ્નાત્ર, નવકારશી અને જ્ઞાતિભોજન થયાં. સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો.

# ઉત્સવોની પરંપરા

## ( ૧૦ )

મહેસાણાનિવાસી શેઠ દેવચંદ હરખચંદભાઇને આચાર્યશ્રીના ઉપદેશથી શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથની યાત્રાની ભાવના થઇ. તેમણે દસ-બાર ભાઇઓની એક મંડળી બનાવી. આચાર્યશ્રી સાથે વિહાર કરી મંડળી તલેગાંવ, ઘોડનદી, અહમદનગર, ઔરંગાબાદ, જાલના થઇ ફાગણ સુદ ૮ ના દિવસે સીરપુર પધાર્યો અને શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથની યાત્રા કરી.

બાલાપુરના શ્રી સંઘના આગેવાનો વિનતિ કરવા આવ્યા. આચાર્યશ્રી જરા અસ્વસ્થ રહેતા હતા તેથી બાલાપુરમાં આવવાનું વચન આપી થોડા દિવસ સિરપુર સ્થિરતા કરી. અહીંથી વિહાર કરી આકોલા પધાર્યા. આકોલામાં આચાર્યશ્રીનું સુંદર સ્વાગત થયું. અહીં થોડો સમય સ્થિરતા કરી બાલાપુર પધાર્યા. સં. ૧૯૯૨ નું ચાતુર્માસ આચાર્યશ્રીએ બાલાપુરમાં કર્યું. અહીં વ્યાખ્યાનમાં પંચ સૂત્ર, સમરાદિત્યકેવલી ચરિત્ર વાંચવામાં આવતાં સંઘે વ્યાખ્યાનનો ખૂબ લાભ લીધો. શેઠ લાલચંદ ખુશાલચંદે આચાર્યશ્રીના ઉપદેશથી ઉપધાન તપનું ઉદ્યાપન કરાવ્યું. માલારોપણ મહોત્સવ ખૂબ સુંદર થયો. આ પ્રસંગે તેમણે બાર વ્રત ગ્રહણ કર્યાં.

બાલાપુરથી વિહાર કરી ખામગાંવ, મલકાપુર, ભૂસાવળ, જળગાંવ તથા અમલનેર આદિ ગ્રામાનુગ્રામ વિચરતા અને જગ્યાએ જગ્યાએ ધર્મોપદેશ આપતા વ્યારા, બારડોળી,

માંગરોળ, જગડીયા થઇ ભરૂચ પધાર્યા. શ્રી સંઘની વિનતિથી સં. ૧૯૯૩ નું ચાતુર્માસ આચાર્યશ્રીએ ભરૂચમાં કર્યું. વ્યાખ્યાનમાં ભગવતી સૂત્રનો ઉપદેશ કર્યો. અહીં પણ ઉપધાન તપની ક્રિયા કરાવી. માળોત્સવ પ્રસંગે શાંતિસ્નાત્ર, નવકારશી આદિ ધાર્મિક કાર્યો થયાં.

સં. ૧૯૯૪ નું ચાતુર્માસ અમદાવાદ ડહેલાના ઉપાશ્રયમાં કર્યું. સં. ૧૯૯૫ માં અમદાવાદથી વિહાર કરી ભોયણી તથા શંખેશ્વર તીર્થોની યાત્રા કરી રાધનપુરના સંઘની વિનતિથી રાધનપુર પધાર્યા. સં. ૧૯૯૫ નું ચાતુર્માસ રાધનપુર કર્યું. ચાતુર્માસ પછી શેઠશ્રી રતીલાલ વાડીલાલ તરફથી અઠ્ઠાઇ-મહોત્સવ, અષ્ટોત્તરી સ્નાત્ર તેમજ શ્રી આદીશ્વર ભગવાનના મંદિરમાં શ્રી આદીશ્વર ભગવાનના પગલાંની પ્રતિષ્ઠા કરાવી. અહીંથી વિહાર કરી શ્રી શંખેશ્વરજીની યાત્રા કરી પાટણ પધાર્યા. સં. ૧૯૯૬ નું ચાતુર્માસ પાટણ ખેતરવશીના ઉપાશ્રયે કર્યું.

વાંકલીમાં શ્રી હજારીમલજી જવાનમલજીની ઉપધાન કરાવવાની ભાવના હતી. ગુરૂદેવ આચાર્યશ્રીને શ્રી જવાનમલજીએ વિનંતી કરી. ગુરૂદેવ આચાર્ય શ્રી વિજયનિતિસૂરીશ્વરજી વાંકલી પધાર્યા. તેમણે આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીશ્વરજીને વાંકલી આવવા સંદેશ મોકલ્યો. આચાર્યશ્રીએ પાટણથી વિહાર કર્યો અને વાંકલી પધાર્યા વાંકલીમાં આ ઉત્સવ બહુજ સુંદર થયો. ગુરૂદેવ આચાર્ય શ્રી વિજયનિતિસૂરીશ્વરજીની તબીયત બરાબર ન હોવા છતાં ઉપધાન તપના આરાધકોને પોતે જાતે વિધિ કરાવી પ્રવેશ કરાવ્યો. આપણા ચરિત્રનાયક આચાર્ય શ્રી વિજય હર્ષસૂરીશ્વરજીએ

પણ ગુરૂદેવની આજ્ઞા પ્રમાણે વિધિવિધાનનું કામ ઉપાડી લીધું. શેઠ શ્રી જવાનમલજીની ઉદારતા અજબ હતી. પાણીની માફક પૈસાનો વ્યય કર્યો. વરઘોડો તો ભવ્ય અને ન ભૂતો ન ભવિષ્યતિ તેવો અદ્વિતીય હતો. જ્યારે છેલ્લે દિવસે અઢારે આલમનું જમણ થયું ત્યારે વાંકલીમાં સોનાનો સૂરજ ઉગ્યો. ગામના બચ્ચા બચ્ચાને આનંદ આનંદ થયો. ગુરૂદેવના પુનિત પગલાંથી જંગલમાં મંગલ થયું. ઉપધાન આદિ મહોત્સવો પછી આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીશ્વરજી તખતગઢ પધાર્યા. સં. ૧૯૯૭ નું ચાતુર્માસ તખતગઢ કર્યું. ચાતુર્માસ પછી આસપાસના ગામોમાં વિચરી આચાર્ય શ્રી અમદાવાદ પધાર્યા. સં. ૧૯૯૮ ની ચાલતું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું ગુરૂદેવ તીર્થોદ્ધારક આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી ચિતોડની પ્રતિષ્ઠા માટે જતાં હતાં તેમાં એકલિંગજીમાં તબીયત બગડી અને સ્વર્ગવાસ પામ્યા. ઉદયપુરના શ્રી સંઘે ગુરૂદેવની ભવ્ય સ્મશાન યાત્રા કાઢી અને ગામોગામના સંઘોએ ગુરૂદેવના સ્વર્ગવાસ નિમિત્તે અટ્ઠાઈ–મહોત્સવો આદિ કાર્યો કર્યા.

અમદાવાદમાં આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીજીની નિશ્રામાં ગુરૂવની ભક્તિ નિમિત્તે સંઘ તરફથી મહાશાંતિ પૂજા ભણાવવામાં આવી. સં. ૧૯૯૮નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું સં. ૧૯૯૯ ના વર્ષમાં ડહેલાના ઉપાશ્રય તરફથી તથા લુહારની પોળના ઉપાશ્રયના સંઘ તરફથી પન્યાસ શ્રી માનવિજયજી, પં. શ્રી ઉદયવિજયજી તથા પં. શ્રી કલ્યાણવિજયજીને આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીશ્વરજીએ છ હજાર માણસોની જંગી મેદની વચ્ચે આચાર્ય પદ અર્પણ કર્યું. આ ઉત્સવમાં શહેરના તમામ આગેવાનોની હાજરી હતી.

આચાર્યપદવીનો સમારંભ કરીને આચાર્ય શ્રી વીસનગર પધાર્યા અને સં. ૧૯૯૯ નું ચાતુર્માસ વિસનગરમાં કર્યું.

સં. ૨૦૦૦ ની સાલમાં ગોહીલીના સંઘની વિનંતિથી ગોહીલી પધાર્યા. અહીં ઉપધાન કરાવ્યા અને સારો મહોત્સવ થયો. જન્મકલ્યાણક ધામધુમ પૂર્વક ઉજવાયો. અહીંથી જાવાલ પધાર્યા અને ૨૦૦૦ નું ચાતુર્માસ જાવાલમાં કર્યું. અહીં શ્રી સંઘના આગ્રહથી શ્રી ભગવતી સૂત્ર સંભળાવ્યું. પૂજા-પ્રભાવના-અઠ્ઠાઇમહોત્સવ થયો.

સં. ૨૦૦૦૧ ની સાલમાં પાડીવ પધાર્યા. અહીં પણ ઉપધાન બહુજ મહોત્સવ પૂર્વક કરાવ્યા. શ્રી સંઘમાં એટલો બધો ઉત્સાહ અને આનંદ હતો કે ઉપધાનવાલા ભાઇ-બહેનોને જમવા માટે ચાંદીના થાળી-વાટકા ગ્લાસ કરાવ્યા. માલારોપણનો મહાન ઉત્સવ થયો.

અહીંથી શીવગંજ, તખતગઢ, સુમેરપુર થઇ અમદાવાદ પધાર્યા. અહીં લુહારની પોળના ઉપાશ્રયે સં. ૨૦૦૧ નું ચાતુર્માસ કર્યું.

સં. ૨૦૦૨ ની સાલમાં આચાર્ય શ્રી પાલીતાણા પધાર્યા. ગિરિરાજની યાત્રા કરી ૨૦૦૨ નું ચાતુર્માસ પાલીતાણા ઉજમબાઇની ધર્મશાળામાં કર્યું. સં. ૨૦૦૩ માં જામનગર પધાર્યા. સં. ૨૦૦૩ નું ચાતુર્માસ જામનગરમાં કર્યું. અહીંથી વિહાર કરી અમદાવાદ થઇ મારવાડ પધાર્યા. કાલંદ્રીમાં કેસરીમલને દીક્ષા આપી મુનિ પૂર્ણાનંદવિજય નામ રાખ્યું અને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા. અહીંથી શીવગંજ થઇ તખતગઢ પધાર્યા સં. ૨૦૦૪ નું ચાતુર્માસ તખતગઢમાં કર્યું.

ચિતોડમાં ગુરૂદેવની પ્રેરણાથી જીર્ણોદ્ધાર થયો હતો અને પ્રતિષ્ઠા કરવાની હતી. સંઘની વિનંતિથી આચાર્યશ્રી ચિતોડ-ગઢ પધાર્યા અને સં. ૨૦૦૫ ના મહા વદ ૩ ના બહુ ધામ-ધૂમપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. અહીંથી શીવગંજ પધાર્યા. સં. ૨૦૦૫ નું ચાતુર્માસ શીવગંજમાં કર્યું. શીવગંજમાં સાધુઓને યોગ-વહન કરાવ્યા.

સં. ૨૦૦૬ માં સૌરાષ્ટ્રમાં પધાર્યા અને ગુરૂદેવે જે તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તે ગિરનારજી ઉપર અંજન શલાકા-મહોત્સવ કરાવી પ્રતિષ્ઠા કરાવી ને ધોરાજી પધાર્યા. સં. ૨૦૦૬ નું ચાતુર્માસ ધોરાજીમાં કર્યું. સં. ૨૦૦૭ માં ફરી પાલીતાણા પધાર્યા. તીર્થયાત્રા કરી અમદાવાદ પધાર્યા. સં. ૨૦૦૭ નું ચાતુર્માસ અમદાવાદમાં શામળાની પોળના ઉપા-શ્રયમાં કર્યું.

સં. ૨૦૦૮ ની સાલમાં મારવાડ પધાર્યા અને સં. ૨૦૦૮નું ચાતુર્માસ કાલંદ્રીમાં કર્યું. સં. ૨૦૦૯ ની સાલમાં તખતગઢ પધાર્યા. સંઘની વિનતિથી અહીં ચાતુર્માસ કર્યું. આચાર્યશ્રીના ઉપદેશથી શા પુનમચંદ જેરૂપજીએ શત્રુંજયનો એક હજાર માણસનો સંઘ કાઢયો. સં. ૨૦૧૦ ની સાલમાં આચાર્યશ્રીના ઉપદેશથી શા સાકળચંદ ઉમાજી તરફથી વિસલપુરમાં ઉજમણું કરવામાં આવ્યું. સં. ૨૦૧૩ નું ચાતુર્માસ ગુડાબાલોતરામાં કર્યું.

અહીં આચાર્યશ્રીને ડાયાબીટીઝનો વ્યાધિ થઇ આવ્યો. પણ શ્રી સંઘની સેવા સુશ્રુષા તથા ઔષધોપચારથી શાંતિ મળી સં. ૨૦૧૧ માં પાદરલીમાં શ્રી સાંકળચંદ ભુતાજી તર-ફથી ઉપધાન તપ કરાવ્યા અને કોસીલાવમાં ઉજમણું કરાવ્યું.

ખીવાણદીમાં નવામંદિરની પ્રતિષ્ઠા કરાવી અને સં. ૨૦૧૧ નું ચાતુર્માસ શિવગંજમાં કર્યું. આપણે જોઇ ગયા તેમ આચાર્યશ્રી જ્યાં જ્યાં પધાર્યા જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ઉપધાનો કરાવ્યાં, અઠ્ઠાઇ-મહોત્સવ કરાવ્યા. અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવી તેમજ ઉજમણા કરાવ્યા અને સંઘ આદિ માટે પ્રેરણા કરી. આચાર્યશ્રી એવા તો પ્રકાન્ડ વિદ્વાન હતા કે પોતાના શિષ્યો તેમજ બીજા મુનિઓને સૂત્રોની વાચના આપતા અને ગામેગામ ઉત્સવોની પરંપરા એવી ઉભી કરી કે ધર્મની પ્રભાવના થઇ અને જૈનશાસનનો જયજયકાર થઇ રહ્યો.



# આચાર્યશ્રીની મક્કમતા

## ( ૧૧ )

સં. ૨૦૧૩ ની સાલમાં જૈન સમાજમાં એક બળબળતો પ્રશ્ન ઉપસ્થિત થયો. સંવત્સરી કયારે કરવી અને તેમાં શાસ્ત્રીય રીતે શું કરી શકાય. પરંપરા શું છે. જુદા જુદા આચાર્યોનો શો મત છે તથા સ્પષ્ટ નિર્ણય શું કરવો તે માટે ચર્ચા જાગી.

સં. ૨૦૧૩ ની સાલમાં ભાદરવા સુદ ૫ નો જોધપુરી પંચાગમાં ક્ષય હતો. આ પૂર્વે સં. ૧૯૮૯ ની સાલમાં અને સં. ૨૦૦૪ ની સાલમાં પણ ભાદરવા સુદ ૫ નો ક્ષય હતો. એ વખતે પૂ૦ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી સિવાય બધા સાધુઓએ બીજા પંચાગને આધારે પાંચમને બદલે છઠનો ક્ષય માન્યો હતો. પણ એ વાત શ્રી ઉમાસ્વાતિના પ્રઘોષ અને તપાગચ્છની સમાચારીથી વિરૂદ્ધ હોવાથી પૂજ્યશ્રીએ સંઘના અગ્રગણ્ય વ્યક્તિને જણાવ્યું કે આ સાલમાં ભાદરવા સુદ ૫ નો ક્ષય છે તો શ્રી ઉમાસ્વાતિના પ્રઘોષ અને તપાગચ્છની સમાચારી પ્રમાણે પાંચમના ક્ષયમાં ચોથનો ક્ષય માનવો જોઇએ. પર્વતિથિની ક્ષય વૃદ્ધિમાં અપર્વ તિથિની ક્ષય કે વૃદ્ધિ કરવાની પરંપરા આ બાર પર્વતિથિને આશ્રયીને છે. કારણ કે આ બાર પર્વતિથિ પંદર કર્મભૂમિમાં ત્રણે કાળને માટે નિયત છે તેથી એ કાલ તિથિ ગણાય છે. કલ્યાણક તિથિઓ અનિયત છે અને તે કાર્ય તિથિ છે તેથી પૂર્વાચાર્યોએ કલ્યાણક તિથિઓમાં પર્વને બદલે અપર્વની ક્ષય કે વૃદ્ધિ માની નથી. ભાદરવા સુદ ૪ અપર્વ તિથિ છે. શ્રી કાલકાચાર્યે શાલીવાહન રાજાના

કારણે પાંચમના બદલે ચોથના દિવસે વાર્ષિક પર્વ સંવત્સરીની આરાધના કરી તેથી ચોથ તિથિ કારણીક કહેવાય છે. બીજું કારણ એ કે શ્રી કાલકાચાર્ય પછી ૧૦૦ વર્ષે નિશીથ સૂત્રની ચૂર્ણીની રચના જિનદાસ ગણી મહત્તરે કરી છે તેમાં પણ ભાદરવા સુદ ૪ ને અપર્વ તિથિ તરીકે કહેલ છે એટલે તેનો ક્ષય માનવામાં બાદ નથી. આ બાબતમાં પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મ૦ સાથે આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીશ્વરજીને વાતચીત થઇ ત્યારે પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રીમદ્ ઉદયસૂરિજી મહારાજ આદિએ એ વાતને સંમતિ આપી પણ ભાદરવા સુદ ૪ શ્રી કાલકાચાર્યથી સંવત્સરી પર્વ તરીકે રૂઢ હોવાથી તેનો ક્ષય માનવો એ લોકવિરૂદ્ધ ગણાય તેથી ત્રીજ ચોથ ભેગા માનવા એ વાત કબૂલ કરી અને સં. ૨૦૧૪ ની સાલમાં પણ એ પ્રમાણે મનાયું.

આ રીતે શાસન પક્ષ તથા નવા પંથવાળાએ એક દિવસે સંવત્સરી પર્વની આરાધના કરી અને કાયમને માટે પાંચમના ક્ષયમાં છઠનો ક્ષય માનવાનું બંધ થયું એ આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજની મક્કમતાનું પરિણામ છે.

આચાર્યશ્રી સદ્‌ગુણાનુરાગી તથા ખૂબ સૌમ્ય સ્વભાવના શાંતમૂર્તિ હોવા છતાં પ્રસંગે શાસનના હિત માટે પરંપરાગત વિચારણાની દ્રષ્ટિએ તેઓ કેવી મક્કમતા દર્શાવી શકતા તે આ પ્રસંગ ઉપરથી સિદ્ધ થાય છે.

★

# સ્વર્ગવાસ અને ભવ્ય સ્મશાન યાત્રા

## (૧૨)

અમદાવાદ લુહારની પોળના ઉપાશ્રયના સંઘની વિનંતિ આવી અને ગુરૂદેવ સં. ૨૦૧૨ માં અમદાવાદ પધાર્યા. સં. ૨૦૧૨ સં. ૨૦૧૩ સં. ૨૦૧૪ ના તથા સં. ૨૦૧૫ ના ચાતુર્માસ અમદાવાદમાં કર્યા. વૃદ્ધાવસ્થા હોવા છતાં તેઓ વ્યાખ્યાન આદિ વાંચતાં અને પર્યુષણાદિ પર્વોમાં પૂજા-પ્રભાવના તપશ્ચર્યા ખૂબ આનંદ પૂર્વક થતાં હતાં.

સં. ૨૦૧૬ માં તબીયત બગડતી ચાલી. ઔષધોપચાર ઘણા કર્યા. સંઘે ખૂબ સેવા-સુશ્રુષા કરી. પોતે તો નમસ્કાર મહામંત્રનો જાપ કરતા રહેતા અને ગમે તેવું દર્દ હોય પણ ખૂબ સહન શક્તિ અને કોઇ કોઇ વાર શિષ્ય ગભરાય જાય તો પોતે બધાને હિંમત આપતા. કારતક સુદિ ૧૨ થી આચાર્યશ્રીની તબીયત મીઠી પેશાબના કારણે બગડતી આવી. દિનપ્રતિદિન અશક્તિ વધતી ગઇ. આ માંદગીના દિવસોમાં મુનિશ્રી કુમુદવિજયજી તથા મુનિશ્રી કસ્તુરવિજયજી તથા મુનિશ્રી રત્નાકરવિજયજીએ તેમજ અન્ય મુનિઓએ ખડે પગે રાતદિવસ ગુરૂદેવની સતત સેવા બજાવી તે ખરેખર અનુમોદનીય છે. આચાર્યશ્રીની સેવા-સુશ્રુષા લુહારની પોળ, ડેલાનો ઉપાશ્રય તથા વીરના ઉપાશ્રયના સાધુ-સાધ્વીઓ તેમજ શ્રાવક-શ્રાવિકા, ભક્તજનોએ ખૂબ ભક્તિપૂર્વક કરી હતી. પોસ સુદ ૬ ના સવારમાં ૬ વાગે સ્વપ્નમાં પોતે સ્વર્ગ-વિમાનમાં બેઠેલા અને દેવો સુખશાતા પૂછે છે એવું સ્વપ્ન

જોયું. પોષ શુદ ૬ ની સાંજથી અશક્તિ વધી ગઇ. તાવ પણ વિષેષ હતો. બોલી શકતા નહોતા પણ સાવધાનતા ઘણી હતી. બરાબર ઉપયોગ હતો. પોશ શુદ ૭ નો દિવસ ભારે જણાયો પણ જરા શાતા જેવું લાગ્યું. વિદ્યાશાળાથી પૂજ્ય આચાર્યશ્રી મનોહરસૂરીજી મહારાજ તથા પૂ. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ વ્યાખ્યાન બંધ રાખીને આચાર્યશ્રીને શાતા પૂછવા આવ્યા હતા. તેઓએ આવીને સુખશાતા પૂછી અને આરાધના કરાવી. છઠ અને સાતમ બન્ને દિવસે સંઘના ભાઇઓની હાજરી પણ સારી હતી. ઘણા ભાઇઓ આચાર્યશ્રીની સેવામાં રાત દિવસ રહ્યા હતા.

સાતમના આખો દિવસ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજો અને આગેવાનો આચાર્યશ્રીને સુખશાતા પૂછવા આવતા રહ્યા. આચાર્યશ્રીને સાતમની રાત્રે તાવ વધ્યો અને ૧૦૬ ડીગ્રીએ પહોંચ્યો એટલે શિષ્ય સમુદાય તથા ભક્તજનોને ચિંતા થઇ. વેદના પણ અસહ્ય હતી. શિષ્યો અને ભક્તજનો સેવામાં હાજર હતા. આટલીબધી વેદના હોવા છતાં આચાર્યશ્રીના મુખમાંથી 'અરે' એવો શબ્દ નહોતો. તેઓ વેદનાને સહી રહ્યા હતા. અને ૐ શાંતિનો જાપ કરતા હતા. વ્યાધિ તો વધતો ચાલ્યો. સ્વર્ગવાસ પહેલાં બે દિવસથી તીર્થાધિરાજ આદીશ્વરદાદાના દર્શન કરવાની ભાવના જાગતી હતી. અને જ્યારે આદીશ્વરદાદાના ફોટાના દર્શન કર્યા ત્યારે મોઢા ઉપર શાંતિ પ્રસરી રહી. ઉપરાંત દેવવિમાનના સ્વપ્નો આવતાં હતાં.

પૂજ્ય આચાર્યશ્રીને વિશેષ વ્યાધિ જણાયો એટલે શિષ્યો, કેટલાએ મુનિરાજો, સાધ્વીજીઓ તથા શ્રાવક-શ્રાવિકાઓએ

પૂજ્યશ્રીના નિમિત્તે આયંબિલ, ઉપવાસ કરવા જણાવ્યું. કેટલાક ભક્તજનોએ અમુક અમુક રકમ ગુરૂદેવના નિમિત્તે વાપરવા જણાવ્યું.

રાત્રિના બાર વાગ્યા ને ગુરૂદેવે આંખો ઉઘાડી. તેમને શ્રી આદીશ્વરદાદાના ફોટાના દર્શન કરાવ્યા. અને ૐશાંતિનો જાપ કરતાં કરતાં પોસ શુદ સાતમના રોજ રાત્રિના બાર ને પાંચ મિનિટે નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યા.

શિષ્યો–પ્રશિષ્યો, આગેવાનો, ભક્તજનો તથા શ્રાવક–શ્રાવિકા સમુદાયમાં શોકની ઘેરી છાયા છવાઇ ગઇ. આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજીના વિદ્વાન, વિચારશીલ, શાસ્ત્રગામી વયોવૃદ્ધ આચાર્યપ્રવર શ્રી વિજયહર્ષસૂરીશ્વરજીની સાધુ–સમુદાયમાં તેમજ જૈન સમાજમાં ન પૂરાય તેવી ખોટ પડી ગઈ અમદાવાદના જૈન સમાજમાં શોકની લાગણી છવાઇ ગઇ.

સવારમાં આચાર્યશ્રીના દર્શને હજારો બહેન–ભાઈઓ આવવા લાગ્યા. ભકતજનોની આંખડીઓ અશ્રુભીની હતી. ઉપાશ્રયમાં ખૂબ ભીડ જામી.

આઠમના રોજ અગીઆર વાગે ભવ્ય સ્મશાન યાત્રા નીકળી. લગભગ દશેક હજાર માનવ–સમુદાય હશે. રસ્તામાં પોળે પોળે ને મહોલ્લે મહોલ્લે તેમજ બજારોમાં આચાર્ય. શ્રીના દર્શન માટે માનવ–મહેરામણ ઉમટયો હતો.

સાબરમતી નદીના તટ પર ગુરૂદેવના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. ત્યાં પણ હજારો માણસો હતા. શહેરના તમામ સંભાવીત ગૃહસ્થોની હાજરી હતી.

અશ્રુભરી આંખે ગુરૂદેવની અંતિમ ક્રિયા કરવામાં આવી અગ્નિની જવાળાઓ સાબરમતીના પટ પર પથરાઇ ગઇ. જિનાગમ રહસ્યવેદી સુવિહિત નામ ધ્યેય શાસ્ત્રવેત્તા વિદ્વાન આચાર્યપ્રવરનો દેહ વિલય થઇ ગયો. જયોતમાં જયોત મળી ગઇ. જૈન-સમાજનો ચમકતો સિતારો અસ્ત થઇ ગયો.

લુહારની પોળ, ડેલાનો ઉપાશ્રય, વીરનો ઉપાશ્રય, શામળાની પોળનો ઉપાશ્રય વગેરે સ્થાનોના તમામ ઉપાશ્રયના સાધુ-સાધ્વીઓએ દેવવંદન કર્યું. આચાર્યશ્રીના સ્વર્ગવાસના સમાચાર દેશ-દેશાવરમાં પહોંચી ગયા. જૂનાગઢ, પાદરલી, તખતગઢ, શીવગંજ, પાલીતાણા, મુંબઇ, પૂના, મારવાડ આદિ ગામોથી તાર તથા ટપાલ દ્વારા શોક પ્રદર્શિત કરતા ઠરાવો આવ્યા હતા. કેટલાક ગામોમાં પાખી પાળવામાં આવી હતી.

સ્વર્ગવાસને દિવસે જ લગભગ સાત હજાર ટીપમાં થયા હતા. અને પાછળથી પણ બે હજાર ભરાયા હતા. કુલ નવ હજારની ટીપ થઇ. ચૈત્ર વદી ત્રીજથી આચાર્યશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે અઠ્ઠાઇ-મહોત્સવ અને મહા શાન્તિપૂજા ભણાવવામાં આવી.

આ પ્રસંગે ચલચિત્રોની યોજના આકર્ષક કરી હતી. ગોવાળીઆએ ભગવાનના કાનમાં ખીલા ઠોકયા હતા તે પ્રસંગ તેમજ શ્રીપાળ મહારાજાની સભા અને સુરસુંદરી નૃત્ય, ધનગિરિને સુનંદા વજ્રકુમારને લઇ જવાનું કહે છે તે અને બાળક હાથ પગ ઊંચા કરે છે તે પ્રસંગ તેમજ ગિરનાર-ચિત્રકુટનાં દ્રશ્યો અને આગમ પુરૂષનું ચિત્ર વગેરે દ્રશ્યો જોવા હજારોની માનવ-મેદની હમેશાં આવતી અને ધન્ય! ધન્યથી ઉપાશ્રય ગુંજી ઉઠતો.

જુદા જુદા ગામમાં એ નિમિત્તે પુજા ભણાવવામાં આવી હતી. અનેક ગામોમાં ઉત્સવો થયા હતા. ભકતજનો, શ્રાવક-શ્રાવિકાઓએ સ્વર્ગવાસ નિમિત્તે તપશ્ચર્યાઓ કરી હતી. તેમજ કેટલાક ભક્તજનોએ શુભ કાર્યમાં સારી એવી રકમ કાઢી હતી.

આચાર્યશ્રી પોતાના આત્માનું કલ્યાણ કરી ગયા. જૈન શાસનનો ઉદ્યોત્ કરી ગયા. અને શિષ્યો-પ્રશિષ્યોનો સુંદર વારસો મૂકી ગયા.

ધન્ય જીવન ધન્ય ચારિત્ર !

ધન્ય ગુરૂદેવ ધન્ય શાસન !

## આચાર્યશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મ. ના

# ચાતુર્માસ

---

| | | |
|---|---|---|
| ૧૯૫૮ | ઉજ્જૈન | ( ગુરૂદેવ સાથે ) |
| ૧૯૫૯ | અમદાવાદ | ,, |
| ૧૯૬૦ | સૂરત | ,, |
| ૧૯૬૧ | પાલીતાણા | ,, |
| ૧૯૬૨-૬૩ | મહેસાણા | |
| ૧૯૬૪ | રાધનપુર | ( ગુરૂદેવ સાથે ) |
| ૧૯૬૫-૬૬ | અમદાવાદ | ,, |
| ૧૯૬૭-૬૮ | ,, | ડેલાના ઉપાશ્રયમાં |
| ૧૯૬૯ | રાધનપુર | ( ગુરુદેવ સાથે ) ( ભગવતીના જોગ ને ગણિપદ) |
| ૧૯૭૦-૭૧ | અમદાવાદ ( ગુરૂદેવ સાથે ) | |
| ૧૯૭૨ | પેથાપુર અઠ્ઠાઇની તપશ્ચર્યા અઠ્ઠાઇ-મહોત્સવ સમવસરણની રચના. | |
| ૧૯૭૩ | ઊંઝા ઉપધાન તપ ઉદ્યાપન. | |
| ૧૯૭૪ | જન્મભૂમિ થાવલા ( મારવાડ ) | |
| ૧૯૭૫ | અમદાવાદ હાજાપટેલની પોળ સંવેગીના ઉપાશ્રયે. | |

| | |
|---|---|
| ૧૯૭૬ | રાધનપુર |
| ૧૯૭૭ | પાલીતાણા ( ગુરુદેવ સાથે ) |
| ૧૯૭૮ | અમદાવાદ સંવેગીના ઉપાશ્રયે. |
| ૧૯૭૯ | ઊંઝા. |
| ૧૯૮૦ | અમદાવાદ. |
| ૧૯૮૧ | તખતગઢ ( મારવાડ ) શીવગંજ ઉપધાન કરાવ્યા તથા તખતગઢમાં ઉપધાન કરાવ્યાં. |
| ૧૯૮૨ | તખતગઢથી કેશરીયાજીના સંઘમાં પધાર્યા. |
| ૧૯૮૨ | ઈંદોર |
| ૧૯૮૩ | અમદાવાદ |
| ૧૯૮૪ | રાધનપુર ( ગુરૂદેવ સાથે ) ઉજમણું કરાવ્યું. |
| ૧૯૮૫ | અમદાવાદ |
| ૧૯૮૬ | સીપોર મુનિ માનવિજયજીને ગણિપદ આપવામાં આવ્યું ) |
| ૧૯૮૭ | શીવગંજ (વર્ધમાન વિદ્યાલયની સ્થાપના) |
| ૧૯૮૮ | ફ્લોધી ( આચાર્યપદવી મહોત્સવ ). |
| ૧૯૮૯ | તખતગઢ |
| ૧૯૯૦ | મુંબઇ ( ગુરૂદેવ સાથે ) શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે ) |
| ૧૯૯૧ | પૂના સીટી ( ઉપધાન-શાંતિસ્નાત્ર ) |

| | |
|---|---|
| ૧૯૯૨ | ( અંતરીક્ષ પાર્શ્વનાથની યાત્રા ) ચાતુર્માસ બાલાપુર ( ઉપધાન કરાવ્યા ). |
| ૧૯૯૩ | ભરૂચ ( ઉપધાન કરાવ્યા ). |
| ૧૯૯૪ | અમદાવાદ ( ડહેલાના ઉપાશ્રયે ). |
| ૧૯૯૫ | રાધનપુર બે શ્રાવિકાને દીક્ષા, ભવ્ય અઠ્ઠાઈ-મહોત્સવ, આદીશ્વર મંદિરમા ભગવાનના પગલાંની પ્રતિષ્ઠા. |
| ૧૯૯૬ | પાટણ ( ખેતરવશી ) |
| ૧૯૯૭ | તખતગઢ |
| ૧૯૯૮ | અમદાવાદ ડહેલાના ઉપાશ્રયે ગુરુદેવ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજીના સ્વર્ગવાસ નિમિત્તે અઠ્ઠાઇ-મહોત્સવ તથા મહા શાન્તિ પૂજા. |
| ૧૯૯૯ | અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રય તથા લવારની પોળના ઉપાશ્રયના સંઘ તરફથી પં. શ્રી માનવિજયજી પં. શ્રી ઉદયવિજયજી તથા પં. શ્રી કલ્યાણવિજયજીને ફાગણ વદ ૬ ના શુભ મુહૂર્તે આચાર્યપદ આપ્યું. |
| ૧૯૯૯ | વીસનગર. |
| ૨૦૦૦ | જાવાલ ( ગોહેલી-મારવાડ ) ઉપધાન-જન્મ-કલ્યાણક ઉત્સવ. |
| ૨૦૦૧ | અમદાવાદ લવારની પોળ. અક્ષયનિધિ તપ કરાવ્યો. |

| | |
|---|---|
| ૨૦૦૨ | પાલીતાણા |
| ૨૦૦૩ | જામનગર ( દેવબાગ ) |
| ૨૦૦૪ | તખતગઢ |
| ૨૦૦૫ | શીવગંજ ( પોરવાલના દહેરાસરમાં પ્રતિષ્ઠા તથા ચિતોડગઢમાં પ્રતિષ્ઠા ) |
| ૨૦૦૬ | ધોરાજી ( ગીરનાર તીર્થ ઉપર અંજન-શલાકા-પ્રતિષ્ઠા. |
| ૨૦૦૭ | અમદાવાદ. |
| ૨૦૦૮ | કાલંદ્રી. |
| ૨૦૦૯ | તખતગઢ. |
| ૨૦૧૦ | ગુડાબાલોતરા. |
| ૨૦૧૧ | શીવગંજ ( પાદરલીમાં ઉપધાન તથા કોશીલાવમાં ઉમજણું શીવગંજમાં વીશસ્થાનક તપનું ઉજમણું કરાવ્યું. |
| ૨૦૧૨-૧૩-૧૪-૧૫ | અમદાવાદ. |
| ૨૦૧૬ | પોષ શુદ ૭ના રોજ અમદાવાદમાં સ્વર્ગવાસ. |

# તપગચ્છ સંવેગી શાખા વૃક્ષ

પન્યાસ શ્રી સત્યવિજય ગણી મ.
,, શ્રી કર્પૂરવિજય ગણી મ.
,, શ્રી ક્ષમાવિજય ગણી મ.
,, શ્રી જિનવિજય ગણી મ.
,, શ્રી ઉતમવિજય ગણી મ.
,, શ્રી પદ્મવિજય ગણી મ.
,, શ્રી રૂપવિજય ગણી મ.
,, શ્રી અમીવિજય ગણી મ.
,, શ્રી સૌભાગ્યવિજય ગણી મ.
,, શ્રી રત્નવિજય ગણી મ.
,, શ્રી ભાવવિજય ગણી મ.

તીર્થોદ્ધારક આચાર્ય શ્રી વિજયનીતિસૂરી મ.

આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીજી મહારાજ.

આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીજીના શિષ્યરત્નો.

૧ આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરિ.
*૨ ,, વિજયકલ્યાણસૂરિ.
૩ પન્યાસજીશ્રી મંગળવિજયજી ગણી
*૪ મુનિશ્રી સુમતિવિજયજી
૫ ,, પૂર્ણાનંદવિજયજી
૬ ,, જીનેન્દ્રવિજયજી ( ધનારીવાળા
શ્રી પૂજ્ય વિજયજિનેન્દ્રસૂરિ )

# પ્રશિષ્યોના નામ

આચાર્ય શ્રી વિજય મહેન્દ્રસૂરિજીના શિષ્યો.

* ૧ મુનિશ્રી દર્શનવિજયજી
૨ ,, તીર્થવિજયજી
* ૩ ,, વિનોદવિજયજી
* ૪ ,, મણીવિજયજી
૫ ,, સુદર્શનવિજયજી
૬ ,, રાજહંસવિજયજી
૭ ,, સુશીલવિજયજી
૮ ,, રત્નાકરવિજયજી

આચાર્ય શ્રી વિજય કલ્યાણસૂરિના શિષ્યો.

* ૧ મુનિશ્રી જશવિજયજી
૨ ,, કુશલવિજયજી
૩ ,, કુમુદવિજયજી
૪ ,, દુર્લભવિજયજી
* ૫ ,, તિલકપ્રભવિજયજી
૬ ,, ચંદ્રવિજયજી

પન્યાસ શ્રી મંગલવિજયના શિષ્યો.

૧ પન્યાસ શ્રી રામવિજયજી ગણિ
૨ મુનિશ્રી ત્રિભુવનવિજયજી
૩ ,, ત્રૈલોક્યવિજયજી

૪ „ ગુણજ્ઞવિજયજી
૫ „ સુવ્રતવિજયજી

મુનિ શ્રી સુમતિવિજયજીના શિષ્યો

* ૧ મુનિશ્રી ભરતવિજયજી
* ૨ „ હિંમતવિજયજી

મુનિશ્રી જિનેન્દ્રવિજયજીના શિષ્યો.

* ૧ મુનિશ્રી દેવેન્દ્રવિજયજી
૨ „ પદ્મવિજયજી

આચાર્યશ્રીના પ્રશિષ્યોના શિષ્યોની નામાવલી

૧ મુનિશ્રી વિનયવિજયજી (મુનિશ્રી તીર્થવિજયના શિષ્ય)
૨ મુનિશ્રી તેજપ્રભવિજયજી (મુનિશ્રી સુશીલવિજયજીના શિષ્ય
૧ મુનિશ્રી અમૃતવિજયજી } (મુનિશ્રી કુશળવિ૰ના શિષ્ય
૨ મુનિશ્રી પ્રિયંકરવિજયજી }
૧ મુનિશ્રી સુપ્રભવિજયજી (પન્યાસશ્રી રામવિજયજીના શિષ્ય)
૧ મુનિશ્રી હરિભદ્રવિજયજી (મુનિશ્રી પદ્મવિજયજીના શિષ્ય)

* નિશાનવાળા મુનિમહારાજો કાળધર્મ પામેલા છે.

## આચાર્યશ્રીએ કરાવેલ ધર્મ-ઉદ્યોતના મંગલ કાર્યો.

સં. ૧૯૭૩ શિંઆ ઉપધાનતપનું ઉદ્યાપન

સં. ૧૯૮૦ શિવગંજ શેઠ ફોજમલ વાલાજી તરફથી ઉપધાન

સં. ૧૯૮૧ તખતગઢ ઉપધાન. કસ્તૂરજી વનાજી તરફથી

સં. ૧૯૮૧ શ્રીકેશરીયાજીનો સંઘ શા.રાજમલ પરકાજી તરફથી

સં. ૧૯૮૭ શિવગંજ મહાવીર વિદ્યાપીઠની સ્થાપના.

સં. ૧૯૮૮ ફલોધી ઉજમણું, શાંતિસ્નાત્ર આચાર્ય પદવી.

સં. ૧૯૯૧ પૂના ઉપધાન શેઠ લીલાચંદ જયચંદ તરફથી.

સં. ૧૯૯૩ બાલાપુર શેઠ લાલચંદ ખુશાલચંદ તરફથી ઉપધાન

સં. ૧૯૯૩ ભરૂચ ઉપધાન. સંઘ તરફથી

સં. ૧૯૯૬ રાધનપુર શેઠ રતિલાલ વાડીલાલ તરફથી.
આદીશ્વરભગવાનના પગલાંની પ્રતિષ્ઠા મહોત્સવ,

સં. ૧૯૯૬ વાંકલી શેઠશ્રી જવાનમલજી તરફથી ઉપધાન.

સં. ૨૦૦૦ ગોહીલી શેઠ ખુશાલચંદ સેનાજીના ધર્મપત્નિ
શ્રીવિજુબહેન તરફથી ઉપધાન તથા જન્મકલ્યાણક

સં. ૨૦૦૧ પાડીવ ઉપધાન શેઠ નવલમલ દાનાજી તરફથી

સં. ૨૦૦૫ ચિતોડગઢ પ્રતિષ્ઠા મહોત્સવ.

સં. ૨૦૦૬ જૂનાગઢ ગિરનાર અંજનશલાકા તથા પ્રતિષ્ઠા
મહોત્સવ. ગોમરાજ ફતેહચંદજી તરફથી

સં. ૨૦૦૮ તખતગઢ શા. પુનમચંદ જેરૂપજી તરફથી
શત્રુંજયનો સંઘ.

સં. ૨૦૧૦ વીસલપુર શા. સાકરચંદ ઉમાજી તરફથી ઉજમણું

સં. ૨૦૧૧ પાદરલી શા. સાકરચંદ ભુતાજી તરફથી ઉપધાન.

સં. ૨૦૧૧ કોશીલાવમાં ઉજમણું.

સં. ૨૦૧૧ ખીવાણુદીમાં નવામંદિરની પ્રતિષ્ઠા.

# જૈનધર્મની વિશિષ્ટતા

"જૈનધર્મે જગતને અતિ પવિત્ર એવો અહિંસાનો સિદ્ધાંત અર્પણ કર્યો છે. બીજા કોઈપણ ધર્મે અહિંસાને આટલું મહત્વ આપ્યું નથી અને જૈનધર્મે તેને જીવનમાં ઉતારવા માટે જેટલો પ્રયત્ન કર્યો તેટલો બીજા કોઈએ કર્યો નથી. જૈનધર્મ તેના આ અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વધર્મ થવાની યોગ્યતા ધરાવે છે.

રાષ્ટ્રપતિ ડા. રાજેન્દ્રપ્રસાદ

卐

"જૈનધર્મ અતિ ઉચ્ચકોટિનો છે. એના મુખ્ય તત્ત્વો વિજ્ઞાનશાસ્ત્રના આધાર પર રચાયેલાં છે એવું મારું અનુમાન જ નહિ પણ મારો પૂર્ણ અનુભવ છે. જેમ જેમ પદાર્થ વિજ્ઞાન આગળ વધતું જાય છે, તેમ તેમ જૈનધર્મના સિદ્ધાંતોને સાબીત કરતું જાય છે."

ઇટાલિયન વિદ્વાન ડા. ટેસીટોરી

卐

"પોતાને જૈનધર્મના સિદ્ધાંતો ખૂબ ગમે છે અને મરણ પછી કોઇ જૈન કુટુંબમાં જન્મે એવું ઇચ્છે છે. તેઓ જૈનધર્મની અસરને લીધે હંમેશા માંસ-મદિરાથી વર્જિત પવિત્ર ખોરાક ગ્રહણ કરે છે."

વિશ્વના સુપ્રસિદ્ધ લેખક
જયોર્જ બર્નાર્ડ શો

સૂત્ર અને ગ્રંથના પ્રમાણયુક્ત

# પર્વતિથિક્ષયવૃદ્ધિપ્રશ્નોત્તરવિચાર

પ્રશ્ન ૧—જૈનાગમમાં તિથિની ઉત્પત્તિ કોનાથી માનેલ છે અને તેનું પ્રમાણ કેટલું ?

ઉત્તર—સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપાંગસૂત્રટીકા અને જ્યોતિષ-કરંડક પયન્નાસૂત્રની અંદર તિથિની ઉત્પત્તિ ચંદ્રથી કહેલ છે અને તેનું પ્રમાણ ૫૯ ઘડી એક મુહૂર્ત $\frac{૩૨}{૬૨}$ ભાગ જેટલું જ ઉત્કૃષ્ટ તિથિનું પ્રમાણ કહેલ છે, તેથી એક તિથિ બે સૂર્યોદયને સ્પર્શી શકતી નથી એટલે જ જૈનો તિથિની વૃદ્ધિ માનતા નથી. જુઓ સૂર્યપ્રજ્ઞપ્તિટીકા, પત્ર ૧૪૯.

**अहोरात्रस्य द्वाषष्टिभागप्रविभक्तस्य ये एकषष्टिभागा-स्तावत्प्रमाणः तिथिरिति, अथाहोरात्रस्त्रिंशन्मुहूर्त्तप्रमाणः सुप्रतीतः । तिथिस्तु किं मुहूर्त्तप्रमाणेति ? उच्यते परिपूर्णा एकोनत्रिंशन्मुहूर्त्ता एकस्य च मुहूर्त्तस्य द्वात्रिंशत् द्वाषष्टिभागाः ॥**

અર્થ—એક અહોરાત્રિના બાસઠ ભાગ કરીએ, તેમાંથી એકસઠ ભાગ જેટલી તિથિ હોય છે અને અહોરાત્ર તો ત્રીશ મુહૂર્ત પ્રમાણ છે પરંતુ તિથિનું પ્રમાણ કેટલું ? તિથિનું પ્રમાણ સંપૂર્ણ ૨૯ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા બત્રીશ ભાગ ઉપર જાણવા.

જુઓ જ્યોતિષકરંડક સૂત્રનો પાઠ પત્ર ૬૨.

यावन्मुहूर्त्तप्रमाणा तिथिस्तावत्प्रमाणा तां प्रतिपादयन्ति अउणत्तीसं पुण्णा उ मुहुत्ता सोमतो तिही होइ ॥ भागा य उ वत्तीसं बावट्ठिकएण छेएणं ॥ गाथा १०५॥ टीका-सोमतः चन्द्रमस उपजायते तिथिः, सा च तत उपजायमाना एकोनत्रिंशत् परिपूर्णमुहूर्त्ता एकस्य च मुहूर्त्तस्य द्वाषष्टिकृतेन छेदेन प्रविभक्तस्य सत्का द्वात्रिंशत् भागाः तथाहि-अहोरात्रस्य द्वाषष्टिभागीकृतस्य सत्का ये एकषष्टिभागास्तावत्प्रमाणा तिथिरित्युक्तम् ॥

ભાવાર્થ—ચંદ્રની ગતિથી તિથિ ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થતી તિથિ સંપૂર્ણ ૨૯ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠીયા બત્રીશ ભાગ જેટલી જ હોય છે, એટલું જ સૂત્રમાં તિથિનું પ્રમાણ કહેલું છે તેથી તિથિની વૃદ્ધિ થઈ શકે નહિ.

પ્રશ્ન ૨—લૌકિક વેદાંગ જ્યોતિષમાં તિથિનું પ્રમાણ કેટલું?

ઉત્તર—વેદાંગ જ્યોતિષમાં તિથિનું માપ ચંદ્રની ગતિ ઉપર આધાર રાખતું હોવાથી કોઈક વાર ચોપન ઘડીનું અને કોઈ વાર છાસઠ ઘડીનું હોય છે, તેથી તે તિથિ બે સૂર્યોદયને સ્પર્શી શકે છે તેથી લૌકિક પંચાંગમાં તિથિની વૃદ્ધિ આવે છે.

પ્રશ્ન ૩—જૈન સિદ્ધાન્ત પ્રમાણે તિથિનો ક્ષય આવે છે?

ઉત્તર—સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષકરંડક સૂત્રાનુસાર

તિથિનું પ્રમાણુ અહોરાત્ર કરતાં થોડું હોવાથી બે મહિને એક તિથિને ક્ષય આવે છે. જુઓ સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર ટીકા, પત્ર ૨૧૭.

यत एकैकस्मिन् दिवसे एकैको द्वाषष्टिभागोऽवमरात्रस्य सम्बन्धी प्राप्यते ततो द्वाषष्ट्या दिवसैरेकोऽवम(क्षय) रात्रौ भवति, किमुक्तं भवति ?—दिवसे दिवसे अवमरात्रसत्कैकद्वाषष्टिभागवृद्ध्या द्वाषष्टितमो भागः सञ्जायमानो द्वाषष्टितमदिवसे मूलत एव त्रिषष्टितमा तिथिः प्रवर्त्तते इति, एवं च सति य एकषष्टितमोऽहोरात्रस्तस्मिन्नेकषष्टितमा द्वाषष्टितमा च तिथिर्निधनमुपगतेति द्वाषष्टितमा तिथिर्लोके पतितेति व्यवह्रियते ॥

**ભાવાર્થ**—એકેક દિવસે એક એક બાસઠમો ભાગ ક્ષય રાત્રિસંબંધી પ્રાપ્ત થાય છે, તેથી બાસઠ દિવસે એક ક્ષયરાત્રિ થાય છે. કહેવાની મતલબ એ છે કે-દિવસે દિવસે ક્ષયરાત્રિ સંબંધી એક એક બાસઠીયા ભાગની વૃદ્ધિવડે બાસઠમો ભાગ ઉત્પન્ન થતાં બાસઠમા દિવસે મૂળથી જ ત્રેસઠમી તિથિ પ્રવર્તે છે, એ પ્રમાણે છતે એકસઠમો જે દિવસ તેમાં એકસઠમી અને બાસઠમી તિથિઓ પૂરી થાય તેથી બાસઠમી તિથિ લોકમાં ક્ષય પામેલી કહેવાય છે.

यतः उक्तं तत्रैव पत्रे एक्कंमि अहोरत्ते दोवि तिही जत्थ निहणमेज्जासु सोत्थ तिही परिहायइ ॥

**અર્થ**—કહ્યું છે કે-એક જ દિવસમાં બન્ને તિથિઓ પૂરી થાય તો તે બીજી તિથિ ક્ષય પામે છે.

પ્રશ્ન ૪—જૈન સિદ્ધાન્તાનુસાર જ્યોતિષના ગણિત પ્રમાણે પર્વતિથિનો પણ ક્ષય આવે છે અને લૌકિક પંચાંગમાં તો પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ બન્ને આવે છે તે મનાય કે નહિ ?

ઉત્તર—જૈન સિદ્ધાન્ત પ્રમાણે પર્વતિથિનો પણ ક્ષય આવે છે અને લૌકિક પંચાંગમાં તો ક્ષયવૃદ્ધિ બન્ને આવે છે, પરંતુ ભગવતીસૂત્રમાં અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા અને પૂર્ણિમાને પ્રધાન પર્વતિથિઓ કહેલી છે. જુઓ ભગવતી સૂત્રનો પાઠ, શ, ૨, ઉ. ૫. પત્ર ૧૩૪.

**बहूहिं सीलव्वयगुणवेरमणपच्चक्खाणपोसहोववासेहिं, चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुन्नं पोसहं सम्मं अणुपालेमाणे, टीका– ' बहूहिं ' इत्यादि शीलव्रतानि–अणुव्रतानि गुणा–गुणव्रतानि विरमणानि–औचित्येन रागादिनिवृत्तयः प्रत्याख्यानानि पौरुष्यादीनि पौषधं-पर्वदिनानुष्ठानं तत्रोपवासः–अवस्थानं पौषधोपवासः, पौषधं च यदा यथाविधं च ते कुर्वन्तो विहरन्ति तद्दर्शयन्नाह–'चाउद्दसे' त्यादि इहोद्दिष्टा–अमावस्या 'पडिपुन्नं पोसहं' ति आहारादिभेदात् चतुर्विधमपि सर्वतः ॥**

**ભાવાર્થ**—તુંગિયા નગરીને વિષે ઋદ્ધિમાન્ ઘણા શ્રાવકો વસે છે. તેઓ અણુવ્રત, ગુણવ્રત, ઉચિતતાવડે

રાગાદિકનો ત્યાગ. પૌરુષી આદિ પચ્ચખાણુ અને પર્વના દિવસે કરવા યોગ્ય અનુષ્ઠાનવડે અષ્ટમી, ચતુર્દશી અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે સર્વથી આહાર–શરીર સત્કાર–બ્રહ્મચર્ય–અવ્યાપારરૂપ ચારે પ્રકારના પૌષધનું સમ્યક્ પ્રકારે પાલન કરતાં વિચરે છે.' આ ચારિત્રતિથિઓ કહેવાય છે. ઉપરોક્ત તિથિઓના દિવસે શ્રાવકોને પૌષધવ્રત કરવાનું કહ્યું છે, અને સાધુઓ તો ચારિત્રવંત છે તેથી તપ કરવાનું કહ્યું છે. એ તિથિઓના દિવસે તપ ન કરે તો વ્યવહારભાષ્યમાં પ્રાયશ્ચિત કહેલું છે. જુઓ વ્યવહાર-ભાષ્ય ટીકાનો પાઠ–

**अष्टम्यां पाक्षिके चतुर्थं न करोति तदा मासलघु (पुरिमड्ढं) मासगुरु (एकाशनकं) चातुर्मासके सांवत्सरिके षष्ठ अष्टमं न करोति तदा चातुर्मासलघु (आचाम्लं) चातुर्मास गुरु (उपवासं) प्रायश्चित्तं ॥**

**અર્થ**—આઠમ અનેચૌદશે ઉપવાસ ન કરે તો પુરિમુડ્ઢ અને એકાસણાનું પ્રાયશ્ચિત્ત આવે અને ચઉમાસી તથા સંવચ્છરીનો છઠ્ઠ અઠ્ઠમ ન કરે તો ચાર લઘુમાસ અને ચાર ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે. તપાગચ્છની બૃહત્સમાચારીમાં પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ માનવાનો સ્પષ્ટ નિષેધ કરેલ છે. જુઓ તે પાઠ—

**अट्ठमी चाउद्दसी उद्दिट्ठा पुण्णिमाइसु ॥ पव्वतिहिसु खयवुड्ढि न हवइ इइ वयणा उ ॥ १ ॥**

**અર્થ**—આઠમ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમા આ પર્વતિથિઓને વિષે ક્ષય કે વૃદ્ધિ થાય નહિ.

પર્વતિથિનો ક્ષય આવે તો પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો. જુઓ તે પાઠ—

**जइ पव्वतिहिखओ तह कायव्वो पुव्वतिहिए । एवमागमवयणं कहियं तेल्लुकनाहेहिं ॥ १ ॥ बीया पंचमी अट्ठमी एकारसो चाउद्दसी य ॥ तासं खओ पुव्वतिहिओ अमावसाए वि तेरस ॥२॥**

**અર્થ**—જો પંચાંગમાં પર્વતિથિનો ક્ષય હોય તો તેના પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો એમ ત્રૈલોક્યનાથ કથિત આગમ વચન છે. બીજ, પાંચમ, આઠમ, ચૌદશ એ તિથિઓનો ક્ષય હોય તો તેના પૂર્વની તિથિનો ક્ષય થાય અને અમાવાસ્યાનો ક્ષય હોય તો તેરસનો ક્ષય કરવો. બીજું વાચકવર્ય ઉમાસ્વાતિ મહારાજનો પ્રઘોષ **क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा** પણ ક્ષય વૃદ્ધિ માનવાનો નિષેધ કરે છે, ઉપરોક્ત પાઠો ઉપરથી એમ સિદ્ધ થાય છે કે-પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ માની શકાય નહિ.

પ્રશ્ન ૫-લૌકિક પંચાંગમાં પર્વ કે પર્વાનન્તર પર્વ (ચૌદશ પછી અમાવાસ્યા કે પૂર્ણિમા આવે તે) તિથિની ક્ષય કે વૃદ્ધિ આવે તો કઇ તિથિને પર્વતિથિ કહેવી અને માનવી ?

ઉત્તર-શ્રાદ્ધવિધિગ્રંથમાં પર્વ કૃત્યના અધિકારમાં આચાર્યશ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ વાચકવર્ય

ઉમાસ્વાતિ મહારાજના પ્રઘોષનો પાઠ **क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा** આપીને જણાવે છે. કે–લૌકિક પંચાંગમાં પર્વતિથિનો ક્ષય આવે તો તેની પૂર્વતિથિમાં ક્ષય પામેલ પર્વતિથિ સ્થાપીને તેની આરાધના કરવી. જેમકે પંચાંગમાં અષ્ટમીનો ક્ષય આવે તો ઔદાયિક સાતમે આઠમ સ્થાપીને અષ્ટમીની આરાધના કરવી અર્થાત્ સાતમનો ક્ષય કરી તે આરાધ્ય તિથિને આઠમ કહેવી અને માનવી.

પંચાંગમાં પર્વતિથિની વૃદ્ધિ આવે તો **उत्तरा** એટલે બીજી તિથિને પર્વતિથિ કહેવી અને આરાધવી, જુઓ કલ્પસૂત્ર સમાચારી ટીકાનો પાઠ.

**यथा चतुर्दशीवृद्धौ प्रथमा चतुर्दशीमवगणय्य द्वितीयायां चतुर्दश्यां पाक्षिककृत्यं क्रियते ॥**

કલ્પસૂત્ર સુબોધિકા ટીકા, પત્રાંક ૨૦૬. અર્થ–**પંચાંગમાં** બે ચતુર્દશી આવે તો પહેલી ચૌદશની અવગણના કરીને બીજી ચતુર્દશીએ પાક્ષિક કૃત્ય કરાય છે. આ પાઠમાં ટીકાકારે પ્રથમ ચતુર્દશીને માટે **अवगणय्य** સંબન્ધકભૂતકૃદંત મૂકેલ છે તે ખાસ અર્થસૂચક છે. ‘અવગણય્ય’ શબ્દનો અર્થ શબ્દકોષમાં ‘અપમાન–અવજ્ઞા–તિરસ્કાર–પરાભવ’ અર્થ કરેલ છે એટલે પ્રથમ ચતુર્દશીને ચૌદશ ન કહેવી, પણ અપર્વતિથિ તરીકે બીજી તેરસ કહેવી અને માનવી એમ અર્થાપત્તિન્યાયથી સિદ્ધ થાય છે. જો ટીપણાની પહેલી ચૌદશને લોકોત્તર દૃષ્ટિએ ચૌદશ કહેવાતી હોય તો ટીકાકાર મહારાજા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર્ય પ્રથમ ચતુર્દશીને માટે **परित्यज्य** કે

त्यक्त्वा શબ્દ છોડીને अवगणस्य શબ્દ ન વાપરત. એ પ્રમાણે બીજી પર્વતિથિઓની વૃદ્ધિને માટે પણ સમજવું.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે-ભીંતીયા જૈન પંચાગોમાં આઠમના ક્ષયે સાતમનો ક્ષય અને ચૌદશની વૃદ્ધિએ બે તેરસ લખવામાં આવે છે તે સૂત્ર અને પરંપરાસિદ્ધ છે એમ સમજવું

પ્રશ્ન ૬-શ્રાદ્ધવિધિ ગ્રંથમાં આપેલ વાચક ઉમાસ્વાતિ મહારાજના પ્રઘોષના બન્ને ચરણ શું તેમના રચેલ છે?

ઉત્તર-આ પ્રઘોષમાં कार्या પદ બે વાર આવે છે તેથી પ્રઘોષના બંને ચરણને એક જ કર્તાના માનીએ તો પુનરુક્તિ દોષ આવે છે. ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રની રચના કરી છે તેમાં કોઈ સૂત્રની અંદર પુનરુક્તિ દોષ દેખાતો નથી અને આવા સામાન્ય બે ચરણમાં પુનરુક્તિ દોષ મૂકે એ વાત અસંભવિત લાગે છે, તેથી અમારું એમ માનવું છે કે-क्षये पूर्वा तिथिः कार्या આ પ્રથમ ચરણ તો ઉમાસ્વાતિ મહારાજનું જ રચેલ છે; બીજા ચરણને માટે સંશય છે તે ચરણ સૈદ્ધાન્તિક ટિપ્પણના અભાવે પાછલથી લૌકિક પંચાંગમાં આવતી વૃદ્ધિ તિથિની વ્યવસ્થા માટે પૂર્વાચાર્યે રચેલું લાગે છે. આ પ્રઘોષ પૂર્વપરંપરાથી આવેલ હોઈને પૂર્વાચાર્યોએ માનેલ છે અને અમે પણ માનીએ છીએ.

પ્રશ્ન ૭-સૈદ્ધાન્તિક ટિપ્પણનો અભાવ કયારથી થએલ માનો છો?

ઉત્તર—ઉમાસ્વાતિ મહારાજના સમયમાં તો જૈન ટિપ્પણુ હોવું જ જોઈએ, કેમકે તેઓ પૂર્વધર હતા, તેમને માટે ગ્રન્થાન્તરમાં वाचकाः पूर्वविदः વિશેષણ આપેલ છે તેમના શિષ્ય શ્યામાચાર્ય મહારાજે प्रज्ञापनासूत्रની રચના કરેલ છે અને દશ પૂર્વધરનું રચેલ હોય તે જ સૂત્રરૂપે મનાય છે, તો દશ પૂર્વધરના સમયમાં સૈદ્ધાન્તિક ટિપ્પણુ ન હોય એ વાત માની શકાય એવી નથી. ૧૪મી સદીમાં થએલ જિનપ્રભસૂરિજીના પહેલાથી જ સૈદ્ધાન્તિક ટિપ્પણુનો અભાવ થયો હોય એમ તેમના લખેલા ‘ વિધિપ્રપા ’ ગ્રંથથી સ્પષ્ટ જાણી શકાય છે એટલે ઉમાસ્વાતિ પછી કેટલાક કાળે સૈદ્ધાન્તિ ટિપ્પણુનો અભાવ થયો હોય એમ અમારૂં માનવું છે.

પ્રશ્ન ૮–લૌકિક પંચાંગમાં ચતુર્દશી પર્વાનન્તર અમાવાસ્યા કે પૂર્ણિમાનો ક્ષય આવે તો તે પર્વની આરાધના ક્યારે કરવી ?

### પૂર્ણિમા કે અમાવાસ્યાના ક્ષયમાં તેરસનો ક્ષય

ઉત્તર—લૌકિક પંચાંગમાં અમાવાસ્યા કે પૂર્ણિમા પર્વતિથિનો ક્ષય આવે તો क्षये पूर्वा तिथिः कार्या એ પ્રઘોષને અનુસારે પંચાંગની ત્રયોદશીએ લોકોત્તર ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરવું અને લૌકિક ચતુર્દશીએ ક્ષય પામેલ અમાવાસ્યા કે પૂર્ણિમાને સ્થાપીને તે પર્વની આરાધના કરવી. હીરપ્રશ્ન ગ્રંથ પણ ઉપરોક્ત કથનનું સમર્થન કરે છે. જુઓ હીરપ્રશ્ન પત્રાંક ૩૨

पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ क्रियते, पूर्णिमायां च त्रुटितायां कुत्र इति प्रश्न अत्रोत्तरं

पंचमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपीति ॥

અર્થ—જ્યારે પંચમીનો ક્ષય હોય ત્યારે તે પંચમી તિથિનો તપ લૌકિક પંચાંગની કઈ તિથિએ અને પૂર્ણિમાનો ક્ષય હોય ત્યારે તેનો તપ કઈ તિથિએ કરવો ? એનો ઉત્તર આપે છે-ટિપ્પણમાં પંચમીનો ક્ષય હોય ત્યારે તે પંચમીનો તપ પહેલાની તિથિ ચોથના દિવસે કરવો, અને પૂર્ણિમાનો તપ તેરસ ચૌદશે કરવો. અહિં ખાસ આચાર્ય શ્રીએ સપ્તમી વિભક્તિનું દ્વિવચન વાપર્યું છે એ અર્થ સૂચક છે, એટલે ટિપ્પણાની ત્રયોદશીએ ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરવું અને ચતુર્દશીએ પૂર્ણિમા સ્થાપીને તે તપની આરાધના કરવી. એથી પૂર્ણિમાના ક્ષયમાં બે તિથિ ફેરવવાનું સૂચવે છે એટલે પંચાંગની પૂર્ણિમા અને અમાવાસ્યાના ક્ષયમાં તેરશનો ક્ષય કરવો એ પ્રમાણે તેરશે કરવાનું ભૂલી ગયા હોય તો પડવાને દિવસે પણ પૂર્ણિમાનો તપ કરવો. આ 'અપિ' શબ્દનો અર્થ છે. જેમ પાંચમના ક્ષયે તે તપ ચોથે કરી શકાય છે, કેમકે ચોથ અપર્વતિથિ છે પરંતુ પૂર્ણિમાના ક્ષયે તે તપ ચૌદશે કરી, શકાતો નથી, કેમકે ભગવતીસૂત્રમાં ચૌદશ અને પૂર્ણિમાને પ્રધાન પર્વતિથિ માનેલ તેથી એ બન્ને પર્વની આરાધના જુદી જ કરવી જોઈએ, ક્ષયમાં ભેગી થઈ શકે નહિ. જો પૂર્ણિમાના ક્ષયે તે તપ તેરશ કે પ્રતિપદાએ જ કરવાનો હોય

તો ઉત્તરમાં આચાર્યશ્રીને એટલું જ કહેવાની જરૂર હતી કે-પૂર્ણિમાનો ક્ષય હોય તો તે તપ તેરશે કરવો અને તેરશે ભૂલી ગયા હોય તો એકમના દિવસે પણ કરવો, પરંતુ **त्रयोदशीचतुर्दश्योः** એમ સપ્તમી વિભક્તિનું દ્વિવચન વાપરવાની જરૂર નહોતી, છતાં દ્વિવચન મૂકયું છે એ ખાસ અર્થસૂચક છે, પૂર્ણિમાની આરાધના ચતુર્દશીની પછી જ હોય પણ પહેલાં હોઈ શકે નહિ, તેથી જ તેરશનો ક્ષય કરવો પડે છે એ હીરપ્રશ્નના પાઠનો ફલિતાર્થ છે.

પ્રશ્ન ૯-લૌકિક પંચાંગમાં અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિ હોય ત્યારે તે પર્વાનન્તર પર્વતિથિની આરાધના કેવી રીતે કરવી ?

## પૂર્ણિમા કે અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ.

ઉત્તર—લૌકિક પંચાંગમાં અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિ આવે ત્યારે પરંપરારૂઢ ઉમાસ્વાતિ મહારાજના **वृद्धौ कार्या तथोत्तरा** ' આ પ્રઘોષને અનુસારે બીજી પૂર્ણિમા આરાધવા માટે અને સાન્તર દોષ ટાળવા માટે પરંપરા આગમને અનુસાર અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિએ અપર્વરૂપ તેરશની વૃદ્ધિ કરવામાં આવે છે.

**શંકા**-પૂર્ણિમાની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવાથી પાક્ષિક કૃત્ય પંચાંગની પ્રથમ પૂર્ણિમાએ કરવું પડે અને તેમ કરવાથી ઔદયિક ચતુર્દશીનો નિયમ રહેતો નથી તેથી શ્રાદ્ધવિધિકારે આપેલ ગાથાને અનુસારે આજ્ઞાભંગનો દોષ લાગે તેનું કેમ ?

**સમાધાન**-આરાધનમાં ઔદયિક તિથિ લેવી તેમાં કોઇ પણ જાતનો મતભેદ નથી. શ્રાદ્ધવિધિમાં કહ્યુ છે કે—

"प्रातःप्रत्याख्यानवेलायां या तिथिः स्यात् सा प्रमाणा"

પ્રત્યાખ્યાનના આરંભ વખતથી એટલે સૂર્યોદયથી તિથિની શરૂઆત જણાવે છે. પર્વતિથિનો આરંભ જેમ સૂર્યોદયથી થાય તેમ તે તિથિની સમાપ્તિ પણ બીજા સૂર્યોદયથી અન્ય તિથિની શરૂઆત થાય ત્યારે જ થાય એટલે શ્રાદ્ધવિધિમાં પ્રતિપાદિત સૂર્યોદયનો ઉત્સર્ગ માર્ગ તે તિથિમાં લાગુ પડે છે કે જે તિથિની અન્ય સૂર્યોદય વખતે સમાપ્તિ હોય, પરંતુ પર્વ કે પર્વાનન્તર તિથિની પંચાંગમાં ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે સૂર્યોદયનો ઉત્સર્ગ માર્ગ અપવાદનો વિષય બને છે. હીરપ્રશ્નમાં પૂર્ણિમાની વૃદ્ધિએ બીજી ઓદયિક તિથિ લેવાનું કહ્યું છે તે લૌકિક ઉદયવાળી છે, પણ લોકોત્તર ઉદયવાળી નથી તો પણ આરાધનાની અપેક્ષાએ લોકોત્તર ઉદયવાળી માનીને તેની આરાધના કરીએ છીએ. ચતુર્દશી અને પૂર્ણિમા એ બન્ને પ્રધાન પર્વતિથિ છે તેથી તેની આરાધના અનન્તર જ થાય પણ સાન્તર થઈ શકે નહિ. તે માટે જુઓ સેનપ્રશ્ન અને આચારમય સમાચારીનો પાઠ, પત્ર ૩.

चतुष्पर्व्यां कृतसम्पूर्णचतुर्विधपौषधः पूर्वोक्तानुष्ठानपरो मासचतुष्टयं यावत् पौषधप्रतिमां करोति द्वितीयोपवासशक्त्य भावे तु आचाम्लं निर्विकृतिकं वा करोति ॥

અર્થ—અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા, પૂર્ણિમારૂપ ચારપર્વ એ ચતુષ્પર્વીમાં ચારે પ્રકારનો સંપૂર્ણ પૌષધ

કરનાર છતો પહેલી ત્રણ પ્રતિમાવહનની ક્રિયામાં તત્પર એવો શ્રાવક ચાર મહિના સુધી પૌષધ પ્રતિમા કરે, પાક્ષિકનો ઉપવાસ કર્યાં પછી બીજે દિવસે અમાવાસ્યા કે પૂર્ણિમાએ ઉપવાસ કરવાની શક્તિ ન હોય તો આયંબિલ કે નીવી કરે.

બીજો પાઠ, સેનપ્રશ્ન, પત્રાંક ૧૦૫—

**प्रतिमाधरश्रावकः श्राविका वा चतुर्थी प्रतिमात आरभ्य चतुष्पर्वीं पौषधं करोति तदा पाक्षिकपूर्णिमा षष्ठकरणाभावे पाक्षिकपौषधं विधायोपवासं करोति पूर्णिमायां चैकाशनं कृत्वा पौषधं करोति तच्छुध्यति न वा इति प्रश्नोऽत्रोत्तर प्रतिमाधरः श्रावकः श्राविका वा चतुर्थीप्रतिमात आरभ्य चतुष्पर्वीं पौषधं करोति तदा मुख्यवृत्त्या पाक्षिकपूर्णिमयो-श्चतुर्विधाहारषष्ठ एव कृतो युज्यते, कदाचिच्च यदि सर्वथा शक्तिर्न भवति तदा पूर्णिमायां आचाम्लं निर्विकृतिकं वा क्रियते एवंविधाक्षराणि समाचारीग्रन्थे सन्ति परमेकाशनं शास्त्रे दृष्टं नास्तीति ॥**

**અર્થ**–પ્રતિમાધારી શ્રાવક કે શ્રાવિકા ચોથી પ્રતિમાથી ચારપર્વી પૌષધ કરે તો પખ્ખી અને પૂર્ણિમાનો છઠ્ઠ ન થઈ શકે તે પખ્ખીનો પૌષધ કરીને ઉપવાસ કરે અને પૂર્ણિમાના દિવસે એકાસણું કરીને પૌષધ કરે તે શુદ્ધ થાય કે કેમ? ઉત્તર–પ્રતિમાધારી શ્રાવક કે શ્રાવિકા ચોથી પ્રતિમાથી ચાર પર્વના પૌષધ કરે તો મુખ્યવૃત્તિએ પખ્ખી અને પૂર્ણિમાનો ચઉવિહાર છઠ્ઠ જ કરવો જોઈએ. જો કદિ સર્વથા શક્તિ ન

હોય તો પખ્ખીના ઉપવાસ ઉપર પૂર્ણિમા ( કે અમાવાસ્યા) એ આયંબિલ અથવા નીવી કરે એવા અક્ષર સમાચારી ગ્રંથમાં છે, પણ એકાસણું કરવાનું શાસ્ત્રમાં દીઠું નથી. અર્થ સાથે ઉપર આપેલ સમાચારીગ્રંથનો પાઠ અને સેન-પ્રશ્નના પાઠ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે–ચતુર્દશી અને અમાવાસ્યા. કે પૂર્ણિમાની આરાધના ચતુર્દશીની અનન્તર જ થવી જોઈએ. જ્યોતિષના નિયમ મુજબ ચતુર્દશી પછી અનંતર અમાવાસ્યા કે પૂર્ણિમા આવે છે, તેથી ચતુર્દશી પછી અમાવાસ્યા કે પૂર્ણિમાની આરાધનાનું અનન્તરપણું સિદ્ધ થાય છે. આચાર્ય શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજ ચતુર્દશી અને પૂર્ણિમાની આરાધનાનું અનંતરપણું કાયમ રાખવા માટે પ્રશ્નના ઉત્તરમાં સમાચારી ગ્રંથનો પાઠ આપીને છઠ્ઠ તપ કરવાની શક્તિના અભાવે પાક્ષિકનો ઉપવાસ કરી પૌષધ કરીને પૂર્ણિમાને દિવસે આયંબિલ કે નીવી કરીને પૌષધ કરવાનું જણાવે છે. એ બન્ને પર્વની અનન્તર આરાધના માટે શક્તિના અભાવે શાસ્ત્રકારોએ તપનો ફેરફાર કર્યો, પણ આરાધનાના દિવસનો ફેરફાર કર્યો નથી એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે તેથી સમાચારીના પાઠને અનુસારે લૌકિક પંચાંગમાં બે અમાવાસ્યા કે બે પૂર્ણિમા આવે ત્યારે ચતુર્દશી અને અમાવાસ્યા કે પૂર્ણિમાની અનંતર આરાધના કાયમ રાખવા માટે પૂર્વાચાર્યોએ પંચાંગની ઔદયિક ચતુર્દશીને બીજી તેરશરૂપ ગણી પંચાંગની પ્રથમ પૂર્ણિમાના દિવસે લોકોત્તર ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક

કૃત્ય કરવાનું અને તેના બીજે દિવસે અમાવાસ્યા કે પૂર્ણિમાની આરાધના કરવાનું જણાવે છે તેથી જ અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિએ બે તેરશ કરવામાં આવે છે જો અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિમાં પંચાંગની ઔદયિક ચતુર્દશીએ પાક્ષિકની આરાધના કરીએ અને બીજી અમાવાસ્યા કે પૂર્ણિમાએ તે અમાવાસ્યા કે પૂર્ણિમા પર્વતિથિની આરાધના કરવામાં આવે તો ચતુર્દશી અને અમાવાસ્યા કે પૂર્ણિમા પ્રધાન પર્વતિથિની આરાધનાનું અનન્તરપણું રહેતું નથી. પર્વતિથિની વૃદ્ધિ માનવાથી ઉત્સૂત્રપણાનો દોષ તેમજ બે પર્વ કહીને એક પર્વની આરાધના કરવાથી યથાવાદીપણું પણ રહેતું નથી; એટલા માટે જ અમાવાસ્યા કે પૂર્ણિમાની વૃદ્ધિમાં પંચાંગની ઔદયિક ચતુર્દશીને બીજી તેરશરૂપ ગણી પ્રથમ અમાવાસ્યા કે પૂર્ણિમાના દિવસે લોકોત્તર ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરવામાં આવે છે.

પ્ર૦ ૧૦—પર્વતિથિનો ક્ષય માનનાર આરાધના પર્વતિથિની કરે કે અપર્વની

ઉ૦—પર્વતિથિનો ક્ષય માનનાર આરાધના નિયમા અપર્વનીજ કરે છે, પણ પર્વની નહિ શાસ્ત્રમાં આરાધના પર્વની કહેલ છે અપર્વની નહિ. જૈનતરો પણ આરાધનામાં પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ માનતા નથી ગોકલ આઠમનો ક્ષય હોય તો સાતમના દિવસે ગોકલઆઠમ માનશે નોમના દિવસે નહિ. ઉમાસ્વાતિનો પ્રઘોષ પણ પર્વતિથિની ક્ષય કે

વૃદ્ધિ માનવાનો નિષેધ કરે છે. જો આરાધનામાં ક્ષય કે વૃદ્ધિ માનવાની હોય તો પ્રઘોષની જરૂર જ રહેતી નથી. ક્ષય હોય ત્યારે આરાધના ન કરે અને વૃદ્ધિ હોય ત્યારે બે દિવસ આરાધે, ક્ષય માનીને આરાધના કરવી એ તો પોતાની માતાને વંધ્યા કહેવા જેવું છે.

પ્રશ્ન ૧૧—સાંવત્સરિક પર્વની આરાધના ક્યારે કરવી ?

ઉત્તર-કલ્પસૂત્રની સમાચારીમાં સ્પષ્ટ કહ્યું છે કે--

**तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेइ तहाणं अम्हे वि वासाणं सवीसइराए मासे विइक्कंते वासावासं पज्जोसवेमो, अंतरावियसे कप्पइ, नो से कप्पइ तं रयणिं उवाइणा वित्तए॥**

અર્થ—તે કાલે તે સમયે વર્ષાઋતુનો એક માસ ને વીસ રાત્રિ વ્યતીત થયે છતે શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુએ વર્ષાવાસ કર્યો એટલે સાંવત્સરિક પર્વ કર્યું તેથી અમે પણ વર્ષાઋતુનો એક માસ ને વીશ રાત્રિ વિતી ગયે છતે વર્ષાવાસ કરીએ છીએ, અને કારણ હોય તો તે પહેલાં પણ વર્ષાવાસ એટલે પર્યુષણા પર્વ થઈ શકે છે પણ તે પચાશમી રાત્રિનું અતિક્રમણ કરવું કલ્પે નહિ.

પ્રથમ સૈદ્ધાન્તિક ટિપ્પણ હતું ત્યારે શ્રાવણ વદ ૧ થી ભાદરવા સુદ પંચમીએ પચાશ દિવસ પૂરા થતા હતા. હાલ સૈદ્ધાન્તિક ટિપ્પણ વિચ્છેદ ગયું છે અને લૌકિક પંચાંગમાં

અવારનવાર તિથિની ક્ષય કે વૃદ્ધિ આવ્યા કરે છે તેથી આપણે કાલિકસૂરિજીની પરંપરાથી ભાદરવા સુદિ ૪ ના દિવસે ૪૯ દિવસ થયા હોય તો પણ પચાશ દિવસ પૂરા થએલા માનીને તે દિવસે સાંવત્સરિક પર્વ કરીએ છીએ.

**પ્ર૦ ૧૨ લૌકિક પંચાંગમાં ભાદરવા સુદી પંચમીનો ક્ષય હોયતો સાંવત્સરિક પર્વની આરાધના ક્યારે કરવી.**

ઉ૦—લૌકિક પંચાંગમાં ભાદ્રપદ શુક્લ પંચમીનો ક્ષય હોય તો તપાગચ્છની સામાચારી પ્રમાણે ચોથનો ક્ષય કરવો જોઇએ પણ **लोगविरुद्धच्चाओ** એ વાક્યને ધ્યાનમાં રાખીને ત્રીજ ચોથ ભેગા ગણીને સંવત્સરીની આરાધના કરવી.

**શંકા**—કાલિકસૂરિથી ભાદ્રપદશુક્લ ચોથ વાર્ષિક પર્વ ગણાય છે તો તેનો ક્ષય કેમ થાય?

**સમાધાન**—તિથિ બે પ્રકારે હોય છે એક કાલતિથી અને બીજી કાર્યતિથિ. જે તિથિ ત્રણે કાલમાં નિયત હોય તે કાલ તિથિ કહેવાય છે અને જે તિથિ તીર્થંકરોના જન્મ-દીક્ષા કે નિર્વાણને આશ્રિને પ્રવર્તેલ હોય તે કાર્ય તિથિ કહેવાય છે, બીજ-પાંચમ-આઠમ વિગેરે બાર પર્વ તિથિઓ કાલ તિથિઓ કહેવાય છે અને આ તિથિઓ પંદર કર્મભૂમિમાં નિયત છે તેથી ગીતાર્થ આચાર્યો બાર પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિમાં તેના પૂર્વની અપર્વ તિથિની ક્ષય કે વૃદ્ધિ કરે છે, પણ કલ્યાણક કે બીજા પર્વોના ક્ષયમાં તેની પૂર્વની તિથિનો ક્ષય માનતા નથી. સંવત્સરિની

ચોથ એ કાલિકસૂરિથી કાર્યતિથિ ગણાય છે કેમકે તે દિવસે પંચમીનું કાર્ય કર્યું છે પણ કાલતિથિ કહેવાય નહિ, નિશીથચૂર્ણિની રચના કાલિકસૂરિથી ૧૦૦ વર્ષ બાદ મહત્તર જિનદાસગણિએ કરેલ છે તેમાં સ્પષ્ટ રીતે ભાદરવા સુદી ૪ ને અપર્વ તરીકે સંબોધેલ છે તેથી તેનો ક્ષય થઈ શકે અને નિશીથચૂર્ણિમાં પણ ચોથને **कारणीया** એવું વિશેષણ આપેલ છે.

**શંકા**—કેટલાકો એમ કહે છે કે ઔદયિક ચોથ મુકીને તેની પૂર્વની તિથિમાં સંવત્સરીપર્વની આરાધના કેમ થાય?

**સમાધાન**-શાસ્ત્રાનુસાર સાંવત્સરિક પર્વની તિથિ તો ભાદરવા સુદ પાંચમ છે ચોથ તો કારણિક છે, "**अंतराविकप्पइं**" કલ્પસૂત્રના નવમા વ્યાખ્યાનની સમાચરીના ઉપરના પાઠને અનુસારે સંવત્સરિ કરે ત્યારે ઉદયતિથિનો નિયમ રહેતો જ નથી ફક્ત કાલિકસૂરિમહારાજે પાંચમથી એક દિવસ પહેલા સાંવત્સરિક પર્વની આરાધના કરી, એ રીતે કરીએ તો જ કાલિકસૂરિમહારાજની આચરણા પ્રમાણે સાંવત્સરિક પર્વની આરાધના કરી ગણાય જેઓ પાંચમના ક્ષય કે વૃદ્ધિમાં ઔદયિકતિથિને પકડીને સંવત્સરિની આરાધના કરે છે.

તેઓના મતે સૂત્ર આજ્ઞા અને કાલિકસૂરિની પરંપરાનો સ્પષ્ટ ભંગ થાય છે.

પ્રશ્ન ૧૩—ચંડાશુ ચંડુ પંચાંગમાં ભાદરવા સુદિ પાંચમ બે હોય તો સાંવત્સરિક પર્વ કઈ તિથિએ કરવું ?

ઉત્તર—રાજશેખરસૂરીશ્વરજી મહારાજે વિ. સં. ૧૪૦૫માં ચતુર્વિંશતિ પ્રબંધ રચેલો છે, તેમાં શાલિવાહન રાજાના પ્રબંધમાં સ્પષ્ટ જણાવ્યું છે કે—

**कालिकाचार्यपार्श्वे पर्युषणामेकेनाह्ना अर्वाग् आनाययत् स सातवाहनस्ततोऽन्यः ॥** ચતુર્વિંશતિપ્રબંધ પત્ર ૭૦.

અર્થ—શાલિવાહન રાજાએ કાલિકાચાર્યની પાસે એક દિવસ પહેલા પર્યુષણ પર્વ અણાવ્યું એટલે કરાવ્યું. આ પાઠ ઉપરથી પંચમીથી એક દિવસ પહેલા પર્યુષણ પર્વ કરવાનું સિદ્ધ થાય છે, પંચમીની વૃદ્ધિમાં જો પંચાંગની ઔદાયિક ચોથના દિવસે સાંવત્સરિક પર્વ કરવામાં આવે તો વિના કારણે આરાધ્ય પંચમીથી બે દિવસ પહેલાં સંવચ્છરી પર્વ થાય. તેમ કરવાથી સૂત્રઆજ્ઞા અને કાલિકસૂરિની પરંપરાનો સ્પષ્ટ ભંગ થાય છે,

પ્રશ્ન ૧૪–શ્રાદ્ધવિધિકારના કથન પ્રમાણે સૂર્યોદય વખતે જે તિથિ હોય તે જ પ્રમાણભૂત ગણાય, તો પછી પર્વતિથિના ક્ષયમાં ઔદયિક તિથિ કેવી રીતે લેવી ?

ઉત્તર—પંચાંગમાં પર્વતિથિનો ક્ષય હોય પણ આરાધનામાં પર્વતિથિનો ક્ષય મનાતો નથી તેમજ શ્રાદ્ધવિધિમાં અનૌદયિક તિથિ માનવાનો પણ નિષેધ કરેલ છે. જુઓ શ્રાદ્ધવિધિ, પત્રાંક ૧૫૨—

**उदयंमि जा तिही सा पमाणमिअरइ कीरमाणीए ॥ आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे ॥ १ ॥ पाराशर-स्मृत्यादावपि–आदित्योदयवेलायां, या स्तोकापि तिथिर्भवेत् सा संपूर्णेति मन्तव्या प्रभूता नोदयं विना ॥१॥**

અર્થ—સૂર્યોદય વખતે જે તિથિ હોય તેજ પ્રમાણ કરવી જોઈએ. ઉદય વિનાની બીજી તિથિ પ્રમાણ કરે તો આજ્ઞાભંગ, અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધનાનું પાપ લાગે. આ કારણથી જ પૂર્વાચાર્યો ઉમાસ્વાતિ મહારાજના પ્રઘોષને અનુસારે ક્ષય પામેલ પર્વતિથિને પૂર્વની તિથિમાં ઔદયિક પર્વતિથિ સ્થાપીને આરાધના કરે છે તેથી આજ્ઞા ભંગ કે મિથ્યાત્વનો દોષ લાગતો નથી એટલા માટે જ પર્વતિથિના ક્ષયે અપર્વતિથિનો ક્ષય મનાય છે તેમજ પૂર્ણિમાની વૃદ્ધિમાં ચૌદશપુનમની જોડે આરાધના કરવા માટે પંચાંગની પ્રથમ પૂર્ણિમાએ ઔદયિક ચતુર્દશી સ્થાપીને તેરશની વૃદ્ધિ માનવામાં આવે છે.

પ્રશ્ન ૧૫-પર્વતિથિનો ક્ષય માનનાર આરાધના પર્વની કરે કે અપર્વની ?

ઉત્તર—નવા પંથવાળા પોતાના પંચાંગમાં પર્વતિથિના ક્ષયે અપર્વ અને પર્વ બન્ને તિથિ સાથે લખે છે અને તે પ્રમાણે માને છે. શ્રાદ્ધવિધિમાં કહ્યું છે કે—

**चाउम्मासिअवरिसे पक्खिअपंचट्ठमीसुनायव्वा ॥ ताओ तिहिओ जासिं, उदेइ सूरो न अण्णाओ ॥१॥ पूआपच्च-**

**खाणं पडिक्कमणं तहय निअमगहणं च । जीए उदेइ सूरो, तीइ तिहीए उ कायव्वं ॥ २ ॥**

**અર્થ**—ચાતુર્માસિક, સાંવત્સરિક, પાક્ષિક પંચમી, અષ્ટમીને માટે તે તિથિઓ લેવી કે જેમાં સૂર્ય ઉદય પામે; બીજી અનૌદયિક તિથિઓ ન લેવી. જે તિથિમાં સૂર્ય ઉદય પામે તે તિથિને વિષે પૂજા, પચ્ચક્ખાણ, પ્રતિક્રમણ અને નિયમ ગ્રહણ કરવા. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે પર્વતિથિની આરાધનામાં અનૌદયિક તિથિ લેવાતી નથી તેથી નવા પંથવાળા પર્વતિથિનો ક્ષય માનીને અપર્વતિથિની જ આરાધના કરે છે.પર્વતિથિનો ક્ષય કાયમ રાખીને તે પર્વની આરાધના કરવી. આ માન્યતા વૈદિક ધર્મવાલાની છે જૈનોની નથી.

**પ્રશ્ન ૧૬**—પૂર્ણિમાના ક્ષયે ચૌદશ-પૂનમ ભેગી માનનારા પાક્ષિક પ્રતિક્રમણ કયારે કરે?

ઉત્તર-નવા પંથવાળા પૂર્ણિમાના ક્ષયે ચૌદશ-પુનમ ભેગી માને છે તેથી પાક્ષિક પ્રતિક્રમણ તેમણે સવારમાં જ કરવું જોઈએ કેમકે ટિપ્પણામાં ચૌદશનો ભાગ સવારમાં જ હોય છે. બપોરના તો પૂર્ણિમા શરૂ થઈ જાય છે, તેથી સાંજના પાક્ષિક પ્રતિક્રમણ થઈ શકે નહિ કેમકે પાક્ષિક પ્રતિક્રમણ ચૌદશનું છે; પૂનમનું નથી છતાં સાંજના કરે તો તે પાક્ષિક પ્રતિક્રમણ પૂનમનું જ કહેવાય પણ ચૌદશનું નહિ, તેમની આ માન્યતા પણ શાસ્ત્રવિરુધ્ધ છે.

**પ્રશ્ન ૧૭**—નવાપંથવાળા સૈધ્ધાન્તિક ટિપ્પણના અભાવે

લૌકિક પંચાંગ પ્રમાણે પર્વતિથિની વૃદ્ધિ માને છે તે સત્ય છે ?

ઉત્તર—લૌકિક પંચાંગ પ્રમાણે પર્વતિથિની વૃધ્ધિ માનવાથી આગમની સાથે સ્પષ્ટ વિરોધ આવે છે. સૂર્ય-પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ અને જ્યોતિષકરંડક સૂત્રના પાઠ પ્રમાણે તિથિની જ વૃદ્ધિ થતી નથી તો પછી પર્વતિથિની વૃદ્ધિ કેમ મનાય ? વળી સત્ય તો તે જ કહેવાય કે-જે જિનેશ્વરે કહ્યું હોય. જુઓ ભગવતીસૂત્રનો પાઠ, પત્રાંક ૫૪, શ. ૧, ઉ. ૩

**से नूणं भंते ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं। हंता गौतम ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेदितं ॥**

અર્થ-જિનેશ્વરે જે કહ્યું છે તે જ સત્ય અને નિઃશંક છે ? હા, હે ગૌતમ ! જિનેશ્વરે જે પ્રરૂપ્યું છે તે જ સત્ય અને નિઃશંક છે. અભયદેવસૂરિ મહારાજ ભગવતીસૂત્રની ટીકામાં પણ એમ જ કહે છે કે-જેમનો મત આગમાનુસારી હોય તે જ સત્ય માનવું; બીજાની ઉપેક્ષા કરવી એટલે છોડી દેવું. જુઓ ટીકાનો પાઠ

**यदेव मतमागमानुपाति तदेव सत्यमिति मन्तव्यमितरत्पुनरुपेक्षणीयम् ।।**

ભ. સૂ. શ. ૧, ઉ. ૩, પત્રાંક ૬૨ ટીકા. આ ઉપરથી પર્વતિથિની લૌકિક પંચાંગ પ્રમાણે વૃધ્ધિ માનવી તે અસત્ય છે.

**પ્રશ્ન ૧૮**-તિથિચર્ચાના સામાન્ય વિષયને વિદ્વાન્ સાધુઓ આટલું મોટું રૂપ કેમ આપે છે ?

ઉત્તર–આ ચર્ચા પર્વતિથિના ક્ષય વૃધ્ધિ વિષયક છે. પર્વતિથિની સાચી આરાધના આત્મકલ્યાણનો અનુપમ માર્ગ હોવાથી વિદ્વાન્ સાધુઓને તે મહત્વનો વિષય લાગે છે. તે માટે જુઓ શ્રાદ્ધવિધિમાં આપેલ આગમનો પાઠ, પત્રાંક ૧૫૩–

**भयवं बीअपमुहासु पंचसु तिहीसु विहिअं धम्माणुट्ठाणं किं फलं होइ ? प्रश्न. उत्तर–गोयमा ! बहुफलं होइ। जम्हा एआसु तिहीसु पाएणं जीवो परभवाउअं समज्जिणइ, तम्हा तवो विहाणाइ धम्माणुट्ठाणं कायव्वं, जम्हा सुहाउअं समज्जिणइत्ति।" आयुषि बद्धे तु दृढधर्माराधनेऽपि बद्धायुर्न टलति॥**

અર્થ—હે ભગવન્ ! બીજ પ્રમુખ પાંચ તિથિને વિષે કરેલ ધર્માનુષ્ઠાનનું શું ફલ થાય ? ઉત્તર–હે ગૌતમ ! ઘણું ફલ થાય, કારણ કે આ તિથિઓને વિષે પ્રાયઃ ઘણું કરીને જીવ પરભવનું આયુષ્ય બાંધે છે, તેથી તપોવિધાનાદિ ધર્માનુષ્ઠાન અવશ્ય કરવું જેથી શુભ આયુષ્ય બંધાય. અશુભ આયુષ્ય બંધાયા પછી મજબૂત રીતે ધર્મની આરાધના કરે તો પણ બાંધેલ આયુષ્ય ત્રુટતું નથી. ઉપર આપેલ ભગવતીસૂત્રના પાઠ ઉપરથી વાંચકવર્ગને સમજાશે કે પર્વતિથિની ચર્ચા કેટલો મહત્વનો વિષય છે.

પ્રશ્ન ૧૯–જેને માટે આગમમાં વિધિ કે પ્રતિષેધ ન હોય અને જે પરંપરા કઈ સદીઓથી ચાલતી હોય તે પરંપરાને ગીતાર્થો પોતાની મતિકલ્પનાથી દૂષિત કરે ?

ઉત્તર-જે પરંપરા કઈ સદીઓથી ચાલતી હોય અને જેને માટે આગમમાં વિધિ કે નિષેધ ન જણાતો હોય તેવી પરંપરાને પણ ગીતાર્થો પોતાની મતિકલ્પનાથી દૂષિત ઠરાવીને તોડે નહિ. તેને માટે જુઓ શ્રી શાન્તિસૂરીશ્વરજીકૃત ધર્મ-રત્ન પ્રકરણનો પાઠ, પત્રાંક ૨૬૪.

जं च न सुत्ते विहियं, न य पडिसिद्धं जणंमि चिररूढं॥
समइ विगप्पियदोसा, तं पि न दूसंति गीयत्था ॥९९॥

टीका—इह च शब्दः पुनरर्थे इति यत् पुनरर्थंजातमनुष्ठानं वा नैव सूत्रे-सिद्धान्ते विहितं करणीयत्वेनोक्तं, चैत्यवंदनावश्यकादिवत्, न च प्रतिषिद्धं प्राणातिपातादिवत्, अथ च जने-लोके चिररूढमज्ञातादिभावं स्वमतिविकल्पितदोषात्-स्वाभिप्रायसंकल्पितदूषणात् तदपि, आस्तामागमोक्तं न दूषयन्ति-न युक्तं एतदिति परस्य नोपदिशन्ति संसारवृद्धिभीरवो गीतार्था-विदितागमतत्त्वाः, यतस्ते एवं श्रीभगवत्युक्तं पर्यालोचयन्ति-तथाहि-"जेणं मद्दुया! अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा अन्नायं वा अदिट्ठं वा अस्सुयं वा अपरिन्नायं वा, बहुजणमज्झे आघवेइ पन्नवेइ परूवेइ दंसेइ निदंसेइ उवदंसेइ, से णं अरहंताणं, आसायणाए वट्टइ, अरहंतपन्नत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, केवलीणं आसायणाए वट्टइ केवलीपन्नत्तस्स धम्मस्स आसायणाए वट्टइ॥

ભગવતી શ૦ ૧૮, ઉ૦ ૫, સૂત્ર ૬૩૫

અર્થ—જે બાબત કે અનુષ્ઠાન સિદ્ધાન્તમાં વિહિત એટલે ચૈત્યવંદન અને આવશ્યક વિગેરેની માફક કર્ત્તવ્ય રૂપે પણ નહિ કહેલ હોય, અને પ્રાણાતિપાતાદિકની માફક પ્રતિષેધેલ પણ નહિ હોય; તે સાથે વળી જે લોકમાં ચિરરૂઢ હોય, એટલે તે ક્યારથી શરૂ થઇ તેની ખબર પડતી ન હોય, તેને પણ સંસારવૃદ્ધિભીરુ ગીતાર્થો દૂષિત કરતા નથી એટલે કે 'આ પરંપરા કે પ્રવૃત્તિ અયુક્ત છે' એમ બીજાને ઉપદેશ કરતા નથી, જે માટે તેઓ શ્રી ભગવતી સૂત્રમાં કહેલ નીચેની વાતને વિચારે છે. હકીકત આ પ્રમાણે છે-હે મંદુક ! જે માણસ અજાણ્યા, અણદીઠા, અણસાંભળ્યા અને અણપરખ્યા અર્થ, હેતુ, પ્રશ્ન કે ઉત્તર ભરસભામાં કહે, જણાવે, પ્રરૂપે, બતાવે, સાબિત કરે કે રજૂ કરે તે માણસ અર્હત્ ભગવાનોની તથા કેવળીઓની આશાતના કરે છે, અને તેમના ધર્મની પણ આશાતના કરે છે, અને તેમના ચિત્તમાં આ વાત પણ સ્ફુરે છે કે-

**संविग्गा गीयतमा विहिरसिया पुव्वसूरिणो आसि ॥**
**तद्दूसियमायरिय-अणइसई को निवारेइ ॥१००॥**

અર્થ-સંવિગ્ન એટલે જલ્દી મોક્ષ ઇચ્છનારા અને અતિશય ગીતાર્થ કેમકે તેમના વખતે બહુ આગમો હતા, તથા સંવિગ્ન હોવાથી જ વિધિરસિક એટલે વિધિમાં જેમને રસ પડતો હતો એવા અર્થાત્ વિધિ બહુમાની પૂર્વસૂરિઓ એટલે ચિરંતન આચાર્યો હતા, તેમણે અણદૂષેલું એટલે

નહિ નિષેધેલું આચરિત એટલે બધા ધાર્મિક લોકમાં ચાલતો વ્યવહાર, તેને અનતિશયી એટલે વિશિષ્ટશ્રુત કે અવધિ વગેરે અતિશય રહિત કયો માણસ પૂર્વ પૂર્વતર ઉત્તમ આચાર્યોની આશાતનાથી ડરનારો હોઈ નિવારી શકે ? કોઈ જ નહિ. વળી ગીતાર્થો તો આ પણ વિચારે છે કે–

अइसाहसमेयं जं उत्सुत्तपरूवणा कडुविवागा। जाणंतेहिं वि दिज्जइ निद्देसो सुत्तबज्झत्थे ॥१०१॥

અર્થ–ઉત્સૂત્રપ્રરૂપણા કડવાં ફલ આપનારી છે, એવું જાણતા છતાં પણ જેઓ સૂત્રબાહ્ય અર્થમાં નિશ્ચય આપી દે છે, તે અતિ સાહસ છે, એટલે શું કહ્યું તે કહે છે–

दुब्भासिएण इक्केण मरीई दुक्खसागरं पत्तो ॥ भमिओ कोडाकोडिं–सागरसिरिनामधिज्जाणं ॥१॥ उस्सुत्तमाचरंतो-बंधइ कम्मं सुचिक्कणं जीवो ॥ संसारं च पवड्ढइ–मायामोसं च कुव्वइ य ॥२॥

અર્થ—મરીચિ એક દુર્ભાષિત વચનથી દુઃખના દરિયામાં પડી કોડાકોડ સાગરોપમ ભમ્યો ॥ ૧ ॥ ઉત્સૂત્ર આચરતાં જીવ ચીકણાં કર્મ બાંધે છે અને માયામૃષાવાદ સેવે છે. ॥ ૨ ॥ આ ઉપર આપેલ ધર્મરત્ન પ્રકરણના પાઠથી વાંચકો સમજી શકયા હશે કે જે બાબત સૂત્રમાં વિહિત ન હોય તેમ નિષેધ પણ કરેલ ન હોય અને ધાર્મિક લોકમાં લાંબા વખતથી ચાલતો વ્યવહાર હોય તેને

પણ ગીતાર્થો 'આ અયુક્ત છે' એમ કહે નહિ તો પછી સૂત્ર, ગ્રંથ અને પૂર્વાચાર્યોની પરંપરાસિદ્ધ તેમજ કંઈ સદીઓથી ચાલી આવતી પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિમાં કરાતી અપર્વતિથિની ક્ષય વૃદ્ધિની આચરણાને કેમ તોડી શકાય? જે ભવભીરુ ગીતાર્થો હોય તે તો આનું ખંડન કરે જ નહિ.

પ્રશ્ન ૨૦—કોઈ માણસ આખું સૂત્ર માને પણ તે સુત્રના એક પદ કે અક્ષરને ન માને તો તેને સમ્યગ્દૃષ્ટિ કહેવો કે મિથ્યાદૃષ્ટિ?

ઉત્તર—કોઈ આખું સૂત્ર માને પણ તે સૂત્રના એક પદ કે અક્ષરને ન માને તો તે જમાલિની માફક મિથ્યાદૃષ્ટિ કહેવાય. તે માટે જુઓ વિશેષાવશ્યક ભાષ્યનો પાઠ—

**पयमक्खरंपि इक्कं च जो न रोएइ सुत्तनिद्दिट्ठं ॥**
**सेसं रोअंतो वि हु मिच्छद्दिट्ठी जमालिव्व ॥१॥**

અર્થ—જે માણસને સૂત્રમાં કહેલ એક પદ કે અક્ષર ન રુચે અને બાકીનું આખું સૂત્ર રુચે એટલે માને તો પણ જમાલિની માફક તેને મિથ્યાદૃષ્ટિ જાણવો, સમ્યક્ત્વ હોય નહિ.

પ્રશ્ન-૨૧ નવા પંથવાળા પોતાના પંચાંગોમાં પર્વતિથિના ક્ષયમાં ઉદય ન મળે તો સમાપ્તિ જરૂર લેવાનુ લખે છે તે યોગ્ય છે?

ઉત્તર—આરાધનામાં ઉદય ન મળે તો સમાપ્તિ લેવી આ અન્ય ગચ્છનો મત છે. શ્રાદ્ધવિધિકાર તો આરાધનામાં ઔદયિક તિથિ જ માનવાનું કહે છે; પણ સમાપ્તિનો નિર્દેશ કરતા નથી. **उदयंमि जा तिही सा पमाणं इत्यादि** એટલા માટે જ પર્વતિથિના ક્ષયે તેના પૂર્વની તિથિમાં આરાધ્ય ઔદયિક તિથિ સ્થાપીને અપર્વતિથિનો ક્ષય માનવામાં આવે છે.

પ્રશ્ન ૨૨—નવા પંથવાળા પર્વતિથિની વૃદ્ધિ કહે છે છે તે શું ઉત્સૂત્ર છે?

ઉત્તર—જૈનાગમ પ્રમાણે તિથિની વૃદ્ધિ જ થતી નથી એમ નવા પંથવાળા જાણે છે, છતાં પર્વતિથિની વૃદ્ધિ થાય એમ કહે તો તે ચોકખી ઉત્સૂત્રપ્રરૂપણા જ છે.

પ્રશ્ન ૨૩—ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારના દર્શનથી સમ્યગ્દૃષ્ટિ જીવને લાભ કે હાનિ?

ઉત્તર—ઉત્સૂત્રપ્રરૂપણા કરનારનું દર્શન પણ સંસારવર્ધક કહ્યું છે, તે માટે જુઓ કલ્પભાષ્યનો પાઠ—

**उस्सुत्तभासगा जे ते दुक्करकारगा वि सच्छंदा ॥ ताणं न दंसणं पि हु कप्पइ कप्पे जओ भणियं ॥१॥ जे जिणवयणुत्तिण्णं वयणं भासंति अहव मन्नंति ॥ सम्मदिट्ठीणं तद्दंसणं पि संसारवुड्डिकरं ॥२॥**

અર્થ—જે ઉત્સૂત્ર બોલે છે તે દુષ્કર ક્રિયા કરતા હોય તો પણ તેમને સૂત્રકાર સ્વચ્છંદી કહે છે. તેમનું દર્શન કરવું

પણ કલ્પે નહિ જે કારણથી કલ્પભાષ્યમાં કહ્યું છે, (૧) જેઓ જિનેશ્વરના વચનથી વિરુદ્ધ વચન બોલે છે અથવા તે પ્રમાણે માને છે તેમનું દર્શન પણ સમ્યગ્દૃષ્ટિ જીવને સંસારવર્ધક છે. આ ઉપરથી વાચકો સમજી શકશે કે ઉત્સૂત્રપ્રરૂપણા કરનાર પોતે સંસારસમુદ્રમાં ડૂબે છે અને આશ્રિતોને પણ ડુબાડે છે,

**પ્રશ્ન ૨૪—એક જીવ જ્ઞાન અને ક્રિયામાં શિથિલ છે, પરંતુ પ્રરૂપણા શુદ્ધ કરે છે અને બીજો જ્ઞાન અને ક્રિયામાં અપ્રમત્ત છે, ત્યાગી છે પણ જાણીજોઈને ઉત્સૂત્રપ્રરૂપણા કરે છે તો આ બેમાં શ્રેષ્ઠ કોણ ગણાય ?**

ઉત્તર—હિતોપદેશમાલા ગ્રંથના અભિપ્રાય પ્રમાણે તો શુદ્ધ પ્રરૂપક જ શ્રેષ્ઠ ગણાય, કેમકે શિથિલાચારથી પોતે ડૂબે છે પણ બીજાને ડૂબાડતો નથી ત્યારે ત્યાગી ઉત્સૂત્ર પ્રરૂપક તો સ્વપરને ડૂબાડે છે.

તે માટે જુઓ પૂર્વાચાર્યપ્રણીત હિતોપદેશમાલાનો પાઠ

**नाणाकिरियासु सिढिला अप्पाणं चिय भवंमि पाडंति।।**
**वितहा परूवणा पुण अणंतसत्ते भमाडंति ।।४७४।।**

અર્થ—જ્ઞાન અને ક્રિયામાં શિથિલ એવો પોતાના આત્માને જ સંસારસમુદ્રમાં પાડે છે, પરંતુ બીજાઓને ડૂબાડતો નથી ત્યારે ઉત્સૂત્રપરૂપણા કરનારા ત્યાગીઓ તો પોતે ભવસમુદ્રમાં પરિભ્રમણ કરે છે અને ઉપદેશથી બીજા અનંત જીવોને ભવભ્રમણ કરાવે છે.

પ્રશ્ન ૨૫—લૌકિક પંચાંગમાં બે પૂર્ણિમા હોય ત્યારે ચતુર્દશીએ જ પાક્ષિક પ્રતિક્રમણ કરવું, આ માન્યતા ખરતરગચ્છની છે કે તપાગચ્છની ?

ઉત્તર—લૌકિક ટિપ્પણમાં બે પૂર્ણિમા હોય ત્યારે ચતુર્દશીએ જ પાક્ષિક પ્રતિક્રમણ કરવું, આ માન્યતા ખરતર ગચ્છની છે; તપાગચ્છની નથી. ખરતરગચ્છવાળા ટિપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે પહેલી તિથિ ગ્રહણ કરે છે, બીજી તિથિ માનતા નથી ચતુર્દશીએજ પાક્ષિક પ્રતિક્રમણ કરે છે એટલે તેમની ચતુર્દશી અને પૂર્ણિમાની અનંતર આરાધના કાયમ રહે છે. તપાગચ્છવાળા શ્રી ઉમાસ્વાતિના પ્રઘોષાનુસાર વૃદ્ધિમાં બીજી તિથિ ગ્રહણ કરે છે તેથી ચતુર્દશી અને પૂર્ણિમાની અનંતર આરાધના કાયમ રાખવા માટે જ પંચાંગની પ્રથમ પૂર્ણિમાએ ઔદયિક ચતુર્દશી સ્થાપીને પાક્ષિક કૃત્ય કરે છે. તપાગચ્છની આ માન્યતાનું ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ પોતાના **ઉત્સૂત્રોદ્ઘટ્ટન** કુલકમાં સારી રીતે સમર્થન કર્યું છે. ખરતરગચ્છીય આચાર્યશ્રી જિનચંદ્રસૂરિજીના પ્રશિષ્ય વાચનાચાર્યશ્રી ગુણવિનયગણિએ પણ વિ. સં. ૧૬૬૫માં બનાવેલ ઉત્સૂત્રખંડન ગ્રંથમાં પણ આ બાબતનો નિર્દેશ કર્યો છે, જુઓ તે પાઠ—**अन्यच्च वृद्धौ ( पूर्वतिथौ ) पाक्षिकं क्रियते इदं किं ?** આગળ છઠ્ઠી લીટીમાં તેઓશ્રી સ્પષ્ટ લખે છે કે—

**चतुर्दश्यां पौषधोपवासादिधर्मकृत्यानि पाक्षिकप्रतिक्रमणं च निषेध्य प्रथमअमावस्यां प्रथमपूर्णिमायां च पाक्षिकप्रतिक्रमणादिकरणं.**

ઉત્સૂત્ર ખંડનગ્રંથ પાનું ૨૦ મું.

પ્રશ્ન ૨૬—લૌકિક ટિપ્પણામાં અમાવાસ્યા કે પૂર્ણિમાનો ક્ષય હોય તો પાક્ષિક પ્રતિક્રમણ ચતુર્દશીએ જ કરવું, આ માન્યતા કયા ગચ્છની છે?

ઉત્તર—લૌકિક ટિપ્પણામાં અમાવાસ્યા કે પૂર્ણિમાનો ક્ષય હોય તો ચતુર્દશીએજ પાક્ષિક કૃત્ય કરવું. આ માન્યતા ખરતરગચ્છની છે; તપાગચ્છની નથી. તપાગચ્છવાળા તો પોતાની સમાચારી મુજબ અમાવાસ્યા કે પૂર્ણિમાનો ક્ષય હોય તો ટિપ્પણાની તેરશે ઔદયિક ચતુર્દશીની સ્થાપના કરીને પાક્ષિક કૃત્ય કરે છે. આ બાબત ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ ઉત્સૂત્રોદ્દઘાટનકુલકમાં સ્પષ્ટ શબ્દોમાં લખી છે.

પરમ અવધૂત યોગિરાજશ્રી આનંદઘનજી મહારાજ પણ શ્રી અનંતનાથસ્વામીના સ્તવનમાં ઉત્સૂત્રપ્રરૂપણાની ભયંકરતા સમજાવતાં કહે છે કે—

**પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસો,**<br>
**ધર્મ નહીં કોઈ જગસૂત્ર સરિખો;**<br>
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,**<br>
**તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો.**<br>
**ધાર તલવારની સોહલી દોહલી...**

અર્થાત્ કે-જૈન સિદ્ધાંતો જૈનાગમોથી વિરુદ્ધ કથન કરવા જેવું એક પણ મહાપાપ નથી; કારણ કે સરોવરમાં ફેંકેલા કંકરથી જેમ જળના કુંડાળા વધતાં સમસ્ત સરોવરમાં પ્રસાર પામી જાય છે તેમ એક માત્ર ઉત્સૂત્ર-વચન તે વિસ્તાર પામતાં સમસ્ત શાસનને છિન્નભિન્ન કરી મૂકે છે. શરૂઆતમાં તો નિર્જન અરણ્યમાં એક માત્ર પગદંડી જ (કેડી) પડે છે, પરંતુ તેના પર વિશેષ અવરજવર થતાં તે એક મહામાર્ગનું સ્વરૂપ ધારણ કરે છે તેવી જ રીતે ઉત્સૂત્ર-પ્રરૂપણાનું સમજી લેવું. તેથી જ શાસ્ત્રકારોએ ઉત્સૂત્ર-પ્રરૂપણાને તોલે આવે તેવું એક પણ પાપ ગણાવ્યું નથી. બીજા પાપો તો અન્ય ધર્મકરણી કે તીર્થયાત્રાદિ કરતાં વિનાશ પામે પરંતુ ઉત્સૂત્ર-પ્રરૂપણા તો અનંત ભવભ્રમણ વધારે છે. જુઓ ચરમ જિનપતિ શ્રી મહાવીરસ્વામીના પૂર્વભવનું મરિચીનું દૃષ્ટાંત.

ઉત્સૂત્ર-પ્રરૂપણાથી ભોળા પ્રાણીઓ ભોળવાઈ જાય છે. અને ધર્મને બદલે અધર્મનું આચરણ કરી બેસે છે, માટે જ શ્રી આનંદઘનજી મહારાજ ફરમાવે છે કે-આ વિશ્વમાં સૂત્રોમાં ફરમાવ્યા પ્રમાણે ઉપદેશ કરવા સિવાય બીજો કોઈ ઉત્તમ ધર્મ નથી. સૂત્ર એ દીવાદાંડી સદૃશ છે. જેમ દીવાદાંડી સમુદ્રમાં અટવાયેલા જહાજને કિનારા પર લાવવામાં સહાયક બને છે તેવી રીતે આગમશાસ્ત્રો જીવન-નૌકાને ભવ-સમુદ્રમાંથી તીરે ખેંચી લાવવા સમર્થ બને છે; એટલે કે જે ભવ્ય પ્રાણીઓ તીર્થંકર ભગવંતોએ ઉપદેશેલ અને ગણધર

મહારાજાએ ગૂંથેલા સૂત્રો પ્રમાણે ક્રિયા કરે છે અને ખરે-ખરુ ચારિત્ર પાળે છે તેઓ જ ખરેખરા સંયમવંત છે–તેને જ મોક્ષમાર્ગના સાચા પથિક જાણવા.

નાગપુરી તપાગચ્છીય શ્રી રત્નશેખરસૂરિજી 'સંબોધ-સત્તરી'ની પાંત્રીશમી ગાથામાં જણાવે છે કે–

**आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणो ।**
**तित्थनाहो गुरु धम्मो, सव्वे ते बहुमन्निया ॥**

આત્મ-કલ્યાણાર્થી પુરુષે આગમના રહસ્યનું આચરણ કરવાપૂર્વક તીર્થંકર શ્રી અરિહંત ભગવંત, સદ્ગુરૂ અને કેવળી-ભાષિત ધર્મ એ સર્વનું અત્યંત આદરપૂર્વક બહુમાન કરવું, તેને અંગીકાર કરવો.

અત્યંત વિષમ એવા આ દૂષમકાળમાં–કલિકાળમાં શ્રી જિનાગમો જ પરમાલંબનભૂત છે. જિનાગમો ન હોત તો અનાથ એવાં આપણી શી દશા થાત ? માટે પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ **પંચાંગીને** માન્ય રાખી શાસ્ત્રવિહિત આચરણ કરવું એ જ ભવભીરુ પ્રાણી માટે ઉચિત છે.

આ જ હકીકત કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સ્વ-રચિત શ્રી વીતરાગ સ્તોત્રના ઓગણીશમા પ્રકાશમાં સ્પષ્ટરૂપે જણાવી છે. આ હકીકત પરથી આ વસ્તુની ગહનતા અને મહત્તા સમજાશે. તેઓશ્રી કહે છે કે–

**वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं वरम् ।**
**आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥**

અર્થાત્—હે વીતરાગ ! આપની સેવા કરવા કરતાં આજ્ઞાનું પાલન કરવું તે ભાવસ્તવરૂપ હોવાથી ઉત્કૃષ્ટ ફળ આપનાર છે; કેમકે આજ્ઞાનું આરાધન મોક્ષને માટે થાય છે અને આપની આજ્ઞાની વિરાધના સંસાર—ભ્રમણને માટે થાય છે.

અંતમાં પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજના ટંકશાળી વચન ઉદ્ધરીને વિરમીશ—

**કલહકારી કદાગ્રહભર્યા, થાપતા આપણા બોલ રે;**
**જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે.**

**સ્વામી સીમંધરા વિનતિ**

**ઉપસંહાર**

આ પર્વતિથિપ્રશ્નોત્તરવિચારની લઘુ પુસ્તિકામાં આપેલ સૂત્ર અને ગ્રંથના પ્રમાણોથી વાંચકો સમજી શક્યા હશે કે આરાધ્ય તિથિઓની ક્ષય કે વૃદ્ધિ મનાતી નથી તેથી જન્મભૂમિ પંચાંગમાં પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે અપર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ કરાય છે અને અમાવાસ્યા કે પૂર્ણિમાની ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે તેના બદલે તેરશની ક્ષયવૃદ્ધિ થાય છે, તેમજ ટિપ્પણામાં ભાદરવા સુદ પંચમી બે હોય ત્યારે કાલિકસૂરીશ્વરજી મહારાજની આચરણા મુજબ આરાધ્ય પંચમીથી એક દિવસ પહેલા એટલે બીજી ચોથે અને ભાદરવા સુદ પંચમીનો ક્ષય હોય ત્યારે ત્રીજ—ચોથ ભેગા ગણીને પંચમીથી એક દિવસ પહેલા સાંવત્સરિક પર્વ થાય છે. इत्यलं विस्तरेण ॥

## નવા પંથની માન્યતા

દર્શનમોહનીય કર્મના ઉદયથી નવા પંથવાળાને સૂત્ર અને પરંપરાની વાત રુચતી નથી, તેથી તેઓ કહે છે કે–આપણા જૈન પંચાગો ઘણી સદીથી વિચ્છેદ ગયા છે માટે લૌકિક પંચાંગ પ્રમાણે જ માનવું તેથી તેઓ પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ કરે છે અને પુનમનો ક્ષય હોય તો ચૌદશ–પુનમ ભેગી માને છે અને પૂર્ણિમાની વૃદ્ધિમાં સાન્તર ચૌદશ–પુનમ માને છે.

## શાસનપક્ષની માન્યતા

શાસનપક્ષ જૈન પંચાંગના અભાવે સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર, ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર, જ્યોતિષકરંડક સૂત્ર અને પૂર્વાચાર્યોની પરંપરાને અનુસારે લૌકિક જન્મભૂમિ પંચાંગમાં પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ આવે તો તેના બદલે અપર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ કરે છે. પુનમ અને અમાવાસ્યાની ક્ષય કે વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરે છે, પણ પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ માનતા નથી. વિક્રમ સંવત ૧૯૯૨ના ભાદરવા વદિ અમાવાસ્યા સુધી તો નવા પંથવાળા પણ આ પ્રમાણે જ માનતા હતા, પણ પછીથી જુદા પડ્યા. विचित्रा कर्मणां गतिः।

卐

# દિગંબરો વિષે જાણવાજોગ

## સૂત્રો સદંતર વિચ્છેદ ગયાની દિગંબરોની માન્યતા સાચી નથી.

દિગંબરો અંગસૂત્રોને વીર સંવત ૬૮૩ સુધીમાં એટલે કે વિક્રમની બીજી શતાબ્દિની શરૂઆતમાં જ તદ્દન વિચ્છેદ ગયા એમ માને છે અને તેથી તેઓ શ્વેતાંબરો-માન્ય સૂત્રોનો સ્વીકાર કરતા નથી.

ત્યારે કષાય પાહુડ શ્રી ગુણધરાચાર્યે વિક્રમની બીજી શતાબ્દિમાં રચ્યું હતું તેનું વિવેચન કરતાં લખે છે કે—

'વીર સંવત ૬૮૩ બાદ અંગો અને પૂર્વોનું એક દેશ (એટલે અધુરુ) જ્ઞાન જ પરંપરાથી શ્રી ગુણધરાચાર્યને પ્રાપ્ત થયું અને તે ભટ્ટારક ગુણધરાચાર્યે જે જ્ઞાનપ્રવાદ નામનાં પાંચમાં પૂર્વની દશમી વસ્તુની અંતર્ગત ત્રીજા કષાય પાહુડ અધિકારનાં પારંગત હતા. તેમણે પ્રવચન વાત્સલ્યથી વશીભૂત થઈને ગ્રંથ વિચ્છેદ થવાના ભયથી સોળ હજાર પદ પ્રમાણે પેજ્જદોસ પાહુડનો ૧૮૦ ગાથાઓ દ્વારા ઉપસંહાર કર્યો.' (જય ધવલા પુ. ૧ પાનું ૪૧)

એટલે કે વીર સંવત ૬૮૩ (વિક્રમની બીજી શતાબ્દિમાં) અંગસૂત્રો સંપૂર્ણ વિચ્છેદ ગયા નહોતા પણ પૂર્વો સહિત સર્વ અંગસૂત્રોનું થોડું જ્ઞાન વિચ્છેદ ગયું હતું, અને થોડું જ્ઞાન પ્રાપ્ત હતું.

તે કષાય પાહુડ ઉપર આચાર્યશ્રી યતિવૃષભે વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં ચૂર્ણી રચી અને આચાર્ય શ્રી વીરસેન તથા જિનસેને વિક્રમની નવમી શતાબ્દિમાં જય ધવલા ટીકા રચી.

સૂત્રો જો વિચ્છેદ ગયા હોય તો તેનું જ્ઞાન પણ વિચ્છેદ જાય. વિચ્છેદ જવું એટલે ભૂલાઈ જવું. કારણ સૂત્રો મોઢે હતા. અને પછી યાદ રહેલા જ્ઞાનમાં મતિ વિભ્રમથી અયથાર્થતા આવી ગઈ હોય.

સૂત્રો વિચ્છેદ ગયા પછી પણ સૂત્રનું જ્ઞાન યથાર્થ રહે છે. એમ દિગંબરો કહે તો તે હિસાબે શ્વેતાંબરો પાસે રહેલાં સૂત્રોમાં પણ યથાર્થ જ્ઞાન છે એમ તેમણે કબુલ કરવું જોઈએ. કારણ કે નહિતર કષાય પાહુડની ટીકા અયથાર્થ જ્ઞાનમાંથી નિષ્પન્ન થઈ છે એમ માનવું પડે. પરંતુ અહિંયા તો ઠેઠ વિક્રમની નવમી સદીમાં આચાર્ય શ્રી વીરસેન તથા જિનસેને મળીને સાઠ હજાર શ્લોક પ્રમાણ જયધવલા નામની મોટી ટીકા રચી છે. અને તેને પ્રમાણ આગમ તરીકે માન્ય ગણવામાં આવે છે.

આ ઉપરથી માનવું જ પડશે કે પૂર્વ તથા અંગ-સૂત્રોનું એકદેશીય જ્ઞાન ઠેઠ વિક્રમની નવમી શતાબ્દિ સુધી પ્રાપ્ત હતું. એટલે કે સૂત્રો સંપૂર્ણ વિચ્છેદ નહોતા ગયા પણ તેનો કેટલોક ભાગ વિચ્છેદ ગયો હતો, અને બાકીનો ભાગ મોજુદ હતો.

## દિગંબરોનાં એકાંત આગ્રહનું પરિણામ

દિગંબરોએ અચેલકપણું-નગ્નપણાને એકાંત આગ્રહથી પકડી રાખ્યું તેનું પરિણામ એ આવ્યું કે—

(૧) સ્ત્રી નગ્ન રહી શકે નહિ તેથી સ્ત્રીને ચારિત્ર અને મોક્ષ હોઈ શકે નહિ એમ દિગંબરોને જાહેર કરવું પડયું.

(૨) વસ્ત્ર વિના પાત્રો લઈ જઈ શકાય નહિ તેથી પાત્ર રાખવાની બંધી કરવી પડી.

(૩) પાત્રો વિના આહાર લાવી શકાય નહિ અને આહાર લાવ્યા વિના તીર્થંકર ભગવાન આહાર કરી શકે નહિ તેથી કેવળી ભગવાનને આહાર હોય નહિ એમ જાહેર કરવું પડયું.

(૪) નગ્નવાદનાં કારણે ઉપર પ્રમાણે સ્ત્રીમુક્તિ, કેવળી ભુક્તિનો નિષેધ કર્યો. તે ઉપરાંત ગૃહસ્થલિંગમુક્તિ, અન્યલિંગમુક્તિ વિગેરે અનેક બાબતોનો દિગંબરોને નિષેધ કરવો પડ્યો છે.

આ તેમના નિષેધો તેમના જ (દિગંબરોનાં) શાસ્ત્ર ગ્રંથોથી વિરુદ્ધ જાય છે. તેની કેટલીક વિગત 'જૈન પરંપરાનો ઈતિહાસ' નામના પુસ્તકમાં પાના ૩૧૯ થી ૩૨૫માં આપી છે. તથા ઉ. શ્રી યશોવિજયજીના ગ્રંથોમાં તથા શ્રી આત્મારામજીના 'તત્ત્વનિર્ણયપ્રાસાદ' પુસ્તકમાં આપી છે. તે સ્થળ સંકોચને લીધે અહિં આપી શકાઈ નથી, તો જિજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવી.

## દિગંબરોને એકાંત આગ્રહથી નુકશાનઃ

વસ્ત્રપાત્ર વગેરે ઉપધિનો નિષેધ કરી નગ્નતાનો આગ્રહ રાખવાથી દિગંબરોને ઘણું નુકસાન થયું છે. તેમાંનું થોડુંક નીચે પ્રમાણે છે.

(૧) નગ્નતાથી ધર્મની અને સંપ્રદાયની નિંદા થાય છે અને ધર્મ પ્રચાર અટકી જાય છે.

(૨) વિહારમાં અડચણો ઉભી થાય છે.

(૩) બાળકો નગ્ન સાધુને જોઈ ડરે છે.

(૪) સભ્ય સમાજ ઘૃણા કરે છે. અને પોતાના ઘરમાં આવવા દેતા નથી.

(૫) સરકાર નગ્નને રસ્તામાં ચાલવાની બંધી કરે છે.

(૬) જિનશાસનને અનેક રીતે નુકસાન પહોંચે છે: ફક્ત બે ચાર હાથનાં કપડાનો પણ નિષેધ કરવાથી એ નુકસાન ઉઠાવવું પડે છે. વસ્ત્રધારી મુનિ બધે જઈ શકે છે. અને આવા નુકસાનોથી ધર્મને બચાવે છે.

(૭) અજૈનનાં આહાર પાણી બંધ થઈ જાય છે. કારણ અજૈનો નગ્ન સાધુને ઘરમાં આવવા દેતા નથી તેમજ આહાર પાણી દેવામાં ઘૃણા કરે છે તેથી અજૈનને ત્યાં ગોચરીએ જઈ શકાતું નથી.

(૮) એક જ ઘેરથી ગોચરી કરવી પડે છે તેથી આધાકર્મિક ઔદ્દેશિક આદિ દોષ લાગે છે.

(૯) ગુરૂભક્તિને તિલાંજલી આપવી પડે છે, ગુરૂને બતાવી ગુરૂની આજ્ઞાનુસાર ગુરૂહસ્ત આહાર લેવાનો લાભ ગુમાવે છે, અને ગુરૂને બતાવ્યા વિના લેવાથી કવચિત્ સ્વચ્છંદતાને અવકાશ મળે છે.

(૧૦) પાત્રનાં અભાવમાં બિમાર તથા વૃદ્ધ માટે આહાર પાણી લાવી શકાતા નથી. તેમ ગૃહસ્થનાં લાવેલાં આહાર પાણી પણ વાપરી શકાતા નથી તેથી નિરાહાર રહેવું પડે છે.

(૧૧) આવી સ્થિતિમાં બિમાર-વૃદ્ધ સાધુને આર્તરૌદ્ર ધ્યાનમાં પડી જઇ આત્માનું અકલ્યાણ થવાનો સંભવ છે.

પાત્ર હોય તો એ સર્વ દોષોથી બચી જવાય છે અને દિગંબર પૂર્વાચાર્યના ગ્રંથોમાં પાત્રની છૂટ છે.

(૧૨) કરભોજીનાં હાથમાંથી ખોરાકનો અંશ નીચે પડી જાય છે તેથી જીવ વિરાધના તથા નિંદા થાય છે.

(૧૩) મહાવીર ભગવાને સ્થાપેલ ચતુર્વિધ સંઘને દિગંબરોએ ખંડિત કરેલ છે. કારણ કે તેઓમાં સાધ્વી

સંઘ જ નથી. સ્ત્રી દિગંબર રહી શકે નહિ માટે સાધ્વી થઈ શકે નહિ. તેથી દિગંબરોમાં ચતુર્વિધ સંઘ જ નથી.

## દિગંબરોમાં જૈન સિદ્ધાંત વિરૂદ્ધની કેટલીક ખોટી માન્યતાઓ પણ પ્રવર્તે છે, તેના ત્રણ કારણો છે.

(૧) નગ્નત્વના આગ્રહને લીધે નગ્નત્વની વિરૂદ્ધ જતી બાબતોનો અસ્વીકાર કરવા માટે તે તે બાબતોથી ઉલટી પ્રરૂપણા કરવી પડી.

(૨) શ્વેતાંબરોથી છૂટા પડીને તેમનો અને તેમના સાહિત્યનો સંપર્ક ખોવાથી મૂળ માન્યતા ભૂલી જવાથી દિગંબર આચાર્યોએ પોતપોતાની કલ્પના અનુસાર નવી નવી માન્યતાઓ પ્રવર્તાવી.

(૩) બ્રાહ્મણોનું સમાજમાં વર્ચસ્વ થતું જોઈને દિગંબરોએ બ્રાહ્મણના ઘણા આચારવિચારોનું અનુકરણ કર્યું. અને એ ખોટી માન્યતાઓ પ્રવર્તાવતી વખતે દિગંબરો તેમના જ પૂર્વાચાર્યોએ બનાવેલા શાસ્ત્રોમાં શી શી પ્રરૂપણા કરી છે. તે જોવાનું વિચારવાનું જ ભૂલી ગયા, એટલે દિગંબરોની ઘણી ખરી માન્યતાઓ તેમના જ શાસ્ત્રોના વિધાનની વિરૂદ્ધ જાય છે.

દિગંબરોના જેવી શ્વેતાંબરો ઉપર બ્રાહ્મણોનાં આચારવિચારની અસર થઈ નથી કારણ કે શ્વેતાંબરો મૂળ જૈન સિદ્ધાંતને ચીવટપણે વળગી રહ્યા હતા.

દિગંબરોની માન્યતાઓ તેમના જ શાસ્ત્રોની વિરૂદ્ધ છે તે મુનિશ્રી દર્શનવિજયજીએ તેમનાં 'શ્વેતાંબર દિગંબર' નામના પુસ્તકમાં દિગંબર શાસ્ત્રોના અનેક ઉલ્લેખો આપીને બતાવી આપ્યું છે, જિજ્ઞાસુ જૈને એ પુસ્તક જરૂર વાંચી જવું.

### ધર્મદેશના સમયે સાધુ-મુનિરાજે
### મોઢે મુહપત્તિ બાંધવી
## એ ગીતાર્થ પરંપરાગત આચરણા છે.

આ ટૂંકા નિબંધમાં મુખ પર મુહપત્તિ બાંધવી એ કેટલી પ્રાચીન અને મૂળભૂત ગીતાર્થપરંપરા છે તેનું દિગ્દર્શન કરાવ્યું છે એટલું જ નહીં પરંતુ તેને લગતા શાસ્ત્રપાઠો આપી વિષયનું સચોટપણું દર્શાવ્યું છે. શ્રી પ્રવચનપરીક્ષામાં આવતો મુહપત્તિનો ઉલ્લેખ, વિધિપ્રપામાં રજૂ થયેલ ઉલ્લેખ, પૂ. શ્રી આત્મારામજી મહારાજનું કથન આ હકીકતને વિશેષ પુષ્ટ કરે છે.

શ્રી પ્રવચનપરીક્ષામાં આવતો પાઠ સાધુ-મુનિરાજને કાન વીંધાવવા અંગેનો છે જ્યારે શ્રી ઉપદેશપ્રાસાદનો પાઠ થૂંકથી ઉચ્છિષ્ઠ એઠી થયેલ મુહપત્તિને જુદી રાખવા અંગેનો છે.

ગણધર ભગવંતો પણ ધર્મદેશના સમયે મુખ પર મુહપત્તિ બાંધતા હતા. આ સંબંધમાં એક ખ્યાલ એ રાખવાનો છે કે-સ્થાનકવાસી સંપ્રદાયના મુનિવર્ગની માફક મુહપત્તિ દોરાથી બાંધીને હંમેશને માટે મુખ પર રાખવાની નથી. ધર્મ-દેશના સમયે જ પ્રવચનમુદ્રા કે યોગમુદ્રાએ જ વ્યાખ્યાન આપવાનું હોવાથી, સંપાતિમ

જીવ કે વાયુકાયના જીવોની હિંસાથી બચવા તેમજ શાસ્ત્ર કે આગમ પર થૂંક ઊડીને આશાતના ન થાય તે માટે જ મુખ પર મુહપત્તિ બાંધવાનું ગીતાર્થ-કથન છે.

ફક્ત આપણામાં જ આવું કથન છે એટલું જ નહિ પરંતુ પારસીઓ, મુસ્લીમો, વૈષ્ણવો પણ પવિત્ર પુસ્તક વાંચન વખતે રૂમાલ, કપડું કે લાકડાંની પટ્ટી મુખ આગળ રાખે છે, જે આપણી ગીતાર્થ પરંપરાગત હકીકતનું જ વિશેષ સમર્થન કરે છે.

आगममायरंतेणं अत्तणो हियकंखिणो ।
तित्थनाहो गुरुधम्मो सव्वे ते बहुमन्निया ॥ १ ॥

આત્મહિતની ઈચ્છાવાળાએ આગમનો આદર કરતાં તીર્થંકર ભગવાન્, ગુરુ અને ધર્મ એ બધાનો આદર કર્યો ગણાય.

—સંબોધસપ્તતિકા

ધર્મશાસ્ત્ર વાંચતી વખતે મોઢા ઉપર મુહપત્તિ અથવા કપડું બાંધવાની પ્રથા જૈન તથા જૈનેતર ધર્મમાં ઘણા કાળથી પ્રચલિત છે. મુસલમાનો કુરાન વાંચતી વખતે મોઢા પર રૂમાલ બાંધે છે. પારસીઓમાં મંત્રોચ્ચાર કરતી વખતે મોઢા પર કપડું બાંધવાનો રિવાજ છે, સાંખ્યમતવાળા જીવદયા નિમિત્તે મોઢા આગળ લાકડાની મુહપત્તિ રાખે છે, વૈષ્ણવો ભાગવત વાંચતી વખતે મોઢા પર કપડું બાંધે છે, આ તો જૈનેતર દર્શનની વાત થઇ, પરંતુ જૈનદર્શનમાં તો ધર્મદેશના આપતી વખતે મોઢા પર મુહપત્તિ બાંધવાનો રિવાજ ગણધર મહારાજના સમયથી ચાલ્યો આવે છે, તે માટે વાદિવેતાલ શ્રી શાન્તિસૂરિ મહારાજ શ્રી ચૈત્યવંદન મહાભાષ્યમાં 'દેશના "ના અધિકારમાં સ્પષ્ટ રીતે કહે છે કે—

सिंहासणे निसण्णो, पाए ठविऊण पायपीढंमि ।
करधरियजोगमुद्दो, जिणनाहो देसणं कुणइ ॥८४॥
तेणं चिय सूरिवरा, कुणंति वक्खाणमेयमुद्दाए ।
जं ते जिणपडिरूवा, धरंति मुहपोत्तियं नवरं ॥८५॥

**અર્થ** :—પાદપીઠ ઉપર પગ સ્થાપન કરી, સિંહાસન ઉપર બેસી, હાથમાં યોગમુદ્રા ધારણ કરીને જિનેશ્વરદેવ ધર્મદેશના આપે છે, તેથી જિનેશ્વરભગવંતના પ્રતિનિધિરૂપ એટલે જિનેશ્વરના સરખા ગણધર મહારાજ પણ યોગમુદ્રાએ જ ધર્મદેશના આપે છે, વિશેષમાં એટલું કે તેઓ મોઢા પર મુહપત્તિ ધારણ કરે છે, એટલે કાનના છિદ્રમાં ભરાવે છે. પણ સ્થાનકવાસીની માફક દોરાથી બાંધતા નથી. ગણધર મહારાજ પણ યથાવસરે મોઢે મુહપત્તિ બાંધતા હતા, એ વાતનો સ્પષ્ટ ખુલાસો "પ્રશ્નોત્તર-સાર્ધશતક" માં પણ મળી આવે છે. જુઓ તે પાઠ–

ननु आधुनिकाः केचिल्लिङ्गिनो निह्नवाः सर्वदा दवरकेण मुखवस्त्रिकां मुखे बद्ध्वैव रक्षन्ति, तज्जिनाज्ञानुसारि उत तद्विरुद्धं ? उच्यते–जिनाज्ञाविरुद्धमेवेदमिति ज्ञायते, क्वापि सूत्रे इदृग्विधेरनुक्तत्वात्, किञ्च शास्त्रेषु यत्र यत्र मुखवस्त्रिकाधिकारोऽस्ति तत्र तत्र क्वापि दवरकस्य नामापि नास्ति, तथा श्रीसुधर्मास्वामिन आरभ्याऽविच्छिन्नवृद्धपरंपर्याऽपि क्वापि धर्मगच्छे दवरकेण मुखवस्त्रिकाबन्धनं न दृश्यते, इति जिनागमविहिताऽऽचरणाभ्यां विरुद्धमेव तावत् दवरकबन्धनम् । अन्यच्च गणधरादिभिरपि यथावसरे मुखे मुखवस्त्रिका बद्धासीत न सर्वदा, यदि सर्वदा बद्धा भवेत्, तर्हि विपाकसूत्रपाठाऽसंमतिः स्यात् ।

**અર્થ**:—વર્તમાન કાલે કેટલાક લિંગી નિહ્નવો હંમેશા દોરા-વડે મુહપત્તિ મોઢે બાંધી રાખે છે, તે જિનાજ્ઞાનુસારી છે કે વિરુદ્ધ?

ઉત્તર :—આ વાત જિનાજ્ઞાવિરુદ્ધ જણાય છે, કોઇપણ સૂત્રમાં આવી વિધિ કહેલ નથી. વળી શાસ્ત્રમાં જ્યાં જ્યાં મુહપત્તિનો અધિકાર છે, ત્યાં ત્યાં કોઇપણ ઠેકાણે દોરાનું નામ પણ નથી. તેમજ પૂજ્યશ્રી સુધર્મોસ્વામીથી આરંભીને અવિચ્છિન્ન વૃદ્ધ પરંપરાએ કોઈપણ ધર્મગચ્છમાં દોરાથી મુહપત્તિ બાંધવાનું વિધાન પણ દેખાતું નથી, માટે દોરાથી મુહપત્તિ બાંધવી આ વાત જિનાગમ અને આચરણાથી વિરુદ્ધ જ છે. બીજું ગણધર મહારાજે પણ યથાઅવસરે મોઢે મુહપત્તિ બાંધી હતી, પણ હંમેશાને માટે તેઓ મુખ પર મુહપત્તિ બાંધતા નહિ. જો હંમેશા બાંધી રાખતા હોય તો વિપાકસૂત્રનો પાઠ અસંગત થઈ જાત. મોઢે મુહપત્તિ બાંધવાને માટે પરંપરાથી આવેલ વિધિ પ્રમાણે સાધુએ બન્ને કાન વિંધાવવા જોઈએ. તે માટે ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ પોતાની રચેલ પ્રવચનપરીક્ષામાં વિધાન કરેલ છે. તે પાઠ નીચે પ્રમાણે છે–

साधुवेष-कटिदवरकानबद्धपरिहितचोलपट्टको रजोहरणमुखवस्त्रिकासमन्वितः प्रावृतकल्पकस्कन्धोपरि कृतौर्णिको गृहीतवामकरदण्डकः परम्पराऽऽयातविधिविद्धोभयकर्णकश्च पुरुषः साधुवेषधारी भण्यते, तस्य यो वेषः सः संपूर्णो वेषो भवति ॥

અર્થ :—જે પુરૂષ કમ્મરમાં દોરો બાંધવાપૂર્વક ચોલપટ્ટો પહેરેલ હોય, રજોહરણ એટલે ઓઘો અને મુખવસ્ત્રિકા યુક્ત હોય, કપડા પહેરી ડાબા ખભા ઉપર કામલ નાખી, ડાબા હાથમાં દંડ ધારણ કરેલ, પરંપરાથી આવેલ વિધિપૂર્વક બન્ને કાન વિંધાવેલ હોય, આવો પુરૂષ સાધુવેષધારી કહેવાય છે. તે પુરૂષનો જે વેષ તે સંપૂર્ણ સાધુવેષ કહેવાય છે.

આ ઉપરથી સમજવાનું કે મોઢે મુહપત્તિ બાંધવા માટે સાધુને

કાન વિંધાવવા પડે છે, કાન વિંધાયેલા ન હોય તો સંપૂર્ણ સાધુવેષ ગણાય નહિ, પ્રવચનપરીક્ષા બીજો ભાગ. ૮ વિશ્રામ, પત્ર ૨૫ માં જણાવ્યું છે કે-સાધુને મુહપત્તિ બે પ્રકારની હોય છે.

चउरंगुल विहत्थी एयं मुहणंतगस्स उ पमाणं ।
बीओ विअ आएसो मुहप्पमाणेण निप्फन्नं ॥ १ ॥
संपाइमरयरेणु पमज्जणट्ठा वयंति मुहपोत्तिं ।
नासं मुहं च बंधइ, तीए वसहिं पमज्जंतो ॥ २ ॥

**ભાવાર્થ:**—હાથમાં રાખવાની મુહપત્તિનું પ્રમાણ એક વેંત અને ચાર અંગુલનું છે, મોઢે બાંધવાની બીજી મુહપત્તિનું પ્રમાણ મુખ પ્રમાણે હોય છે સંપાતિમ એટલે ઊડતા જીવો અને રજ મુખમાં ન પડે તે માટે વસતિનું પ્રમાર્જન કરતાં સાધુ મોઢે મુહપત્તિ બાંધે છે.

ઉપદેશપ્રાસાદ સ્થંભમાં શ્રી વિજયલક્ષ્મીસૂરિ મહારાજ મોઢાનાં થૂંકથી ઉચ્છિષ્ટ થયેલ મુહપત્તિને પુસ્તક કે સ્થાપનાગુરુથી જુદી રાખવાનું જણાવે છે. તે પાઠ નીચે પ્રમાણે છે-

मुखनिष्ठयुतादिभिरुच्छिष्टा वस्त्रिका पुस्तकैः सह स्थापनागुरुणा च साकं न रक्षणीया, किन्तु भिन्नैव धार्या ॥

ધર્મદેશના સમયે મોઢે મુહપત્તિ બાંધવાના મુખ્ય બે કારણો છે. પહેલું કારણ એ છે કે-ઊડતા ત્રસજીવો અને વાયુકાયનું રક્ષણ કરવાનું અને બીજું કારણ પુસ્તક ઉપર થૂંક લાગવાથી શ્રુતજ્ઞાનની આશાતના થાય તે દૂર કરવાનું છે. વ્યાખ્યાન વખતે મુહપત્તિ હાથમાં રાખવાથી હાથ મુખ આગળ સ્થિર રહેતો નથી. ઊંચોનીચો થઈ જાય તેથી વાયુકાયની વિરાધના થાય અને થૂંક લાગવાથી શ્રુતજ્ઞાનની આશાતના થાય, મુહપત્તિનો ઉપયોગ ગમે

તેટલો રાખવામાં આવે તો પણ બોલતી વખતે પુસ્તકને થૂંક લાગ્યા વગર રહેતું નથી, તેથી પૂર્વાચાર્યો ગણધર મહારાજની પરંપરાને અનુસારે વ્યાખ્યાન સમયે મુહપત્તિ બાંધતાં હતાં. આ પ્રથા સર્વ ગચ્છમાં હતી. શિથિલાચારી યતિવર્ગે પણ આ પ્રથાનો ત્યાગ કર્યો ન હતો. વિક્રમ સંવત ૧૯૧૨ સુધી આ પ્રવૃત્તિ અવિચ્છિન્નપણે ચાલતી હતી. પછી પૂ. શ્રીબુટેરાયજી મહારાજ સ્થાનકવાસી સંપ્રદાયમાંથી સંવેગી માર્ગમાં આવ્યા ત્યારે તેમણે આ પ્રવૃત્તિમાં ભેદ કર્યો, એટલે હાથમાં મુહપત્તિ રાખીને વ્યાખ્યાન વાંચતાં થયા. પૂ૦ શ્રી આત્મારામજી મહારાજ સંવેગી માર્ગમાં આવ્યા ત્યારે મુહપત્તિ સંબંધી પૂ. પં. રત્નવિજયજી ગણિ સાથે ચર્ચા થતાં તેમણે કહ્યું હતું કે-પરંપરાથી વ્યાખ્યાનસમયે મુહપત્તિ બાંધવી જોઈએ, એ વાત સત્ય છે, પરંતુ સ્થાનકવાસી પણામાં મેં આનું ખંડન કર્યું છે તેથી હું અહિં બાંધું અને ત્યાં ન બાંધું તો મારું અપ્રમાણિકપણું ઠરે, તેથી હું બાંધી શકતો નથી. આ ઉપરથી સમજવાનું કે વ્યાખ્યાનસમયે મુહપત્તિ બાંધવાની પ્રવૃત્તિ પરંપરાસિદ્ધ છે. પરંપરાના લક્ષણ માટે જુઓ ચૈત્યવંદન મહાભાષ્યનો પાઠ-

अनायमूला हिंसारहिया सुझाणजणणी य ।
सूरिपरंपरपत्ता सुतव्वपमाणमायरणा ॥ २५ ॥ शान्ति. चै. म. भा.

અર્થ:-જે પ્રવૃત્તિનું મૂલ અજ્ઞાત હોય એટલે આ પ્રવૃત્તિ કોણે ચાલુ કરી એ ખબર ન હોય, વળી હિંસા રહિત હોય, શુભધ્યાનને ઉત્પન્ન કરનારી અને આચાર્યોની પરંપરાથી આવેલ હોય તે આચરણા એટલે પ્રવૃત્તિ સૂત્રસમાન ગણાય.

સાધુઓ વ્યાખ્યાનસમયે મુહપત્તિ બાંધે છે અને બીજા સમયે ભણતી વખતે મુહપત્તિ કેમ બાંધતા નથી? એના ખુલાસામાં

જણાવવાનું કે-વ્યાખ્યાન યોગમુદ્રા અથવા પ્રવચનમુદ્રાએ આપવાનું છે. વળી અર્થની દેશના આપનાર આચાર્ય તીર્થંકર તુલ્ય ગણાય છે. તે માટે વ્યવહારભાષ્યનો નીચેનો પાઠ સાક્ષીરૂપ છે.

कहंतो गोयमो अत्थ मोत्तुं तीत्थगरं सयं ।
नवि उठ्ठेइ अन्नस्स तग्गयं चेव गम्मति ॥

**गाथा–२०२, व्यव० ६ उद्देशो**

**टीका**—न खलु भगवान् गौतमो अर्थं कथयन् स्वकमात्मीयं तीर्थकरं मुक्त्वा अन्यस्य कस्यापि उत्तिष्ठति, अभ्युत्थानं कृतवान्, तद्गतं चेदानीं सर्वैरपि गम्यते । तदनुष्ठितं सर्वमिदानीमनुष्ठीयते । ततोऽर्थं कथयन् न कस्याप्युत्तिष्ठति ॥

**અર્થઃ**-અર્થનું વ્યાખ્યાન કરનાર ભગવાન્ શ્રી ગૌતમસ્વામી પોતાના તીર્થંકરને મૂકીને બીજા કોઈ વડીલ આવે તો ઉઠતા નથી, તેમ આસનવડે સત્કાર પણ કરતા નથી, તેમનું અનુકરણ કરીને વર્તમાનકાળે અર્થનું વ્યાખ્યાન કરતા કોઈ ઊભા થતા નથી, ફક્ત પોતાના ગુરુ આવે તો જરૂર ઊભા થવું જોઈએ. આ ઉપરથી સમજવાનું કે-વ્યાખ્યાન આપનાર મુનિ તીર્થંકર સ્થાનીય છે. વળી વ્યાખ્યાન યોગમુદ્રા અથવા પ્રવચનમુદ્રાએ આપવાનું છે. યોગમુદ્રા એટલે કે બે કોણી પેટ ઉપર રાખીને બે હાથ જોડવા તે યોગમુદ્રા કહેવાય. અને આચારદિનકરમાં પ્રવચનમુદ્રાએ ધર્મદેશના આપવાનું કહ્યું છે. પ્રવચનમુદ્રા એટલે કે જમણા હાથના અંગૂઠાની સાથે તર્જની આંગળી જોડીને બાકીની આંગળીઓ વિસ્તારવી તે પ્રવચનમુદ્રા કહેવાય.

યોગમુદ્રામાં મુખથી હાથ છેટે જ રહે છે અને પ્રવચનમુદ્રામાં તો એક હાથમાં પાનાં અને બીજા હાથમાં પ્રવચનમુદ્રા જ હોય છે.

એટલે મુહપત્તિનો ઉપયોગ રહી શકતો જ નથી, તેથી વ્યાખ્યાન સમયે મોઢે મુહપત્તિ બાંધવાની જરૂર રહે છે. ન બાંધે તો સંપાતિમ જીવો તથા વાયુકાયની વિરાધના થાય, શ્રોતાઓ ઉપર થૂંક ઉડે તેમજ શ્રુતજ્ઞાનની આશાતના થાય છે તેથી પૂર્વાચાર્યની પરંપરાને અનુસારે વ્યાખ્યાન સમયે મોઢે મુહપત્તિ બાંધવામાં આવે છે. વ્યાખ્યાન સિવાય બીજા સમયે યોગમુદ્રાએ કે પ્રવચનમુદ્રાએ શાસ્ત્ર વાંચવાનું નથી. તેથી મુહપત્તિ હાથમાં રાખીને વાંચવામાં આવે છે અને વ્યાખ્યાન સિવાયના વખતમાં ભણતાં કે વાંચતાં સાધુને શાસ્ત્રકારે તીર્થંકર સ્થાનીય કહેલા નથી, તેથી તે વખતે મુહપત્તિ બાંધવાનું કંઇ પ્રયોજન નથી, એટલે તે સમયે મુહપત્તિ હાથમાં રખાય છે. શ્રી શીલાંકાચાર્યકૃત "વિધિપ્રપા" ગ્રંથમાં દેશનાધિકારમાં મોઢે મુહપત્તિ બાંધવાનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. આ રહ્યો તે પાઠ–

इच्छाकारेण तुब्भे अम्हं धम्मोवएसं दिएह, तओ गुरु आसणोवविट्ठो सुहगावरणधरो दाहिणपासट्ठियरयहरणो पउमासण पल्हट्ठियासणिओ वा भयवं कण्णमूलकयनासग्गनिवेसियहत्थग्गो जोगमुद्दाए पुलइयनयणो सुमहुरसरेण सव्वजाणवयबोहगामिणीए भयवत्तीए देसणं कुणइ ।

**ભાવાર્થ**:-હે ભગવન્! ઇચ્છાપૂર્વક આપ અમને ધર્મોપદેશ આપો. ત્યારપછી ગુરૂ શુભ વસ્ત્ર ધારણ કરી, આસન ઉપર બેસી, રજોહરણ જમણે પડખે રાખી, પદ્માસન વાળી, કાનના મૂળથી નાસિકાના અગ્રભાગ ઉપર મુહપત્તિ રાખી, હાથમાં યોગમુદ્રા ધારણ કરી, વિકસિત નેત્રે, મધુર સ્વરે, સર્વ લોકને બોધ કરવા માટે ધર્મદેશના આપે. આ પાઠમાં ગ્રંથકારે ધર્મદેશના આપવાની વિધિનું વિધાન સ્પષ્ટ રીતે દર્શાવેલ છે, એમાં અંશમાત્ર સંશય કરવાની જરૂર નથી. વિચારરત્નાકરના એક શ્લોકમાં પણ મુહપત્તિબંધનનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

कण्ठे सारसरस्वती हृदि कृपानीतिक्षमाशुद्धयो,
वक्त्राब्जे मुखवस्त्रिका सुभगता काये करे पुस्तिका ।
भूपालप्रणतिः पदे दिशि दिशि श्लाघाऽभितः संपदा,
इत्थं भूरिवधूवृतोऽपि विदितो यो ब्रह्मचारीश्वरः ॥१॥

અર્થ:–જેનાં કંઠમાં સરસ્વતી છે, હૃદયમાં દયા, નીતિ, ક્ષમા અને શુદ્ધિ છે, શરીરમાં સુભગતા છે, મુખ ઉપર મુખવસ્ત્રિકા ધારણ કરી છે, હાથમાં પુસ્તક છે, પગમાં રાજાઓ પ્રણતિ–નમસ્કાર કરે છે દિશે દિશામાં પ્રશંસા ફેલાયેલી છે, ચારે બાજુ સંપદા ફરી વળી છે–એવી રીતે ઘણી સ્ત્રીઓથી પરિવરેલ છતાં જે બ્રહ્મચારી તરીકે પ્રસિદ્ધ છે. આ શ્લોકમાં કવિએ આચાર્યની વ્યાખ્યાન વિષયક સ્થિતિનું વર્ણન આપ્યું છે.

હરિબલમચ્છિના રાસમાં પણ ધર્મદેશના સમયે મોઢે મુહપત્તિ બાંધવાની વાત આવે છે.

बीजे दिने रवि उगिओ, प्रगट्यो राग विभास ।
ककुभाए बाह पसारीया, कैरव कीध प्रकाश ॥१॥
देउल सघले वाजीया, झालरना झणकार ।
तास शब्द सुणतां थका, रजनी नाठी तिवार ॥२॥
सुलभबोधी जीवडा, मांडे निज खटकर्म ।
साधुजन मुख मुहपत्ति, बांधी कहे जिनधर्म ॥३॥

જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિ મહારાજ પણ વ્યાખ્યાનમાં મુહપત્તિ બાંધતા હતા. આ વાત કવિ ઋષભદાસકૃત 'હીરસૂરિરાસ'માં સ્પષ્ટ છે.

**હબિબલો એક પ્રશ્ન પૂછંતો, 'કપડા' કયું બંધેઈ?**
**થૂંક કિતાબ ઉપર જઇ લાગે, તેણે બાંધ્યા હૈ એહી ॥૨૧॥**

**હબિબલો ફીર એમ પૂછંતો, થૂંક પાક કે નાપાક ?**
**હીર કહે મુખમાં તવ પાકી. નીકલે તામ નાપાકી ॥ ૨૨ ॥**

શ્રી હીરસૂરિ મહારાજ ખંભાતમાં હતા ત્યારે ખંભાતનો સૂબો હબિબલો વ્યાખ્યાનમાં ગયેલો. તેણે પૂછ્યું. કે–તમે મોઢા ઉપર કપડું કેમ બાંધ્યું છે ? આચાર્ય મહારાજે જણાવ્યું કે–બોલતાં થૂંક પુસ્તક ઉપર ન લાગે તેથી કપડું બાંધ્યું છે. હબિબલે ફરી પૂછ્યું કે થૂંક પાક કે નાપાક ? ત્યારે હીરસૂરિ મહારાજ કહે છે કે થૂંક મોઢામાં હોય ત્યાં સુધી પાક–પવિત્ર છે. બહાર નિકળ્યા પછી નાપાક અપવિત્ર ગણાય. અહિં હબિબલાના પ્રશ્નના જવાબમાં પુસ્તક ઉપર થૂંક ન લાગે એ સિવાય મુહપત્તિ બાંધવાનું બીજું કોઇ કારણ જણાવ્યું નથી. પુસ્તક ઉપર થૂંક લાગવાથી શ્રુતજ્ઞાનની આશાતના થાય છે. 'શ્રુતજ્ઞાન' એ જ્ઞાનનો ભેદ છે અને જ્ઞાન એ મોક્ષનું અંગ છે. એની આશાતના તરફ ઉપેક્ષા સેવવામાં આવે તો મોક્ષમાર્ગનું આરાધકપણું રહેતું નથી, તેથી શ્રુતજ્ઞાનની આશાતનાનું ફળ દર્શાવતાં શાસ્ત્રકાર કહે છે કે–

तित्थयरं–पवयण–सुयं–आयरियं–गणहरं–महड्ढियं ।
आसायंतो बहुसो, अणंतसंसारिओ होइ ॥२१॥

कुर्वन्नाशातनामर्हद्वाचां, सत्यसुधामुचाम् ।
प्राप्नुयादधिकं पापमाचार्यादेर्वधादपि ॥२२॥

महामोहतमोऽन्धानां, भ्रमतां भववर्त्मनि ।
श्रीजिनागमदीपोऽयं, प्रकाशं कुरुतेऽङ्गिनाम् ॥२३॥

अन्धयारे दुरुत्तारे, घोरे संसारसागरे ।
एसो चेव महादीवो, लोयालोयविलोयणो ॥ १ ॥

एसो नाहो आणाहाणं, सब्बभूआणं भावओ ।
भावबन्धू इमो चेव, सब्बसुक्खाण कारणम् ॥ २ ॥

અર્થઃ-તીર્થંકર, પ્રવચન, શ્રુતજ્ઞાન, આચાર્ય, ગણધર, મહર્દ્ધિક દેવ એઓની ઘણી વાર આશાતના કરનાર જીવ અનંત-સંસારી થાય છે. મહામોહરૂપ અંધકારથી અન્ધ બનેલા અને સંસારમાર્ગને વિષે પરિભ્રમણ કરતાં એવા જીવોને જિનેશ્વર દેવના આગમદીપકની માફક પ્રકાશ આપે છે. જેને માટે કહ્યું છે કે-દુરુત્તાર, ભયાનક અને અંધકારમય સંસાર-સમુદ્રને વિષે લોક અને અલોકના ભાવ જણાવનાર આ જિનાગમ જ મહાદીપક છે, આ જિનાગમ અનાથોનો નાથ છે, સર્વ પ્રાણીઓનો ભાવબન્ધુ છે અને સર્વસુખનું કારણ છે, આ પંચમ કાલમાં જિનાગમ અને જિનપ્રતિમા જ સંસાર સમુદ્ર તરવાના સાધન છે. એ બેમાં જિનાગમ ચડીયાતું છે. જિનવાણીનું મહત્ત્વ સમજાવતાં શાસ્ત્રકાર કહે છે કે-

संप्रत्यस्ति न केवली कलियुगे त्रैलोक्यरक्षामणिः ।
तद्वाचः परमास्त्रयन्ति भरतक्षेत्रे जगद्द्योतिका ॥
सद्रत्नत्रयधारिणो यतिवराः तासां समालम्बनम् ।
तत्पूज्या जिनवाक्यपूजनतया साक्षाज्जिनः पूजितः ॥१॥

અર્થ:-વર્તમાનકાલે કલિયુગમાં ત્રણ લોકની રક્ષા કરવામાં સમર્થ એવા કેવલિ ભગવાન તો નથી, પણ જગતમાં પ્રકાશ કરનારી તેમની વાણી ભરતક્ષેત્રમાં વિસ્તરે છે. અને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીને ધારણ કરનારા ઉત્તમ મુનિઓને પણ કેવલી ભગવાનની વાણીનું જ આલંબન છે, માટે મુનિઓને પૂજ્ય એવી જિનવાણીનો આદરસત્કાર કરવાથી સાક્ષાત્ જિનેશ્વરદેવની પૂજાનો લાભ મળે છે. આ ઉપરથી સમજાય છે કે જિનપ્રતિમા કરતાં જિનેશ્વર દેવના મુખમાંથી નિકળેલ વાણી વધુ ચઢિયાતી છે. હવે વિચારવાનું એ રહે છે કે-જિનપ્રતિમાની પૂજા કરતી વખતે મુખનું થૂંક કે શ્વાસ જિનપ્રતિમાને ન લાગે એટલા માટે શ્રાવકને અષ્ટપડો મુખકોશ બાંધ-

વાનું શાસ્ત્રકાર કહે છે. પૂજા તો મૌનપણે પણ થઈ શકે છતાં મુખકોશ બાંધવો પડે છે. વળી ગુરુની સેવા કરતી વખતે પણ શ્રાવકને 'આચારોપદેશ'માં વસ્ત્રથી મુખ ઢાંકવાનું કહ્યું છે:—

वस्त्रावृतमुखो मौनी, हरन् सर्वाङ्गिजं श्रमम् ।
गुरुं संवाहयेद्यतना-त्पादस्पर्शं त्यजन् निजम् ॥१०॥

**અર્થ**:—શ્રાવક, ગુરૂના શરીરને પોતાના મુખનું થૂંક શ્વાસ ન લાગે તે માટે વસ્ત્રથી મુખ ઢાકી, મૌન રાખી, શરીરના થાકને હરતો અને યતનથી પોતાના પગના સ્પર્શને તજતો ગુરુની સેવા કરે

સાધુને પણ વસતીનું પ્રમાર્જન કરતી વખતે શાસ્ત્રકારે મુહપત્તિ બાંધવાનું કહ્યું છે, તો પછી ધર્મદેશના મોઢે મુહપત્તિ બાંધ્યા વિન કેમ અપાય? શ્રુતજ્ઞાનની આશાતના દૂર કરવાને અને જીવદયાને માટે જ પૂર્વાચાર્યો ધર્મદેશના સમયે મોઢે મુહપત્તિ બાંધતાં હતા અને બાંધવી જોઈએ.

ધર્મશાસ્ત્ર વાંચતી વખતે મોઢે મુહપત્તિ કે કપડું બાંધવાનો રિવાજ જૈન અને જૈનેતર ધર્મમાં હતો એમ પંડિત સુખલાલજી પણ પોતાની સંમતિતર્કની ગુજરાતી પ્રસ્તાવનામાં લખે છે—

જૈન સાધુઓમાં કેટલાકનો એવો રિવાજ છે કે માત્ર સભામાં કથા કરતી વખતે મોઢે મુહપત્તિ બાંધવી.

મંત્રોચ્ચાર કરતી વખતે પારસી અધ્વર્યુમાં મોઢે કપડું બાંધવાની પ્રથાનું, સાંખ્ય પરાવ્રિજકોમાં મોઢા આગળ લાકડાની પટ્ટી રાખવાની પ્રથાનું અને સ્વામિનારાયણ સંપ્રદાયની શરૂઆતમાં વાંચતી વખતે મુખવસ્ત્ર રાખવાની પ્રથાનું મૂળ એક જ લાગે છે કે વિદ્યાર્થી કે શ્રોતા ઉપર વ્યાખ્યાતા કે વક્તાનું થૂંક ન પડે.

સાંખ્યદર્શનમાં પણ જીવદયા નિમિત્તે લાકડાની મુખવસ્ત્રિકા રાખવાનું કહ્યું છે.

तेषां च महाभारते बीटेतिख्याता दारवी मुखवस्त्रिका मुखनिश्वास निरोधिका भूतानां दया निमित्तं भवति यदाहुस्ते-घ्राणादितोऽनुयातेन श्वासेनैकेन जन्तवः ॥ हन्यते शतशो ब्रह्मन्नणुमात्राक्षरवादिनाम् ॥१॥

**ભાવાર્થ**—તેઓના મહાભારતને વિષે **બીટા** એ નામથી પ્રસિદ્ધ લાકડાની મુખ વસ્ત્રિકા કહેલી છે, જે મુખના શ્વાસનો રોધ કરનારી જીવોની દયા નિમિતે હોય છે, જેને માટે તેઓ કહે છે કે, હે બ્રહ્મન્ **અણુ** માત્ર એટલો અક્ષર બોલનારના નાકમાંથી નીકળેલ એક શ્વાસવડે સેંકડો જીવો હણાય છે, એટલે જીવદયા નિમિતે તેઓ પણ મુહપત્તિ રાખે છે. આ વાત ષડ્દર્શન સમુચ્ચયમાં ગુણરત્નસૂરિએ લખેલ છે ષડ્દર્શન ટીકા પત્ર ૩૮ ॥

ઈ. સ. પૂર્વે ચોથા સૈકામાં ભારત પર ચડી આવેલ બાદશાહ સિકંદરનો સેનાપતિ નિઆર્કસ પોતાના યુદ્ધવૃત્તાન્તમાં લખે છે કે 'ભારતવાસી લોકો રૂને કૂટી કૂટીને કાગળ બનાવતાં.' આં ઉપરથી આપણે ત્યાં કાગળ બનાવવાનો પ્રયોગ પણ ઘણો પ્રાચીન જણાય છે.

પ્રાચીન ભંડારોમાં ચોથા અને પાંચમાં સૈકાની લખેલી પ્રતો મળી શકે છે એટલે સાધુઓને તાડપત્રની પ્રતો લઈને વ્યાખ્યાન વાંચવું પડતું હતું અને તેને લીધે મુહપત્તિ બાંધતા હતા—આ વાત તો પાયા વગરની લાગે છે; કારણ કે આપણા દેશમાં કાગળ બનાવવાનો ઉદ્યોગ તો ઇસ્વીસન પહેલાંથી ચાલુ છે એટલે વ્યાખ્યાનને લાયક કાગળ ઉપર લખેલી પ્રતો નહોતી અને તાડપત્રની પ્રતો બે હાથે પકડીને વ્યાખ્યાન વાંચવું પડતું અને એટલે જ મુહપત્તિ બાંધવાનું પ્રયોજન હતું એ કથન નિરાધાર ઠરે છે. વ્યાખ્યાન યોગમુદ્રા કે

પ્રવચનમુદ્રાએ આપવાનું છે તેથી એ હાથે પાના પકડીને વ્યાખ્યાન વાંચવાની વાત રહેતી જ નથી.

મુહપત્તિ ચર્ચાને પરિણામે પરંપરાથી વ્યાખ્યાન સમયે મોઢે મુહપત્તિ બાંધવાની વાત સિદ્ધ થઈ ત્યારે પૂ શ્રી બુટેરાયજી મહારાજ શ્રીના શિષ્ય પૂ. શ્રી નીતિવિજયજી મહારાજે કહ્યું કે–આપશ્રી સ્થાનકવાસી સંપ્રદાયમાંથી આવ્યા છો તેથી આપ મુહપત્તિ ન બાંધો, પરંતુ હું તો સ્થાનકવાસી સંપ્રદાયમાંથી આવેલ નથી તો આપશ્રી જો આજ્ઞા આપો તો હું મુહપત્તિ બાંધું. પછી પૂ. શ્રી બુટેરાયજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂજ્ય મહારાજશ્રી નીતિવિજયજી મહારાજ વ્યાખ્યાનસમયે મોઢે મુહપત્તિ બાંધતા હતા. તેમના શિષ્ય પૂ. શ્રી સિદ્ધિવિજયજી મ૦ પૂ. શ્રી હરખવિજયજી મ૦ અને મુનિરાજશ્રી દીપવિજયજી મ૦ પણ મુહપત્તિ બાંધતા હતા એમ સંભળાય છે. એટલે ગુરૂએ ન બાંધી તેથી શિષ્યો પણ ન બાંધે તેવો કોઈ નિયમ નથી.

આ ટૂંકા નિબંધનો સારાંશ એ છે કે–સાધુ–મુનિરાજે વ્યાખ્યાન વાંચતી વખતે મુહપત્તિ મુખ પર બાંધીને કાનના છિદ્રમાં ભરાવવી એ ગીતાર્થ પરંપરા ગત આચરણા જ છે.

**વ્યાખ્યાનમાં મોઢે મુહપત્તિ બાંધવા વિષે આચાર્યશ્રી વિજયાનંદસૂરિ–આત્મારામજી મહારાજ તરફથી સુરત મુનિશ્રી આલમચંદજી મહારાજ ઉપર લખાએલ પત્રની અક્ષરશઃ નકલ નીચે આપવામાં આવે છે.**

श्री

मु. सुरत બંદર

मुनिश्री आलमचन्दजी योग्य लि० आचार्य महाराज श्री श्री श्री १००८ श्रीमद् विजयानंदसूरीश्वरजी (आत्मारामजी) महाराजजी आदि साधुमंडल ठाने ७ के तर्फ से वंदणानुवंदणा १००८ बार वांचनी. चिठ्ठी तुमारी आइ समंचार सर्व जाणे है यहां सर्व साधु सुखसातामें हैं तुमारी सुखसाताका समंचार लिखना. मुहपत्ति विशे हमारा कहना इतना हि है कि मुहपत्ति बंधनी अच्छी है और घणे दिनोंसे परंपरा चली आइ है इनको लोपना यह अच्छा नहीं है. हम बंधनी अच्छी जाणते है परंतु हम ढुंढीअे लोकमेंसे मुहपत्ति तोडके नीकले है इस वास्ते हम बंध नही सक्ते है और जो कदी बंधनी इच्छोअे तो वहां बडी निंदा होती है और सत्य धर्ममें आये हुअे लोकोंके मनमें हीलचली हो जावे इस वास्ते नही बंध सक्ते है सो जाणना अपरंच हमारी सलाह मानते हो तो तुमकों मुहपत्ति बंधनेमें कुच्छ भी हानी नहीं हैं क्योंकि तुमारे गुरु बंधते है और तुम नही बंधो यह अच्छी बात नही है. आगे जैसी तुमारी मरजी. हमने तो हमारा अभिप्राय लिख दीया है सो जाणना और हमकों तो तुम बांधो तो भी वैसा हो और नही बांधो तो भी वैसे ही हो परंतु तुमारे हितके वास्ते लिखा है, आगे जैसी तुमारी मरजीं. १९४७ कत्तक वदि ०)) वार बुध दसखत वल्लभविजयकी वंदना वांचनी. दीवालीके रोज दश बजे चिट्ठी लिखी है.

卐

॥ श्री वर्द्धमान-सत्य-नीति-हर्षसूरि जैनग्रन्थमाला नं २०॥

॥ ॐ अर्हं नमः ॥

चान्द्रकुल तपागच्छ संविग्नशाखाग्रणी सुविहित आचार्यश्री
विजय नीति-हर्षसूरि सद्गुरुभ्यो नमः ॥

श्री महामहोपाध्याय क्षमाकल्याण गणिविरचित

# प्रश्नोत्तर सार्धशतक

## गुजराती-अनुवाद

અનુવાદક : આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરિમહારાજ

---

### मंगलाचरण

श्री सर्वज्ञं नत्वा स्मृत्वा पञ्चमगणेशितुर्वाचः ॥
प्रश्नोत्तर सार्धशतं वक्ष्ये सिद्धान्तसंबद्धम् ॥१॥
प्राचीनेषु प्रायः शतकादिषु संति केऽपि ये नार्थाः ॥
सद्यः स्वपरस्मृतये संगृह्यन्तेऽत्र ते लेशात् ॥२॥

ભાવાર્થ-શ્રીસર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કરી અને પંચમ ગણધર સુધર્માસ્વામીની વાણીનું સ્મરણ કરીને સિદ્ધાન્તની સાથે સંબંધવાળું પ્રશ્નોત્તર સાર્ધશતક નામક ગ્રન્થને કહીશું. પ્રાયઃ પ્રાચીન સમયસુંદર ઉપાધ્યાય વિર-

ચિત વિશેષશતક-વિશેષસંગ્રહ-સામાચારી શતકાદિ ગ્રન્થોને વિષે જે અર્થોનો સંગ્રહ કર્યો નથી તે અર્થોનો સંગ્રહ આ પ્રશ્નોત્તર સાર્ધશતક ગ્રન્થમાં કરવામાં આવેલ છે

પ્ર૦—(૧) સમવસરણમાં રહેલ ભગવાન્ કયા આસને બેસીને ધર્મદેશના આપે? શું પદ્માસને કે કોઈ બીજા આસને?

ઉ૦—આ વિષયમાં કેટલાક આચાર્યો જિનમંદિરમાં દેખાતાં આસનને જ જિનેશ્વરના આસનનું સ્વરૂપ કહે છે. પરંતુ આ તો એક લોકવ્યવહાર છે, નિશ્ચયથી તો ભગવાન્ પાદપીઠ ઉપર પગ સ્થાપન કરી સિંહાસન ઉપર બેસીને યોગમુદ્રાએ હાથ ધારણ કરી ધર્મદેશના કરે છે. એ જ કારણ માટે ભગવાન્‌ના પ્રતિરુપ તેમના સરખા હોવાથી આચાર્યો પણ પ્રાયે એજ મુદ્રાએ વ્યાખ્યાન કરે છે. કેવલ તેઓ મુખવસ્ત્રિકા ધારણ કરે એટલું વિશેષ છે.

**यदुक्तं-चैत्यवंदनमहाभाष्ये जं पुण भणंति केई ओसरणे जिणसरूवमेयं तु ॥ जणववहारो एसो परमत्थो एरिसो एत्थ ॥५३॥ सिंहासणे निसन्नो पाए ठविउण पायपीढंमि करधरिय जोगमुद्दो जिणनाहो देसणं कुणइ ॥५४॥ तेणं चिय सूरिवरा कुणंति वक्खाणमेय मुद्दाए जं ते जिणपडिरूवा धरंति मुहपोत्तियं नवरं ॥५५॥**

આ પ્રમાણે સમવસરણમાં ભગવાન્‌ના આસનનો વિચાર દર્શાવેલ છે.

પ્ર૦—(૨) ભગવાન્ ધર્મદેશનાના આરંભમાં કોને નમસ્કાર કરે છે?

ઉ૦—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાને-ચતુર્વિધ સંઘરૂપ તીર્થને **नमो तित्थस्स** એ પદથી નમસ્કાર કરે છે ॥ ૨ ॥

પ્ર૦—(૩) ભગવાન્ દીક્ષા ગ્રહણ સમયે કોને નમસ્કાર કરે છે?

ઉ૦—ભગવાન્ દીક્ષા ગ્રહણ કરે તે સમયે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે તે સમયે તેમને તે જ યોગ્ય હોય છે. આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં કહ્યું છે કે—

**तओ णं से समणे भगवं महावीरे पंचमुट्ठियं लोयं करेत्ता सिद्धाणं नमोक्कारं करेइ इत्यादि ॥**

ત્યારપછી તે શ્રમણ ભગવાન્ મહાવીર પંચમુષ્ટિ લોચ કરીને સિદ્ધને નમસ્કાર કરે છે. ॥ ૩ ॥

પ્ર૦—(૪) વીરપ્રભુની પ્રથમ દેશનામાં કોઈપણ પ્રતિબોધ ન પામ્યો તો તે દેશનામાં ચાર નિકાયના દેવો જ હતા કે મનુષ્યો વિગેરે પણ હતા?

ઉ૦—શ્રી કલ્પવૃત્તિ, શ્રી સ્થાનાંગવૃત્તિ, શ્રી પ્રવચનસારોદ્ધારબૃહદ્‌વૃત્તિનાં અભિપ્રાય પ્રમાણે તો મનુષ્ય અને તિર્યંચો પણ હતા. કેવલ દેવતા જ ન હતાં.

**तथा च तद्वृत्तिपाठः-दशाश्चर्यद्वारे, श्रूयते हि भगवतः वर्धमानस्वामिनो जृम्भिकग्रामाद्बहिः समुत्पन्न-**

निस्सपत्नकेवलालोकस्य तत्कालसमायातसंख्याऽतीतसुर-विरचितचारुसमवसरणस्य भूरिभक्तिकुतूहलाकुलित-मिलिताऽपरिमिताऽमरनरतिरश्चां स्वस्य भाषानुसारिणा महाध्वनिना धर्मकथां कुर्वाणस्यापि न केनचिद् विरतिः प्रतिपन्नाः केवलं स्थितिपालनायैव धर्मकथाऽभूत् इत्यादि । इत्थमेव श्रीमदभयदेवसूरिकृतस्थानांगवृत्तिपाठोऽपि बोध्यः, श्रीहरिभद्रसूरिकृताऽवश्यकबृहद्वृत्त्याभिप्रायेण तु तदा देवा एवाजग्मुर्न तु मनुष्यादयस्तथा च संक्षेपतस्तत्पाठः—भगवतो ज्ञानरत्नोत्पत्तिसमनन्तरमेव देवाश्चतुर्विधा उपगता आसन् तत्र प्रव्रज्यादिप्रतिपत्ता न कश्चिद् विद्यते, इति भगवान् विज्ञाय विशिष्टधर्मकथनाय न प्रवृत्तवान् इत्यादि यावत् ततो ज्ञानोत्पत्तिस्थाने मुहूर्तमात्रं देवपूजां जीतमिति कृत्वाऽनुभूय देशनामात्रं कृत्वा, असंख्यदेवकोटिपरिवृतो रात्रौ एव विहृत्य द्वादशयोजनान्यतिक्रम्याऽपापापुर्याः, समीपे महसेनवनं प्राप्तः इत्यादि, श्रीमदाचारांगद्वितीय-श्रुतस्कंधे षष्ठाध्ययने पुनरयं पाठः—तओ णं समणे भगवं महावीरे उत्पन्ननाणदंसणधरे पुव्वं देवाणं धम्ममाइक्खइ तओ पच्छा मणुस्साणं तओणं गोयमाईणं समणाणं इत्यादि ।

ભગવાન્ વર્ધમાનસ્વામીને જૃંભિક ગામની બહાર અસાધારણ અદ્વિતીય કેવલજ્ઞાનને પ્રકાશ ઉત્પન્ન થયો તે

સમયે આવેલ અસંખ્ય દેવોએ સમવસરણ રચ્યું, ઘણી ભક્તિ અને કુતૂહલપૂર્વક મળેલા અસંખ્ય દેવ, મનુષ્ય અને તિર્યંચોને પોતપોતાની ભાષાને અનુસરનારી મહાધ્વનિવડે ધર્મકથા કરવા છતાં તે દેશનાથી કોઈએ વિરતિ ગ્રહણ કરી નહિ, કેવલ સ્થિતિ આચારનાં પાલન માટે જ ધર્મકથા થઈ હતી. આ જ પ્રમાણે શ્રી સ્થાનાંગની ટીકામાં પણ જાણવું. હરિભદ્રસૂરિકૃત આવશ્યકસૂત્રની મોટી ટીકાના અભિપ્રાય પ્રમાણે તો તે સમયે ભગવંતની પાસે દેવો જ આવ્યા હતા. મનુષ્યો વગેરે ન હતા. ભગવાન્‌ને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી તરત જ ચાર પ્રકારના દેવો જ આવ્યા હતા. તેમાં દીક્ષાદિ ગ્રહણ કરનાર કોઇ નથી એમ જાણીને ભગવાને વિશિષ્ટ ધર્મકથા ન કરી ઇત્યાદિ, ત્યાર પછી જ્ઞાનોત્પત્તિસ્થાને એક મુહૂર્તમાત્ર **देवपूज्जां जीतमिति** સમવસરણની રચના એ દેવોની પૂજા છે. એમ કહી અનુભવીને અસંખ્ય દેવોથી પરિવરેલા ભગવાન્ રાત્રિમાં જ બાર યોજનનો વિહાર કરી અપાપાનગરીની સમીપ મહસેન વનમાં આવ્યા. આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં પણ આ પાઠ છે. ત્યાર પછી શ્રમણ ભગવાન્ મહાવીર ઉત્પન્ન થયેલ જ્ઞાન દર્શનને ધારણ કરનાર પ્રથમ દેવોને ધર્મ કહે છે. પછી મનુષ્યોને, પછી ગૌતમાદિ સાધુઓને ધર્મ કહે છે. એનું ખરૂં તત્ત્વ શું તે તો બહુશ્રુત કે કેવલીઓ જાણે.

**શંકા**—જો ભગવાનની પ્રથમ દેશનામાં દેવો જ આવ્યા હતા તો એમાં આશ્ચર્ય જેવું શું છે? મનુષ્યાદિના અભાવે

વિરતિ કોણ ગ્રહણ કરે? **સમાધાન**-કેવલ દેવતા હોય તો તેમાં આશ્ચર્ય તો છે જ કેમકે દેવોમાં પણ મિથ્યાત્વની વિરતિ અને સમકિત્વની પ્રાપ્તિ તો હોય છે. તે સમયે તે પણ થઈ નથી માટે આશ્ચર્ય જાણવું. જેને માટે આવશ્યક સૂત્રની મોટી ટીકામાં કહ્યું છે કે-ભગવાન્ ધર્મ કહે છે તે મનુષ્ય સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ, સામયિક, શ્રુત-સામાયિક એ ચારમાંથી કોઈપણ વિરતિને ગ્રહણ કરે, તિર્યંચની સ્ત્રી સર્વવિરતિ છોડીને સમ્યક્ત્વ સામાયિક શ્રુતસામાયિકને ગ્રહણ કરે, જો મનુષ્ય કે તિર્યંચોમાંથી કોઈપણ વિરતિને ગ્રહણ કરનાર ન હોય તો દેવોમાં અવશ્ય સમ્યક્ત્વને ગ્રહણ કરનાર હોય છે, આ પ્રમાણે વીરપ્રભુની પ્રથમ દેશનામાં મનુષ્યોનો આગમન અને અનાગમનનો વિચાર જાણવો.

પ્ર૦—(૫) સમવસરણમાં ભગવાન્‌ને વંદન કરવા માટે આવેલા દેવોના વાહનો ત્રીજા ગઢની ભૂમિમાં સંલગ્ન હોય કે અસંલગ્ન એટલે ભૂમિને અડકે કે નહીં?

ઉ૦—સમવસરણમાં દેવોના વાહનો ત્રીજા ગઢની ભૂમિને ન અડકે-અદ્ધર જ રહે-ભગવતી સૂત્રના ત્રીજા શતકનાં પહેલા ઉદ્દેશોમાં તામલી તાપસના અધિકારમાં કહ્યું છે કે-

**समवसरणे देवयानानि भूमावलग्नानि स्युरित्यादि ।५।।**

પ્ર૦—(૬) સમવસરણમાં કેવલીયો ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરીને **नमस्तीर्थाय** આ પ્રમાણે કહીને બેસે છે,

તેમાં તીર્થ શબ્દથી પ્રથમ ગણધર કહેવાય કે ચતુર્વિધ સંઘાદિ?

ઉ૦—ત્યાં તીર્થ શબ્દનો પ્રથમ ગણધર જ અર્થ જાણવો; બીજો કોઇ નહિ. શ્રી મલયગિરિસૂરિ મહારાજે બૃહત્કલ્પની ટીકામાં એમ જ કહેલ છે. આ પ્રમાણે કેવલીયો પણ પ્રથમ ગણધરને વચનવડે નમસ્કાર કરે છે ।।૬।।

પ્ર૦-(૭) સમવસરણમાં ગણધર અને કેવલી મુનિઓ કયા ક્રમથી બેસે અને કોણ ઊભા રહીને સાંભળે?

ઉ૦—બૃહત્કલ્પના પહેલા ખંડમાં સમવસરણના અધિકારમાં આ વાત વિસ્તારથી કહેલ છે.

तथा च तत्पाठः—आयाहिण पुव्वमुहो तिदिसिं पडिरूवगा उ देवकया ॥ जेट्ठगणी अण्णो वा दाहिणं पुव्वे अदूरंमि ॥१॥

અર્થ—ભગવાન્ ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરીને પૂર્વદિશાની સન્મુખ સિંહાસન ઉપર બેસે છે. જે દિશામાં ભગવન્તોના મુખ નથી હોતા તે ત્રણે દિશામાં તીર્થંકરના આકારને ધારણ કરનાર, સિંહાસન-ચામર-છત્ર-ધર્મચક્રથી અલંકૃત દેવોના કરેલા પ્રતિબિંબ થાય છે, તેમજ બધા લોકો એમ જાણે છે કે --ભગવાન્ અમારી આગળ ધર્મ કહે છે. ભગવાનનું પાદમૂલ એટલે ભગવાનની પાસે જઘન્યથી એક ગણી અથવા એક ગણધર તો અવશ્ય હોય તે પ્રથમ ગણધર કે બીજા પણ હોય, પ્રાયઃ જ્યેષ્ઠ જ હોય. તે જ્યેષ્ટ

ગણી અથવા અન્ય સમવસરણના પૂર્વ દ્વારથી પ્રવેશ કરીને દક્ષિણ-પૂર્વ એટલે અગ્નિ કોણના ભાગને વિષે નજીકમાં જ ભગવાન્‌ને નમસ્કાર કરીને પ્રથમ ગણધરની પાછળ અને અને પડખે બેસે છે.

**શંકા**-તીર્થંકરનું રૂપ તો ત્રણે ભુવનમાં ચડીયાતું હોય છે, તો દેવોએ કરેલ પ્રતિબિંબોના રૂપની સાથે સમાનતા હોય કે અસમાનતા ! **સમાધાન**-**जे ते देवेहिं कया तिदिसिं पडिरुवगा जिणवरस्स ॥ तेसिंपि तप्पभावा तयाणुरुवं हवइ रुवं ॥ ॥**

**અર્થ**-જે તે દેવોએ ત્રણ દિશામાં જિનેશ્વરના પ્રતિબિંબો કર્યા છે, તે પ્રતિબિંબોના રૂપ પણ તીર્થંકરના પ્રભાવથી તીર્થંકરના રૂપને અનુસરતા હોય છે.

ભગવાનના સમવસરણમાં જેઓ જે પ્રકારે બેસે છે, તે વાત સંગ્રહરૂપ ગાથાથી કહીએ છીએ

**तित्थाइ सेस संजय देवी वेमाणियाण समणीओ ॥**
**भवणवइ-वाणवंतर-जोइसियाण च देवीओ ॥१॥**

**અર્થ**—તીર્થ એટલે ગણધર તેમના બેઠા પછી અતિશય જ્ઞાનવાળા સાધુઓ બેસે છે, ત્યારપછી વૈમાનિક દેવોની દેવીઓ બેસે, ત્યારપછી સાધ્વીઓ બેસે, પછી ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષીની દેવીઓ બેસે છે. આ જ વાત વિશેષથી સ્પષ્ટ કરીએ છીએ.

**केवलिणो तिउणं जिणं तित्थपणामं च मग्गतो तस्स ॥**
**मणमाई वि णमंता वयंति सट्ठाण सट्ठाणं ॥१॥**

**અર્થ**–કેવલિયો સમવસરણના પૂર્વદિશાના દ્વારવડે પ્રવેશ કરીને જિનેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરી **नमस्तीर्थाय** આ વચનવડે તીર્થને પ્રણામ કરી પ્રથમ ગણધરરૂપ તીર્થ તેની અથવા બીજા ગણધરોની પાછળ દક્ષિણ–પૂર્વ એટલે અગ્નિકોણમાં બેસે છે. મનઃપર્યાય જ્ઞાનીઓ અને આદિ શબ્દથી અવધિજ્ઞાનીઓ, ચતુર્દશ પૂર્વધરો, દશ પૂર્વીઓ, નવપૂર્વીઓ આમર્ષ ઔષધ્યાદિ વિવિધ લબ્ધિવાલા મુનિઓ પૂર્વદિશાના દ્વારથી પ્રવેશ કરી ભગવાનને ત્રણ પદક્ષિણા કરી નમસ્કાર કરી,

**नमस्तीर्थाय नमो गणधरेभ्यो नमः केवलिभ्यः**

એમ કહીને કેવલીયોની પાછળ બેસે છે, બાકીના સાધુઓ પૂર્વ દિશાના દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરી વંદન કરી નમસ્તીર્થાય

**नमो गणभृद्भ्यो, नमः केवलिभ्यो, नमो अतिशय ज्ञानिभ्यः**

આ પ્રમાણે કહી અતિશયવાલા મુનિયોની પાછળ બેસે છે, એ પ્રમાણે મનઃપર્યય જ્ઞાની આદિ મુનિઓ નમસ્કાર કરતા પોતપોતાના સ્થાને જાય, તેમજ વૈમાનિક દેવની દેવીઓ પૂર્વદિશાના દ્વારથી પ્રવેશ કરી, ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કરી, **नमस्तीर्थाय, नमः सर्वसाधुभ्यः** આ પ્રમાણે કહી સામાન્ય સાધુઓની પાછળ ઊભી રહે છે બેસતી નથી. સાધ્વીઓ પણ પૂર્વદિશાના દ્વારથી પ્રવેશ કરી

તીર્થંકરને પ્રદક્ષિણા કરી, નમસ્કાર કરી, તીર્થને અને સાધુઓને નમસ્કાર કરી વૈમાનિક દેવીઓની પાછળ ઊભી રહે છે, બેસતી નથી. ભવનપતિની દેવીઓ, જ્યોતિષીની દેવીઓ, વ્યંતરની દેવીઓ દક્ષિણ દિશાના દ્વારથી પ્રવેશ કરી, તીર્થંકરાદિને નમસ્કાર કરી દક્ષિણ પશ્ચિમાદિક એટલે નૈઋત્ય કોણમાં અનુક્રમે ઊભી રહે છે.

भवणवई जोइसिया बोद्धवा वाणमंतरसुरा य ॥
वेमाणियाय मणुया पयाहिणं जं च निस्साए ॥१॥

અર્થ–ભવનપતિ, જ્યોતિષ્ક, વાનવ્યંતર. આ દેવો ભગવંતને વંદન કરી અનુક્રમે પાછળ ઉત્તર પશ્ચિમે દિગ ભાગે એટલે વાયવ્યકોણમાં ઊભા રહે છે. વૈમાનિક દેવો મનુષ્યો અને મનુષ્યની સ્ત્રીઓ, ભગવાનને પ્રદક્ષિણા કરી તીર્થંકરાદિને વંદન કરી ઉત્તર પૂર્વ દિગ્ભાગ એટલે ઈશાન કોણમાં અનુક્રમે ઊભી રહે છે.

जं च निस्साए त्ति य परिवारो

જે દેવ યા મનુષ્ય જેની નિશ્રા કરીને આવેલ હોય તેની જ પાસે ઊભો રહે છે. આ પ્રમાણે આવશ્યક સૂત્રની ટીકામાં પણ કહ્યું છે. પરંતુ તેમાં એટલો પાઠ વિશેષ છેઃ-

अत्र च मूलटीकाकारेण भवनपतिज्योतिष्क–व्यन्तर-देवीनां भवनपतिज्योतिष्क–व्यन्तर–वैमानिकदेवानां मनुष्याणां मनुष्यस्त्रीणां च स्थानं निषीदनं वा स्पष्टाक्षरैर्नोक्तं स्थानमात्रमेव प्रतिपादितं ।

અર્થ– આ સ્થળે મૂલ ટીકાકારે ભવનપતિ, જ્યોતિષ્ક વ્યંતર દેવીઓનું તથા ભવનપતિ, જ્યોતિષ્ક, વ્યંતર તથા વૈમાનિક દેવો અને મનુષ્યો તથા તેમની સ્ત્રીઓને માટે ઊભા રહેવું કે બેસવું તે વાત સ્પષ્ટ કરી નથી, માત્ર સ્થાન જ કહ્યું છે. પૂર્વાચાર્યોના ઉપદેશથી લખાયેલ પટ્ટિકા અને ચિત્રોથી બધી દેવીઓ બેસતી નથી. દેવ. પુરુષો અને સ્ત્રીઓ બેસે છે. આચારાંગ સૂત્રની ટીકામાં છઠ્ઠા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં પણ આ અધિકાર લેશથી બતાવેલ છે.

तथा उत्थिता द्रव्यतो भावतश्च तत्र द्रव्यतः शरीरेण भावतो ज्ञानादिभिः तत्र स्त्रियः, समवसरणस्था उभयथाप्युत्थिता शृणवन्ति पुरुषास्तु द्रव्यतो भाज्या भावोत्थितानां तु धर्ममावेदयत्युत्तिष्ठासूनां च देवानां तिरश्चां च येऽपि कौतुकादिना शृणवन्ति तेभ्योऽप्याचष्टे इति

અર્થ–જે પ્રકારે દ્રવ્યથી અને ભાવથી ઉઠેલા હોય તેમાં દ્રવ્યથી શરીરવડે ઊભા રહેલા હોય અને ભાવથી જ્ઞાનાદિ ગુણોવડે તૈયાર હોય–યુક્ત હોય, તે સમવસરણમાં રહેલી સ્ત્રીઓ તો દ્રવ્ય અને ભાવથી ઊભી ઊભી જ ધર્મ સાંભળે છે. પુરુષોને માટે દ્રવ્યથી ભજના જાણવી· ઊભા પણ સાંભળે છે અને બેઠા પણ સાંભળે છે. ભાવથી જેઓ ધર્મ સાંભળવાને માટે તૈયાર થયા હોય તેમને તો ભગવાન્ ધર્મ કહે છે પણ ધર્મ સાંભળવા માટે ઊભા થવાની ઈચ્છાવાળા દેવો અને તિર્યંચોને તથા જે કૌતુકથી સાંભળે છે તેમને પણ ભગવાન્ ધર્મ કહે છે. ॥ ૭ ॥

પ્ર૦—(૮) સમવસરણમાં બીજી પૌરુષીને વિષે ભગવાન્ દેવચ્છંદામાં ગયા પછી કોણુ કયાં બેસીને ધર્મદેશના કહે છે?

ઉ૦—જ્યેષ્ઠ ગણુધર અથવા બીજા ગણુધર રાજાએ મંગાવેલ સિંહાસન ઉપર અથવા ભગવાનના પાદપીઠ ઉપર બેસીને ધર્મોપદેશ કરે જેને માટે બૃહત્કલ્પના પ્રથમ ખંડમાં કહ્યું છે કે

इत्थं बलौ प्रक्षिप्ते भगवानुत्थाय प्रथमप्रकारान्तरादुत्तरद्वारेण निर्गत्य पूर्वस्यां दिशि स्फटिकमये देवच्छन्दके यथासुख समाधिना व्यवतिष्ठते । अथोपरि तीर्थमिति द्वारं–भगवत्युत्थिते उपरि द्वितीयपौरुष्यां तीर्थं प्रथमगणधरोऽपरो वा धर्ममाचष्टे ॥

અર્થ–આ પ્રમાણે બલિ નાંખ્યા પછી ભગવાન્ ઉઠીને પ્રથમ ગઢમાંથી ઉત્તર દિશાના દ્વારવડે નિકળીને પૂર્વદિશાના સ્ફટિક રત્નમય દેવચ્છંદમાં સુખસમાધિપૂર્વક ભગવાન રહે છે. ભગવાનના ઉઠ્યા પછી બીજી પૌરુષીમાં જ્યેષ્ઠ ગણુધર અથવા બીજા ગણુધર ધર્મોપદેશ આપે છે.

શંકા–ભગવાન કેમ ઉપદેશ ન આપે? ગણુધર ઉપદેશ કરે તેમાં કેટલાક ગુણો છે? **સમાધાન**–તેઓમાં કેટલાક ગુણો છે, તે ગુણો આ છે,

खेयविणोओ सीसगुणादीवणा पच्चओ उभयओ वि
सीसायरिय कमो वि य गणहरकहणे गुणा हुंति ॥१॥

**અર્થ**-ભગવાનનો ખેદ-પરિશ્રમ દૂર થાય, શિષ્યોના ગુણો પ્રકાશમાં આવે, શ્રોતાને ગુરુશિષ્ય ઉભયની પ્રતીતિ થાય, શિષ્ય અને આચાર્યનો ક્રમ સચવાય, ગણધર મહારાજ વ્યાખ્યાન કરે એમાં ઉપરોક્ત ગુણો હોય છે.

**શંકા**-તે ગણધર મહારાજ ક્યાં બેસી દેશના આપે છે?

**સમાધાન**-

**राओवणीय सींहासणोवनिविट्ठो व पायपीठंमि जिट्ठो अन्नयरो वा गणहारि कहइ बीयाए ॥१॥**

**અર્થ**-રાજાએ મુકાવેલ સિંહાસન ઉપર અથવા તેનાં અભાવે ભગવાનના પાદપીઠ ઉપર બેસીને મુખ્ય અથવા અન્ય ગણધર બીજી પૌરુષીમાં ધર્મદેશના આપે છે. ॥ ૮ ॥

પ્ર૦—(૯) સમવસરણમાં ભગવાનની આગળ અલ્પ-ઋદ્ધિવાલા દેવ અને મનુષ્યો મહર્દ્ધિક દેવ અને મનુષ્યોને પ્રણામાદિ સત્કાર કરે કે નહિ?

ઉ૦—અલ્પર્દ્ધિવાલા દેવ અને મનુષ્યો સમવસરણમાં ભગવાનની આગળ મહર્દ્ધિક દેવ અને મનુષ્યોને પ્રણામાદિ સત્કાર કરે જ, ન કરે તો આજ્ઞાભંગનો દોષ લાગે, જે માટે બૃહત્કલ્પભાષ્ય અને આવશ્યક સૂત્રની મોટી ટીકામાં કહ્યું છે કે-

**तेषां च इत्थं स्थितानां देवनराणां स्थितिं प्रतिपादयन्नाह-ऐतं महड्ढियं पणिवयंति ठियमवि वयंति पणमंता । ण वि जंतणा ण विकहा ण परोप्परमच्छरो ण मयं ॥१॥**

**અર્થ**-જે અલ્પ ઋદ્ધિવાળા દેવાદિ પ્રથમ સમવસરણમાં બેઠેલા હોય તે પાછળથી આવતા મહર્દ્ધિક દેવાદિને પ્રણામ કરે-નમસ્કાર કરે છે. અથવા મહર્દ્ધિક દેવાદિ પ્રથમ બેઠેલા હોય અને પછીથી અલ્પઋદ્ધિવાલા દેવાદિ આવે તો તેઓ પૂર્વે બેઠેલા મહર્દ્ધિક દેવાદિને પ્રણામ કરતા પોતાના સ્થાને જઈને બેસે છે. એ પ્રમાણે અલ્પ ઋદ્ધિવાલા વિવેકી પુરુષોએ જિનમંદિર અને ઉપાશ્રયમાં પણ મહર્દ્ધિકનો વિનય-સત્કાર કરવો; કારણ કે શ્રી જિન ધર્મનું મૂલ વિનય છે, સમવસરણમાં પરસ્પર વિકથા-માત્સર્ય ભાવ કે ભય ન હોય, અન્યથા જો વિનય ન કરે તો વિદ્વદ્ સભામાં આર્યરક્ષિતની માફક તેનું અજ્ઞાનપણું જ પ્રગટ થાય. એ પ્રમાણે આવશ્યક સૂત્રની મોટી ટીકામાં પણ જાણવું. પૌષધવિધિ પ્રકરણની ટીકામાં તો બૃહત્ચૈત્યવંદનના અધિકારમાં ચૈત્યવંદન માટે આવેલા ગુરૂઓને પણ વંદન કરે. યોગશાસ્ત્રની ટીકામાં તો- **विस्तरत्रिविधिना चैत्ये साधुवंदनाधिकारो ज्ञातव्यः** એમ કહ્યું છે, સિદ્ધાંતમાં પણ કહેલ છે કે શ્રી કૃષ્ણવાસુદેવ શ્રી નેમિજિન સમક્ષ **सव्वे साहू बारसावत-वंदणेण वदति,** સર્વે સાધુઓને દ્વાદશાવર્ત વંદનવડે વંદન કરે છે, એમ કહ્યું છે, તેમજ ચૈત્યવંદન ભાષ્યમાં ખમાસમણપૂર્વક **जावंति केवि साहू** ઈત્યાદિ ગાથા બોલવાનું કહ્યું છે, આથી દેરાસરમાં સાધુ આદિને વંદન કરવું તે યોગ્ય જ છે, આ ઉપરથી કેટલાક આધુનિક પંડિત મન્યો દેરાસરમાં સાધુ આદિને વંદનનો નિષેધ કરે છે તેમનાં

વચનનું ખંડન જાણવું. શાસ્ત્રમાં તો કુટુંબીઓને જુહાર કરવાનો જ નિષેધ કરેલ છે. ॥૯॥

૫૦—(૧૦) વર્તમાન કાળે દીક્ષા અવસરે આચાર્યાદિ ઉઠીને શિષ્યના માથે વાસક્ષેપ કરે છે તે ભગવાનની આજ્ઞાનુસાર છે કે આજ્ઞા વિરુદ્ધ?

ઉ૦—દીક્ષા અવસરે વાસક્ષેપ કરે છે તે જિનાજ્ઞાનુસારે જ છે. ભગવાન મહાવીરસ્વામીએ પણ ગૌતમાદિ મુનિઓના માથે વાસક્ષેપ કરેલ છે. જેને માટે આવશ્યક સૂત્રની મોટી ટીકામાં નિર્યુક્તિની ગાથાના વ્યાખ્યાનમાં કહ્યું છે કે–ભગવાનના મુખથી ત્રિપદી સાંભળવાથી ગણધરોને **उत्पाद-व्यय-ध्रौव्य-युक्तं सदिति प्रतीतिरुपजायते अन्यथा सत्तायोगात्** અર્થાત્ ઉત્પાદ, વ્યય, ધ્રુવયુક્ત હોય છે, તે સિવાય સત્ પણાનો અયોગ છે, ત્યાર પછી પૂર્વભવની ભાવિત મતિવાળા તેઓ દ્વાદશાંગની રચના કરે છે. ત્યારપછી

**भगवं अणुण्णं करेति, सक्कोय दिव्वं वइरमयं थालं दिव्वचुण्णाणं भरेऊण सामिमुवगच्छति ताहे सामी सीहासणाओ उट्ठेत्ता पडिपुण्णं मुट्ठिं केसराण गेण्हति, ताहे गोतमसामिप्पमुहा इक्कारस वि गणहरा ईसिं ओणया परिवाडीए ठायंति ताहे देवा आउज्जगीत सद्दं निरुंभंति, ताहे सामी पुव्वं तित्थं गोतमसामिस्स दव्वेहिं गुणेहिं पज्जवेहिं ते अणुजाणामि त्ति भणति चुण्णाणि य से**

सीसे च्छुहंति ततो देवा वि चुण्णवासं पुप्फवासं च उवरि वासंति गणं च सुधम्मसामिस्स धुरे ठवित्ता अणुजाणंति एवं सामाइस्स अत्थो भगवतो निग्गओ सुत्तं गणहरेहिंतो णिग्गतम् ॥

**અર્થ**:–ભગવાન્ અનુજ્ઞા કરે છે. અને ઇન્દ્ર દિવ્ય ચૂર્ણનો વજ્રમય થાલ ભરીને ભગવાનની પાસે જાય છે. ત્યારપછી ભગવાન સિંહાસન પરથી ઉઠીને સંપૂર્ણ કેસર-મિશ્રિત ચૂર્ણની મુષ્ઠિને ગ્રહણ કરે છે. ત્યારે ગૌતમસ્વામી પ્રમુખ અગિયારે ગણધરો કંઈક નમીને અનુક્રમે ઊભા રહે છે. ત્યારે દેવો વાજિંત્ર અને ગીતના શબ્દને અટકાવે છે ત્યારે ભગવાન પ્રથમ ગૌતમસ્વામીને દ્રવ્યગુણપર્યાયવડે તીર્થની અનુજ્ઞા કરે છે. એ પ્રમાણે કહે છે અને ચૂર્ણની મૂઠી તેમના મસ્તક ઉપર નાંખે છે, પછી દેવો તેના ઉપર ચૂર્ણ અને ફૂલની વૃષ્ટિ કરે છે, અને ગચ્છ, સુધર્માસ્વામીને મુખ્ય સ્થાપીને તેની એટલે ગચ્છની અનુજ્ઞા કરે છે. આ પ્રમાણે સામાયિકનો અર્થ ભગવાને કહ્યો, અને સૂત્ર ગણધરોથી નિકળ્યું એટલે સૂત્રની રચના ગણધરોએ કરી.

પ્રશ્ન ૧૧–કેવલી ભગવાને જે વેદનીયાદિ ચાર કર્મ બાકી રહેલ છે તેનું શું સ્વરૂપ છે.

ઉત્તર—કેવલી ભગવાનને જે વેદનીયાદિ ચાર કર્મ જીર્ણ વસ્ત્ર જેવા જાણવાં, ગુણસ્થાનક્રમારોહની ટીકામાં તે પ્રમાણે કહ્યું છે, કેટલાક અજ્ઞાનીયો તેને બળી ગયેલ

દોરડી સમાન કહે છે તે વચન આગમવિરુદ્ધ અને અયોગ્ય છે, તેથી મિથ્યાત્વરૂપ જાણવું. જેને માટે સૂત્રકૃતાંગની ટીકામાં બીજા શ્રુતસ્કંધમાં આહારપરિજ્ઞા નામક ત્રીજા અધ્યયનમા દિગંબર મતનું ખંડન કરવાવડે કેવલી ભુક્તિ (ભોજન) સ્થાપનના અધિકારમાં:—

**यदपि दग्धरज्जुस्थानिकत्वमुच्यते वेदनीयस्य, तदप्यनागमिकमयुक्तिसंमतं चागमे ह्यत्यन्तोदयः सातस्य केवलिनि अभिधीयते इत्यादि ।**

અર્થ–જે વેદનીયકર્મને બળી ગએલ દોરડી તુલ્ય કહેવાય છે. તે વચન પણ આગમવિરુદ્ધ અને યુક્તિ રહિત છે, કેમકે આગમમાં કેવલી વિષે અત્યંત સાતાવેદનીયનો ઉદય કહેવાય છે, વિશેષમાં એટલું કે કેવલી સમુદ્ઘાત કર્યા પછી વેદનીયકર્મ કેવલી ભગવાનને બળી ગએલ દોરડી તુલ્ય હોય છે. જેને માટે આચારાંગ સૂત્રની ટીકામાં પ્રથમ શ્રુતસ્કંધના ઉપધાન શ્રુત અધ્યયનની પીઠિકામાં નિર્યુક્તિની ગાથાના વ્યાખ્યાનમાં:—

**तथादहनं केवलिसमुद्घातध्यानाग्निना वेदनीयस्य भस्मसात्करणं शेषस्य च दग्धरज्जुतुल्यत्वापादनमित्यादि ।**

અર્થ–એવી રીતે બાળવું એટલે કેવલી સમુદ્ઘાતમાં ધ્યાનરૂપ અગ્નિવડે વેદનીય કર્મને ભસ્મ કરવું, અને બાકીના કર્મને બળેલી દોરડી તુલ્ય કરવા, પુનઃ આવશ્યક સૂત્રની મોટી ટીકામાં કાર્યોત્સર્ગાધિકારે કહ્યું છે કે:—

**दग्धरज्जुकल्पेन भवोपग्राहिणा कर्मणाऽल्पेनापि सता केवलिनोऽपि न मुक्तिमासादयन्ति "**

**અર્થ**-બળી ગએલ દોરડી તુલ્ય ભવોપગ્રાહી કર્મ થોડું રહ્યું હોય તો પણ કેવલીયો મુક્તિને પામી શકતા નથી, **तदपि अल्पेनेति** આ પ્રમાણે **अल्पपदग्रहण** કરવાથી કેવલી સમુદ્ઘાત પછીનો કાલ અને ચૌદમા ગુણસ્થાનકના કાલને આશ્રીને કહેલું સંભવે છે, આ ઉપરથી સમજવાનું કે કેવલીયોને વેદનીયાદિ કર્મ હંમેશા બળી ગએલ દોરડી તુલ્ય હોતા નથી.

**પ્રશ્ન ૧૨**-એકાવતારી દેવોને ચ્યવનના ચિહ્નો પ્રગટ થાય કે નહિ?

ઉત્તર-એકાવતારી દેવોને ચ્યવનના ચિહ્નો પ્રગટ થતા નથી, તીર્થંકરના જીવને તો અત્યંત સાતાવેદનીય જ હોય છે. જેને માટે પરિશિષ્ટ પર્વમાં શ્રી હેમચંદ્રસૂરિએ કહ્યું છે કે-

**राजन्नेकावताराणामन्तकालेऽपि नाकिनां ॥**
**तेजःक्षयादिच्यवनलिंगान्याविर्भवन्ति न ॥२६६॥**

**અર્થ**-હે રાજન્! એકાવતારી દેવોને અંતકાલે પણ એટલે મરણસમયે પણ તેજક્ષય આદિ ચ્યવનના ચિહ્નો પ્રગટ થતા નથી. આ પ્રમાણે શીલાંકાચાર્યે સૂત્રકૃતાંગની ટીકામાં કેવલીના ભુક્તિ (ભોજન)ના અધિકારમાં કહ્યું છે-

**विपच्यमानतीर्थंकरनाम्नो देवस्य च्यवनकाले षण्मासं यावत् अत्यंतं सातोदय एव ॥**

**અર્થ**-ભોગવાતા તીર્થંકર નામકર્મવાળા દેવને ચ્યવન કાલે છ મહીના સુધી અત્યંત સાતાવેદનીયનો ઉદય હોય છે.

**પ્રશ્ન ૧૩ उपशांतमोहादि त्रण ૧૧-૧૨-૧૩ ગુણસ્થાનકે** વર્તતો મનુષ્ય **प्रकृति, स्थिति, रस અનેप्रदेशवडे** કેવું કર્મ બાંધે છે?

**ઉત્તર उपशांत मोहादि त्रण गुणस्थानकने** વિષે વર્તતો મનુષ્ય પ્રકૃતિથી કષાયોના અભાવે સાતાવેદનીય કર્મ બાંધે, સ્થિતિના અભાવે બંધાતું કર્મ જ નિર્જરી જાય છે, રસથી એટલે વિપાકથી અનુત્તર વિમાનનાં સુખથી ચડીયાતું કર્મ બાંધે છે અને પ્રદેશથી બાદર પરિણામવાળું, વર્ણથી શુકલાદિ વર્ણવાળું, બહુ પ્રદેશવાળું કર્મ બાંધે છે,:-

**उक्तंच-अप्पं बादर मउअं बहुं च लुक्खं च सुक्किलं चेव ॥**
**मंदं महव्वयंति य सातावहुलं च तं कम्मं ॥१॥**

**અર્થ**-સ્થિતિના અભાવે અલ્પ, પરિણામથી બાદર, વિપાકથી મૃદુ, પ્રદેશથી ઘણા પ્રદેશવાળું, સ્પર્શથી લૂખું, રંગથી સફેદ, લેપથી મંદ સ્થૂલ ચૂર્ણની મુઠ્ઠિના કોમલ ભીંત ઉપર પડેલા લેપની માફક, મહાવ્યય જે મહાનાશરૂપ, એક સમયમાં જ સર્વથા નાશ પામે, ઘણા સુખવાળું અનુત્તર વિમાનના દેવના સુખ કરતાં પણ અધિક સુખવાળું કર્મ બાંધે છે, આ પ્રમાણે આચારાંગ સૂત્રની ટીકામાં બીજા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં કહ્યું છે.

પ્ર૦– ૧૪ જે જીવે સંસારમાં પરિભ્રમણ કરતાં ચાર વખત આહારક શરીર કર્યું; તો તે જીવ ફરીને કોઈક વખત નરકાદિ ગતિમાં જનારો થાય કે તે જ ભવે મોક્ષે જાય?

ઉત્તર– ચાર વાર આહારક શરીર કરનાર જીવ તે જ ભવમાં મોક્ષે જાય પણ બીજી ગતિમાં ન જાય, જે માટે શ્રી પન્નવણા સૂત્રની ટીકામાં કહ્યુ છે કે–

**चतुःकृत्वः आहारकशरीरस्य नरकगमनाभावादिति**

જેણે ચાર વખત આહારક શરીર કર્યું હોય તે નરકમાં જતો નથી, ત્યાર પછી બીજી ગતિમાં અસંક્રમણ આહારક સમુદ્ઘાત વિના મોક્ષે જાય. આ પ્રમાણે ચાર વખત આહારક શરીર કરનાર મુનિ તે જ ભવની અંદર મોક્ષે જાય છે.

પ્ર૦–(૧૫) કોઈ ચારિત્રવંત સ્ત્રી પાંચ અનુત્તર વિમાનમાં જાય કે નહિ?

ઉ૦–તેવા પ્રકારના અધ્યવસાય થવાથી પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે, પન્નવણાસૂત્રની ટીકામાં તેવીશમાં કર્મપ્રકૃતિ નામક પદની અંતે કહ્યું છે કે:–

**मानुषी तु सप्तमनरकपृथिवीयोग्यमायुर्न बध्नाति अनुत्तरसुरायुस्तु बध्नाति –**

મનુષ્યની સ્ત્રી સાતમી નરક યોગ્ય આયુ બાંધતી નથી; અનુત્તરનુ તો બાંધે છે. આ બાબતમાં દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની ટીકામાં નેમિ અને રાજીમતીના પૂર્વ ભવના અધિકારમાં:—

ततोऽपराजिताभिख्ये विमाने त्रिदशो धनः यशोमत्यपि चारित्रं चरित्वा तत्र सोऽभवत् ॥

અર્થ–ત્યાર પછી અપરાજિત નામના વિમાનમાં ધન અને યશોમતી ચારિત્ર પાળીને દેવ થયા. શ્રીવિજયચંદ્ર ચરિત્રમાં પણ પ્રદીપ પૂજાના અધિકારમાં કહ્યું છે કે–

सा सग्गाओ चविउं एत्थ वि जम्मंमि तुहसही होइ
तत्तो मरिउं तुब्भे सव्वट्ठे दोवि देवत्ति ॥१॥

અર્થ–તે સ્વર્ગથી ચ્યવીને તારી સખી થશે, પછી ત્યાંથી મરીને તમે બંને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થશો.

પ્ર૦–(૧૬) લોક અને ધર્મમાં પુરુષોની પ્રધાનતા હોવા છતાં, પુરૂષની અપેક્ષાએ સ્ત્રીઓનો તપ પ્રમુખ ધર્મકાર્યોને વિષે વિશેષથી જે સામર્થ્ય તથા ઉદ્યમ દેખાય છે તેમાં શું કારણ છે ?

ઉ૦–તેવા પ્રકારના શુભ અધ્યવસાયની સાથે સંમિલિત એટલે જોડાએલ તેમનો સ્વભાવ જ તેમાં કારણ તરીકે જણાય છે. બીજો કોઈ હેતુ નથી. આથી જ આગમની અંદર તેમને મુક્તિગમન કહેલ છે. તેમ જ સાતમી નરક પૃથ્વીનું ગમન નિષેધેલ છે. કહ્યું છે કે–

जइवि हु जुत्ता मुत्ति जम्हा दीसइ अणुत्तरं विरियं ॥
धम्मविसयंमि तासिं जहा तहा उज्जुमईणं ॥६२॥

किं बहुणा सिद्धमिणं लोए लोउत्तरे वि नारीणं ॥
नियनियधम्मायरणं परिसेहिंतो विसेसेणं ॥६३॥
सुहभावसालिणीओ दाणदयासीलसंजमधरीओ ॥
सुत्तस्सपमाणत्ता लहंति मुत्ति सुनारीओ ॥६४॥

અર્થ-જે કારણ માટે તે તે પ્રકારે તે સ્ત્રીઓને ધર્મના વિષયમાં અપૂર્વ સામર્થ્ય દેખાય છે તેથી તેઓને મુક્તિની પ્રાપ્તિ યોગ્ય જ છે, વધારે શું કહેવું ? લોક અને લોકોત્તર માર્ગને વિષે પણ આ વાત સિદ્ધ છે કે પોતપોતાના ધર્મનું આચરણ કરનાર પુરૂષો કરતાં સ્ત્રીઓમાં શક્તિ અને ઉદ્યમ વિશેષ હોય છે. શુભ ભાવશાલી, દાન દયા, શીલ અને સંયમને ધારણ કરનારી, સૂત્રને પ્રમાણભૂત માનનારી એવી ઉત્તમ સ્ત્રીઓ મુક્તિને પ્રાપ્ત કરે છે. તેથી પુરૂષની અપેક્ષાએ સ્ત્રીઓને ધર્મમાં ભાવ વિશેષ હોય છે.

પ્ર૦—(૧૭) સેવાર્તસંઘયણવાળો અને જઘન્ય બળવાળો જીવ ઊર્ધ્વગતિ અને અધોગતિમાં કયાં સુધી ઉત્પન્ન થઈ શકે ?

બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે:—

यः सेवार्त्तसंहननो जघन्यबलो जीवस्तस्य परिणामोऽपि शुभोऽशुभो वा मन्द एव भवति, न तीव्रः ततः शुभाशुभकर्मबंधोऽपि तस्य स्वल्पतर एव, अत एव अस्य ऊर्ध्वगतौ कल्पचतुष्टयाद् ऊर्ध्वम्, अधोगतौ नरकपृथ्वीद्वयाद्

**अथ उपपातो न भवति इति प्रवचने प्रतिपाद्यत, एवं कीलिकादिसंहननेष्वपि भावना कार्या इति अन्यत्रापि दृश्यम् ।**

અર્થ—જે જીવ સેવાર્ત્તસંહનન અને જઘન્ય બળવાળો હોય, તેના પરિણામ પણ શુભ યા અશુભ મંદ જ હોય છે, તીવ્ર હોતા નથી તેથી શુભ કે અશુભ કર્મનો બંધ પણ થોડો જ થાય, આ જ કારણથી આ જીવ ઊર્ધ્વગતિમાં ચાર દેવલોક સુધી જાય અને અધોગતિમાં બે નરક સુધી જાય એટલે ત્યાં ઉત્પન્ન થાય—આ પ્રમાણે પ્રવચનમાં કહ્યું છે, એવી રીતે કીલિકા આદિ સંઘયણમાં પણ વિચાર કરવો.

પ્ર૦-(૧૮) જીવ મરણસમયે કયા કયા માર્ગવડે નિકલતો કઈ કઈ ગતિમાં જાય છે?

ઉ૦-જીવ મરણસમયે પગવડે નીકળે તો નરકે જાય, સાથલવડે નીકળે તો તિર્યંચગતિમાં જાય, હૃદયવડે નીકળે તો મનુષ્યગતિમાં જાય, મસ્તકવડે નીકળે તો દેવગતિમાં જાય, અને આખા શરીરમાંથી નીકળે તો સિદ્ધિગતિ-મોક્ષે જાય. શ્રી સ્થાનાંગસૂત્રના પાંચમા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કે—

**पंचविहे जीवनिज्जाणमग्गे, पं० तं० पायेहिं ऊरुहिं उरेणं सिरेणं सव्वंगेहिं। पायेहिं निज्जायमाणे निरयगामी भवति उरुहिं निज्जायमाणे तिरियगामी भवइ, उरेणं**

निज्जायमाणे मणुयगामी भवइ, सिरेणं निज्जायमाणे देवगामी भवइ, सव्वंगेहिं निज्जायमाणे सिद्धिगति-पज्जवसाणे पन्नत्ते इति–

આનો અર્થ ઉપર આવી ગએલ છે.

પ્ર૦—(૧૯) થીણુદ્ધિ નિદ્રાવાળા જીવને, વાસુદેવના બળ કરતાં અર્ધું બળ શાસ્ત્રમાં કહ્યું છે, તે આ કાળમાં હોય કે નહિ?

ઉ૦—તે બળ હમણાં આ ક્ષેત્રમાં નથી, થીણુદ્ધિ નિદ્રાવાળાને તે બળ પહેલાં સંઘયણવાળાને જ કહ્યું છે. હમણાં તો તે થીણદ્ધિ નિદ્રાવાળાને સામાન્ય માણસોના બળ કરતાં બમણું, ત્રણગણું અને ચારગણું બળ હોય પણ એથી અધિક બળ ન હોય જે માટે નિશીથચૂર્ણિની પીઠિકામાં કહ્યું છે કે–

थीणद्धीबलपरूवणा कज्जइ केसव अद्धगाहा, केसवो वासुदेवो जं तस्स बलं तव्बलाओ अद्धबलं थीणद्धिणो भवति तं च पढमसंघयणिणो, इयाणिं पुण सामन्नबला दुगुणं चउगुणं वा भवति, सो एवं बलजुत्तो, मा गच्छं रूसितो विणासेज्ज, तम्हा सो लिंगपारंची कायव्वो सो य साणुणं से भणइ "मुय लिंग नत्थि तुह चरणं, जइ एवं गतणा भणितो मुक्कं तो सोहणं, अह न मुयइ ता संघो समुदितो हरति, न एक्को मा एगस्स पओ

सगमिस्सति" दुट्ठो य वावादेस्सति, लिंगावहारणियमणत्थं भन्नइ. "अवि केवलगाहा" अवि संभावणे किं संभावयति इमं जतिवि तेणे व भवग्गहणेण केवलमुप्पाडेइ तहवि से लिंगं न दिज्जइ, तस्स वा अन्नस्स वा एस नियमो अणतिसइणो, जो पुण अवहिणाणातिसती सो जाणइ ण पुणए यस्स थीणद्धि निद्दोदओ भवति देइ से लिंगं इतरहा न देइ, लिंगावहारेणं पुण कज्जमाणे अयमुपदेशो, देसवओत्ति सावगो होही थूलगपाणादिवायादि नियत्तो पंचाणुव्वयधारी, ताणि वा ण तरसि दंसणं गेण्ह, दंसण-सावगो भवाहित्ति भणितं भवइ, अह एवंपि अणुणेज्ज माणो नेच्छइ लिंगं मोत्तुं, ताहे रातो सत्तं मोत्तुं पलायन्ति देशान्तरं गच्छन्तीत्यर्थः ॥

ભાવાર્થ—થીણદ્ધિ નિદ્રાના બળની પ્રરૂપણા કરાય છે, વાસુદેવને જે બળ હોય તેનાથી અર્ધું બળ થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળાને હોય છે, તે બળ પ્રથમ સંઘયણવાળાને જાણવું. આ કાળમાં સામાન્ય માણસના બળ કરતાં થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળાને બમણું, ત્રણગણું, કે ચારગણું બળ હોય છે. આવા બળવાળો ગુસ્સે થયેલ સાધુ ગચ્છનો નાશ ન કરે તે માટે તેને લિંગપારંચી કરવો એટલે તેને પ્રેમભાવથી કહેવું કે તું સાધુવેશ મૂકી દે, તને ચારિત્રની પ્રાપ્તિ નથી. એમ કહેવાથી જો વેશ મૂકી દે તો સારું, અથવા ન મૂકે તો સંઘ મળીને તેનો વેશ ઉતારી લે, જો

એક માણસ વેશ ઉતારે, તો તે દુષ્ટ સાધુ એકલાને મારે એટલે વેશ ઉતારનારને અનર્થની પ્રાપ્તિ પણ થાય अपि. केवलगाहा ' અહિં અપિ શબ્દ સંભાવના અર્થમાં છે, શું સંભાવના કરે છે—જો કે આ થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળો જીવ તે જ ભવમાં કેવળજ્ઞાન ઉપાર્જન કરે એવો હોય તો પણ તેને અથવા બીજાને સાધુ વેશ અપાય નહિ. આ નિયમ અતિશય રહિત સાધુઓ માટે છે. જે સાધુ અવધિજ્ઞાનના અતિશયવાળો હોય તે જ્ઞાનથી એમ જાણે કે આને થીણદ્ધિ નિદ્રાનો ઉદય થતો નથી તો તેને સાધુવેશ આપે, તે સિવાય ન આપે, વેશ ઉતારતા પહેલાં થીણદ્ધી નિદ્રાવાળા સાધુને આ પ્રમાણે ઉપદેશ કરવો કે હે ભદ્ર! તને ચારિત્રની પ્રાપ્તિ નથી માટે તું સાધુ વેશ મૂકીને સ્થૂલ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ પાંચ અણુવ્રતધારી શ્રાવક થા, અથવા પાંચ અણુવ્રત ધારણ ન કરી શકે તો સમ્યક્ત્વને ગ્રહણ કર અને દર્શન શ્રાવક થા. આ પ્રમાણે સમજાવ્યા છતાં પણ જો સાધુ વેશ મૂકવાને ન ઇચ્છે તો તેને સૂતો મૂકીને સાધુએ દેશાન્તર ચાલ્યા જવું, એ પ્રમાણે બૃહત્કલ્પમાં પણ જાણવું. જીતકલ્પની ટીકામાં તો—

यदुदयेऽतिसंक्लिष्टपरिणामाद् दिनदृष्टमर्थमुत्थाय प्रसाधयति केशवार्द्धबलश्च जायते तदनुदयेऽपि च स शेषपुरुषेभ्यस्त्रि-चतुर्गुणबलो भवति इयं च प्रथमसंहननिन एव भवति इत्युक्तमस्ति ॥

**અર્થ**-જે થીણધ્ધી નિદ્રાના ઉદયમાં અતિ એટલે ઘણા સંક્લિષ્ટ પરિણામથી દિવસે જોએલ (ચિંતવેલ) કાર્ય રાત્રિમાં ઊઠીને કરી દે તે વખતે તેનામાં વાસુદેવ કરતાં અર્ધું બળ હોય છે. તે નિદ્રાના અનુદયમાં પણ તે માણસમાં બીજા માણસો કરતાં ત્રણ અને ચારગણું બળ હોય છે, આ વાત પ્રથમ સંઘયણવાળાને આશ્રયીને કહી છે.

પ્ર૦—(૨૦) સ્ત્યાનર્દ્ધિંત્રિકના ઉદયમાં જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય કે નહિ ?

ઉ૦—સ્ત્યાનર્દ્ધિંત્રિકના ઉદયવાળા જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ ન જ થાય, જેને માટે આચારાંગ સૂત્રની ટીકામાં ત્રીજા અધ્યયનના પહેલા ઉદ્દેશામાં

स्त्यानर्द्धित्रिकोदये सम्यक्त्वावाप्तिर्भवसिद्धकस्यापि न भवतीति। किं च यदि स्त्यानर्द्धिनिद्रावतः कदाचिदज्ञानतश्चारित्रं दत्तं भवेद् तर्हि तस्य शास्त्रोक्तविधिना लिंगं परित्याज्यं। तद् विधिस्तु प्राक्तन प्रश्नोत्तरादवसेयः कथं तर्हि कर्मग्रंथादौ षष्ठं प्रमत्तगुणस्थानं यावत् स्त्यानर्द्धि-त्रिकोदयः कथं प्रतिपाद्यते, उच्चते मतान्तरमेतदिति संभाव्यते यद्वा पूर्वप्राप्तसम्यक्त्वादेः, स्त्यानर्द्धिनिद्रोदयस्तत्र प्रतिपादितोऽस्ति इति न कश्चिदविरोधः, तत्त्वं तु ज्ञानिगम्यं।

**અર્થ**— સ્ત્યાનર્દ્ધિત્રિકના ઉદયમાં ભવસિદ્ધિક જીવને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. જો કદાચિદ્ થીણદ્ધી

નિદ્રાવાળાને અજાણપણાથી ચરિત્ર આપ્યું હોય તો શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તેનો વેષ લેવરાવી લેવો.

**શંકા**–તો પછી કર્મગ્રંથાદિમાં છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાન સુધી સ્ત્યાનર્દ્ધિત્રિકનો ઉદય કેમ પ્રતિપાદન કરાય છે?

**સમાધાન**—આ વાત મતાન્તર સંભવે છે, અથવા સમ્યક્ત્વ પામેલા જીવને સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનો ઉદય જણાવેલ છે એટલે કોઈ પણ જાતનો વિરોધ નથી. એનું ખરૂં તત્ત્વ કેવલી ભગવંત જાણે.

**પ્ર૦**—(૨૧) એક જીવને એક ભવમાં કેટલા વેદનો ઉદય થાય?

ઉ૦—કોઇ જીવને કર્મની વિચિત્રતાથી ત્રણે વેદનો પણ ઉદય થાય છે. એક આચાર્યનો કપિલ નામનો લઘુ શિષ્ય શય્યાતરની પુત્રીમાં આસક્ત થયો હતો. પછી કન્યાના પિતાને ખબર પડી એટલે તેણે કુહાડા વડે તેના વૃષણ સહિત પુરૂષચિહ્ન કાપી નાખ્યું. વૃષણ સ્થળે ભગ એટલે યોનિનો આકાર થયો. તે રૂપવંત હોવાથી કોઈ વેશ્યાએ તેને સ્ત્રીનો વેષ પહેરાવીને રાખ્યો. આવી રીતે પ્રથમ પુરુષવેદ, પછી નપુંસકવેદનો, પછી ભગ થવાથી સ્ત્રીવેદનો ઉદય થયો. આ વાત નિશીથ સૂત્રની ચૂર્ણિમાં પીઠિકામાં અને બૃહત્કલ્પમાં પણ કહેલ છે.

**પ્ર૦**—(૨૨) પ્રમાદવંત સરાગ સંયમને અલ્પઋદ્ધિવાળા પણ પ્રત્યનીક દેવો છલે છે. એ પ્રમાણે શાસ્ત્રમાં સંભળાય

છે, પરંતુ યતનાવંત સરાગ સંયતને કોઈ પણ દેવતા છલે કે નહિ ?

ઉ૦—જે દેવ અલ્પ ઋદ્ધિવાળો અને અર્ધ સાગરોપમથી ઓછી સ્થિતિવાળો હોય તો તે યતનાવંત સાધુને છલી શકે નહિ, પરંતુ જે દેવ અર્ધ સાગરોપમાદિ સ્થિતિવાળો હોય, તે દેવ પૂર્વભવના વૈરનું સ્મરણ થવાથી યતનાવંત સાધુને પણ છલી શકે છે, તેનામાં શક્તિ છે. જેને માટે નિશીથચૂર્ણિના ૧૯ માં ઉદ્દેશામાં કહ્યું છે.

**पडिसिद्धकाले सज्झायं करेंतस्स इमे दोसा, अन्नतरगाहा–सरागसंयतो सरागत्तणतो इंदियविसयादि अन्नतरपमादजुत्तो हवेज्ज विसेसतो महामहेसु तं पमादजुत्तं पडिणी देवता अप्पड्ढिया खित्तादि छलणं करेज्जा, जयणाजुत्तं पुण साहुं जा अप्पड्ढितो देवो अद्धोदहीतो उणट्ठितती सो न सक्केति छलितुं, अद्धसागरोवमट्ठितितो पुण जयणा जुत्तं पि छलेति, अत्थि से सामत्थ तं पि पुव्ववेर संबंधसरणतो कोत्ति छलेज्जा इत्यादि ।**

આનો ભાવાર્થ ઉપર આવી ગએલ છે. ફક્ત **माहामहेसु** એટલે ઈન્દ્ર મહોત્સવાદિ જાણવા.

પ્ર૦—(૨૩) પોતાની અગીયાર પ્રતિમા વહન કરનાર શ્રાવક સમ્યક્પ્રકારે પ્રતિમા વહન કરીને પાછો ઘેર આવે કે નહિ ?

ઉ૦—પ્રતિમા વહન કર્યા પછી કોઇક પાછો ઘેર આવે, તેને માટે નિશીથચૂર્ણિના સોળમાં ઉદ્દેશામાં સાધુને પાત્રગવેષણાના અધિકારમાં આ પ્રમાણે જણાવ્યું છે.

समणोवासगो वा पडिमं करेउं घरं पच्छागतो तं पडिग्गहगं साधूणं दिज्ज अहाकड।

અર્થ—શ્રાવક પ્રતિમા પૂર્ણ કરીને પાછો ઘેર આવે તો પાત્ર વિગેરે ઉપકરણો સાધુને આપી દે,

પ્ર૦—(૨૪) સમયે સમયે અનંત પર્યાયોની હાનિ શાસ્ત્રસમંત છે?

ઉ૦—વર્તમાન કાળે પ્રતિદ્રવ્ય-દરેક દ્રવ્યને આશ્રીને સમયે સમયે અનંતાપર્યાયોની હાનિ આગમમાં કહેલ હોવાથી આ કથન શાસ્ત્રાનુસારી જ છે પણ યત્ કિંચિત્ લોકોક્તિ માત્ર નથી.

यदुक्तं पंचकल्पभाष्ये भणियं च दूसमाए गामा होहिंति तु मसाणसमा ॥ इयखेत्त गुणाहानि कालेवि उ होति मा(सा) हाणि ।१॥ समये समये ऽनंता परिहायंते उ वण्णमाईया ॥ दव्वाइपज्जा या अहोरत्तं तत्तियं चेव ॥२॥ दुसमअणु भावेणं साहुजोगा तु दुल्लभा खेत्ता ॥ काले वि य दुब्भिक्खा अभिक्खणं हुंति डमरा य ॥३॥ दूसण अणुभावेण य परिहाणी होति ओसहबलाणं ॥ तेणं मणुयाणंपि उ आउगमेहादि परिहाणी ॥४॥

અર્થ—પંચ કલ્પભાષ્યમાં કહ્યું છે કે-દુષમ કાળમાં ગામડા તે મસાણ જેવા થશે, આ પ્રમાણે ક્ષેત્રની હાનિ જાણવી. એવી રીતે કાળમાં પણ હાનિ થાય. વર્ણ ગંધ રસાદિ દ્રવ્યાદિના અનંતા પર્યાયો સમયે સમયે ઘટે છે-હાનિ થાય છે, તેટલા જ અહોરાત્રિના પર્યાયોની પણ હાનિ થાય છે,

દુષમ કાલના પ્રભાવથી સાધુને યોગ્ય એવા ક્ષેત્રો મળવા દુર્લભ હોય છે, વળી દુષ્કાલ અને વારંવાર બળવા વિગેરે ઉપદ્રવો પણ થયા કરે. દૂષમ કાળના પ્રભાવથી અનાજનું સત્ત્વ ઓછું થાય છે તેથી મનુષ્યોનું આયુષ્ય બુદ્ધિબળ વિગેરે ઘટે છે, દરેક વસ્તુના વર્ણાદિપર્યાયો અનંતા છે અને તે અનંતું ઘણું મોટું માનેલું છે. તેથી સમયે સમયે દરેક વસ્તુના અનંતા પર્યાયો ઘટે છે પરંતુ તે અનંતું નાનું હોવાથી અને અવસર્પિણી કાળના સમયો અસંખ્યાતા હોવાથી, એક એક વસ્તુમાં પ્રતિસમયે અનંતાપર્યાયોનો નાશ થયા છતાં તત્કાલ સર્વ વસ્તુનો નાશ થવાનો પ્રસંગ આવતો નથી. આ સમજવાનું કે સમયે સમયે અનંતપર્યાયોની હાનિ એ શાસ્ત્રસંમત છે.

પ્ર૦—(૨૫) કાર્તિક શ્રેષ્ઠી અને ગૈરિક તાપસના સંબંધમાં ગૈરિકે દ્વેષથી કાર્તિક શેઠની પીઠ ઉપર થાળ મૂકીને ભોજન કર્યું એ પ્રમાણે સંભળાય છે, તે કોઇ શાસ્ત્રમાં જોયું છે કે નહિ ?

ઉ૦—આ વાત ભ્રાન્તિમૂલક સંભવે છે, આવશ્યક બૃહદ્વૃત્તિ, પંચાશક વિવરણ, ઋષિમંડલવૃત્તિ પ્રમુખ પ્રાચીન ગ્રંથોમાં આ પ્રમાણે જોયું નથી. તેમાં તો કાર્તિક શેઠે રાજાના આદેશથી પોતાના હાથે ગૈરિક તાપસને જમાડયો છે. તે તાપસે દ્વેષથી નાક ઉપર તર્જની આંગળી ઘસીને કાર્તિક શેઠનો પરાભવ કર્યો એટલુંજ કહ્યું છે.

आवश्यक बृहद्वृत्तिनो पाठः-तो पच्छाणेण परिवेसियं सो परिवेसिज्जंते अंगुलिं चालेति किहते ।

**અર્થ**—પછી રાજાની આજ્ઞાથી શેઠે પીરસ્યું અને પીરસતી વખતે તાપસે નાક ઉપર તર્જની આંગળી ઘસી.

પ્ર૦—(૨૬) દેવ અને અસુરો જ્યારે પરસ્પર યુદ્ધ કરે ત્યારે તેઓના શસ્ત્રો કેવા પ્રકારના હોય છે?

ઉ૦—દેવો તો જે તરખલું કે લાકડું આદિ જેને સ્પર્શ કરે તે તેમના અચિંત્ય પુન્ય પ્રભાવથી શસ્ત્રરૂપે પરિણમે છે. અને અસુરોને તો તેમના વિકુર્વેલા જ આયુધરત્નો હોય છે; કારણ કે દેવોની અપેક્ષાએ અસુરોનું પુન્ય બહુ થોડું હોય છે. તેથી તરખલાને સ્પર્શ કરવા માત્રથી શસ્ત્રરૂપે પરિણમતા નથી, જેને માટે શ્રી ભગવતી સૂત્રના અઢારમા શતકમાં સાતમા ઉદ્દેશોને વિષે કહ્યું છે કે

देवासुरेसु णं भंते संग्गामेसु वट्टमाणेसु किं णं तेसिं देवाणं पहरणरयणत्ताए परिणमंति, गोयमा० जण्णं ते देवा तणं वा कट्ठं वा पतं वा सक्करं वा परामुसंति तंणं तेसिं देवाणं

पहरणरयणताए परिणमंति, जहेव देवाणं तहेव असुरकुमाराणं नो तिणट्ठे समट्ठे असुरकुमाराणं देवाणं णिच्चं विउव्विया पहरणरयणा पण्णत्ता ॥

**અર્થ**:—હે ભગવંત! દેવો અને અસુરોના યુદ્ધ થાય ત્યારે તે દેવોના શસ્ત્રરૂપી રત્ન કેવી રીતે પરિણમે છે? હે ગૌતમ! જે કારણ માટે તે દેવો થાસ, લાકડું, પાંદડું, કાંકરો જે કાંઇ સ્પર્શ કરે તે વસ્તુ દેવોને શસ્ત્ર-રૂપે પરિણમે છે.

**શંકા**-જેવી રીતે દેવોને શસ્ત્રરૂપે પરિણમે તેવી રીતે અસુરકુમારોને પરિણમે?

**સમાધાનઃ**—આ અર્થ યોગ્ય નથી કારણ કે અસુરકુમાર દેવોને હંમેશા વિકુર્વેલા શસ્ત્રો કહ્યા છે.

**પ્ર૦**—(૨૭) મહર્દ્ધિક દેવ કેટલા દ્વીપ સમુદ્ર સુધી ચારે બાજુ પ્રદક્ષિણારૂપે ભમીને જલદી પાછો આવી શકે?

ઉ૦—મહર્દ્ધિક દેવ રુચક દ્વીપ સુધી ચારે બાજુ પ્રદક્ષિણારૂપે ભમીને પાછો આવવાને સમર્થ છે. ત્યાર પછી તો કોઇ પણ એક દિશા તરફ જઇ શકે પણ પ્રદક્ષિણારૂપે ફરી શકે નહિ, તે માટે શ્રી ભગવતી સૂત્રના અઢારમાં શતકના સાતમા ઉદ્દેશામાં કહ્યું છે કે—

“ देवे णं भंते महड्ढिए जाव महासक्खे पभू लवण-समुद्दं अणुपरियट्टित्ताणं हव्वमागच्छित्तए” हंता पभू देवेणं भंते महड्ढिए एवं धायईसंडं दीवं जाव हंता पभू, एवं जाव रुयगवरं दीवं जाव हंता पभू तेण परं वीतीवतेज्जा, नो चेव णं अणुपरियट्टेज्जा इति वीतीवतेज्जति ॥

ભાવાર્થઃ–હે ભગવન્ ! મહાસુખી મહર્દ્ધિક દેવ લવણ સમુદ્રને ચારે બાજુ પ્રદક્ષિણા દઈને જલદી આવી શકે ? હા, આવી શકે. આવી રીતે મહર્દ્ધિક દેવ ધાતકી ખંડ દ્વીપને પ્રદક્ષિણા દઈને આવી શકે ? હા, આવી શકે, આવી રીતે યાવત્ રુચકવર દ્વીપને પ્રદક્ષિણા દઈને આવી શકે. ત્યાર પછી કોઈપણ એક દિશામાં આગળ જઈ શકે પણ તેવા પ્રકારના પ્રયોજનના અભાવે પ્રદક્ષિણા ન આપે એમ સંભવે છે, એમ ટીકામાં કહ્યું છે.

પ્ર૦—(૨૮) લવણ સમુદ્ર સંબંધી મત્સ્યો કેટલા પ્રમાણવાલા જંબૂદ્વીપની જગતીના છિદ્રદ્વારા જંબૂદ્વીપમાં પ્રવેશ કરી શકે ?

ઉ૦—નવ યોજનની શરીરની લંબાઈવાલા મત્સ્યો જ જંબૂદ્વીપમાં પ્રવેશ કરી શકે છે. શ્રી સમવાયાંગ સૂત્રની ટીકામાં નવમા સ્થાને नवजोयणिया मच्छा એમ કહ્યું એટલે જંબૂદ્વીપમાં નવ યોજનની લંબાઈવાલા મત્સ્યો જ પ્રવેશ કરે છે, જો કે લવણ સમુદ્રમાં પાંચશે યોજનની લંબાઈવાલા મત્સ્યો સંભવે છે તો પણ નદીના મુખ

આગળ તો જગતીના છિદ્રની ઉચિતતાવડે એટલી લંબાઈ વાળાનો જ પ્રવેશ થાય છે.

**પ્ર૦**--(૨૯) યુગલિયાઓની ઘણા શાસ્ત્રોમાં ત્રણ પલ્યોપમથી અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ સંભળાય છે પરંતુ જઘન્ય સ્થિતિ કોઈ સ્થળે છે કે નહિ ?

ઉ૦---આગમમાં બે પ્રકારની સ્થિતિ કહેલ છે, ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યો ત્રણ ગાઉની શરીરની ઊંચાઈવાળા હોય છે. તેમની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એટલે ઓછી ત્રણ પલ્યોપમની જાણવી અને ઉત્કૃષ્ટ સ્થિતિ સંપૂર્ણ ત્રણ પલ્યોપમની જાણવી. જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે-

**उत्तरकुरु देवकुराए मणुस्साणं भंते केवइयं कालं ठिई पन्नत्ता गोयमा० जहन्नेणं तिण्णि पलिओवमाइं पलिओवमा-संखेज्जभागहीणाई, उक्कोसेणं तिण्णि पलिओवमाइं ।। पल्योपमाऽसंख्येयभागश्च त्रयाणां पल्योपमानामसंख्येय-तमो भागः इति प्रज्ञापनावृत्तौ पंचमे पदे ।**

**ભાવાર્થ** :--હે ભગવન્ ! ઉત્તરકુરુ અને દેવકુરુ ક્ષેત્રના મનુષ્યોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? હે ગૌતમ ! જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ત્રણ પલ્યોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની જાણવી. પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એટલે ત્રણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સમજવો એમ પ્રજ્ઞાપનાસૂત્રની

ટીકામાં સ્પષ્ટ કહેલ છે. એ પ્રમાણે બે ગાઉની ઉંચાઈ-વાળાની જઘન્ય સ્થિતિ પલ્યોપમને અસંખ્યાતમો ભાગ ન્યૂન બે પલ્યોપમની અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ બે પલ્યોપમની જાણવી તેમજ એક ગાઉની ઊંચાઈવાળાની જઘન્ય સ્થિતિ દેશ ન્યૂન પલ્યોપમ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ એક પલ્યોપમની જાણવી.

પ્ર—(૩૦) કોઈ નિર્ભાગી પુરુષના સંસર્ગવડે ઘણા ભાગ્યવાન્ પુરુષોનો પણ પુણ્યોદય હણાય કે નહિ?

ઉ૦—નિર્ભાગી પુરુષના સંસર્ગથી પ્રાય કરીને ઘણા ભાગ્યવંત પુરુષોનો પણ પુન્યનો ઉદય હણાય છે. એ માટે શ્રીબૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે, "કોઈક આચાર્યનો આખો ગચ્છ વસ્ત્ર પાત્ર શય્યા આદિ મેળવવામાં લબ્ધિહીન હતો. તે ક્ષેત્રને વિષે સ્વપક્ષ અથવા પરપક્ષથી ગચ્છનું અપમાન થાય છે, તે સાધુઓ શીતાદિ પરિસહને સહન કરવાને અસમર્થ છે, ગૃહસ્થો પણ તુચ્છ ધર્મની શ્રદ્ધાવાળા છે. માગ્યા વગર વસ્ત્રપાત્રાદિ આપતા નથી. સાધુઓએ શુદ્ધ ઉપધિની ગવેષણા કરવી જોઈએ એવો ભગવાનનો ઉપદેશ છે તે દુર્લભ હોવાથી જેવો તેવો સાધુ તે મેળવી શકે નહિં, માટે આવા કાર્યમાં લબ્ધિમાન્ અલ્પબુદ્ધિવાલો સાધુ ઉત્સારકલ્પ કરીને વસ્ત્રએષણા અધ્યયને ઉદ્દેશીને કલ્પ કરાય, પછી કલ્પ કરાએલ સાધુ શું કરે?

" हिण्डउ गीयसहाओ सलद्धि, अह ते हणंति से लद्धिं ॥
तो एक्कओ वि हिण्डइ, आयारुस्सारियसुयत्थो ॥१॥

**ભાવાર્થ**:—તે લબ્ધિમાન સાધુ વસ્ત્રપાત્રાદિ મેળવવાને માટે ગીતાર્થ સાધુઓની સાથે ફરે, છતાં શુદ્ધ ઉપધિ ન મળે અને તે ગીતાર્થો તેની લબ્ધિનો ઉપઘાત કરે-હણે તો લબ્ધિવંત સાધુ એકલો પણ ફરે, એકલો ફરે તો કેવી રીતે? આચારાંગસૂત્રની અન્તર્ગત વસ્ત્રએષણા અને પાત્રએષણા અધ્યયન આવે છે. તે અધ્યયનસૂત્ર અને અર્થથી ઉત્સારકલ્પવડે થોડો અભ્યાસ કર્યા પછી ફરે.

શંકાઃ—શું કોઇ પણ માણસ કોઈની લાભાન્તરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થએલ લબ્ધિને હણી શકે છે? એમ કહેવાય કે ગીતાર્થો તેની લબ્ધિને હણે છે, એને માટે એક દૃષ્ટાંત છે.—એક નિર્ભાગ્યશીરોમણિ ભિક્ષુક સાર્થની સાથે માર્ગમાં પેઠો. સાર્થને તૃષા લાગી છે, વરસાદનું વાદળું વર્ષવા લાગ્યું, પણ જેઓની અંદર તે ભિક્ષુક છે ત્યાં વરસાદ પડતો નથી. પછી સાર્થના બે ત્રણ ભાગ પાડ્યા. જ્યાં તે ભિક્ષુક નથી ત્યાં સર્વ ઠેકાણે વરસાદ પડે છે, પણ તેના ઉપર વરસાદ પડતો નથી. આ દૃષ્ટાન્તનો સાર એ છે કે-જેમ તે ભિક્ષુકે સાર્થના ૫૦૦ માણસોના પુન્યને હણ્યું એવી રીતે બીજા નિર્ભાગીઓ પણ કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થએલી લબ્ધિવંતોની લબ્ધિને હણે છે. આવી રીતે નિર્ભાગ્યના સંયોગથી ભાગ્યવંતોનું પુણ્ય પણ હણાય છે.

**પ્ર૦—(૩૧) ગૃહસ્થે ભાવતીર્થંકરના નિમિત્તે જે અશનાદિ કર્યું હોય તેમ તીર્થંકરની પ્રતિમાની સન્મુખ**

મૂકવા માટે જે પકવાન્ન બનાવ્યા હોય તે સાધુઓને કલ્પે કે નહિ ?

ઉ૦—ભાવતીર્થંકરને માટે કરેલા અશનાદિ અને તીર્થંકરની પ્રતિમાની આગળ ચઢાવવા માટે કરેલ પકવાન્ન આદિ સાધુઓને કલ્પેજ છે. શ્રી બૃહત્ કલ્પ-ભાષ્યમાં કહ્યું છે કે—

**संवट्टमेहपुप्फा सत्थनिमित्तं कया जइ जईणं ॥**
**न हु लब्भा पडिसिद्धं किं पुण पडिमट्टमारद्धं ॥१॥**

**ભાવાર્થ**-શાસ્તા એટલે તીર્થંકર, તેમના નિમિત્તે દેવોએ સમવસરણની ભૂમિમાં જે સંવર્તક પવન, મેઘ અને પુષ્પો વિકુર્વેલા હોય તે સાધુઓને માટે નિષેધ કર્યા નથી, જો સાધુઓને ત્યાં ઊભા રહેવું કલ્પે છે તો પછી પ્રતિમાને માટે તો કહેવું જ શું ? પ્રતિમા તો અજીવ છે, તેને માટે કર્યું હોય એનો તો નિષેધ થઈ શકે જ નહિ.

**શંકા**–તીર્થંકર અથવા તીર્થંકરની પ્રતિમાને નિમિત્તે જે કર્યું હોય તે સાધુઓને શા કારણથી કલ્પે છે ?

**સમાધાન**—

**"साहम्मिओ न सत्था तस्स कयं तेण कप्पई जईणं ॥**
**जं पुण पडिमाणकयं तस्स कहा का अजीवत्ता ॥१॥**

**ભાવાર્થ**–શાસ્તા એટલે તીર્થંકર, તે લિંગથી અને પ્રવચનથી પણ સાધર્મિક નથી, કારણ કે લિંગથી સાધર્મિક તે કહેવાય કે જે રજોહરણમુખવસ્ત્રિકાધારી હોય, તે લિંગ આ ભગવંતને નથી, તેવો કલ્પ હોવાથી લિંગથી

સાધર્મિક ન કહેવાય પ્રવચનથી પણ સાધર્મિક તે કહેવાય કે જે સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ સંઘની અંદર હોય "पवयणसंघोगयरे" એ વચનથી ભગવાન્ તેના પ્રવર્તક હોવાથી સંઘની અંદર નથી પણ સંઘના અધિપતિ છે, માટે પ્રવચનથી પણ સાધર્મિક ન કહેવાય તેથી જ તીર્થંકરને માટે કર્યું હોય તે સાધુઓને કલ્પે જ છે, તો પછી પ્રતિમાને માટે કર્યું હોય તેની શી વાત? તે તો કલ્પે જ છે. પ્રતિમા અજીવ છે, જીવને ઉદ્દેશીને કર્યું હોય તે આધાકર્મી થાય. जीव उद्दिस्स कडं इति તે જીવત્વ પ્રતિમાને છે જ નહિ, તે પ્રમાણે ચૈત્યવંદનભાષ્ય અને સંઘાચાર ટીકામાં કહ્યું છે.

પ્ર૦-(૩૨) મહર્દ્ધિકદેવો બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ જવું-આવવું, બોલવું-ઉત્તર આપવો, આંખને ઉઘાડવી-મીંચવી, સંકોચવું-વિસ્તારવું, ઊભા રહેવું, સૂવું, બેસવું, વિકુવર્ણા એટલે વૈક્રિય રૂપ કરવા-મૈથુનાદિ ક્રિયા કરે છે, અથવા મહર્દ્ધિક હોવાથી બાહ્યપુદ્ગલ ગ્રહણ કર્યા વિના પણ કરે છે.

ઉ૦-દેવ આદિક સર્વે સંસારી જીવો બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ ગમનાદિ કરવાને માટે સમર્થ હોય છે, બાહ્યપુદ્ગલોને ગ્રહણ કર્યા વિના કાંઈ પણ કરી શકે નહિ. શ્રી ભગવતીસૂત્રના ૧૬ શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે—

**देवेणं भंते महिड्ढिए जाव महे सक्खे बाहिरए पोग्गले परियाइत्ता पभू आगमित्तए हंता पभू, देवेणं**

**भंते महिड्ढिए एव एतेणं अभिलावेणं गमित्तए २ एवं भासित्तए वा वागरेत्तए वा ३ ओमिसावित्तए वा निमिसावित्तए वा ४ आउंटावेत्तए वा पसारेत्तए वा ५ ठाणं वासेज्ज वा निसीहियं वा चेयत्तए ६ एवं विउव्वित्तए ७ एवं परियारेत्तए ८ जाव हंता पभू ॥**

**ભાવાર્થ**-હે ભગવંત ! મહર્દ્ધિક તથા મહાસુખી દેવ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને આવવાને માટે સમર્થ છે ? હા, સમર્થ છે, એ પ્રમાણે જવાને-બોલવાને-ઉત્તર આપવાને, ઉન્મેષ-આંખ ઉઘાડવી, નિમેષ-આંખ બંધ કરવી-સંકોચવાને-વિસ્તારવાને, ઊભા રહેવાને-સુવાને-બેસવાને -વૈક્રિયરૂપ કરવાને, મૈથુનાદિ કરવાને માટે બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ સમર્થ છે. સર્વે સંસારી જીવો બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય કાંઇપણ ક્રિયા કરતા નથી આ વાત અહિં સિદ્ધ થાય છે.

**પ્ર૦**—(૩૩) પરમાણુપુદ્ગલો નિત્ય છે કે અનિત્ય? બીજું પરમાણુમાં રહેલ વર્ણ, રસ, ગંધ વિગેરે પર્યાયો હંમેશા સ્વભાવથી રહે છે કે કોઈ વાર ફેરફાર થાય ? તેમ જ એક પરમાણુમાં કેટલા પર્યાયો હોય છે?

**ઉ૦—દ્રવ્યથી પરમાણુ નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે; તેથી જ પરમાણુમાં રહેલા વર્ણાદિ પર્યાયો પણ કેટલાક પોતાની મેળે નાશ પામે છે અને બીજા નવા ઉત્પન્ન થાય છે, જેને માટે શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે—**

**परमाणुपुग्गलेणं भंते ! सासए असासए वा, गोयमा सिअ सासए सिअ असासए, से केण ट्ठेणं भंते ! एवं वुच्चति ! गोयमा ! दव्वट्ठाए सासए पज्जवट्ठाए असासए इत्यादि,**

**ભાવાર્થ**-હે ભગવંત! પરમાણુ પુદ્ગલ શાશ્વત કે અશાશ્વત ? હે ગૌતમ, શાશ્વત પણ હોય અને અશાશ્વત પણ હોય છે. હે ભગવંત ! પરમાણુ પુદ્ગલ શા કારણથી શાશ્વત અને અશાશ્વત કહેવાય છે? હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અશાશ્વત કહેવાય છે. કેટલાક પરમાણુના નિત્યપણાથી પર્યાયોને નિત્ય માને છે તે અસત્ છે. શ્રી ભગવતી સૂત્રમાં સ્પષ્ટ અનિત્ય કહેલ છે તેમજ એકેક પરમાણુમાં અનંતા પર્યાયો હોય છે. આ વાત શ્રી પન્નવણાસૂત્રના પાંચમા વિશેષ પદમાં કહેલ છે ત્યાંથી જાણવું.

પ્ર૦—(૩૪) ઇંદ્રિયો સંબંધી આંગુલનું માપ-પરિમાણ કયું ?

ઉ૦—સર્વ ઇંદ્રિયો અનંત પ્રદેશની બનેલી, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જાડાઈવાળી, અસંખ્ય પ્રદેશની અવગાહનાવાળી કહી છે અને વિસ્તાર તો કાન, આંખ અને નાકનો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો કહ્યો છે. જીભનો વિસ્તાર બેથી નવ અંગુલનો અને સ્પર્શ-ઇન્દ્રિયનો વિસ્તાર શરીરપ્રમાણ છે, તેમાં કાન, આંખ અને નાકનો વિસ્તાર એકેકથી અલ્પબહુત્વપણું છે.

સર્વથી થોડા પ્રદેશમાં અવગાહન કરનારી આંખ છે, તેનાથી સંખ્યેયગુણા પ્રદેશમાં અવગાહન કરનાર કાન છે, ઘણા પ્રદેશમાં તેની અવગાહના ઘટે છે, કેમકે તેનાથી સંખ્યેયગુણા પ્રદેશમાં અવગાહન કરનાર નાક છે, તેનાથી જીભ અસંખ્યેયગુણા પ્રદેશમાં અવગાહન કરે છે તેને બેથી નવ અંગુલને વિસ્તાર છે, તેનાથી સ્પર્શ ઈન્દ્રિય સંખ્યેયગુણા પ્રદેશની અવગાહનાવાળી છે પણ અસંખ્યેયગુણા પ્રદેશની અવગાહનાવાળી નથી, કારણ કે તેને ઉત્કૃષ્ટ લાખ યોજનને પ્રમાણ છે. આ પ્રમાણે શ્રીપ્રજ્ઞાપના સૂત્રના પંદરમા ઈન્દ્રિયપદના પહેલા ઉદ્દેશામાં કહ્યું છે, અંગુલ શબ્દથી અહિંયા આત્માંગુલ લેવો. સ્પર્શઇન્દ્રિયમાં ઉત્સેધઅંગુલ અને બાકીની ઈન્દ્રિયમાં આત્માંગુલ જાણવું.

પ્ર૦—(૩૫) મનુષ્યલોકમાં જે કલ્પવૃક્ષો છે તે સચિત્ત કે અચિત્ત? વનસ્પતિવિશેષ કે પૃથ્વીકાયમય? વિસ્રસા પરિણામવાલા કે દેવાધિષ્ઠિત?

ઉ૦—મનુષ્યલોકમાં જે કલ્પવૃક્ષો છે તે સચિત્ત છે, વનસ્પતિવિશેષ છે, યુગલિકોના પુન્યના સમૂહના ઉદયથી તેવા પ્રકારના પરિણામથી પરિણત હોય છે. શંકા-તેનાથી વિપરીત હોય છે એ પ્રમાણે શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં દેખાય છે, તે પાઠ નીચે પ્રમાણે છે.

तत्र प्रधानाग्रं त्रिधा सचित्तमपि द्विपदादि भेदात् त्रिधैव तत्र द्विपदेषु तीर्थंकरश्चतुष्पदेषु सिंहः,

अपदेषु कल्पवृक्षः, अचित्तं वैडूर्यादि, मिश्रं तीर्थंकर एवालंकृतः ।

આ પ્રમાણે શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં બીજા શ્રુત-સ્કંધની પીઠિકામાં કહ્યું છે. તથા જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રની ટીકામાં વૃક્ષાધિકારે કહ્યું છે કે-

" स्वभावतः फलपुष्पशालिनः कल्पवृक्षाः प्रोक्ताः सन्ति तथा च तत्पाठलेशः- मत्तंगया वि दुमगणा अणेगबहुविविहवीससा ॥ परिणयाए मज्जविहीए उववेया फलेहिं पुन्ना विसट्टंतित्यादि ॥

**ભાવાર્થ**-શ્રેષ્ઠ વસ્તુ ત્રણ પ્રકારે હોય છે: સચિત્ત, અચિત્ત અને મિશ્ર. સચિત્ત પણ ત્રણ પ્રકારે છે. દ્વિપદ, ચતુષ્પદ, અપદ. દ્વિપદોમાં તીર્થંકર શ્રેષ્ઠ છે, ચતુષ્પદમાં સિંહ, અપદમાં કલ્પવૃક્ષ ઉત્તમ છે, અચિત્તમાં વૈડૂર્યમણિ આદિ, મિશ્રમાં અલંકૃત તીર્થંકર જાણવા. આ પ્રમાણે શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં છે. જંબુદ્વીપપન્નતિ સૂત્રની ટીકામાં સ્વભાવથી ફલફૂલથી શોભતા કલ્પવૃક્ષો કહેલા છે, મત્તંગજાદિ-કલ્પવૃક્ષોનો સમૂહ અનેક પ્રકારના વિસ્રસા પરિણામવાલા તે કલ્પવૃક્ષોના ફલો પરિપાક અવસ્થાને પામેલા મદ્યવિધિવડે પૂર્ણ ફુટી ફુટીને તે મદ્યવિધિને મૂકે છે એટલે મદ્યને ઝરે છે. યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં પણ કહ્યું છે કે-ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષ વિગેરે ઇચ્છિત ફલ આપે છે, તે વનસ્પતિ અને પત્થરરૂપે પણ હોય છે, જંબૂ-

ધાતકી, શાલ્મલી આદિ તથા કુરુવૃક્ષા રત્નાદિ પૃથ્વીકાય-રૂપે જાણવા. કલ્પવૃક્ષો વનસ્પતિમય અને વિસ્રસા પરિણામ-વાલા જાણવા; દેવાધિષ્ઠિત નહિ ॥ ૩૫ ॥

પ્ર૦—(૩૬) કુકડા અને મયૂરના મસ્તક ઉપર રહેલી શિખા સચિત્ત, અચિત્ત કે મિશ્ર?

ઉ૦—કુકડાની શિખા સચિત્ત અને મયૂરની શિખા મિશ્ર જાણવી. શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધની પીઠિકામાં કહ્યું છે કે—

**तत्र चूडाया निक्षेपो नामादि षड्विधः नामस्थापने क्षुण्णे, द्रव्यचूडाव्यतिरिक्ता सचित्ता कुक्कुटस्य, अचित्ता मुकुटस्य चूडामणिर्मिश्रा मयूरस्य, क्षेत्रचूडा लोकनिष्कुटरूपा कालचूडाऽधिकमासस्वभावा ॥**

ભાવાર્થ-શિખાના નામાદિ નિક્ષેપા છ પ્રકારે છે, નામ અને સ્થાપના નિક્ષેપો સરલ છે, દ્રવ્યચૂડાવ્યતિરિ-ક્તમાં કુકડાની શિખા સચિત્ત છે, મુકુટની શિખા અચિત્ત અને મયૂરની શિખા મિશ્ર હોય છે, ક્ષેત્રશિખા લોકના નિષ્કૂટરૂપ છે, કાલશિખા અધિક માસરૂપ જાણવી ॥ ૩૬ ॥

પ્ર૦—(૩૭) અસુરકુમારાદિ દેવોના શરીરનો વર્ણ અને ચિન્હ આદિનું સ્વરૂપ તો સંગ્રહણી આદિમાં સ્પષ્ટ કહેલ છે, પરંતુ જ્યોતિષી દેવોના શરીરનો વર્ણ તથા મુકુટમાં શું ચિન્હ છે?

ઉ૦—ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ પ્રકારના જ્યોતિષીઓ છે. એમાં તારાઓ પાંચ રંગના હોય છે, બાકીના ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર આ સર્વે તપાવેલ લાલ સુવર્ણના જેવા વર્ણવાલા, વિશિષ્ટ વસ્ત્ર અને અલંકારથી સુશોભિત અને મુકુટવડે અલંકૃત મસ્તકવાલા હોય છે, ફક્ત ચંદ્રોના મુકુટના અગ્રભાગને વિષે પ્રભામંડલ સ્થાનીય ચંદ્રમંડલાકાર ચિહ્ન હોય છે, એ પ્રમાણે સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓને પણ પોતપોતાના મંડલના આકારનું ચિહ્ન હોય છે. શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં કહ્યું છે કે—

**मुकुटेषु शिरोमुकुटोपगूहिभिः प्रभामण्डलकल्पैरुज्ज्वलैः यथा स्वचिह्नैः विराजमाना द्युतिमन्तो ज्योतिष्काः भवन्तीति ।**

**ભાવાર્થ**—જ્યોતિષી દેવોના મુકુટને વિષે મુકુટના અગ્રભાગને વિષે વર્તતા, ઉજ્જવલ પ્રભામંડલ તુલ્ય યથાયોગ્ય પોતાના ચિન્હોવડે વિરાજમાન, કાન્તિવાલા જ્યોતિષીયો હોય છે. **शिरोमुकुटोपगूहिभिः** એ પદનો સંગ્રહણીના ટીકામાં मुकुटाग्रभागवर्त्तिभिः એવો અર્થ કર્યો છે, શ્રી જીવાભિગમની ટીકામાં-

**चंद्रस्य मुकुटे चंद्रमण्डलं लाञ्छनं स्वनामांकप्रकटितं एवं सूर्यादेरपि ॥३७॥**

પ્ર૦—(૩૮) " **जोयणिगसट्ठिभागा** इत्यादि સંગ્રહણીની ગાથામાં તારાના વિમાનોની અર્ધકોશની લંબાઈ

અને પહોળાઈ કહેલ છે. અને કોશના ચોથા ભાગની ઊંચાઈ કહેલ છે, તો એનાથી ન્યૂન પ્રમાણવાળું તારાનું વિમાન હોય કે નહિ?

ઉ૦—અહિંઆ તારાઓના વિમાનોની લંબાઈ-પહોળાઈ અને ઊંચાઈનું પ્રમાણ કહ્યું છે તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળાને આશ્રયી જાણવું. જઘન્ય સ્થિતિવાલાને તો લંબાઈ પહોળાઈનું પ્રમાણ ૫૦૦ ધનુષનું અને ઊંચાઈ ૨૫૦ ધનુષની કહેલ છે, શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં કહ્યું જ કે-

सर्वोत्कृष्टायास्तारायाः अर्द्धक्रोशः, जघन्यायाः पंचधनुःशतानि विष्कंभार्द्धबाहल्याश्च भवन्ति।

ભાવાર્થ—સર્વોત્કૃષ્ટ સ્થિતિવાલા તારાઓને તેમના વિમાનની લંબાઈ પહોળાઈ અર્ધકોશની, અને જઘન્ય સ્થિતિવાલાને તેમના વિમાનની લંબાઈ પહોળાઈ ૫૦૦ ધનુષની અને ઊંચાઈ તો બન્નેની પહોળાઈથી અડધી જાણવી ॥ ૩૮ ॥

પ્ર૦—(૩૯) મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્રાદિ જ્યોતિષી દેવોના વિમાનોનું પ્રમાણ અઢીદ્વીપમાં રહેલા ચંદ્રાદિની અપેક્ષાએ અડધું પ્રમાણ કહેલ છે, પરંતુ તેમના આયુષ્યનું પ્રમાણ કેટલું?

ઉ૦—અઢીદ્વીપની બહાર રહેલા ચંદ્રસૂર્યાદિ જ્યોતિષી દેવોના આયુષ્યનું પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં રહેલા ચંદ્ર સૂર્યાદિના જેટલું જ છે; જરાએ ન્યૂન નથી. સંગ્રહણીની ટીકામાં પાંચમી ગાથાની વ્યાખ્યામાં કહ્યું છે કે-

**अशेषासंख्येयद्वीपसमुद्रवर्तिचंद्रविमानदेवानाम् वर्षाणांलक्षेणाधिकं पल्योपमम् उत्कृष्टमायुः ॥**

ભાવાર્થ—સમગ્ર અસંખ્યાત દ્વીપસમુદ્રમાં રહેલ ચંદ્રવિમાન દેવોનું ઉત્કૃષ્ટ આયુષ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમનું જાણવું ॥ ૩૯॥

પ્ર૦—(૪૦) જંબૂદ્વીપ અને લવણ સમુદ્રમાં રહેલા ચંદ્ર, સૂર્યાદિ જ્યોતિષીઓ જેવી રીતે જંબૂદ્વીપના મેરુ-પર્વતને પ્રદક્ષિણા કરતા ફરે છે તેવી રીતે ધાતકી ખંડાદિ દ્વીપ સમુદ્રમાં વર્તતા ચંદ્રાદિ જ્યોતિષીઓ તે જ જંબૂ-દ્વીપના મેરુને પ્રદક્ષિણા કરતા ફરે છે કે પોતપોતાના દ્વીપના મેરુને પ્રદક્ષિણા કરતા ફરે ?

ઉ૦—મનુષ્ય ક્ષેત્રમાં રહેલ બધાએ ચંદ્ર, સૂર્યાદિ જ્યોતિષીઓ જંબૂદ્વીપના મેરુપર્વતને જ પ્રદક્ષિણા કરતા ફરે છે. પોતપોતાના દ્વીપના મેરુને નહિ ॥ ૪૦ ॥

પ્ર૦—(૪૧) મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ચંદ્ર સૂર્યો કઈ વ્યવસ્થાએ રહેલા છે? સૂચીશ્રેણીએ કે પરિધિરૂપે?

ઉ૦-શ્રીચંદ્રપ્રજ્ઞપ્તિ, જીવાભિગમ, સંગ્રહિણી સૂત્રાનુસારે તો સૂચીશ્રેણિએ-ઊભી સોયનાં આકારે એમની સ્થિતિ સંભવે છે પણ પરિધિરૂપે સંભવતી નથી. શ્રી જીવાભિગમ-સૂત્રની ટીકામાં સૂર્ય સૂર્યના અંતરના વ્યાખ્યાનમાં :

**एतच्चैवमन्तरपरिमाणं सूचीश्रेण्या प्रतिपत्तव्यं न वलयाकारश्रेण्या एवं संग्रहिणीवृत्त्यादावपि बोध्यम् ।**

એક સૂર્યથી બીજા સૂર્યનું આ અન્તર સૂચીશ્રેણિવડે જાણવું, વલાકયાર ચૂડીના આકારે નહિ.

**શંકા**—એમ છે તો મનુષ્યક્ષેત્રની બહાર આઠ લાખ યોજનપ્રમાણ પુષ્કરાર્ધદ્વીપમાં ચાર દિશામાં ચાર પંક્તિએ રહેલા બહોંત્તેર ચંદ્ર અને બહોંત્તેર સૂર્યનું ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્રમાં જે અંતર કહ્યું-

**चंदाओ सूरस्स य सूरा चंदस्स अंतरं होइ ॥**
**पन्नाससहस्साइं जोअणाणं अण्णूणाइं ॥१॥**
**सूरस्स य सूरस्स य ससिणो ससिणो य अंतरं दिट्ठं ॥**
**बहिया माणुसणगस्स जोयणाणं सयसहस्सं ॥२॥**

**ભાવાર્થ**—ચંદ્રથી સૂર્યનું અંતર અને સૂર્યથી ચંદ્રનું અંતર સંપૂર્ણ પચાસ હજાર યોજનનું હોય છે. એક સૂર્યથી બીજા સૂર્યનું અને એક ચંદ્રથી બીજા ચંદ્રનું અંતર માનુષ્યોત્તર પર્વતની બહાર એક લાખ યોજનનું પડે છે. સૂર્યથી અંતરિત ચંદ્ર અને ચંદ્રથી અંતરિત સૂર્યો રહ્યા છે તે શી રીતે ઘટી શકે? એમાં યુક્તિ જણાતી નથી તેમજ તેઓની અવસ્થિતિ એટલે રહેવાની મર્યાદા પણ જણાવવી જોઈએ જેથી હમણાં કહેલ અંતર સમ્યક્ પ્રકારે કેમ ઘટી શકે?

**સમાધાન**—મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્ર અને સૂર્યો કેવી રીતે રહ્યા છે? આ વાત ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિમાં કહેલ નથી, પરંતુ માત્ર તેમનું અંતર કહેલ છે એટલા ઉપરથી

અમે તેનો નિશ્ચય કરી શકતા નથી. સંગ્રહિણીની ટીકામાં પણ એમ જ કહ્યું છે. લોકપ્રકાશકારે પણ એમ જ કહ્યું છે.

तथाहि—अनन्तरनरक्षेत्रात् सूर्यचंद्राः कथं स्थिताः ॥
तदागमेषु गदितं सांप्रतं नोपलभ्यते ॥ २२ ॥
केवलं चंद्रसूर्याणां यत् प्राक्कथितमन्तरं ॥
तदेव सांप्रतं चंद्रप्रज्ञप्त्यादिषु दृश्यते ॥ २३ ॥
एषां संभाव्यते चंद्रप्रज्ञप्त्याद्यनुसारतः ॥
सूचीश्रेण्या स्थितिर्नैव श्रेण्या परिरयाख्यया ॥२४॥

અર્થ—મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્ર સૂર્યો કેવી રીતે રહ્યા છે તે આગમમાં કહેલ હમણાં જણાતું નથી. કેવળ ચંદ્ર અને સૂર્યોનું જે અંતર પૂર્વે કહેલ છે તે જ હમણાં ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિમાં દેખાય છે. ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રને અનુસારે એઓની સ્થિતિ સૂચીશ્રેણિએ સંભવે છે, વલયાકારે નહિ. આ પ્રમાણે ૨૪ સર્ગમાં છે, કેટલાક આચાર્યો અહિં પરિરયશ્રેણિને જ માને છે, તેમના મતને પ્રતિપાદન કરનાર "चउयालसयं, पढमिल्लुयाए" એ ગાથા છે. આ વિષયમાં ઘણો વિસ્તાર છે. તેના અર્થી પુરૂષોએ સંગ્રહણી, લોકપ્રકાશ વિગેરે ગ્રંથો જોવા. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે યોગશાસ્ત્રના ચોથા પ્રકાશની ટીકામાં परिरयश्रेणि એવો અભિપ્રાય આપ્યો છે.

तथाहि-मनुषोत्तरात् परतः यथोत्तरं क्षेत्रपरिधिवृद्धया संख्येया वर्धमानाः शुभलेश्याग्रहनक्षत्रतारापरिवारा घण्टा-

कारा असंख्येया आस्वयंभूरमणात् लक्षयोजनान्तरिताभिः पंक्तिभिः तिष्ठन्तीति ।

ભાવાર્થ—માનુષોત્તર પર્વતથી ઉત્તરોત્તર ક્ષેત્રપરિધિની વૃદ્ધિની સંખ્યાવડે વૃદ્ધિ પામતા શુભ લેશ્યાવાલા ગ્રહ નક્ષત્ર તારાના પરિવારવાલા ઘંટાના આકારે અસંખ્યાતા ચંદ્ર સૂર્યો સ્વયંભૂરમણ સમુદ્ર સુધી લાખ યોજનની અંતરવાલી પંક્તિઓવડે રહે છે. આ પ્રમાણે અહિં ઘણા મતાન્તરો છે, તેમાં તત્વ શું છે તે કેવલી જાણે. ॥ ૪૧ ॥

પ્ર૦—(૪૨) દિવસ અને રાત્રિ કે સૂર્યોદય સૂર્યાસ્ત શી રીતે થાય ?

ઉ૦—જ્યારે ભરત અને ઐરવત ક્ષેત્રમાં દિવસ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં રાત્રિ થાય. અને જ્યારે ભરત અને ઐરવત ક્ષેત્રમાં રાત્રિ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ થાય, આ વાત સર્વત્ર પ્રસિદ્ધ છે. પુનઃ વલી જે દિવસે ભરતાદિ ક્ષેત્રમાં વર્ષા ઋતુઓ પ્રગટ થાય તે જ દિવસે મહાવિદેહ ક્ષેત્રમાં પણ ભરતાદિની અપેક્ષાએ સમયાનન્તરં એક સમય પછી વર્ષાદિ ઋતુનો યોગ થાય એમ શ્રી ભગવતીસૂત્રમાં કહેલ છે, તેથી જ્યારે ભરતાદિ ક્ષેત્રમાં સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય, ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં અઢાર મુહૂર્તની રાત્રિ થાય તેમજ ઋતુ ભેદથી આગમની સાથે વિરોધ કેમ ન આવે? આ પ્રમાણે છે તો પણ આગમની સાથે વિરોધ આવે એમ ન બોલવું- કર્ક સંક્રાન્તિના પહેલા દિવસે પૂર્ણ મહાવિદેહ ક્ષેત્રમાં

ત્રણ મુહૂર્તપ્રમાણ દિવસ બાકી રહે એટલે ભરતક્ષેત્રનાં મનુષ્યો ઉદય પામતા સૂર્યને જુવે છે, ભરતક્ષેત્રમાં પણ ત્રણ મુહૂર્ત દિવસ બાકી રહે છતે પશ્ચિમ મહાવિદેહના મનુષ્યો પણ ઉદય પામતા સૂર્યને જુવે છે, એ પ્રમાણે તે જ વખતે પશ્ચિમ મહાવિદેહમાં ત્રણ મુહૂર્ત દિવસ બાકી રહે છતે ઐરવતક્ષેત્રના મનુષ્યો ઉદય પામતા સૂર્યને જુવે છે, અને ઐરવતક્ષેત્રમાં ત્રણ મુહૂર્ત દિવસ બાકી રહે છતે પૂર્વ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યો ઉદય પામતા સૂર્યને જુવે છે તેથી કરીને સર્વ ક્ષેત્રોમાં સરખા પ્રમાણવાલો દિવસ હોય છે. એ પ્રમાણે જંબૂદ્વીપમાં શીતઋતુમાં જ્યારે સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય ત્યારે ભરતાદિ કોઈ પણ ક્ષેત્રમાં ત્રણ મુહૂર્ત રાત્રિ ગયે છતે મહાવિદેહાદિ ક્ષેત્રોમાં સૂર્ય ઉદય પામે છે. તેમજ રાત્રિના ત્રણ મુહૂર્ત્ત બાકી રહે છતે સૂર્ય અસ્ત પામે છે, એ પ્રમાણે સર્વત્ર રાત્રિ સરખી થાય છે. આ ઉપરથી ગ્રીષ્મ ઋતુમાં સર્વોત્કૃષ્ટ દિવસે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં રહેલ હોવાથી આદિના ત્રણ મુહૂર્ત અને અંતના ત્રણ મુહૂર્ત કુલ ૬ મુહૂર્તમાં સર્વ ક્ષેત્રમાં દિવસ હોય છે. તેમજ શીતઋતુમાં સર્વોત્કૃષ્ટ રાત્રિમાં આદિના ત્રણ મુહૂર્ત અને અંતના ત્રણ મુહૂર્ત કુલ ૬ મુહૂર્તમાં સર્વ ક્ષેત્રમાં રાત્રિ થાય છે, સૂર્ય સર્વ બાહ્ય મંડલમાં રહેલ હોવાથી, એમાં કોઇ જાતનો વિરોધ નથી.

यदुक्तं आगमे–पुव्वविदेहे सेसे मुहूत्ततिगे वासरे निरक्खंति ॥
भरहनरा उदयंतं सूरं कक्कस्स पढमदिणे ॥१॥

**भरहे वि मुहूत्ततिगे सेसे पच्छिमविदेहमणुआ वि ॥**
**एरवए वि एवं तेण दिणं सव्वओ तुल्लं ॥२॥**
**जंबुद्दीवे नयरे रयणीइ मुहूत्ततिगे अइक्कंतो ॥**
**उदये तहेव सूरो मुहूत्ततिगे सेसे अत्थमओ ॥३॥**

આ ગાથાનો ભાવ ઉપર આવી ગએલ છે.

ભાવાર્થ—કર્કસંક્રાન્તિના પહેલા દિવસે પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં ત્રણ મુહૂર્ત દિવસ બાકી રહે ત્યારે ભરતક્ષેત્રના માણસો સૂર્યને ઉદય પામતો જુવે છે, ભરતક્ષેત્રમાં પણ ત્રણ મુહૂર્ત દિવસ બાકી રહે ત્યારે પશ્ચિમ મહાવિદેહના ક્ષેત્રના માણસો ઉદય પામતા સૂર્યને જુવે છે. એવી રીતે ઐરવતક્ષેત્રમાં પણ સમજવું. એ પ્રમાણે સર્વ ક્ષેત્રમાં દિવસ સરખો હોય, જંબુદ્વીપના ભરતમાં શીતઋતુમાં ત્રણ મુહૂર્ત જેટલી રાત્રિ જાય એટલે પશ્ચિમ મહાવિદેહમાં સૂર્ય ઉદય પામે અને ત્રણ મુહૂર્ત જેટલી રાત્રિ બાકી રહે એટલે સૂર્ય અસ્ત પામે. ॥૪૨॥

પ્ર૦—(૪૩) જ્યારે સૌધર્મેન્દ્ર જિનજન્મમહોત્સવાદિમાં અત્રે આવે છે, જ્યારે પોતાના સેનાધિપતિને આજ્ઞા કરી સુઘોષા ઘંટા વગાડવાપૂર્વક પોતાના દેવલોકવાસી દેવોને બોલાવે છે, આ વાત પ્રસિદ્ધ છે. પરંતુ બીજા ૬૩ ઇન્દ્રો કોને આજ્ઞા કરીને અને કયા નામવાળું વાજિંત્ર વગડાવીને પોતાના સ્થાનવાસી દેવોને બોલાવે છે?

ઉ૦—સૌધર્મ—સનત્કુમાર—બ્રહ્મેન્દ્ર—મહાશુક્ર-પ્રાણ-

તેન્દ્ર આ ઇન્દ્રો પોતપોતાના સેનાધિપતિ હરિણૈગમેષી દેવને આજ્ઞા કરી પોતપોતાની સુઘોષા ઘંટા વગડાવે છે. તથા ઇશાન-માહેન્દ્ર-લાન્તક-સહસ્રાર-અચ્યુતેન્દ્ર આ ઇન્દ્રો પોતપોતાના લઘુપરાક્રમ નામક સેનાપતિ દેવને આજ્ઞા કરી પોતપોતાની મહાઘોષા નામની ઘંટા વગડાવીને પોતાના સ્થાનવાસી દેવોને બોલાવે છે, એ પ્રમાણે અસુરેન્દ્ર ચમર અને બલીને દ્રુમ અને મહાદ્રુમ નામના બે સેનાધિપતિ છે, અને ઓઘસ્વરાં અને મહાઓઘસ્વરા નામની બે ઘંટા છે. નાગેન્દ્રને મેઘસ્વરા નામની ઘંટા છે, સુપર્ણેન્દ્રને હંસસ્વરા નામની ઘંટા છે,વિદ્યુત્કુમારેન્દ્ર ને ક્રૌંચસ્વરા નામની ઘંટા છે, અગ્નિકુમારેન્દ્રને મંજુસ્વરા નામની ઘંટા છે, દિક્કુમારેન્દ્રને મંજુઘોષા નામની ઘંટા છે, ઉદધિકુમારેન્દ્રને સુસ્વરા નામની ઘંટા છે. દ્વીપકુમારેન્દ્રને મધુરસ્વરા નામની ઘંટા છે, વાયુકુમારેન્દ્રને નંદિસ્વરા નામની ઘંટા છે, સ્તનિતકુમારેન્દ્રને નંદિઘોષા નામની ઘંટા છે, તેમજ દક્ષિણ તરફના ધરણેન્દ્રાદિ નવે ઇન્દ્રોને ભદ્રસેન નામક સેનાધિપતિ છે, અને ઉત્તર તરફના ભૂતાનંદાદિ નવે ઇન્દ્રોને દક્ષ નામક સેનાધિપતિ જાણવો તેમજ ૩૨ વ્યંતરના ઇન્દ્રો છે, તેમાં દક્ષિણ દિશાના ૧૬ ઇન્દ્રોને મંજુસ્વરા નામની ઘંટા છે, ઉત્તર દિશાના ૧૬ ઇન્દ્રોને મંજુઘોષા નામની ઘંટા છે, એમના સેનાધિપતિયો અનિયત નામવાલા આભિયોગિક દેવો હોય છે, જ્યોતિષીના ઇન્દ્રોને સુસ્વરા સુસ્વર અને નિર્ઘોષા નામની ઘંટા જાણવી, સેનાધિપતિ પૂર્વવત્ જાણવો. શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ ઉપાંગમાં કહ્યું છે કે—

सोहम्मगाणं सणंकुमारगाणं बंभलोयगाणं महा-सुक्कयाणं पाणयगाणं इंदाणं सुघोसा घंटा हरिणेगमेसी पायत्ताणीआहिवई उत्तरिल्ला णिज्जाणभूमी दहिणपुरच्छि-मिल्ले रइकरपव्वए, ईसाणगाणं माहिंद लंतग सहस्सार अच्चुअगाण य इंदाणं महाघोसा घंटा लहुपरक्कमो पयत्ताणी-आहिवई दाहिणिल्ले णिज्जाणमग्गो उत्तरपुरिच्छिमिल्ले रइकरगपव्वए इत्यादि असुराणां ओघस्सरा घंटा, णागाणं मेघस्सरा सुवण्णाणं हंसस्सरा, विज्जूणं कोंचस्सरा, अग्गीणं मंजुस्सरा, दिसाणं मंजुघोसा, उदहीणं सुस्सरा, दीवाणं महुरस्सरा, वाऊणं णंदिस्सरा, थणियाणं नंदिघोसा इत्यादि वाणमंतराणं दाहिणाणं मंजुस्सराः, उत्तराणं मंजुघोसा इत्यादि ।

**ભાવાર્થ**—સૌધર્મ-સનત્કુમાર-બ્રહ્મલોક-મહાશુક્ર-પ્રાણુત આ દેવલોકના ઈન્દ્રને સુઘોષા નામની ઘંટા છે, હરિણૈગમેષી સેનાધિપતિ છે, ઉત્તર તરફના ઈન્દ્રોને નિર્યાણભૂમિ એટલે નિકલવાનો માર્ગ અગ્નિકોણમાં રહેલ રતિકર પર્વત છે,ઈશાન-માહેન્દ્ર-લાંતક-સહસ્રાર અચ્યુત દેવલોકના ઈન્દ્રોને મહાઘોષા નામની ઘંટા છે. લઘુપરાક્રમ નામનો સેનાપતિ છે, દક્ષિણ દિશાના ઈન્દ્રોને નિર્યાણમાર્ગ-નિકલવાનો માર્ગ ઈશાન કોણમાં રહેલ રતિકર પર્વત છે, અસુરોને ઓઘસ્વરા નામની ઘંટા છે, નાગોને મેઘસ્વરા નામની ઘંટા, વિદ્યુત્કુમારને ક્રૌંચસ્વરા ઘંટા, અગ્નિકુમારને મંજુસ્વરા ઘંટા, દિક્-

કુમારને મંજુઘોષા ઘંટા, ઉદધિકુમારને સુસ્વરા ઘંટા, વાયુ-કુમારને નંદિસ્વરા ઘંટા, સ્તનિતકુમારને નંદિઘોષા નામની ઘંટા છે, દક્ષિણ તરફના વાનવ્યંતરોને મંજુસ્વરા નામની ઘંટા છે, ઉત્તર તરફના વાનવ્યંતરોને મંજુઘોષા નામની ઘંટા છે, કોઈ ઠેકાણે ચાર નિકાયના દેવોને જુદા જ ચાર પ્રકારના વાજિંત્ર કહેલ છે.

**सुणिऊण संखसद्दं मिलंति भवणाय वंतरा पडहं ॥**
**जोइसिय सिंहनादं घंटा वेमाणिया देवा ॥१॥**

આ ગાથા દિગંબરમતોક્ત છે. ॥ ૪૩ ॥

પ્ર૦—(૪૩) દેવોને મેલવીને ૬૪ ઈન્દ્રો જે વિમાનોમાં બેસીને અત્રે જન્મમહોત્સવને માટે આવે છે, તે વિમાન બનાવનાર દેવોના શું નામ, વિમાનનું પ્રમાણ કેટલું, અને કેટલા પ્રમાણવાળો ઈન્દ્રધ્વજ આગળ ચાલે ?

ઉ૦—દશ વૈમાનિક ઈન્દ્રોના વિમાન બનાવનાર દેવોના નામ આ પ્રમાણે છે–૧ પાલક, ૨ પુષ્પક, ૩ સૌમનસ, ૪ શ્રીવત્સ, ૫ નન્દાવર્ત્ત, ૬ કામગમ, ૭ પ્રીતિગમ, ૮ મનોરમ, ૯ વિમલ, ૧૦ સર્વતોભદ્ર, ભવનપતિ, વ્યંતર તથા જ્યોતિષીઓના સર્વ ઈન્દ્રોના વિમાન બનાવનાર. અનિયત નામવાલા સ્વામીથી આજ્ઞા કરાયેલા આભિયોગિક દેવો જાણવા, વૈમાનિકના દશે ઈન્દ્રોના પ્રયાણના વિમાનો લંબાઈ અને પહોળાઈમાં લાખ યોજનના પ્રમાણવાલા અને ઊંચા-ઈમાં પોતાના વિમાન જેટલા જ પ્રમાણવાલા હોય છે, આ

ઈન્દ્રોના મહેન્દ્રધ્વજો ઊંચાઈમાં એક હજાર યોજન જેટલા હોય છે, તેમજ અસુરેન્દ્રોના પ્રમાણનું વિમાન પચાસ હજાર યોજનના વિસ્તારવાલું છે. મહેન્દ્રધ્વજ પાંચસો યોજન ઊંચો છે, બાકીના ધરણુ આદિ અઢાર ઈન્દ્રોના પ્રયાણુના વિમાનો પચ્ચીસ હજાર યોજનના વિસ્તારવાલા અને મહેન્દ્રધ્વજ ૨૫૦ યોજન ઊંચા હોય છે, તથા વ્યંતર-જ્યોતિષ્કેન્દ્રના પ્રયાણુના વિમાનો એક હજાર યોજનના વિસ્તારવાલા અને મહેન્દ્રધ્વજો ૧૨૫ યોજનના ઊંચા જાણુવા. આ સર્વ અધિકાર જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રની ટીકામાં છે. ॥ ૪૪ ॥

**પ્ર૦**—(૪૫) ઈન્દ્રોના જે પાલકાદિ વિમાનને બનાવનારા દેવો છે તે પોતાના આત્મપ્રદેશથી આશ્રિત વિમાનોને બનાવે છે કે આત્મપ્રદેશ રહિત અચિત્ત પુદ્ગલરૂપે જ હોય છે ?

ઉ૦—પાલકાદિ દેવો જ પોતે વિમાનરૂપે થાય છે માટે તે વિમાનો અચિત્ત સંભવતા નથી. શ્રી સ્થાનાંગ સૂત્રની ટીકામાં દશમા સ્થાનમાં કહ્યું છે કે—

**पालक इत्यादीनि शक्रादीनां क्रमेणाऽवगन्तव्यानि इत्यादि, आभियोगिकाश्चैते देवा विमानी भवन्तीति अतएव विमाननामान्यपि पालकादीन्येव बोध्यानि ।**

**ભાવાર્થ**—પાલક ઈત્યાદિ શક્રાદિના અનુક્રમે વિમાનો જાણુવા. આભિયોગિક દેવો જ વિમાનરૂપે થાય છે માટે વિમાનના નામ પણુ પાલકાદિ જ જાણુવા. ॥ ૪૫ ॥

પ્ર૦-(૪૬) જેમ લોકપાલાદિના જુદા વિમાનો હોય છે તેમ ઇન્દ્રના સામાનિક દેવો પણ મહાઋદ્ધિવાળા હોવાથી તેમના વિમાનો પણ જુદા જ હશે ને!

ઉ૦-ઇન્દ્રના સામાનિક દેવોના વિમાનો જુદા હોતા નથી, જુદા હોવાનો અસંભવ છે. કારણ કે ઉપરના સહસ્રારાદિ દેવલોકમાં સામાનિકની અપેક્ષાએ વિમાનોની સંખ્યા થોડી છે તેથી અસંભવ જાણવો, કેમકે સહસ્રાર દેવલોકમાં કુલ ૬ હજાર વિમાનો છે અને સામાનિક દેવોની સંખ્યા ત્રીશ હજારની છે. આનત-પ્રાણત દેવલોકમાં બન્નેમાં મળીને કુલ ૪૦૦ વિમાનો છે અને સામાનિકની સંખ્યા વીશ-હજારની છે, આરણ અચ્યુતદેવલોકમાં કુલ ત્રણસો વિમાનો છે અને દેવોની સંખ્યા દશ હજારની છે, બીજું કારણ એ કે જો સામાનિક દેવોના જુદા વિમાનો હોય તો કોઈક અભવ્યને પણ વિમાનાધિપતિપણાનો પ્રસંગ આવે. આગમમાં એવું સંભળાય છે. કે-

**अभव्यशक्रसामानिकः संगमको देवः, विमानाधिपतित्वं तु अभव्यस्य असंगतम् । अभव्यकुलके चउद्दसरयणत्तं पिय पत्तं ण पुणो विमाणसामित्तं ।**

**ભાવાર્થ** અભવ્ય સંગમક ઇન્દ્રનો સામાનિક દેવ છે, અભવ્યને વિમાનાધિપતિપણું માનવું એ અસંગત છે. અભવ્ય કુલકમાં કહ્યું છે કે અભવ્ય જીવ ચઉદસ રત્નપણું અને વિમાનનું સ્વામીપણું ન પામે ઇત્યાદિ વચનથી

નિષેધ છે. તેથી પોતપોતાના ઇન્દ્રના વિમાનમાંજ સામાનિક દેવોનો નિવાસ જાણવો.

**શંકા**-તો પછી એક વિમાનમાં તે મહર્દ્ધિક દેવો કંઈ સ્થિતિએ વસે છે!

**સમાધાન**-દેશના તુલ્ય દેવલોકમાં, ગ્રામ અને નગરાદિ સમાન વિમાનોમાં, મહર્દ્ધિક દેવોના નિવાસની ભૂમિયો તે પાડાના સમાન જાણવી.

**શંકા**-જો એમ છે તો ભગવતીસૂત્રના ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં, તિષ્યક સાધુ જે ઈન્દ્રનો સામાનિક દેવ પણે ઉત્પન્ન થએલ છે તેના સંબંધમાં.

**"सोहम्मे कप्पे सयंसि विमाणंसित्ति" पाठ कथं संगच्छते ?**

**સમાધાન**-આ સૂત્રવડે એકજ પોતાના સ્વામીના વિમાનમાં જે દેવનો જેટલો પ્રદેશ વિમાનના એક દેશભૂત સ્વાધીન હોય, તે દેવનો તેટલો પ્રદેશ પોતપોતાના વિમાન તરીકે કહેવાય છે. એજ કારણથી કાલીદેવીનો ચમરચંચા રાજધાનીનો એક દેશ પણ પોતાના ભવન તરીકે કહેલ છે, એ પ્રમાણે ચંદ્રપ્રભા, સૂર્યપ્રભા દેવીઓના પણ ચંદ્રાદિ વિમાનનો એક દેશ જ પોતાના વિમાનરૂપે કહેલ છે એમ જાણવું. પ્રવચનમાં અપરિગૃહીતા દેવીઓના જ વિમાનો જુદા જુદા કહ્યા છે, આ બધો અધિકાર જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રની ટીકાથી જાણવો.

પ્ર૦-(૪૭) પરમાધાર્મિક દેવો ભવ્ય જ છે, આ પ્રઘોષ સત્ય કે અસત્ય !

ઉ૦- પરમાધાર્મિક દેવો ભવ્ય જ છે એ પ્રઘોષ સત્ય જ જણાય છે. અભવ્ય કુલકમાં કહ્યું છે કે—

**'तायत्तंससुरत्तं परमाहम्मियत्ति जुयलमणुअत्तं'**
**इत्यादिवचनेन**

**ભાવાર્થ**-અભવ્ય જીવો ત્રાયસ્ત્રિશક દેવપણું, પરમાધાર્મિક દેવપણું, યુગલિક મનુષ્યપણું, ન પામી શકે, તે પરમાધાર્મિક દેવો પૂર્વ ભવમાં કરેલાં પાપનું સ્મરણ કરાવવાપૂર્વક નારકીઓને કદર્થના-વિડંબના કરે છે, પીડે છે

અભવ્યોને તે વાત ઘટે નહિ ઈત્યાદિ યુક્તિને પણ આ વિષયમાં વૃદ્ધો કહે છે. ॥૪૭॥

પ્ર૦—(૪૮) પહેલા અને છેલ્લા તીર્થંકરના છદ્મસ્થ કાલમાં સર્વ પ્રમાદકાલ કેટલો હતો !

ઉ૦-શ્રી ઋષભદેવ ભગવાનનો છદ્મસ્થ કાળ એકહજાર વર્ષનો છે. છદ્મસ્થ કાળમાં ઉગ્ર તપશ્ચર્યા કરતા સર્વ પ્રમાદ કાળ એક અહોરાત્રિનો જ છે, તેમજ વીર ભગવંતને સાડા બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરતા પ્રમાદકાળ એક અંતમુહુર્તનો જ છે. ઈત્યાદિ ઉત્તરાધ્યયનસૂત્રની કમલસંયમી ટીકામાં ૩૨ મા અધ્યયનમાં અને બીજા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

**वीरुसहाण पमाओ अंतमुहुत्तं तहेवऽहोरत्तं ।**
**उवसग्गा पासस्स य न उण सेसाणं ॥१॥**

**અર્થ**—ઋષભદેવસ્વામીનો પ્રમાદકાળ એક અહો રાત્રિનો છે અને વીર પ્રભુનો પ્રમાદકાળ અંત મુહુર્ત નો છે, પાર્શ્વનાથ અને વીર પ્રભુને ઉપસર્ગ થયા છે. બીજા કોઈ તીર્થંકરને ઉપસર્ગ થયા નથી. ॥૪૮॥

પ્ર૦—(૪૯) શાશ્વત જિનપ્રતિમાઓ કયા આસને બેઠેલી છે.

**स्याज्जंघयोरधोभागे पादोपरी कृते सति ।**
**पाणिद्वयं नाभ्यासन्नमुत्तानं दक्षिणोत्तरं ॥१॥**

**ભાવાર્થ**—જમણી અને ડાબી બન્ને જંઘાનો નીચલો ભાગ પગ ઉપર રાખી જમણો અને ડાબો બંને હાથ નાભિની પાસે ચત્તા રાખવા તે પર્યંકાસન કહેવાય

શાશ્વત પ્રતિમાઓનું અને નિર્વાણકાળે ભગવાન મહાવીરનું આસન પર્યંકાસન હતું ॥૪૯॥

પ્ર૦—(૫૦) ચોવીશે તીર્થંકરો કયું આસન અંગીકરીને કયા આસનવડે રહેલા મુક્તિને પામ્યા છે?

ઉ૦–સર્વે તીર્થંકરો પાદોપગમ અનશનવડે સિદ્ધ થયા છે અને ભવિષ્યકાળમાં સિદ્ધ થશે. પ્રવચન સારોદ્ધાર ટીકા અને પંચાશકવિવરણમાં આ પ્રમાણે કહ્યું છે–

**सव्वे सव्वद्धाए, सव्वन्नू सव्वकम्मभूमीसु ।**
**सव्वगरु सव्वमहिया, सव्वमेरुंमि अभिसित्ता ॥१॥**
**सव्वाहि वि लद्धीहिं, सव्वे वि परीसहे पराइत्ता ।**
**सव्वे वि य तित्थयरा, पाओवगया उ सिद्धिगया ॥२॥**

अवसेसा अणगारा तीयऽडुप्पन्नणागया सव्वे ।
केई पाओवगया पच्चक्खाणिंगिणिं केई ॥३॥
सव्वाओ अज्जाओ सव्वे वि य पढमसंघयणवज्जा ।
सव्वे पदेसविरया पच्चक्खाणेण उ मरंति ॥४॥

**ભાવાર્થ**—સર્વકાળમાં સર્વ કર્મભૂમિને વિષે સર્વે સર્વજ્ઞો, સર્વના ગુરુ, સર્વથી પૂજાએલા, સર્વ મેરુપર્વતને વિષે અભિષેક કરાએલા, સર્વ લબ્ધિઓ વડે (યુક્ત), સર્વે પરિસહોને જીતીને સર્વે તીર્થંકરો પણ પાદોપગમ અનશન કરીને સિદ્ધ થયા છે, બાકીના ત્રણે કાળના સર્વે સાધુઓ-માંથી કેટલાક પાદોપગમ અનશન અને કેટલાક અનશનપૂર્વક ઈંગિનીમરણ વડે મરણ પામે છે, સર્વે સાધ્વીઓ અને પ્રથમ સંઘયણવાળાને છોડીને સર્વે દેશવિરતિવાળા શ્રાવકો અનશનપૂર્વક મરણ પામે છે, તેમજ આ ચોવીશીમાં ઋષભદેવ, નેમિનાથ, વીર ભગવાન્ આ ત્રણ તીર્થંકરો પર્યંકાસને રહેલા સિદ્ધ થયા છે, બાકીના તીર્થંકરો કાયોત્સર્ગમાં રહી સિદ્ધ થયા છે. સપ્તતિસ્થાનકમાં કહ્યું છે કે—

वीरोसहनेमीणं पलिअंकं सेसयाण उसग्गो ॥
पलियंकासणमाणं सदेहमाणातिभागूणंति ॥१॥

**ભાવાર્થ**—ઋષભદેવ, વીર પ્રભુ, નેમિનાથ-આ ત્રણ તીર્થંકરો પર્યંકાસને સિદ્ધ થયા છે, બાકીના તીર્થંકરો કાઉસગ્ગ ધ્યાનમાં રહી સિદ્ધ થયા છે, પર્યંકાસનનું પ્રમાણ

પોતાના શરીરનો ત્રીજો ભાગ જેટલું ન્યૂન એટલે ઓછું જાણવું,

**શંકા**—શ્રી વીર ભગવાન્ દેશના આપતા સિદ્ધ થયા તો પછી પાદોપગમનપણું શી રીતે ઘટી શકે?

**સમાધાન**—ભગવાન્ પાદોપગમન અંગીકાર કરી સર્વ અંગ અને ઉપાંગને નિશ્ચલ કરી ચારે આહારનો ત્યાગ કરી સોળ પ્રહર સુધી અસ્ખલિત દેશના આપીને સિદ્ધ થયા છે. એટલે એમાં કોઈ જાતની અસંગતિ નથી. ॥ ૫૦ ॥

પ્ર૦—(૫૧)અષ્ટાપદ પર્વત ઉપર રહેલ જિનચૈત્યનું કેટલું પ્રમાણ છે?

ઉ૦—અષ્ટાપદ પર્વત આઠ યોજન ઊંચો અને ચાર યોજન વિસ્તારવાળો છે. તેના ઉપર એક યોજન લાંબું, અર્ધ યોજનના વિસ્તારવાળું, ત્રણ ગાઉ એટલે પોણો યોજન ઊંચું, ચાર દ્વારવાળું, ભરત મહારાજાનું કરાવેલ ચૈત્ય એટલે દેરાસર છે. તેનું પ્રમાણ યોગશાસ્ત્રમાં આ પ્રમાણે છેઃ—

**तमष्टयोजनोच्छ्रायं चतुर्योजनविस्तृतं ॥**
**आरोहत् सह सौदर्यैर्जह्नुर्मितपरिच्छदः ॥१०॥**
**तत्रैकयोजनायामर्द्धयोजनविस्तृतं ।**
**त्रिगव्यूत्युन्नतं चैत्यं चतुर्द्वारं विवेश सः ॥११॥**

**અર્થ**:-પરિમિત પરિવારવાળો જહ્નુકુમારે પોતાના ભાઈઓની સાથે આઠ યોજન ઊંચા અને ચાર યોજનના

વિસ્તારવાળા અષ્ટાપદ પર્વત ઉપર ચઢયો, ત્યાં એક યોજન લાંબું, અર્ધ યોજનના વિસ્તારવાળું, ત્રણ ગાઉ ઊંચું, ચાર દ્વારવાળું ચૈત્ય છે. તેમાં પ્રવેશ કર્યો. ॥ ૫૧ ॥

પ્ર૦—(૫૨) અષ્ટાપદ પર્વતના આઠ પગથિઆ સંભળાય છે તે ભરત ચક્રવર્તીએ કરાવેલ છે કે બીજા કોઈના કરાવેલ ?

ઉ૦—અષ્ટાપદ પર્વત ઉપર તે પગથિઆ ભરત મહારાજાના સમયમાં નહોતા, પરંતુ ચોથો આરો અડધો વ્યતીત થયા પછી અજિતનાથ ભગવાન્ ઉત્પન્ન થયા ત્યારે તેમના સમયમાં સગર ચક્રવર્તીના પુત્ર જહ્નુકુમારે દંડરત્નવડે અષ્ટાપદ પર્વતના આઠ પગથિઆ બનાવ્યા એમ ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં કહ્યું છે—

इति श्रुत्वाथ दण्डेन पातयित्वाऽस्य भूभृतः ।
नितम्बदन्तशृंगाद्यम् अष्टसोपानताकृताः ॥१॥

આ પ્રમાણે બીજા ચક્રોના અધિકારમાં છે.

શ્રી લોકપ્રકાશમાં તો ભરતાધિકારે—

संतक्ष्य दण्डरत्नेन परितोऽष्टापदं गिरिम् ।
अष्टौ योजनमानास्तन्मेखलाः स व्यरीरचत् ॥२॥

શત્રુંજય મહાત્મ્યના આઠમા સર્ગમાં—

अष्टाभिः पदिकाभिस्ते तमारुह्याऽतिहर्षतः ।
प्रासादान् जगदीशस्य त्रिः प्रदक्षिणयन् क्षणात् ॥१॥

એટલું જ કહ્યું છે. સગર પુત્રના અધિકારમાં છઠ્ઠા સર્ગમાં ભરતના અધિકારમાં

**योजनान्ते योजनान्ते दण्डरत्नेन चक्रिराट् । चकाराऽष्टौ पदान्यस्मात् ख्यातः सो अष्टापदगिरिः ॥८२॥**

**ભાવાર્થ**—આ પ્રમાણે સાંભળીને દંડરત્ન વડે આ પર્વતના આસપાસના તીક્ષ્ણ શિખરોને પાડીને આઠ પગથિયા બનાવ્યા, એમ શ્રી ઉત્તરાધ્યયનની ટીકામાં છે. શ્રી લોકપ્રકાશમાં, અષ્ટાપદ પર્વતને દંડરત્નવડે ચારે બાજુથી છોલીને તેણે આઠ યોજનના માપવાળી ગોળ મેખલા બનાવી. શત્રુંજયમહાત્મ્યમાં તેઓ આઠ પગથિઆવડે હર્ષથી ઉપર ચડીને જિનેશ્વરના પ્રાસાદને ત્રણ પ્રદક્ષિણા દેતા, એમ કહ્યું છે. ભરતચક્રીએ દંડરત્નવડે એક યોજનના માનવાળા આઠ પગથિઆ કર્યા તે અષ્ટાપદગિરિ પ્રસિદ્ધ છે.

પ્ર૦—(૫૩) અષ્ટાપદપર્વત ઉપર સિંહનિષદ્યા નામના મંદિરને વિષે ચારે દિશામાં પોતપોતાના વર્ણ-પ્રમાણયુક્ત ચોવીશ તીર્થંકરોની પ્રતિમા સ્થાપન કરી છે તેમાં પૂર્વદિશામાં ઋષભદેવ અને અજિતનાથ, દક્ષિણ દિશામાં સંભવનાથ આદિ ચાર, પશ્ચિમ દિશામાં સુપાર્શ્વનાથ આદિ આઠ, ઉત્તર દિશામાં ધર્મનાથ આદિ દશ તીર્થંકરો સ્થાપન કર્યાં છે, તો આવી રીતે સ્થાપન કરવામાં શો હેતુ છે?

ઉ૦—પહેલા બે તીર્થંકરનું શરીરપ્રમાણ મોટું હોવાથી એક દિશામાં બેની જ સ્થાપના યોગ્ય લાગે છે, ત્યાર પછી અનુક્રમે શરીરનું પ્રમાણ નાનું નાનું હોવાથી ચાર આદિની સંખ્યાવડે સ્થાપન કરવું તે યુક્તિયુક્ત જ છે, એટલા માટે શરીરનું અલ્પબહુત્વપણું જ એમાં કારણ રૂપે સંભવે છે. ॥ ૫૩ ॥

પ્ર૦—(૫૪) શ્રી ભગવતીસૂત્રમાં અઢારમા શતકના નવમા ઉદ્દેશામાં કૃત્રિમ વસ્તુની સ્થિતિ સંખ્યાતકાળ સુધીની કહેલ છે, તેથી કરીને આજ દિવસ સુધી અષ્ટાપદ-પર્વતને વિષે ભરતચક્રીએ કરાવેલ પ્રતિમાનો સદ્ભાવ કેવી રીતે હોઈ શકે? કારણ કે વચમાં અસંખ્યાત કોટાકોટિ વર્ષના પ્રમાણવાળો ચોથો આરો ગયો છે, તેમ જ શત્રુંજય વિષે પણ ભરતચક્રીના કરાવેલ મંદિર અને પ્રતિમા આજ દિવસ સુધી કેમ રહ્યા નથી, જે કારણ માટે ત્યાં અસંખ્યાતા ઉદ્ધારો થએલા સંભળાય છે?

ઉ૦—અષ્ટાપદનું સ્થાન દેવસાંનિધ્યથી અપાય રહિત છે, " **जाव इमा ओसढियणित्ति** " વસુદેવહિન્ડીમાં આ પ્રમાણે કહ્યું છે એટલે ત્યાંનું દેરાસર એટલા કાળ સુધી રહી શકે તે યોગ્ય જ છે, શત્રુંજયને વિષે તો સ્થાન અપાયવાળું અને ભવિતવ્યતાના વશથી તથાવિધ દેવસાંનિધ્યના અભાવથી ભરતચક્રીએ કરાવેલ દેરાસર અને પ્રતિમાનો અભાવ સંભવે છે, બાકી ખરૂં તત્ત્વ તો કેવલી જાણે. વસુદેવહિન્ડીમાં તો આ પ્રમાણે પાઠ છે–

ततो ते जण्हुपमइया कुमारा पुरिसे आणवेंति गवेसह अट्ठावयतुल्लं पव्वयंति ततो तेहिं तत्तुल्लो पव्वओ ण दिट्ठो त्ति णिवेइयं ततो अमच्चं ते लवंति केवइयं पुण कालं आययणं अविसज्जिस्सइ ततो तेण अमच्चेण भणियं जाव इमा ओसप्पिणित्ति इति केवलिजिणाणं अंतिए सुयंति ॥

ભાવાર્થ:—ત્યાર પછી તે જહ્નુકુમાર પ્રમુખ કુમારો પુરુષોને બોલાવીને કહે છે કે—અષ્ટાપદપર્વત સમાન બીજો કોઈ પર્વત શોધી કાઢો, ત્યાર પછી તે પુરુષોએ તપાસ કરીને કહ્યું કે અષ્ટાપદપર્વત સમાન બીજો કોઈ પર્વત નથી, ત્યાર પછી તેઓ મંત્રીઓને કહે છે કે આ પર્વત કેટલા કાળ સુધી રહેશે? ત્યારે મંત્રીઓએ કહ્યું કે–ઉત્સર્પિણીકાળ સુધી રહેશે એમ અમે કેવલી જિનની પાસે સાંભળ્યું છે, ॥ ૫૪ ॥

પ્ર૦—(૫૫) ક્ષીણમોહનામક બારમા ગુણસ્થાનકના અંતિમ સમયે સર્વજ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય થાય એમ કર્મગ્રંથમાં કહ્યું છે, તો તે જ સમયે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય તે યોગ્ય છે, તેમજ ચતુર્દશગુણસ્થાનકના અંતિમ સમયે બાકીના સર્વ કર્મનો ક્ષય થાય છે તેથી તે જ સમયમાં સિદ્ધપણું પ્રાપ્ત થાય તે યોગ્ય છે. પણ અનંતર સમયે પ્રાપ્ત થાય તે યોગ્ય નથી. શાસ્ત્રમાં તો તે બન્ને કેવળજ્ઞાન અને સિદ્ધપણું અનંતર સમયે જ પ્રાપ્ત થાય એમ સંભળાય છે, તો તેથી શું માનવું?

ઉ૦–આ જિનપ્રવચનને વિષે નિશ્ચય અને વ્યવહાર બે નયો છે, માટે તેમાં નિશ્ચય નયના મતે બારમા અને ચૌદમા ગુણસ્થાનકના અંતિમ સમયે જ કેવળજ્ઞાન અને સિદ્ધપણું પ્રાપ્ત થાય છે, વ્યવહારનયના મતે તો અનંતર સમયે બંને પ્રાપ્ત થાય એમ માનવું, તેમ ભાષ્યમાં કહ્યું છે–

**आवरणक्खयसमये निच्छइयनयस्स केवलुप्पत्ती ॥**
**तत्तो णंतरसमये ववहारो केवलं भणइत्ति ॥१॥**

અર્થ ઉપર આવી ગયેલ છે.

પ્ર૦-(૫૬) કેવલીસમુદ્‌ઘાત કોણ કરે અને કોણ ન કરે ?

ઉ૦–જે કેવલીયોના આયુષ્યકર્મની સ્થિતિ બીજા ત્રણ કર્મ વેદનીય, નામ અને ગોત્રકર્મની સ્થિતિ સાથે સરખી હોય અને ક્ષય પામે છે, તે કેવલીયો કેવલીસમુદ્‌ઘાત કરતા નથી, પરંતુ જેમનું આયુષ્ય થોડું હોય અને બીજા કર્મની સ્થિતિ ઘણી હોય તો તેઓ ચારે કર્મની સ્થિતિ સરખી કરવાને માટે કેવલી સમુદ્‌ઘાત કરે છે. આ બાબતમાં ગુણસ્થાનકમારોહમાં એટલો વિશેષ છે

**यः षण्मासाधिकायुष्को, लभते केवलोद्‌गमं ।**
**करोत्यसौ समुद्‌घातं, शेषाः कुर्वन्ति वा न वा ॥१॥**
**उक्तं च–छम्मासाऊ सेसे उप्पन्नं जेसिं केवलं नाणं ।**
**ते नियमा समुग्घाईय, सेसा समुग्घाय भजयत्ति ॥१॥**

**ભાવાર્થ**:–જે માણસ છ મહિનાથી અધિક આયુષ્યવાળો હોય અને કેવલજ્ઞાન પામે, તે કેવલી સમુદ્‌ઘાત

કરે છે, બીજાને માટે નિયમ નથી, કરે અથવા ન પણ કરે, એ પ્રમાણે ગુણસ્થાનકમારોહમાં કહ્યું છે. બીજે સ્થળે એમ છે કે–છ મહિનાનું આયુષ્ય બાકી રહ્યું હોય અને જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તેઓ અવશ્ય સમુદ્‌ઘાત કરે છે. બીજાને માટે ભજના જાણવી, એટલે જેઓ છ મહિના ઉપર સમયની વૃદ્ધિવડે આયુષ્ય બાકી રહ્યું હોય અને કેવળજ્ઞાન પામે તો તેઓ સમુદ્‌ઘાત કરે અથવા ન પણ કરે, આ **शेषाः** શબ્દનો અર્થ છે. ॥ ૫૬ ॥

પ્ર૦–(૫૭) કેવલી ભગવાન્ કેવલીસમુદ્‌ઘાત કર્યા પછી તત્કાલ મોક્ષે જાય કે અંતર્મુહૂર્ત પછી કે છ મહિના બાદ મોક્ષે જાય?

ઉ૦–કેવલી ભગવાન્ કેવલીસમુદ્‌ઘાત કર્યા પછી અંતર્મુહૂર્ત પછી મોક્ષે જાય, એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે, તે જ કહે છે–કેવલી ભગવાન્ સમુદ્‌ઘાતથી નિવૃત્ત થઇને પછી તુરત જ મનોયોગને, વચનયોગને અને કાયયોગને પ્રવર્તાવે છે, જે કારણથી તે ભગવાન્ અચિંત્ય પ્રભાવશાલી કેવલીસમુદ્‌ઘાતના બલથી ઘણા ભવધારણીય નામ, ગોત્ર અને વેદનીય કર્મની સ્થિતિને આયુષ્ય કર્મની સાથે સરખી કર્યા પછી અંતર્મુહૂર્તમાં પરમપદ પ્રાપ્ત થાય છે, તે કાલમાં જો અનુત્તર વિમાનના દેવ મનથી પ્રશ્ન પૂછે તો તેનો ઉત્તર આપવા માટે મનોવર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરીને મનોયોગને પ્રવર્તાવે તે પણ, સત્ય કે અસત્યઅમૃષારૂપ હોય, મનુષ્ય આદિવડે પુછાયેલ હોય કે ન પુછા-

એલ હોય તો પણ પ્રયોજનના વશથી વચનયોગના પુદ્ગલોને ગ્રહણ કરીને વચનયોગને પ્રવર્તાવે તે પણ સત્ય કે અસત્યઅમૃષારૂપ હોય અને જવા આવવામાં કાયયોગને પ્રવર્તાવે, તે વાત જણાવે છે-કેવલી ભગવાન્ કોઇ પ્રયોજનના વશથી કોઈ સ્થાનથી વિવક્ષિત સ્થાનમાં આવે એવી રીતે જાય, ઊભા રહે, બેસે અથવા પરિશ્રમ દૂર કરવાને માટે આરામ કરે, પ્રાતિહારિક પાટ, પાટલા, સંથારો જેની પાસેથી લીધેલ હોય તેને પાછું આપે, આ સ્થળે ભગવાન્ આર્યશ્યામે પાટ, પાટલા પાછા આપવાનું કહ્યું છે તેથી એમ સમજાય છે કે અવશ્ય અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે જ મોક્ષની સન્મુખ થવારૂપ આવર્જીકરણાદિ આરંભે છે, તેથી વિશેષ આયુષ્યવાલો ન લેવો, જો લેવાનો હોત તો તે પણ ગ્રહણ કરત, આ ઉપરથી કેટલાક એમ કહે છે કે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છ મહિનાનું આયુષ્ય બાકી રહે ત્યારે કેવલી-સમુદ્ઘાત આરંભે છે તે વાતનું ખંડન સમજવું એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં છે. કેવલી ભગવાન્ સમુદ્ઘાતથી નિવૃત્ત થયા પછી અંતર્મુહૂર્તમાં યોગનિરોધ કરે છે ॥ ૫૭ ॥

પ્ર૦-(૫૮) આ સંસારમાં કેટલાક જીવો સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી સંખ્યાત, અસંખ્યાત કે અનંત કાલે ફરી સમ્યક્ત્વ પામીને સિદ્ધ થાય છે, અને કેટલાક સમ્યક્ત્વથી પડયા વગર જ સિદ્ધ થાય છે, તે બધા ઉત્કૃષ્ટથી એક સમયમાં કેટલા સિદ્ધ થાય છે?

ઉ૦—સમ્યક્ત્વથી પડયાને જેઓને અનંત કાલ ગયો છે, તેઓ ફરી સમ્યક્ત્વ પામીને એક સમયમાં ૧૦૮ સિદ્ધ થાય, જેમને સમ્યક્ત્વથી પડયાને સંખ્યાત કે અસંખ્યાત કાલ ગયો છે, તે જીવો ફરી સમ્યક્ત્વ પામીને એક સમયમાં દશ દશની સંખ્યામાં મોક્ષે જાય છે, જેઓ સમ્યક્ત્વથી પડયા નથી તેઓ એક સમયમાં ઉત્કૃષ્ટ ચાર જીવો સિદ્ધ થાય. કહ્યું છે કે :-

“ जेसिमणंतो कालो पडिवाओ तेसिं होइ अट्ठसयं ॥
अप्पडिवडिए चउरो दसगं दसगं च सेसाणं ॥१॥

ભાવાર્થ—જેઓને સમ્યક્ત્વથી પડયાને અનંતકાલ ગયો છે. તેઓ એક સમયમાં ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય, સંખ્યાત અને અસંખ્યાત કાળવાળા એક સમયમાં ઉત્કૃષ્ટ દશ દશ સિદ્ધ થાય અને અપ્રતિપતિત સમ્યક્ત્વવાલા એક સમયમાં ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય, આ પ્રમાણે શ્રી નંદીસૂત્રની ટીકામાં કહ્યું છે. ॥ ૫૮ ॥

પ્ર૦—(૫૯) સર્વાર્થસિદ્ધ વિમાનના ઉપર બાર યોજન ઊંચે સિદ્ધશિલા છે, તે મધ્યભાગમાં આઠ યોજન જાડી છે, ત્યારપછી કેટલી હાનિવડે ઘટતી પ્રાન્ત ભાગને વિષે અતિશય પાતલી થઈ છે?

ઉ૦—શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર અને ટીકામાં તો ત્યાર પછી સર્વ દિશા અને વિદિશામાં થોડા થોડા પ્રદેશની હાનિવડે ઘટતી ઘટતી છેડાને વિષે માખીની પાંખ કરતાં પણ અતિ પાતલી હોય છે અંગુલના અસંખ્યાતમાં ભાગ

જેટલી જાડી કહી છે તે સામાન્ય રીતે કહેલ છે; વિશેષ રૂપે નહિ, શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની કમલસંયમી ટીકામાં તો સિદ્ધશિલા મધ્ય ભાગમાં આઠ યોજન જાડી છે અને છેડે ક્રમેક્રમે ઘટતી અતિશય પાતલી છે. આ સ્થળે વિશેષ હાનિ કહેલ નથી તો પણ દર યોજને બેથી નવ અંગુલની હાનિ જાણવી એ વાત આવશ્યકનિર્યુક્તિના અભિપ્રાય પ્રમાણે કહી છે.

तथा च तत्पाठः–गंतूण जोयणं जोयणं तु परिहाइ अंगुलपहुत्तं ॥
तीसेव य पेरंता मच्छीपत्ता उ तणुयअरा ॥१८॥

**ભાવાર્થ**—યોજન યોજન જઈએ ત્યારે બેથી નવ અંગુલ જેટલી જાડાઈમાં ઘટાડો થાય, પ્રાન્ત ભાગને વિષે તે સિદ્ધશિલા માખીની પાંખ કરતા પણ અતિશય પાતલી હોય છે. ॥ ૫૯ ॥

પ્ર૦—(૬૦) ત્રણે જગતમાં સર્વોત્કૃષ્ટ રૂપ તીર્થંકરોનું હોય છે. તેનાથી અનંતગુણહીન રૂપ ગણધરોનું, તેનાથી અનંતગુણહીન રૂપ કેટલાક સાધુઓનું કે દેવેન્દ્રચક્રવર્ત્યાદિનું હોય ?

ઉ૦–ત્રણે લોકમાં સર્વોત્કૃષ્ટ રૂપ તીર્થંકરોનું હોય છે, તેનાથી અનંત ગુણહીનરૂપ ગણધરોનું હોય છે, તેનાથી અનંત ગુણહીનરૂપ આહારક લબ્ધિવાલા મુનિએ કરેલ આહારક શરીરનું હોય છે, તેનાથી અનંત ગુણહીનરૂપ અનુત્તર વિમાનના દેવોનું હોય છે, તેનાથી અનંત ગુણ-હીનરૂપ ગ્રૈવેયક દેવોનું હોય છે, તેનાથી અનંતગુણહીન

રૂપ ૧૨-૧૧-૧૦-૯-૮-૭-૬-૫-૪-૩-૨-૧ અચ્યુત દેવલોકથી આરંભીને ઠેઠ પહેલા દેવલોક સુધીના દેવોનું અનુક્રમે દરેકનું અનંત ગુણહીનરૂપ જાણવું, સૌધર્મ દેવલોકના દેવતાના રૂપથી ભવનપતિ-જ્યોતિષ્ક-વ્યન્તર-ચક્રવર્તિ-વાસુદેવ-બલદેવ-મહામાંડલિક રાજાનું રૂપ અનુક્રમે દરેકનું અનંત ગુણહીનરૂપ જાણવું, બાકીના દેશવાસી લોકોનું રૂપ છ સ્થાનગત હોય છે ॥ ૬૦ ॥

પ્ર૦-(૬૧) દેવોનું ભવધારણીય શરીર ઉત્પત્તિ સમયે વસ્ત્રાલંકાર રહિત સ્વાભાવિક અદ્‌ભુતરૂપવાળું હોય છે, ત્યાર પછી તેઓ શરીરને વિશે વસ્ત્રાલંકાર ધારણ કરે છે, તો ઉત્તરવૈક્રિય શરીર તેઓ વસ્ત્રાલંકાર રહિત બનાવે છે કે વસ્ત્રાલંકાર યુક્ત ?

ઉ૦—દેવો ઉત્તરવૈક્રિય શરીર વસ્ત્રાલંકાર સહિત જ બનાવે છે, પણ પછી વસ્ત્રાલંકાર ધારણ કરતા નથી,

**यदुक्तं जीवाभिगमे-" सोहम्मीसाण देवा केरिसया विभूसाए पण्णत्ता-गोयमा दुविहा पण्णत्ता तं वेउव्वियसरीरा य अवेउव्वियसरीरा य, तत्थ जे ते वेउव्वियसरीरा ते हारविराइयवत्था जाव दस दिसाओ उज्जोएमाणा इत्यादि" तत्थणं जे ते अवेउव्वियसरीरा ते णं आभरणवसणरहिया पगतित्था विभूसाए पण्णत्ता ॥**

ભાવાર્થઃ—હે ભગવંત ! સૌધર્મ ઈશાન દેવલોકના દેવો કેવી શોભાવાળા કહેલા છે ? હે ગૌતમ, દેવો બે

પ્રકારના કહ્યા છે; એક વૈક્રિય શરીરવાળા એટલે ઉત્તરવૈક્રિય શરીરવાલા, અને બીજા અવૈક્રિય શરીર એટલે કે ભવધારણીય શરીરવાલા, તેમાં જે ઉત્તરવૈક્રિય શરીરવાલા હોય તે હારથી વિરાજિત વક્ષસ્થલવાલા દશે દિશાઓને પ્રકાશિત કરતા હોય છે, તેમાં જે અવૈક્રિય શરીર એટલે ભવધારણીય શરીરવાલા વસ્ત્ર અલંકાર રહિત સ્વાભાવિક અદ્‌ભુતરૂપવાલા હોય છે. લોકપ્રકાશમાં પણ કહ્યું છે કેઃ-

**विरच्यन्ते पुनय तु सुरैरुत्तरवैक्रिया ॥**

**ते स्युः समसमुत्पन्ना वस्त्रालंकारभासुराः ॥१॥**

**અર્થ** ઉપર આવી ગયેલ છે. ॥ ૬૧ ॥

**પ્ર૦**—(૬૨)—ગર્ભજ મનુષ્યાદિકને આગમમાં છ પર્યાપ્તિઓ કહેલ છે. દેવતાઓને પાંચ પર્યાપ્તિ શ્રી ભગવતી સૂત્રમાં કહેલ છેઃ-

**पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गच्छतीति**

એ વચનવડે પાંચ જ પર્યાપ્તિઓ કેમ ?

ઉ૦—ભાષા અને મનપર્યાપ્તિની સમાપ્તિમાં અંતર થોડું પડે છે તેથી એક રૂપે વિવક્ષા કરી છે માટે પાંચ પર્યાપ્તિ કહી છે, રાજપ્રશ્નીયસૂત્રની ટીકામાં–

**भाषामनःपर्याप्त्योः समाप्तिकालान्तरस्य प्रायः शेषपर्याप्तिसमाप्तिकालान्तराऽपेक्षया स्तोकत्वादेकत्वेन विवक्षणमिति ॥**

અર્થ ઉપર આવી ગએલ છે, અત્રે ભાષા અને મનઃપર્યાપ્તિ બહુશ્રુતના અભિપ્રાય પ્રમાણે કોઈ કારણથી

એકપણે કહેલ છે. પ્રવચનસારોદ્ધારના ૨૩૨ માં દ્વારમાં समगंपि हुंति नवरं पंचमछट्ठीउ अमरा દેવોને પાંચમી અને છઠ્ઠી પર્યાપ્તિ સાથે કહેલ છે, બીજે સ્થળે છ પર્યાપ્તિ કહેલ છે. ॥ ૧૨ ॥

પ્ર૦(૧૩)—શાસ્ત્રમાં ઉત્તર દિશાને વિષે માનસરોવર સંભળાય છે તે જંબૂદ્વીપને વિષે છે કે કોઈ બીજા દ્વીપને વિષે છે અને તેનું કેટલું પ્રમાણ છે?

ઉ૦—ઉત્તર દિશામાં સંખ્યાતા યોજનના પ્રમાણવાલા દ્વીપોમાં કોઈ દ્વીપને વિષે સંખ્યાતા કોટાકોટી યોજનના પ્રમાણવાળું માનસરોવર છે એમ પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં ત્રીજા અલ્પબહુત્વપદને વિષે કહ્યું છે.

પ્ર૦ ૧૪-હંસ, દૂધ અને પાણી મિશ્ર હોય તો તેને કેવી રીતે જુદા પાડે કે જેથી દૂધ પીએ અને પાણીને છોડી દે?

ઉ૦—હંસની જીભમાં ખટાશ હોય છે કે તેથી દૂધ કુચારૂપે થઈને જુદું પડે છે. શ્રીનંદીસૂત્રની ટીકામાં કહ્યું છે.

अंबत्तणेण जीहाए कूचिया होइ खीरमुदयम्मि ॥
हंसो मुत्तूण जलं आवियइ पयं तह सुसीसो ॥१॥

**ભાવાર્થ**:—જીભની ખટાશને લીધે પાણીમાં દૂધ કુચારૂપે થઈ જાય છે તેથી હંસ પાણી છોડીને દુધને પીએ છે તેમ સુશિષ્ય અર્થનું પાન કરે-ગ્રહણ કરે. ॥ ૧૪ ॥

પ્ર૦(૬૫)—અસુરકુમાર દેવો કોઈક વખત વૈમાનિક દેવોના રત્નો ચોરીને એકાન્તમાં ચાલ્યા જાય ત્યારે તે વૈમાનિક દેવો પ્રહારોવડે તેઓને પીડે છે તે સમયે અથવા બીજા સમયમાં તેઓને અસાતા વેદના એટલે દુઃખ કેટલો કાલ થાય ?

ઉ૦—જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ છ મહીના દુઃખ થાય. શ્રી ભગવતીસૂત્રના ત્રીજા શતકના બીજા ઉદ્દેશામાં કહ્યું છેઃ–

" एषां रत्नादातॄणामसुराणां कायं देहं प्रव्यथन्ते प्रहारैर्मथ्नन्ति वैमानिका देवाः तेषां च प्रव्यथितानां वेदना भवति जघन्येनाऽन्तर्मुहूर्तमुत्कृष्टतः षण्मासान् यावत् "

યોગશાસ્ત્રની ટીકામાં તો

"देवाश्च सद्वेदना एव प्रायेण भवन्ति, यदि च असद्वेदना भवन्ति ततोऽन्तर्मुहूर्तमेव न परतः "

વૈમાનિક દેવો રત્નો ચોરનાર અસુરોના શરીરને પ્રહારોવડે પીડે છે, પીડાયેલા તે અસુરોને વેદના જઘન્યથી અંતમુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ છ મહિના સુધી થાય છે. યોગશાસ્ત્રમાં તો દેવતાઓને પ્રાયે સાતાવેદના હોય છે. જો અસાતાવેદના થાય તો અંતર્મુહૂર્ત સુધી, પછી નહીં એમ કહ્યું છે ॥ ૬૫ ॥

પ્ર૦(૬૬)—તિર્યગ્જૃંભક દેવો ક્યાં રહે છે ?

ઉ૦—તિર્યગ્જૃંભક દેવો વ્યંતરવિશેષ છે. તેઓ દીર્ઘવૈતાઢ્ય પર્વત, કાંચનગિરિ–ચિત્ર–વિચિત્ર–યમક–સમક

પર્વતને વિષે વસે છે, શ્રી ભગવતીસૂત્ર ૧૪ શતક ૮ ઉદ્દેશામાં આ પ્રમાણે છે અને બીજે પણ કહ્યું છે–

**कंचनगिरिकूडेसु चित्तविचित्ते य जमगसमगे य ॥**
**एएसु ठाणेसु वसंति तिरियजंभगा देवा ॥१॥६६॥**

પ્ર૦—(૬૭) જે પ્રકારે ચક્રવર્તીઓની ૧૬ હજાર વ્યન્તર દેવો સેવા કરે છે તે પ્રકારે અર્ધચક્રી વાસુદેવોની આઠ હજાર વ્યન્તર દેવો સેવા કરે છે કે નહિ?

ઉ૦—કેટલાક વ્યન્તર દેવો ચક્રવર્તી વાસુદેવ પ્રમુખ મનુષ્યોની પણ નોકરની માફક સેવા કરે છે એમ પ્રજ્ઞાપનાસૂત્રની પ્રથમ પદની ટીકામાં કહ્યું છે "**अट्ठयदेवसहस्सा अभियोगा सव्वकज्जेसु**" સર્વ કાર્યને વિષે ઉપયોગી આઠ હજાર આભિયોગિક દેવો હોય છે ॥ ૬૭ ॥

પ્ર૦(૬૮)—ચઉદ પૂર્વધર સાધુ દેવપણું પામેલ હોય તો પૂર્વનો બધો શ્રુત યાદ આવે કે તેનો દેશ યાદ આવે?

ઉ૦-પ્રાયે ચઉદ પૂર્વનો દેશ યાદ આવે, બધું શ્રુત નહિ. બૃહત્કલ્પટીકાની પીઠિકામાં કહ્યું છે કે–

**चउदसपुव्वी मणुओ देवत्ते तं ण संभरइ सव्वं ॥**
**देसंमि होइ भयणा सट्ठाणभवे वि भयणा उ ॥१॥**

ચઉદ પૂર્વધર મનુષ્ય દેવપણું પામે તો વિષયપ્રમાદ તથા તેવા પ્રકારના ઉપયોગના અભાવથી તે બધું શ્રુત યાદ રહેતું નથી, દેશથી ભજના જાણવી તે એવી રીતે કોઇ દેશને સ્મરણ કરે, કોઇ દેશનો દેશ સ્મરણ કરે કોઇ અગીયાર અંગમાં સર્વ સ્મરણ કરે, કોઇ તેનો પણ દેશ સ્મરણ

કરે, મનુષ્યભવમાં રહ્યો હોય તો પણ ભજના જાણવી. મનુષ્યભવમાં પણ શ્રુતજ્ઞાનના નાશના આ કારણો છે– મિથ્યાત્વથી ભવંતર મરણથી-કેવલજ્ઞાન–બીમારીથી પ્રમાદ આદિથી શ્રુતનો નાશ થાય છે, એ પ્રમાણે વિશેષાવશ્યકમાં પણ છે. શ્રીજ્ઞાતાસૂત્રના ચઉદમા અધ્યયનમાં તો તેતલી મંત્રીને પૂર્વ ભણેલા ચઉદપૂર્વનું સ્મરણ થયાનું કહ્યું છે. ૬૮

પ્ર૦(૬૯)—દેવો અને નારકીઓ જે પુદ્ગલોને આહાર તરીકે ગ્રહણ કરે છે તે અને કાર્મણ શરીરના પુદ્ગલોને અવધિજ્ઞાનથી જાણે છે અને દેખે છે કે નહિ ?

**ઉત્તર**–નારકીઓ તે પુદ્ગલોને જાણતા નથી અને દેખતા પણ નથી. દેવોમાં પણ કેટલાક જાણે અને કેટ-લાક નથી જાણતાં. કહ્યું છે કે–"**पोग्गलानेव जाणंतित्ति**" નારકીઓ જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે તેને અવધિજ્ઞાનથી જાણતા નથી, તે પુદ્ગલો તેમના અવધિજ્ઞાનના વિષયભૂત હોય છે, તેમને લોમ આહાર હોવાથી તે પુદ્-ગલોને આંખથી દેખતા પણ નથી, એ પ્રમાણે અસુરો વ્યંતર અને જ્યોતિષી દેવો જાણવા, વૈમાનિકમાં તો જે સમ્યગ્દૃષ્ટિ દેવો છે તે વિશિષ્ટ અવધિજ્ઞાનવાળા હોવાથી તે પુદ્ગલોને જાણે છે, નિર્મલ ચક્ષુથી જોઈ શકે છે, મિથ્યાદૃષ્ટિઓ તો જાણતા નથી અને દેખતા પણ નથી, તેમને પરોક્ષ અને પ્રત્યક્ષ જ્ઞાન અસ્પષ્ટ હોય છે, સંગ્ર-હણીની ટીકામાં તો દેવોએ મનથી કલ્પેલા શુભ પુદ્ગલો સર્વ શરીરવડે આહારરૂપે પરિણમે છે, અને નારકીઓને

તો આહારના પુદ્ગલો અશુભ છે, ગ્રહણ કરતા તે પુદ્ગલોને વિશુદ્ધ, અવધિ અને ચક્ષુના સદ્ભાવથી અનુત્તર વિમાનના દેવો જાણે છે અને દેખે છે, પણ નારકી અને ગ્રૈવેયક સુધીના દેવો જાણતા નથી અને દેખતા નથી એમ કહ્યું છે, પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં તો ઇન્દ્રિય પદને વિષે આ જ અભિપ્રાય છે. તત્ત્વ કેવલી જાણે, તેમજ કાર્મણ શરીરના પુદ્ગલોને પણ અનુત્તર વિમાનના દેવો જ જાણે અને દેખે છે, ગ્રૈવેયક સુધીના દેવો જાણતા નથી તેમ દેખતા નથી કેમકે તે પુદ્ગલો તેમને અવધિજ્ઞાનના અવિષયભૂત છે, બાર દેવલોક અને નવ ગ્રૈવેયકમાં સમ્યગ્દૃષ્ટિ દેવો છે પણ તેમનું અવધિજ્ઞાન કાર્મણ શરીરના પુદ્ગલના વિષયભૂત નથી. ।। ૬૯ ।।

પ્ર૦ (૭૦)–કેટલાક અભવ્ય જીવો પણ યથાપ્રવૃત્તિ કરણવડે ગ્રંથી દેશને વિષે રહેલા દ્રવ્યલિંગ સાધુના વેષને પામીને જો શ્રુતનો અભ્યાસ કરે તો કેટલું શ્રુત પામી શકે? તેમજ ક્રિયાના બલથી સ્વર્ગે જાય તો ક્યાં સુધી જઇ શકે?

ઉ૦–અભવ્ય જીવો ઉત્કૃષ્ટથી અગીયાર અંગ જેટલું શ્રુત પામે છે, જે વિશેષાવશ્યકની ટીકામાં કહ્યું છે.

"तित्थंकराइपूअं दट्ठुं अण्णेण वा वि कज्जेण ।।
सुअसामाइयलाभो होइ अभव्वस्स गंठिम्मि ।।१५।।

ભાવાર્થ—અતિશયવાલી અર્હદાદિ વિભૂતિ જોઇને ધર્મથી આવા પ્રકારનો સત્કાર અથવા દેવત્વ અને રાજ્યાદિ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ઉત્પન્ન બુદ્ધિવાલા અને ગ્રંથી

દેશને પ્રાપ્ત થએલ સર્વથા મોક્ષની શ્રદ્ધા રહિત અભવ્યને પણ તે વિભૂતિ નિમિત્તે દેવપણું, રાજાપણું, સૌભાગ્ય કે બલાદિ લક્ષણ કોઈપણ પ્રયોજનને લઈને કંઈક કષ્ટાનુષ્ઠાનને સ્વીકાર કરતા જ્ઞાનરૂપ માત્ર શ્રુત સામાયિકનો લાભ થાય તે પણ અગિયાર અંગ જેટલો જ લાભ મળે તેમજ અભવ્ય જીવ ઉત્કૃષ્ટથી ઉપરના ગ્રૈવેયક સુધી જાય. શ્રી ભગવતીસૂત્રની ટીકામાં :

मिथ्यादृष्टय एव अभव्या भव्या वा असंयतभव्यद्रव्यदेवा : श्रमणगुणधारिणो निखिलसामाचार्यनुष्ठानयुक्ता द्रव्यलिंगधारिणो गृह्यन्ते, ते हि अखिलक्रियाप्रभावत एव उपरिमग्रैवेयकेषु उत्पद्यन्ते, इति असंयताश्च ते सत्यपि अनुष्ठाने चारित्रपरिणामशून्यत्वात् ”

એ પ્રમાણે પ્રવચનસારોદ્ધાર ટીકામાં ૧૯૦ મા દ્વારમાં છે.

यत्तु क्वचिद् नवपूर्वान्तं श्रुतम् अभव्यानां अंगारमर्दकाचार्यादिनां श्रूयते तत् सूत्रपाठमात्रं तेषां पूर्वलब्धेरभावात्, यद् वा नवपूर्वाणि पूर्वधरलब्धिं विनापि भवन्ति ॥

ભાવાર્થ–મિથ્યાદૃષ્ટિયોજ અભવ્યો વા ભવ્યો અસંયત ભવ્ય દ્રવ્યદેવો સાધુના ગુણને ધારણ કરનારા સમગ્ર સામાચારીના અનુષ્ઠાનક્રિયાયુક્ત દ્રવ્યલિંગને ધારણ કરનારા ગ્રહણ કરાય છે, તેઓ સમગ્રક્રિયાના પ્રભાવથી ઉપલા ગ્રૈવેયકોને વિષે ઉત્પન્ન થાય છે. તેઓ ચારિત્ર ક્રિયા કરવા છતાં ચારિત્રના પરિણામ રહિત હોવાથી અસંયત કહેવાય છે. જે કંઈ નવપૂર્વ સુધીનું શ્રુત અભવ્ય અંગારમર્દકાચાર્ય આદિને

સંભળાય છે તે મૂલ માત્ર જાણવું; અર્થથી નહિ, તેઓને પૂર્વ લબ્ધિનો અભાવ છે અથવા નવપૂર્વી પૂર્વધરની લબ્ધિ વિના પણ હોય ।।૭૦।।

પ્ર૦ ૭૧–૧ આમર્ષૌષધિ; ૨ વિપ્રુડૌષધિ, ૩ ખેલૌષધિ, ૪ જલ્લૌષધિ, ૫ સર્વૌષધિ, ૬ સંભિન્નશ્રોતા, ૭ અવધિજ્ઞાન ૮ ઋજુમતિ, ૯ વિપુલમતિ, ૧૦ ચારિણ, ૧૧ આશીવિષ, ૧૨ કેવલજ્ઞાન, ૧૩ ગણધરપદ, ૧૪ પૂર્વધર, ૧૫ તીર્થંકર, ૧૬ ચક્રવર્ત્તિ, ૧૭ વાસુદેવ, ૧૮ બળદેવ, ૧૯ ક્ષીરાસ્રવ, મધુઆસ્રવ,સર્પિંશાસ્રવ, ૨૦ કોષ્ટકબુદ્ધિ, ૨૧ પદાનુસારિ, ૨૨ બીજબુદ્ધિ, ૨૩, તેજોલેશ્યા, ૨૪ આહારક શરીર, ૨૫ શીતલેશ્યા, ૨૬ વૈક્રિય શરીર, ૨૭, અક્ષીણમહાનસી, ૨૮ પુલાકલબ્ધિ, આ ૨૮ લબ્ધિયો ભવ્ય પુરુષોને હોય છે પરંતુ ભવ્ય સ્ત્રીઓને, અભવ્ય પુરુષોને અને અભવ્ય સ્રીયોને કેટલી લબ્ધિયો હોય છે?

ઉ૦–આ ૨૮ લબ્ધિયોમાંથી ૧ અરિહંત, ૨ ચક્રી, ૩ વાસુદેવ,૪ બલદેવ,૫ સંભિન્નશ્રોતા, ૬ ચારણર્ષી૭ પૂર્વધર, ૮ ગણધર, ૯ પુલાક, ૧૦ આહારક આ દશ લબ્ધિઓ ભવ્યસ્રીને ન હોય, બાકીની અઢાર લબ્ધિયો હોય છે, જે મલ્લિનાથસ્વામીને સ્રીપણામાં તીર્થંકરપદ પ્રાપ્ત થયું તે આશ્ચર્યભૂત હોવાથી ન ગણવું, તેમજ કેવલી, ઋજુમતિ વિપુલમતિરૂપ ત્રણ લબ્ધિયો સહિત પૂર્વે કહેલ દશ લબ્ધિઓ અર્થાત્ કુલ ૧૩ લબ્ધિયો અભવ્ય પુરૂષોને ન હોય, બાકીની ૧૫ હોય, તેમજ અભવ્ય સ્રીયોને પણ પૂર્વે કહેલ ૧૩

લબ્ધિયો ન હોય. ૧૪ મધુક્ષીરાસ્રવ લબ્ધિ પણ તેઓને ન હોય. બાકીની ૧૪ લબ્ધિયો હોય છે, પ્રવચનસારોદ્ધારમાં ઉપર પ્રમાણે જણાવેલ છે.

भवसिद्धियपुरिसाणं एयाओ हुंति भणियलद्धीओ ॥
भवसिद्धियमहिलाण वि जत्तिय जायंति तं वोच्छं ॥१॥
अरिहंतचक्किकेसवबलसंभिन्ने य चारणा पुव्वा ।
गणहरपुलायआहारगं च न हु भवियमहिलाणं ॥२॥
अभविय पुरिसाणं पुण दसपुव्विला उ केवलित्तं च ॥
उज्जुमई विउलमई तेरस एयाउ न हु हुंति ॥३॥
अभवियमहिलाणं पि हु एआ उ ण हुंति भणियलद्धीओ ॥
महुक्खीरासव्वलद्धी वि नेय सेसा उ अविरुद्धा ॥४॥

પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં સ્ત્રીયોના મુક્તિ સ્થાપન અધિકારમાં :—

वादविकुर्वणत्वादि लब्धिविरहे श्रुते कनीयसि च ॥
जिनकल्पमनःपर्यवविरहेऽपि न सिद्धिविरहोऽस्ति ॥१॥

વાદલબ્ધિ વૈક્રિય લબ્ધિનો અભાવ, શ્રુત થોડું હોય જિનકલ્પ-મનઃપર્યવના અભાવે પણ સિદ્ધિનો અભાવ નથી, બીજા ગ્રંથની ગાથાથી સ્ત્રીયોને વક્રિય લબ્ધિનો અભાવ કહ્યો છે તે બીજાનો મત છે અને વિચાર કર્યા વગર કહ્યું જણાય છે તે સિવાય પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં ત્રીજા અલ્પ-બહુત્વપદમાં કહેલ સ્ત્રીયોને વૈક્રિય સમુદ્ઘાતનું કથન અસંગત થઈ જાય.

**શંકા**—૨૮ સિવાય બીજી પણ કેટલીક લબ્ધિયો છે કે નહિ ?

**સમાધાન**—તે સિવાયની બીજી લબ્ધિયો પણ હોય છે, પ્રવચનસારોદ્ધાર ટીકામાં કહ્યું છે કે:-"**एमाइ हुंति लद्धिओ**" ૨૮ આદિ લબ્ધિઓ હોય છે, આદિ શબ્દથી જીવોને શુભ-શુભતર-શુભતમ પરિણામથી અસાધારણ તપના પ્રભાવથી નાના પ્રકારનીલબ્ધિઓ ઋદ્ધિવિશેષો હોય છે. ॥૭૧॥

પ્ર૦ (૭૨)—અણિમાદિ આઠ સિદ્ધિયોનો કઇ લબ્ધિમાં સમાવેશ થાય છે ?

ઉ૦—વૈક્રિય લબ્ધિમાં આ આઠ સિદ્ધિઓનો અંત-ર્ભાવ-સમાવેશ જણાય છે. યોગશાસ્ત્રની ટીકામાં

'**वैक्रिया लब्धयोऽनेकधा अणुत्व-महत्व-प्राप्तिकाम्ये-शित्व-वशित्वाऽप्रतिघातित्व-अंतर्धानत्व--कामरुपित्वादि-भेदात्**,

१.**अणुत्वं**-નાનામાં નાનું શરીર બનાવવું, જેના વડે કમલતંતુના છિદ્રમાં પ્રવેશ કરીને ચક્રવર્ત્તિના ભોગો ભોગવી શકે, **महत्वं**-મેરુથી પણ મોટું શરીર કરી શકે એવું સામર્થ્ય, **लघुत्वं**-પવનથી ઘણું હલકું શરીર બનાવે તે, **गुरूत्वं**-વજ્રથી પણ ઘણું ભારે શરીર બનાવે કે જેથી પ્રકૃષ્ટ બળવાળા ઇન્દ્રાદિ દેવોને પણ દુઃસહ થાય, **प्राप्ति**-ભૂમિ ઉપર રહી અંગુલીના અગ્રભાગવડે મેરુપર્વતના અગ્રભાગ તથા પ્રભાકરાદિને સ્પર્શ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય તે, **प्राकाम्यं**-પાણીમાં ભૂમિની પેઠે પ્રવેશ કર્યા વગર ચાલવાની

શક્તિ તે, તેમજ જળની પેઠે ભૂમિમાં ડુબકી મારીને પાછા ઉપર આવવાની શક્તિ તે, **ईशित्वं**–ત્રણેલોકની પ્રભુતા, તીર્થંકર અને ઈન્દ્રની ઋદ્ધિ વિકુર્વવાનું સામર્થ્ય તે, **वशित्वं**–સર્વજીવને વશ કરવાની શક્તિ તે, **अप्रतिघातित्वं**–પહાડની અંદર પણ નિશંકપણે ચાલવાની શક્તિ, **अंतर्धानं**–અદૃશ્ય થવાની શક્તિ, **कामरुपित्वं**–એકી સાથે નાના પ્રકારના રૂપ બનાવવાની શક્તિ ઇત્યાદિ મહાન્ ઋદ્ધિયો છે, વિશેષમાં એટલું કે તેમાં આ લબ્ધિઓ આદિ શબ્દથી ગ્રહણ કરેલ છે. ॥૭૨॥

પ્ર૦ (૭૩)–કેટલા ક્ષેત્રને આશ્રયીને રહેલ વસ્તુને બાળવાનું તેજોલેશ્યાનું સામર્થ્ય છે?

ઉ૦—શ્રી ભગવતીસૂત્રની ટીકામાં શ્રી ગૌતમસ્વામીના વર્ણનમાં અનેક યોજન પ્રમાણ ક્ષેત્રને આશ્રયીને રહેલ વસ્તુને બાલવાનું સામર્થ્ય કહેલ છે, એ પ્રમાણે પ્રવચન સારોદ્ધાર ટીકામાં પણ છે.

શંકા—વળી કોઈક સ્થળે તેજોલેશ્યાનું સામર્થ્ય ૧૬ દેશને-બાળવાનું કહ્યું છે તે શું?

**સમાધાન**—તે પણ શ્રી ભગવતીસૂત્રના પંદરમા-શતકને અનુસારે જાણવું:—

**तत्पाठस्तु एवं–अज्जोत्ति समणे भगवं महावीरे समणे णिग्गंथे आमंतेत्ता एवं वयासि जावतिण्णं अज्जो गोसालेणं मंखलिपुत्तेणं ममवहाए सरीरगंसि तेयं णिसट्ठे सेणं अलाहिपज्जंते सोलसन्हं जणवयाणं तं--अंगाणं वंगाणं कलिंगाणं मगहाणं**

**मलयाणं मालवगाणं अच्छाणं वच्छाणं कच्छाणं पाढाणं लाढाणं वज्जीणं मोलीणं कोसलगाणं आबाहाणं संभुत्तराणं घाताए वहाए उच्छादणयाए भासीकरणयाए त्ति "**

**ભાવાર્થ**—હે આર્ય ! શ્રમણ ભગવાન્ મહાવીર શ્રમણ-નિર્ગ્રંથોને બોલાવીને આ પ્રમાણે કહે છે કે હે આર્ય, યાવત્ ગોશાલો મંખલીપુત્રે મારા વધ માટે શરીરમાં રહેલ તેજને કાઢેલ છે, તે તેજ સોળ દેશને બાળી શકે છે, તે દેશોના નામ–અંગ, બંગ, કલિંગ, મગધ, મલય, માલવ, અચ્છ, વચ્છ, કચ્છ, પાઢ, લાઢ, વજ્જી, મોલી, કોશલ, આવાહ, સંભૂત્તહર તે તેજ આ સોળ દેશોના ઘાતને માટે વધને માટે, નાશને માટે અને ભસ્મ કરવાને માટે હોય છે. ॥૭૩॥

પ્ર૦ (૭૪)–તેજોલેશ્યા અને શીતલેશ્યા શું કરે છે?

ઉ૦ **सव्वस्स उण्हसिद्धं रसाइ आहारपागजणगं च ॥ तेयगलद्धिनिमित्तं च तेयगं होइ नायव्वं ॥१॥**

**ભાવાર્થ**—સર્વ જીવોને ઉષ્ણતાગરમીથી સિદ્ધ રસાદિ આહારના પાકને ઉત્પન્ન કરનાર તૈજસ લબ્ધિના કારણભૂત તેજ હોય એમ જાણવું, આ પ્રમાણે જીવાભિગમની ટીકામાં છે.

શંકા–તેજોલેશ્યા તો તૈજસ શરીરમાંથી નીકલે છે એ વાત પ્રસિદ્ધ છે, પરંતુ શીતલેશ્યા ક્યાંથી નીકલે છે?

**સમાધાન**–શીતલેશ્યા પણ તૈજસ શરીરમાંથી જ ઉત્પન્ન થાય છે. તત્ત્વાર્થસૂત્રની ટીકામાં કહ્યું છે કે–

यदा उत्तरगुणप्रत्यया लब्धिरुत्पन्ना भवति तदा परं प्रति दाहाय विसृजति रोषविषाद्मातो गोसालादिवत् प्रसन्नस्तु शीततेजसा अनुगृह्णाति,

લોકપ્રકાશમાં પણ કહ્યું છે કે:-

अस्मादेव भवत्येवं शीतलेश्याविनिर्गतिः ॥
स्यातां च रोषतोषाभ्यां निग्रहानुग्रहान्वितः ॥१॥

ભાવાર્થ-જ્યારે ઉત્તરગુણ પ્રત્યયિક લબ્ધિ ઉત્પન્ન થાય ત્યારે બીજાને બાળવાને માટે ક્રોધથી ધમધમેલી તેજોલેશ્યાને કાઢે છે, ગોશાલાની માફક અને પ્રસન્ન હોય ત્યારે શીતલેશ્યા વડે બીજાને ઉપકાર કરે છે. લોકપ્રકાશમાં પણ આ તૈજસ શરીરથી જ શીતલેશ્યા નીકળે છે, અને રોષતોષ એટલે ક્રોધ અને પ્રસન્નતાથી નિગ્રહ અને ઉપકારને માટે થાય છે ॥૭૪॥

પ્ર૦-૭૫-આહારકલબ્ધિને ધારણ કરનાર મુનિ અને વિદ્યાધરો તિર્યગ્ એટલે તીર્છો કેટલે દૂર સુધી જાય ?

ઉ૦(૭૫)—આહારક શરીર ઉત્કૃષ્ટ મહાવિદેહ ક્ષેત્ર સુધી જાય, વિદ્યાચારણ મુનિયો અને વિદ્યાધરો નંદીશ્વર-દ્વીપ સુધી જાય છે, જંઘાચારણ મુનિયો રૂચકદ્વીપ સુધી જાય છે. સંગ્રહિણી ટીકામાં કહ્યું છે કે-

औदारिकस्य तिर्यग् उत्कृष्टो विषयो विद्याधरान् आश्रित्य आनंदीश्वरात्, जंघाचारणान् आश्रित्य प्रत्यारुचक पर्वतात् ऊर्ध्वं उभयान् प्रत्यापण्डुकवनात्। वैक्रियस्य असंख्येय

द्वीपसमुद्राः, आहारकस्य महाविदेह, तैजसकार्मणयोः सर्वलोक इत्यादि ।

**ભાવાર્થ** :–ઔદારિક શરીરનો તીર્છો ઉત્કૃષ્ટ વિષય વિદ્યાધરોને આશ્રયીને નંદીશ્વરદ્વીપ સુધી, જંઘાચારણમુનિયોને આશ્રયીને રૂચક દ્વીપ સુધી, અને ઊંચે તો બન્નેને આશ્રયીને પાંડુકવન સુધી, વૈક્રિય શરીરને આશ્રયીને તિર્છો વિષય અસંખ્યાતા દ્વીપ સમુદ્ર સુધી, આહારક શરીરને આશ્રયીને મહાવિદેહ ક્ષેત્ર સુધી, તૈજસ કાર્મણ શરીરને આશ્રયીને આખો લોક સમજવો.

श्रीजिनलाभसूर्यादिसद्गुरुणामनुग्रहात् ॥
क्षमाकल्याणगणिना निर्मित्ते स्मृतिहेतवे ॥१॥
प्रश्नोत्तरसार्धशते पूर्वार्धं परिपूर्णताम् । गतं स्यादत्र यः कश्चिद् दोषः शोध्यः स कोविदैः ॥२॥

**અર્થ** :–શ્રી જિનલાભસૂરિઆદિ સદ્ગુરુના અનુગ્રહથી ક્ષમાકલ્યાણગણિએ સ્મૃતિને માટે બનાવેલ પ્રશ્નોત્તરસાર્ધશતક ગ્રંથમાં પૂર્વાર્ધ પૂર્ણતાને પામેલ છે આ ગ્રંથમાં જે કંઈ દોષ હોય તે વિદ્વજ્જનોએ કૃપા કરીને શોધવું.

## उत्तरार्धं

प्रणम्या परमानन्दसंपन्नं नाभिनन्दनं ।
संग्रहेऽथोत्तरार्धस्य यते संद्बोधवृद्धये ॥१॥

અર્થ–પરમાનંદસંપન્ન ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરીને સદ્બોધની વૃદ્ધિ માટે ઉત્તરાર્ધના સંગ્રહ માટે પ્રયત્ન

કરૂ છું. પ્ર૦ ૭૬-વર્તમાન કાલે જે શિષ્યાદિને દીક્ષાવિધિમાં ગુરુમહારાજ ભગવાન્‌ની પ્રતિમાને વિષે વાસક્ષેપ નાખે છે તે દ્રવ્યસ્તવ હોવાથી યોગ્ય કે અયોગ્ય ?

ઉ૦-પ્રભુપ્રતિમા ઉપર વાસક્ષેપ નાખે તે યોગ્ય જ છે, દીક્ષાવિધિમાં ભગવાન્‌ની પ્રતિમા ઉપર વાસક્ષેપ નાખવો તે દ્રવ્યસ્તવ હોવા છતાં ભગવાને સાધુઓને વિધેયરૂપે આજ્ઞા કરી છે, સર્વથા નિષેધ કર્યો નથી. પંચવસ્તુમાં દીક્ષાવિધિમાં હીરભદ્રસૂરિ મહારાજે કહ્યું છે,

**'तत्तो य गुरु वासे गिण्हिय लोगुत्तमाण पाएसु ॥**
**देइय तओ कमेणं सव्वेसिं साहुमाईणं ॥१॥**

**ભાવાર્થ**—ત્યારપછી ગુરુમહારાજ વાસક્ષેપ લઈ પ્રભુના ચરણને વિષે નાખીને પછી અનુક્રમે સાધુ આદિ ઉપર નાખે, સ્વયં પોતે નિર્ગ્રંથ હોવાથી શ્રાવકનો લાવેલો જ વાસક્ષેપ નાખવો, ૭૬.

પ્ર૦ (૭૭)-જંબૂદ્વીપમાં રહેલ જંઘાચારણ આદિ સાધુઓ જ્યારે ચૈત્યવંદન કરવા માટે રૂચકદ્વીપાદિને વિષે જાય ત્યારે વચમાં લવણસમુદ્રમાં રહેલ સોલ હજાર યોજન ઊંચી લવણસમુદ્રની શીખાને કેવી રીતે ઉલ્લંઘે ? સચિત્ત જલનો સ્પર્શ થવાનો સંભવ છે ?

ઉ૦-તે મુનિયો શરૂઆતથી જ તીર્છા જતા નથી પરંતુ પહેલાં કંઈક અધિક સત્તર હજાર યોજન ઊંચે જઈને પછી તીર્છા જાય છે માટે પાણીનો સ્પર્શ થતો નથી. શ્રી સમવાયાંગસૂત્રની ટીકામાં—

लवणेणं समुद्दे सत्तरसजोयणसहस्साइं सव्वग्गेणं पन्नत्ते इमीसेणं रयणप्पभाए पुढवीए बहुसम रमणिज्जाओ भूमि-भागाओ सातिरेगाइं सत्तरसजोयणसहस्साइं उड्ढं उप्पइत्ता तत्तो पच्छाचारणाणं तिरियं गई पवत्तइत्ति सूत्रं चारणाणंति जंघाचारणाणं विद्याचारणाणं, तिरियंति तिर्यगुरुचकादिद्वीप-गमनाय इति तद्वृत्ति : ॥

**ભાવાર્થ**– લવણસમુદ્રમાં કુલ સત્તર હજાર યોજનની શીખા કહેલ છે. આ રત્નપ્રભા પૃથ્વીના સમભૂભાગથી કંઇક અધિક સત્તર હજાર યોજન ઊંચે જઇને પછી ચારણ મુનિઓ રૂચકદ્વીપ જવાને માટે તીર્છીગતિ કરે છે ॥ ૭૭ ॥

પ્ર૦ (૭૮)—સાધુઓએ ગૃહસ્થની પાસેથી કાપેલું જ વસ્ત્ર યાચીને પહેરવું જોઇએ, પરંતુ કાપેલું વસ્ત્ર ન મલે તો કાપે કે નહિ ?

ઉ૦—જો પ્રમાણ યુક્ત કાપેલું વસ્ત્ર ન મલે તો પોતે પણ કાપે–આ વાત બૃહત્કલ્પસૂત્રના બીજા ખંડમાં શંકા–સમાધાનપૂર્વક કહેલ છે. સંક્ષેપથી તે પાઠ આ પ્રમાણે છે–

नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अभिन्नाइं वत्थाइं धारित्तए ॥

સાધુ અથવા સાધ્વીઓને છેદ્યા વગરનું વસ્ત્ર ધારણ કરવું કલ્પે નહિ માટે છેદેલું જ એટલે કાપેલું જ વસ્ત્ર ગ્રહણ કરવું. છેદેલું ન મળે તો પોતે કાપીને લે એટલે

જેટલું પ્રમાણથી અધિક હોય તેટલું કાપીને પ્રમાણ યુક્ત કરે, આ સ્થળે કેટલાક શંકા કરે છે કે વસ્ત્ર કાપવાથી શબ્દ ઉત્પન્ન થાય છે, સૂક્ષ્મ પાંખવાળા જીવો ઊડે છે. આ બન્ને નિકળેલા શબ્દ અને જીવો લોકના છેડા સુધી જાય છે, અથવા શબ્દથી પ્રેરાયલા પુદ્ગલો લોકના છેડા સુધી પહોંચે છે, તથા તેના શરીરના ચાલવાથી નિકળેલા પવન વિગેરે ફેલાતા સમગ્ર લોક વ્યાપક થાય છે તેથી સૂક્ષ્મ જીવની વિરાધના થાય માટે આ આરંભ સાવદ્ય જાણીને જેવું વસ્ત્ર મળે તેવું વાપરવું પણ કાપવું નહિ? શ્રી ભગવતીસૂત્રમાં પણ હાલતાચાલતા ચેષ્ટાવાળા જીવને મોક્ષનો નિષેધ કરેલ છે. સંયમના સાધનભૂત શરીરના નિર્વાહને માટે ગોચરી જવાનું, ભોજન, શયન આદિ ક્રિયાનો નિષેધ કરી શકાય નહિ; માટે વસ્ત્ર કાપવાની પ્રવૃત્તિ ન કરવી, આ પ્રમાણે વાદીએ પોતાનો પક્ષ સ્થાપન કર્યા પછી સમાધાન કરતાં સૂરિ મહારાજ કહે છે કે "**आरंभमिट्ठोजइ** યત્નાપૂર્વકનો આરંભ ઇષ્ટ છે. બીજું હે વાદી, વસ્ત્ર છેદતા એક વાર થોડો દોષ લાગે છે પરંતુ વસ્ત્ર ન કાપે તો પ્રમાણથી અધિક વસ્ત્રને પડિલેહણ કરતા જમીન ઉપર સ્પર્શ, હાલવા આદિ હંમેશના દોષો લાગે છે. વલી તે વસ્ત્રને પહેરતા વિભૂષા આદિ જે દોષો લાગે છે તેનો પણ તું વિચાર કર. શંકા–ફરી વાદી કહે છે કે જો વસ્ત્ર છેદવામાં તમારા મતે પણ એક વાર દોષ લાગે છે તો તેવા વસ્ત્રનો ત્યાગ કરવો જોઈએ. ગૃહસ્થોએ પોતાને માટે

જે કાપેલ હોય તે વસ્ત્ર લેવું. સમાધાન-ચેત્તવ્વગં જો કાપેલું વસ્ત્ર માંગે એટલે એની શોધ કરે તો તેટલો વખત તેને સૂત્ર અને અર્થ પૌરસીની હાનિ થાય, તેમજ જે આ વસ્ત્ર છેદવારૂપ દોષ છે, તે પડિલેહણશુદ્ધિ આદિ ઘણા ગુણવાળો છે. એટલા માટે તે વખતે જ સાધુઓ વસ્ત્રને. પ્રમાણયુક્ત કરી લે છે. જેથી સૂત્ર અર્થના વ્યાઘાત હાનિભૂત કંઈ પણ દોષ લાગે નહિ, જેવી રીતે યતનાવાલા સાધુને આહાર નિહારાદિ વિધિ વિષયક બધો યોગ તમારા મતે પણ નિર્દોષ છે. તેવી રીતે ઉપકરણનું કાપવું આદિ યતનાપૂર્વક કરાતું હોય તો નિર્દોષ છે. એમ માનવું હિંસકપણામાં દ્રવ્ય અને ભાવથી ચાર ભાંગા થાય છે. ૧ દ્રવ્યથી હિંસા કરે ભાવથી નહિ, ૨ ભાવથી હિંસા કરે, દ્રવ્યથી નહિ, ૩ દ્રવ્યથી અને ભાવથી હિંસા કરે, ૪ દ્રવ્યથી અને ભાવથી પણ હિંસા ન કરે, અહીં પહેલા ભાગમાં વર્તતા જીવને ભગવાને અહિંસક જ કહેલ છે. ઈત્યાદિ. તેમજ બન્ને બાજુ છેદેલ વસ્ત્ર લક્ષણ વગરનું થાય છે, વચમાં ઉપરથી ફાડેલું વસ્ત્ર પણ લક્ષણ વગરનું થાય તેવું વસ્ત્ર લેવાથી ઉલટી જ્ઞાનાદિકની હાનિ થાય, પણ કંઈ પણ ગુણ થાય નહિ. માટે તે લેવું ઉચિત નથી, પરંતુ પ્રશસ્તવર્ણ. સંસ્થાન આદિ લક્ષણ યુક્ત ઉપધિ સાધુઓને જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ કરનાર કહેલ છે. તેથી લક્ષણ વગરની ઉપધિ લેતા રોકવો, તેથી એમ થયું કે આ વિધિવડે જ તેવી રીતે છેદવું કે જેથી

પ્રમાણયુક્ત થાય બીજું શોભાને માટે જો વસ્ત્ર ધુવે, વાળે અથવા ઘસે કે સાફ કરે તો પ્રાયશ્ચિત થાય. તેમજ મૂર્છાવડે જો ન વાપરે તો પ્રાયશ્ચિત્ત આવે, વિસ્તારની ઈચ્છાવાલાએ તે ટીકા જોવી. ॥ ૭૮ ॥

પ્ર૦ (૭૯)—સાધ્વીઓ પોતે જ પોતાને માટે વસ્ત્રની યાચના કરે કે સાધુઓ ગૃહસ્થોની પાસેથી લઈને તેઓને આપે? ઉ૦–તે સાધ્વીઓ ઉત્સર્ગથી પોતે વસ્ત્ર ગ્રહણ કરે નહિ, પરંતુ ગુરૂએ તેમને આપવા જોઈએ. સાધુઓ ન હોય તો સાધ્વીઓ પોતે પણ યતનાપૂર્વક યાચના કરે એટલે ગૃહસ્થની પાસે માંગે. બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે—

"निर्ग्रंथीभिरात्मना गृहस्थेभ्यो वस्त्राणि न ग्राह्याणि, किन्तु गणधरेण तासां दातव्यानि ॥

**અર્થ**–સાધ્વીઓએ પોતે ગૃહસ્થની પાસેથી વસ્ત્રો ન લેવા પરંતુ આચાર્યે તેઓને વસ્ત્રો આપવા જોઈએ, વસ્ત્ર લેવાનો વિધિ–સ્થવિરો સાત દિવસ સુધી વસ્ત્રને રાખીને પરીક્ષા કરે. પરીક્ષા ન કરે તો ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત આવે, તે વસ્ત્ર આચાર્ય પ્રવર્તનીને આપે અને પ્રવર્તની સાધ્વીઓને આપે, સ્વયં આપે તો ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત આવે–

सत्तदिवसे ठवित्ता कप्पेते थेरिया परिच्छंति ॥
सुद्धस्स होइ धरणा असुद्धए छेत्तु परिट्ठवणा ॥१॥

**ભાવાર્થ**–સ્થવિરો સાત દિવસ સુધી વસ્ત્રને રાખે, જો રાખ્યા વગર વાપરે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત અને આજ્ઞાભંગ વિગેરે દોષો લાગે છે તેથી સાત દિવસ સુધી

વસ્ત્રને રાખીને ધોવે છે. ધોયા પછી સ્થવિરો તે વસ્ત્રને ઓઢીને પરીક્ષા કરે છે. પછી જો શુદ્ધ હોય તો ધારણ કરે, અને અશુદ્ધ હોય તો અશુદ્ધ ભાવને ઉત્પન્ન કરનાર તે વસ્ત્રને છેદીને પરઠવી દેવું, વાપરેલું હોય તો ધોવું અને ન વાપર્યું હોય પણ ગંધ આવતી હોય તો પણ ધોવું ॥૭૯॥

પ્ર૦ (૮૦)–જે ક્ષેત્રમાં સાધુઓ પોતે ચોમાસું રહ્યા હોય, અથવા જે ક્ષેત્રમાં બીજા સંવિગ્ન સાધુઓ ચોમાસું રહ્યા હોય તો તે ક્ષેત્રમાં વસ્ત્રાદિ ગ્રહણ કરે તો કેટલા કાલ પછી ગ્રહણ કરી શકે?

ઉ૦–બે મહિના પછી સાધુઓ તે ક્ષેત્રમાં વસ્ત્રાદિ ગ્રહણ કરે છે અને કારણ હોય તો બે માસની અંદર પણ ગ્રહણ કરી શકે. બૃહદ્કલ્પસૂત્રની ટીકામાં કહ્યું છે કેઃ

सक्खेत्ते परक्खेत्ते वा दो मासे परिहरित्तु गेण्हंति ।
जं कारणेण णिग्गयं तं पि बहिज्झोमियं जाणे ॥१॥

ભાવાર્થ–પોતે જે ક્ષેત્રમાં ચોમાસું કર્યું હોય અને બીજા ક્ષેત્રમાં બીજા સંવિગ્નો ચોમાસું રહ્યા હોય તો સ્વક્ષેત્ર અને પરક્ષેત્રમાં બે માસ પછી ત્રીજા મહીને વસ્ત્રાદિ ગ્રહણ કરી શકે છે અને કારણ હોય તો બે માસની અંદર પણ ગ્રહણ કરે છે. ॥ ૮૦ ॥

પ્ર૦ (૮૧)–સાધુઓ જે સ્થાનમાં ચોમાસું રહ્યા હોય તે સ્થાનમાં ફરીને કેટલા મહીના પછી રહેવું કલ્પે?

ઉ૦–જે સ્થાનમાં સાધુઓ રહ્યા હોય તે સ્થાનમાં તે સાધુઓને બે ત્રણ માસ પછી ફરી રહેવું કલ્પે, તે

પહેલાં નહિ, આ વાત શ્રી આચારાંગસૂત્રના બીજા શ્રુત-સ્કંધના બીજા અધ્યાયના બીજા ઉદ્દેશામાં કહેલ છે કે-જે સાધુ ભગવન્તો ગ્રામનગરાદિને વિષે શેષ કાળમાં એક માસ રહીને વિહાર કરે અને પછી એક માસ બીજે સ્થળે રહી ફરી પાછા આવીને તે ક્ષેત્રમાં રહી શકે છે. અને જ્યાં ચોમાસું કર્યું હોય તે ક્ષેત્રમાં તો બે ત્રણ મહીના ગયા પછી ફરી રહી શકે છે, તે પહેલા નહી, બે ત્રણ માસનો અંતર પાડયા વિના આવીને રહે તો તે સ્થાન ઉપસ્થાન ક્રિયાના દોષથી દૂષિત થાય તેથી ત્યાં રહેવું કલ્પે નહિ ॥ ૮૧ ॥

પ્ર૦ (૮૨)—સાધુઓને જેમ નવકલ્પી વિહાર છે તેમ સાધ્વીઓને પણ હોય કે જુદી રીતે હોય ?

ઉ૦—સાધુઓને આઠ માસ કલ્પ અને નવમો વર્ષા કલ્પ એટલે ચોમાસું એમ નવકલ્પી વિહાર છે. અને સાધ્વીઓને તો એક વર્ષાકલ્પ અને ચાર માસ કલ્પ કેમકે તેમને બે મહીનાનો માસ કલ્પ હોય છે, પંચકલ્પચૂર્ણિમાં કહ્યું છે કેઃ—

**साहूहिं नव वसहीओ घेतव्वाओ, अट्ठ उउबद्धे एगा वासाणं वसही इत्यादि, अज्जाणं पुण पंच वसहीओ घेतव्वाओ कम्हा जम्हा तासिं दुमासं कप्पो ॥**

**ભાવાર્થ**—સાધુઓને નવ વસતીઓ ગ્રહણ કરવી. આઠ ઋતુબદ્ધ કાળમાં એટલે શેષ કાળમાં અને એક વર્ષા કાળની, સાધ્વીઓએ પાંચ વસતીઓ ગ્રહણ કરવી. કેમકે

તેમને માટે બે મહીનાનો માસકલ્પ કહેલ છે, આ પ્રમાણે બૃહદ્‌કલ્પમાં પણ છે. વિહાર કરવાની ઈચ્છાવાળા સાધુ સાધ્વીઓ વસ્તીનું પ્રમાર્જન કરીને પછી વિહાર કરે છે એમ ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે.

**ભાવાર્થ**—પહેલા ઉપાશ્રયનું પ્રર્જન કરી પછી ઉપધિ લઈ શય્યાતરને કહીને વિહાર કરે છે. ॥ ૮૨ ॥

પ્ર૦—(૮૩) કોઈ ક્ષેત્રમાં સાધુ રહેલા હોય અને પરોણા તરીકે નવા સાધુ આવે તો ત્યાં રહેલ સાધુઓ શો વિધિ કરવો ?

ઉ૦—જો ગોચરી વાપરવાના સમયે નવા સાધુ આવ્યા હોય તો તે સમયે ત્યાં રહેલા સાધુઓએ નિસિહી સાંભળ્યા પછી તુરત જ મુખમાં નાંખેલ કવલ ખાઈને પાત્રમાં રહેલ અન્ન મૂકી દેવું. પછી તે પરોણા સાધુઓ સંક્ષેપમાં આલોચના દઈને માંડલીમાં ભોજન કરે, એમ છતાં જો પૂર્વે લાવેલ આહાર તેઓને અને પોતાને માટે પૂર્ણ હોય તો સારું અને ન હોય તો સર્વ આહાર પરોણા સાધુને આપી પોત પોતાને માટે બીજો આહાર લઈ આવે.

**શંકા**—આ પ્રમાણે કેટલા દિવસ સુધી પરોણા સાધુઓને આહાર લાવીને આપે ?

**સમાધાન**:—

**तिन्नि दिणे पाहुण्णं सव्वेसिं असह्बालवुड्ढाणं ॥**
**जे तरुणा सग्गामे वत्थव्वा बाहिं हिंडंति ॥२॥**

**ભાવાર્થ**-અસમર્થ-બાલ-વૃદ્ધ હોય તે બધાયની ત્રણ

દિવસ સુધી પરોણાગત કરવી એટલે સાધર્મિકની ભક્તિ કરવી ત્યાર પછી પરોણા સાધુ હોય તે પોતાના ગામમાં ગોચરી જાય અને ત્યાં રહેનાર સાધુ ગામ બહાર પરામાં ગોચરી લેવા જાય. જો તે પરોણા સાધુ એકલા ગોચરી ન જઈ શકે એમ હોય તો બે સંઘાડાના ભેગા મળીને જાય એટલે એક ત્યાં રહેલ સાધુ અને બીજો નવા આવેલ સાધુમાંથી જાય. કહ્યું છે કે **संभोइआ ते चेवत्ति,** જો સંભોગિકા એટલે એક સામાચારીવાલા સાધુઓ ત્યાં હોય તો ત્યાં રહેલ સાધુઓ જ ભિક્ષા લાવે છે. હવે સાંભોગિકની પાસે નવા આવેલ સાધુઓને કોઈ ભક્ત શ્રાવક આવેલ હોય, અને તે એમ કહે કે મારે ઘેર સાધુને ગોચારી માટે મોકલો તો સાધુ કહે કે અહિં રહેલ સાધુ જ ગોચરીને માટે આવશે, એમ કહ્યા છતાં શ્રાવક ઘણો આગ્રહ કરે તો 'वत्थव्वेणं' ત્યાં રહેલ સાધુ જ વસ્તુ ઓછીવતી લેવામાં પરોણા સાધુઓને પ્રમાણભૂત હોય છે, આ પ્રમાણે અહીં ઓઘનિર્યુક્તિ સૂત્રની ટીકાનો અર્થ સંક્ષેપમાં આપેલ છે. તેનો વિચાર કરીને પ્રાઘુર્ણક વિધિ જાણવી, વળી આ વિધિ એક સામાચારીવાલા સાધુને આશ્રયીને કહેલ છે, ભિન્ન સામાચારીવાલા સાધુઓને તો પાટપાટલાદિવડે નિમંત્રણ કરવું, આહાર પાણીવડે નહીં, આ પ્રમાણે આચારાંગ સૂત્ર, બીજો શ્રુતસ્કંધ, સાતમું અધ્યયન, પહેલા ઉદ્દેશાની ટીકામાં કહ્યું છે–

**असांभोगिकान् पीठफलकादिना उपनिमंत्रयेत् यत-**

स्तेषां तदेव पीठफलकादि संभोग्यं नाऽशनादिकमिति ।

**ભાવાર્થ** :-ભિન્ન સામાચારીવાલા સાધુને પાટ પાટલા આદિ વડે નિમંત્રણ કરે કારણ કે તેમને તે જ વાપરવા યોગ્ય હોય છે, અશનાદિક નહિ.

પ્ર૦ (૮૪)-સાધુ અને સાધ્વીઓ રાત્રિમાં ઉપાશ્રયના દ્વાર બંધ કરે કે નહીં ?

ઉ૦—સાધ્વીઓ રાત્રિમાં અવશ્ય વસતિના દ્વાર બંધ કરે છે, જિનકલ્પી સાધુઓ વસતિના દ્વાર સર્વથા બંધ કરતા નથી, સ્થવિરકલ્પીઓ કારણે યતનાવડે રાત્રિમાં વસતિના દ્વાર બંધ કરે છે. બૃહદ્ કલ્પભાષ્યની ટીકામાં કહ્યું છે કે-

साध्वीभिः निशि अवश्यं कपाटादिना वसतिद्वारं स्थगनीयं,अन्यथा प्रायश्चित्ताऽऽपत्तेः' जिनकल्पिकास्तु सर्वथा द्वारं नैव स्थगयंति, निरपवादानुष्ठानपरत्वात् तेषां, तथा च जिनानां भगवतां इयं आज्ञाऽस्ति यत् स्थविरकल्पिकाः कारणे यतनया द्वारं स्थगयंति,

આનો અર્થ ઉપર આવી ગયેલ છે.

**શંકા**—જેને લીધે વસતિના દ્વાર બંધ કરવામાં આવે તે કારણ શું છે ?

**સમાધાન**:-

पडिणीअ तेण सावय उब्भामग गोग साणणप्पज्ज ॥
सीयं व दुरहियासं दीहा पक्खी वा सागरिए ॥ १ ॥

**ભાવાર્થ**:-ઉપાશ્રયના દ્વાર ઉઘાડા હોય તો વિરોધી માણસ પ્રવેશ કરીને હણે અથવા નાશ કરે. ઉપધિચોર અથવા શરીરચોર પ્રવેશ કરે, એવી રીતે સિંહ વાઘ વિગેરે જાનવરો, પરસ્ત્રીગમન કરનારા, ગાય, બળદ, કુતરા પ્રવેશ કરે '**अप्पवज्जत्ति**' વ્યગ્રચિત્ત પરવશમનવાલો સાધુ દ્વાર ખુલ્લા હોય તો નીકળી જાય, અસહ્ય હિમ જેવી શીત ઠંડી પડે, સર્પ, કાગડા, કબુતર, પ્રવેશ કરે, કોઈક ગ્રહસ્થ ઉપાશ્રયનું દ્વાર ખુલ્લું જોઈને પ્રવેશ કરીને સુવે અથવા વિશ્રાંતિ લે, ઉપર જણાવેલ કારણે સ્થવિરકલ્પીઓ વસતિના દ્વાર યતનાવડે બંધ કરે છે.

**'एक्केक्कम्मि उ ठाणे चउरो मासा हवंति उग्घाया ॥'**
**आणाइणो य दोसा विराहणा संजमायाए ॥ १ ॥**

**ભાવાર્થ**:-ઉપર કહેલા એક એક સ્થાનમાં ચાતુર્માસ ઉદ્ઘાત પ્રાયશ્ચિત્ત આવે અને આજ્ઞાભંગ અને સંયમ અને આત્મવિરાધનાના દોષો લાગે. ॥ ૮૪ ॥

પ્ર૦ (૮૫)—સાધુઓ ઘણા દિવસે ઉલ્લંઘન કરવા યોગ્ય માર્ગમાં કંઈપણ ભાતું સાથે ગ્રહણ કરે કે નહિ (એટલે ગૃહસ્થ પાસે રખાવે કે નહિ)?

ઉ૦—ઉત્સર્ગથી સાધુઓ ભાતું સાથે ગ્રહણ કરે નહિ, અપવાદથી ગ્રહણ કરે છે. (એટલે માણસ પાસે રખાવે છે.) અપવાદ માર્ગે ગ્રહણ ન કરે તો (માણસ પાસે ન રખાવે તો) પ્રાયશ્ચિત્ત આવે. બૃહદ્ કલ્પભાષ્યમાં કહ્યું છે.—

**'[illegible] [illegible]हणे [illegible]स्स उ, इत्यादि छिन्ने अच्छिन्ने वा पथि [illegible] अध्वकल्पं न गृह्णंति तदा चतुर्गुरवः**

**ભા[illegible]ર્થ**-ઘણા દિવસે ઉલંઘન કરવા યોગ્ય ચાલુ અને અચાલુ માર્ગમાં અપવાદે ભાતું ગ્રહણ ન કરે તો (એટલે માણસ પાસે ન રખાવે તો) ચતુર્ગુરુ (ઉપવાસ) પ્રાયશ્ચિત્ત આવે, સંયમ અને આત્મવિરાધના થાય, જો બધા એ પુરુષો સંઘયણ ધતિ બલવાલા હોય તો સાથે ભાતું ગ્રહણ કરે નહિ. ॥ ૮૫ ॥

પ્ર૦-(૮૬) ગોચરીમાં સાધુઓ ગૃહસ્થના ઘરનું દ્વાર એટલે બારણું ઉઘાડે કે નહિ?

ઉ૦-ઉત્સર્ગથી ગોચરીમાં સાધુઓ ગૃહસ્થના ઘરના દ્વાર ઉઘાડે નહિ કારણ-અપવાદપદે ઉઘાડે પણ ખરા જેને માટે શ્રી આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના પહેલા અધ્યયનના પાંચમા ઉદ્દેશાની ટીકામાં કહ્યું છે કે-

**"उत्सर्गतः साधुर्गृहद्वारं नोद्‌घाटयेत् सति कारणे अपवादम् ॥"**

**શંકા**-તે સાધુ જેઓનું તે ઘર હોય તેઓના સંબંધી ઓની પાસે અવગ્રહની યાચના કરી પ્રમાર્જન કરીને ઘરનું બારણું ઉઘાડે એટલે પોતાની મેળે બારણું ઉઘાડીને પ્રવેશ કરે નહિ. જો ગ્લાન એટલે બીમાર સાધુને યોગ્ય પ્રાશુક દ્રવ્ય ત્યાં મળે એમ હોય, વૈદ્ય ત્યાં રહેતો હોય દુર્લભ દ્રવ્ય ત્યાં મળશે એવી આશા હોય, દુષ્કાળનો સમય હોય-આ

ઉપર કહેલા કારણે બંધ દ્વારની પાસે રહી શબ્દ કરે અથવા પોતે વિધિપૂર્વક ઉઘાડીને પ્રવેશ કરે. ॥ ૮૬ ॥

પ્ર૦–(૮૭) કેટલાક નિહ્નવ પાખંડીઓ પોતાના ભોજનના પાત્રમાં પેશાબ કરીને તે પેશાબવડે પાત્ર અને મુહપત્તિ ધોવે છે તે યોગ્ય કે અયોગ્ય ?

ઉ૦–મૂત્રથી પાત્ર કે મુહપત્તિ ધોવે તે અયોગ્ય જ સંભવે છે. શ્રી બૃહદ્કલ્પભાષ્યની ટીકામાં એમ કરે તો પ્રાયશ્ચિત્ત આવે એમ કહ્યું છે. તેને લગતો પાઠ આ પ્રમાણે છે

"वइगा अद्धाणे वा" यश्च मोकेन पात्रकं आचामति तस्यापि चतुर्गुरवः प्रायश्चित्तं कुतः इत्याह यदि मोकेन धावति तदाऽशैक्षाणामन्यथा भावो विपरिणमनं भवेत् विपरिणताश्च प्रतिगमनादीनि कुर्युः ॥

**ભાવાર્થ**:– જે સાધુ માત્રાવડે પાત્રને ધોવે તેને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. શાથી ? તે કહે છે કે જો માત્રાવડે પાત્રને ધોવે તો નવદીક્ષિતોને ચારિત્ર ઉપરથી ભાવ ઉતરી જાય અને દીક્ષા પણ મૂકી દે. બીજા દિવસે ભિક્ષાને માટે પાત્ર લાંબો કરે છતે માત્રાની ખરાબ ગંધ આવે એટલે લોકો પ્રવચનની નિંદા કરે કે આ લોકોએ તો હાડકાની માલા પહેરનારા કાપાલિકને જીત્યો છે જે આવી રીતે માત્રાથી પાત્રને ધોવે છે આદિ પદ ઉપરથી શ્રાવકને પણ અભાવ થઈ જાય, જે શ્રી આચારાંગસૂત્રની અંદર મોક પ્રતિમા સંભળાય છે તે તો અભિગ્રહરૂપ હોવાથી કદાચિત્ હોય છે,

પ્રવાહરૂપે નહિ—જેમ સ્થૂલભદ્ર મુનિએ વેશ્યાને ત્યાં ચોમાસું કર્યું તેથી કોઈ જાતનો વિરોધ આવતો નથી ॥ ૯૭ ॥.

પ્ર૦–(૯૮) દીક્ષાપર્યાયે વડીલ સાધુઓ નાના સાધુઓને વંદન કરે કે નહિ ? તેમજ સાધુઓ, સાધ્વીઓ અને પાસત્થા આદિને વંદન કરે કે નહિ !

ઉ૦–ઉત્સર્ગથી વડીલ સાધુઓ નાના સાધુઓને વંદન કરે નહી તેમજ સાધુઓ, સાધ્વીઓ અને પાસત્થા આદિને પણ વંદન કરે નહિ. અપવાદપદે વંદન કરે એમ શ્રી બહત્કલ્પભાષ્યમાં કથન છે **तथा च संक्षेपतस्तत्पाठः "अंतो इत्यादि"** સાધુવેશમાં રહેલા હોય તો વંદનને આશ્રિને ભજના હોય છે.

શંકા—શી રીતે ભજના હોય ?

સમાધાન—"**ओमिति**" જે દીક્ષાપર્યાયમાં લઘુ હોય તેને પણ પ્રાયશ્ચિત્ત વિગેરે કાર્ય નિમિત્તે વંદન કરે. પછી બીજા સમયે વંદન ન કરે, સાધ્વીઓને પણ ઉત્સર્ગપદે વંદન કરવાનું નથી, અપવાદપદે તો કોઈ મહત્તરા બહુશ્રુત છે, અપૂર્વ શ્રુતસ્કંધને ધારણ કરે છે, તેની પાસેથી તે શ્રુતસ્કંધ ગ્રહણ કરવાનુ હોય તો ઉદ્દેશ સમુદ્દેશાદિના સમયે સાધુ તેણીને ફેટા વંદન કરે પણ સાધુની માફક વંદન કરે નહિ. સાધુ શ્રેણીની બહાર રહેલા હોય તેમને માટે પણ વંદનને આશ્રિને ભજના જાણવી. કારણે તેમને પણ વંદન કરવું જોઈએ, ન કરે તો મહાન્ દોષ લાગે છે જેમ અજાપાલક ઉપાધ્યાયને વંદન નહિ કરતા અગી-

તાર્થ શિષ્યો દોષને પામ્યા હતા, તે દૃષ્ટાન્ત આ પ્રમાણે છે-કોઈક આચાર્યે ગીતાર્થ સાધુના અભાવે અગીતાર્થ સાધુઓને પ્રત્યન્ત પલ્લીમાં ક્ષેત્રની તપાસને માટે મોકલ્યા, ત્યાં રાજમાં જેનું માન સારું છે એવા સંયમથી પતિત એક ઉપાધ્યાય વસે છે. ક્ષેત્રની તપાસ માટે આવેલ તે સાધુઓ લોકોને પૂછે છે કે તે ઉપાધ્યાય કયાં રહે છે? ત્યારે લોકે કહ્યું કે-તે જંગલમાં રહે છે. ત્યાર પછી તે સાધુઓ જંગલમાં ગયા. ત્યાં બકરીઓ ચરાવવામાં તત્પર, સંયમથી પતિત તેને જોઈને, અરે! આ તો અદૃષ્ટવ્ય છે એવો વિચાર કરી તે સાધુઓ અગીતાર્થ હોવાથી ધીમે ધીમે પાછા ફરે છે. તેઓને પાછા ફરતા જોઈને ઉપાધ્યાયને શંકા થઈ કે શું આ સાધુઓ મને સંયમથી પતિત જોઈને પાછા ફરે છે! પછી સંશય છેદી તે ઉપાધ્યાય ગુસ્સે થએલા પલ્લીપતિને કહેવરાવીને તે અગીતાર્થ સાધુઓને પકડાવીને જેલમાં નંખાવે છે. ત્યારપછી તેમની શોધ કરવાને માટે ગુરૂઓનું ત્યાં આગમન થયું. તેઓએ ઉપાધ્યાયને વંદન કરીને કહ્યું કે આ સાધુઓ તો અશિક્ષિત અને અગીતાર્થ છે. એમ કહીને તે સાધુઓને જેલમાંથી મુક્ત કરાવ્યા, એ પ્રમાણે સાધુ શ્રેણિથી બાહ્ય હોય તેને પણ વંદન કરવું જોઈએ જે વંદન ન કરે તેને ચતુર્લઘુ પ્રાયશ્ચિત આવે. બીજું ચરણકરણ ગુણ રહિત કેવલ દ્રવ્ય લિંગને ધારણ કરનાર વિષે જેવું વંદન કરવું જોઈએ તેવું કહીશું.

**वायाइ नमोक्कारो हत्थुस्सेहो य सीसनमणं च ।**
**संपुच्छणऽणं त्थोभवंदणं वंदणं वा वि ॥१॥**

ભાવાર્થ—સ્થંડિલ આવવાના માર્ગાદિને વિષે પાસત્થા આદિને જોયા હોય તો વચનથી નમસ્કાર કરવો-**वन्दामहे भवन्तं वयम्** એ પ્રમાણે બોલવું હાથ ઊંચા ન કરવા. જો એ વિશિષ્ટ ઉગ્ર સ્વભાવવાળો હોય તો વચનથી નમસ્કાર અને હાથ ઊંચા કરે, તેથી પણ વધારે ઉગ્ર સ્વભાવવાળો હોય તો વચનથી નમસ્કાર અને હાથ ઊંચા કરીને મસ્તક નમાવીને પ્રણામ કરે છે. એટલેથી એને સંતોષ ન થાય તો આગળ ઊભા રહી ભક્તિ ન દેખાડતા શરીરની કુશલતા પૂછવી એટલે **भवतां कुशलं वर्तते** એમ બોલે. એથી સંતોષ ન થાય તો "**अच्छणंति**" શરીરની સુખશાતા પૂછીને ક્ષણમાત્ર **पर्युपासनं** સેવાનો દેખાવ કરે, અથવા કોઈ વિશેષ પુરુષ જાણીને તેમના ઉપાશ્રયે જઇને સ્તોભવંદન અથવા સંપૂર્ણ વંદન કરવું. પાસત્થા આદિને વંદન ન કરવાથી સંયમ અને આત્મવિરાધના દેખાય તો તે પાસત્થા આદિને આશ્રયીને વચનથી અથવા કાયાની ક્રિયાવડે એવી ચેષ્ટા કરે કે જેથી તેને થોડી પણ અપ્રીતિ ન થાય. જો વંદન ન કરવાથી કોઇપણ જાતના અપાય કે કષ્ટનો સંભવ ન હોય તો તેનો દૂરથી જ ત્યાગ કરી દેવો એ પ્રમાણે શ્રી બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે, તે પ્રમાણે પંચકલ્પ ચૂર્ણિમાં પણ આ પાઠ છે, તેનો સાર નીચે આપવામાં આવે છે-જો એક સમાચારીવાળો સાધુ પોતાની સામાચારીવાળા સાધુને ન વંદે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે, એક સામાચારીવાળો સાધુ ભિન્ન

સામાચારીવાળા સંવિગ્ન સાધુને વાંદે અને પોતાની સામાચારીવાળા સાધુને ન વાંદે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે, જો પાસત્થા આદિને વંદના કરે તો વિસંભોગનામક પ્રાયશ્ચિત્ત આવે, એક સામાચારીવાળો સાધુ એક સામાચારી વાળી સાધ્વીને પ્રથમ **मत्थएण वंदामि** કહીને વાંદે તો ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત આવે, ભિન્ન સામાચારીવાળી સાધ્વીને માટે પણ એમ જ સમજવું. સાધુને માટે પણ એમ જ સમજવું. એક સામાચારીવાળી સાધ્વીઓએ વંદના કરવી. જો વંદના ન કરે તો વિસંભોગ નામા પ્રાયશ્ચિત આવે. પાસાત્થાદિચારને વંદનાકરેતો પણ વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે,જો સાધ્વી ભિન્ન સામાચારીવાળા સંવિગ્ન સાધુને વંદના ન કરે તો વિસંભોગ પ્રાયશ્ચિત્ત આવે, સાધ્વીઓને પરસ્પર પણ એ પ્રમાણે સમજવું "**वचसा नमस्कारो वंदनं**" એ પ્રમાણે સાંભોગિકને પ્રણામ કરે, જેવી રીતે સાંભોગિક (એક સામાચારીવાલા)ને વંદન કરે તેવી જ રીતે મસ્તકવડે પ્રણામ કરે, સાંભોગિક સાધુ સાંભોગિક સાધુને હાથ જોડીને પ્રણામ કરે, જેવી રીતે સાંભોગિક સાધુને વંદન કરે તેવી જ રીતે હાથ જોડીને પ્રણામ કરે, સાધ્વીઓએ મસ્તકે હાથ જોડીને સાધુઓને પ્રણામ ન કરવો જોઇએ. જો કરે તો વિસંભોગ પ્રાયશ્ચિત્ત આવે, વિશેષમાં એટલું કે સાધુની પાસે કારણે અભ્યાસ કરે ત્યારે ઓઢવાના વસ્ત્રમાં હાથ જોડીને ભણે, જો બહાર ખુલ્લા હાથ જોડીને ભણે તો વિસંભોગ પ્રાયશ્ચિત્ત આવે. જો ગુરુને જોઇને પ્રણામ ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે ॥ ૮૮ ॥

પ્ર૦ (૮૯) સાધુ સાધ્વી અને ગૃહસ્થ આદિને પરસ્પર દેવા લેવાનો વ્યવહાર શી રીતે છે?

ઉ૦—ઉત્સર્ગપદે સાધુઓએ એક સામાચારીવાળી સાધ્વીઓને વસ્ત્રપાત્ર આપવા જોઇએ, અને કોઇ કારણે આહાર પણ આપવો, પરંતુ તેમની પાસેથી કંઇપણ લેવું નહીં, વિના કારણે આપે તો પ્રાયશ્ચિત્ત લાગે છે, તેમજ સાંભોગિક સાધુઓને આપવું અને તેમની પાસેથી લેવું તેમજ પાસત્થા આદિને કંઇપણ આપવું નહિ અને તેમની પાસેથી લેવું પણ નહીં શ્રી પંચકલ્પચૂર્ણિમાં કહ્યું છે કે-

**दाणग्गहणसंभोगे चउभंगो–दानसंभोगो नामेगो नो गहणसंभोगो ॥१॥ दानसंभोगो उस्सग्गेण संजईण जएहिं वत्थपत्ताइं दायव्वाणि कारणंमि य आहारो, ताणंतिगे न किंचि घेत्तव्वं ॥२॥ गहणसंभोगो–गिहत्थअ-तित्थिएहिंतो, तेसिं न किंचि दिज्जइ, जइ तेसिं निकारणे देइ पायच्छित्तं विसंभोगो वा गहणसंभोगो य ॥३॥ संभोइ-आणं दिज्जइ घेप्पइय, ।४॥ पासत्थाईणं ण दिज्जइ नय घेप्पइ, किंचि जइ तेसिं देइ गिण्हइ वा किंचि निकारणे पायच्छित्तं विसंभोगो वा ।**

**ભાવાર્થ**—દાન અને ગ્રહણના સંભોગમાં ચાર ભાગ થાય છે. ૧ દાનસંભોગ-આપે પણ લે નહિ–ઉત્સર્ગ-પદે સાધુઓએ સાધ્વીઓને વસ્ત્રપાત્ર આપવા, કારણે આહાર પણ આપવો, પણ તેમની પાસેથી કંઈ પણ લેવું

નહીં, આ પહેલો ભાંગો જાણવો. ૨ ગ્રહણસંભોગ-ગૃહસ્થ કે અન્ય દર્શનીયો પાસેથી લેવું, પણ કંઈપણ આપવું નહિ, જો વિના કારણે આપે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે, આ બીજો ભાંગો જાણવો. ૩ દાનસંભોગ અને ગ્રહણસંભોગ-એક સામાચારીવાલા સાધુઓને વસ્ત્રપાત્ર આપવા અને તેમની પાસેથી લેવા, આ ત્રીજો ભાંગો જાણવો. ૪ ન દાનસંભોગ અને ન ગ્રહણસંભોગ પાસત્થા આદિકને કંઈ પણ આપવું નહિ અને તેમની પાસેથી લેવું પણ નહિ, આ ચોથો ભાંગો જાણવો.

પ્ર૦ (૯૦) વાદ કેટલા પ્રકારનો અને તે વાદ સાધુઓએ કોની સાથે કરવો અને કોની સાથે ન કરવો ?

ઉ૦—વાદ ત્રણ પ્રકારે છે-૧ શુષ્કવાદ, ૨ વિવાદ, ૩ ધર્મવાદ તેઓના લક્ષણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં આ પ્રમાણે કહ્યું છે:-

शुष्कवादो विवादश्च धर्मवादस्तथापरः ॥
राजन्नेष त्रिधा वादः कीर्त्तितः परमर्षिभिः ॥१॥
अत्यन्तमानिना सार्धं क्रूरचित्तेन वा दृढं ॥
धर्मद्विष्टेन मूढेन शुष्कवादः प्रकीर्त्तितः ॥२॥
विजयेऽस्यातिपातादि लाघवं तत्पराजयात् ॥
धर्मस्येति द्विधाऽप्येषः तत्त्वतोऽनर्थवर्धनः ॥३॥
लब्धिख्यात्यार्थिना तु स्यात् दुःस्थितेनाऽमहात्मना ॥
छलजातिप्रधानो यः स विवाद इति स्मृतः ।४॥

विजयो ह्यत्र सन्नीत्या दुर्लभस्तत्त्ववादिनः ॥
तद्भावेऽप्यन्तरायादि दोषोऽदृष्टविघातकृत् ॥५॥
परलोकप्रधानेन मध्यस्थेन तु धीमता ॥
स्वशास्त्रज्ञाततत्त्वेन धर्मवाद उदाहृतः ॥६॥
विजयेऽस्य फलं धर्मप्रतिपत्त्याद्यनिन्दितम् ॥
आत्मनो मोहनाशश्च नियमात् तत् पराजयात् ॥७॥

ભાવાર્થ—મહર્ષિઓએ વાદના ત્રણ ભેદ કહેલા છે. ૧ શુષ્કવાદ, ૨ વિવાદ, ૩ ધર્મવાદ. અત્યન્ત અભિમાની દુષ્ટચિત્તવાલો અને ધર્મનો દ્વેષી મૂઢ એવાની સાથે જે વાદ કરવો તે શુષ્કવાદ, શુષ્કવાદમાં વિજય મળવાથી ધર્મની હાનિ અને પરાજય થવાથી ધર્મની લઘુતા થાય એટલે આ શુષ્કવાદ બન્ને રીતે અનર્થને વધારનાર છે. લાભની ઈચ્છાવાળા, ખ્યાતિની ભાવનાવાળા દુસ્થિત અમહાત્માની સાથે જે છલ, જાતિ હેત્વાભાસરૂપ વાદ કરવો તે વિવાદ કહેવાય, તત્ત્વવાદીને આ વાદમાં વિજય મળવો દુર્લભ છે, કદાચિત વિજય મળે તો પણ અદષ્ટ રીતે નુકશાન કરનાર અંતરાયાદિ દોષરૂપ જાણવો. પરલોકની પ્રધાનતા, માધ્યસ્થતાનો ગુણ, સ્વશાસ્ત્રનો જાણકાર એવા બુદ્ધિમાનની સાથે વાદ કરવો તે ધર્મવાદ કહેવાય, ધર્મવાદમાં વિજય થવાથી ધર્મની પ્રાપ્તિ આદિ અને પરાજય થવાથી પોતાના મોહનો અવશ્ય નાશ થાય, આ પ્રમાણે ધર્મવાદનું ફલ જાણવું, આ ત્રણ પ્રકારના વાદમાં સાધુ-

ઓએ કારણ હોય તો ધર્મવાદ કરવો. પણ બીજા બે વાદ કરવા નહિ, તે ધર્મવાદ પણ સાધ્વીઓની સાથે ન જ કરવો, તેમજ સાધ્વીઓએ પણ સાધુઓની સાથે વાદ ન કરવો, કરે તો પ્રાયશ્ચિત આવે. એ પ્રમાણે એક સામાચારીવાળા સાધુઓની સાથે અને પાસત્થા આદિની સાથે પણ વિના કારણે વાદ ન કરવો. કારણ હોય તો કરવો પણ ખરો. શ્રી પંચકલ્પ ચૂર્ણીમાં કહ્યું છે કે–

**संभोइओ संभोईएण समं वायं करेइ कारणे ॥ परिक्खणा निमित्तं संभोगो सो पुण ॥**

**ભાવાર્થ**—સાંભોગિક સાધુની સાથે કારણે વાદ કરે સંભોગ પણ પરીક્ષા નિમિત્તે હોય, છલ-જાતિરૂપ હેત્વાભાસ રહિત પક્ષ અને પ્રતિપક્ષનું ગ્રહણ કરવું તે વાદ કહેવાય.

**संभोइओ संभोइण्ण समं निक्कारणे वादं करेइ पायच्छित्तं विसंभोगो वा, एवं पासत्थाईहिं वि कारणे पुण जइ न करेइ पायच्छित्तं विसंभोगो वा, संजईहिं संभोइयो संभोइयाहिं कारणे निक्कारणे वा वायं करेइ पायच्छित्तं विसंभोगो वा, एवमेव " संजईण वा "**

ભાવાર્થ–એક સામાચારીવાળો સાધુ પોતાની સામાચારીવાળા સાધુઓની સાથે વિના કારણે વાદ કરે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત આવે, એવી રીતે કારણે પણ પાસત્થાઆદિની સાથે જો વાદ ન કરે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત આવે સાંભોગિક સાધુ સાંભોગિક સાધ્વીઓની

સાથે કારણે કે વિનાકારણે વાદ કરે તો વિસંભોગ પ્રાયશ્ચિત આવે, એ પ્રમાણે સાધ્વીઓને માટે પણ સમજવું ॥ ૯૦ ॥

પ્ર૦ (૯૧) શક્તિશાળી સમર્થ સાધુએ દુષ્ટ રાજા આદિથી પીડાતા ઉત્તમ સાધુઓને જે પ્રકારે સહાય કરાય તે પ્રકારે ચારિત્રહીન વેષધારીઓને પણ સહાય કરે કે નહિ? તેમજ દેવદ્રવ્યનો હરણ કરનારા અથવા ચૈત્યાદિનો નાશ કરનાર દુષ્ટ રાજાદિને શિક્ષા કરે કે નહિ? તથા દેરાસર માટે નવીન રૂપું, સોનું વિગેરે ઉત્પન્ન કરે, મેળવે કે નહિ?

ઉ૦—ચારિત્રવંત સાધુને સર્વ પ્રકારે સહાય કરવી જોઇએ, અને ચારિત્રહીન સાધુને તો એક વાર સહાય કરીને પછી ઠપકો આપવો કે ફરી આવું અકાર્ય કરીશ તો અમે તને છોડાવશું નહિ, મર્યાદામાં રહેલ સાધુ ફરીને પકડાય તો સો વાર તેને છોડાવવો. શ્રી પંચકલ્પચૂર્ણિમાં એ પ્રમાણે જ કહેલ છે:-

**समत्थेण साहुणा लिंगत्थाणं वि साहज्जं कीरइ 'तत्र' चारित्रस्थितस्य सर्वप्रयत्नेन कर्त्तव्यम्, यः पुनश्चारित्रहीनस्तस्य सकृत् कार्यं ।**

ભાવાર્થ—સમર્થસાધુ વેષધારીને પણ સહાય કરે તેમાં ચારિત્રમાં રહેલ હોય તેને સર્વ પ્રયત્નવડે સહાય કરે અને ચરિત્રહીન હોય તેને એકવાર સહાય કરે.

**"तस्स पुणो काउं उवालम्भइ जई पुणो एरिसं करेसि तो ते ण मोएमो।**

ભાવાર્થ—ચારિત્રહીનને એક વાર સહાય કરીને કહે કે ફરીને આવું કરીશ તો અમે તને છોડાવશું નહિ, વેષની અનુમોદના કરનાર અપુષ્ઠધર્મવાળા ચારિત્રહીનને પણ સંવિગ્ન સાધુની માફક સહાય કરે.

**कयाइ मोइओ संतो पुणो वि घेपिज्जा किं मोएयव्वो न मोएअव्वो" उच्यते-'सयं पि वारा मोएयव्वो मज्जायापडिवन्नो"**

ભાવાર્થ—ચારિત્રની મર્યાદામાં રહેલ સાધુ એક વાર છોડાવ્યા છતાં ફરી પકડાય તો તેને છોડાવવો કે નહીં?

**સમાધાન**—મર્યાદામાં રહેલ હોય તેને સો વાર છોડાવવો, તથા દેરાસરને માટે સાધુએ નવીન રૂપુ, સોનું વિગેરે દ્રવ્ય ઉપાર્જન કરવું નહિ, તે કામ ગૃહસ્થનું છે, સાધુનું નથી, જો ઉપાર્જન કરે તો જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધિ ન થાય. દેરાસર સંબંધી ક્ષેત્ર, રૂપું, સોનું, દ્વિપદ દાસ દાસી ચતુષ્પદ ગાય, ભેંસ, વાસણવિગેરે જો વેષધારીયો રાજબળથી હરણ કરે અથવા રાજાના સુભટો હરણ કરે ત્યારે તપ-નિયમમાં સમ્યક્ પ્રકારે પ્રવર્તેલ સાધુ જો ન મુકાવે અથવા મુકાવવાનો ઉદ્યમ ન કરે તો તેના જ્ઞાનાદિકની શુદ્ધિ થતી નથી અને આશાતના થાય છે.

શંકા—શી રીતે મુકાવે ?

**સમાધાન**—આવો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે પ્રથમ રાજા આદિને મધુર વચનથી શિખામણ આપે સમજાવે અથવા ધર્મનો ઉપદેશ કરે, શિખામણ કે ઉપદેશથી ન માને તો મકાન કંપાવવું ભય, પીડા આદિ ઉત્પન્ન કરીને શિક્ષા કરવી. શ્રી પંચકલ્પભાષ્ય ચૂર્ણિમાં કહ્યું છે કે:

**चेइअ निमित्तं रूप्प हिरण्ण सुवण्णं अपुव्वं उप्पाएइ तस्स नाणदंसणचरित्त मनो करणाईचाति करणसोही न भवइ, गाहा–खेत्तहिरण्णं जया पुण पुव्वपवत्ताणि खेत्तहिरण्ण दुपयचउप्पयाइ जया भंडं वा चेइयाणं लिंगत्था वा चेइयदव्वं राउलबलेण खायंति, रायभडाई वा अच्छिंदेज्जा तया तवनियमसंपउत्तो वि साहु जइ न मोएइ त्ता वारं वा न करेई तया तस्स नाणाइसुद्धी न भवइ आसायणा य भवइ, एवं समुप्पण्णे कज्जे रायाईणं पुव्वं अणुसिट्ठी कीरइ, धम्मो वा से कहिज्जइ अणिच्छंतस्स अंतद्धाणेण वा अवहरंति उसोवेउं पासायं वा कंपेति,**

આ પાઠનો સાર ઉપર આવી ગયેલ છે તેથી ફરી લખવાની જરૂર નથી.

**कुलगणसंघचेइय विणासाईसु कारणेसु नाणदरिसणचरित्ताइयं पडिसेवमाणो सुद्धो जयणाए ॥१९८॥**

ભાવાર્થ—કુલ, ગણ, સંઘ, જિનમંદિરના વિનાશના કારણો ઉપસ્થિત થયા હોય ત્યારે જ્ઞાનદર્શન ચારિત્રમાં યતનાપૂર્વક અતિચારનું સેવન કરે તો પણ શુદ્ધ ગણાય ॥ ૯૧॥

**પ્ર૦**—(૯૨) દેરાસરમાં જિનપ્રતિમાની ઉપર ભમરીનું ઘર હોય તો તેવા પ્રકારના ઉપયોગી શ્રાવકના અભાવે સુવિહિત સાધુ પોતે તેને દૂર કરે નહિ ?

ઉ૦—એમાં અલ્પ દોષ હોવાથી સાધુએ પોતે કાઢવું જોઇએ. જો ન કાઢે તો ગુરૂ પ્રાયશ્ચિત આવે જેને માટે બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે-

**लुआ कोलिग जालिग कोत्थलहारी अ उब्भरिगेहे अ।**
**साडिंतमसाडिंते लहुगा गुरुगा य भत्तीए ॥१॥**

**ભાવાર્થ**- કોઇક મહાત્મા કોઇક ગામને વિષે જિનમંદિર જોઇને ચૈત્યને નમસ્કાર કરવા માટે ગયા હોય અને ત્યાં કંથંચિત્ દેરાસરમાં સાફસુફી ન થતી હોય અને ભગવાનની પ્રતિમાં ઉપર કરોળીયાની જાલ, જાલા, ભમરીના ઘર વિગેરે જોઇને જો ઉપેક્ષા કરે એટલે પોતે તેને દૂર ન કરે તો ગુરુ પ્રાયશ્ચિત એટણે ચતુગુરુ પ્રાયશ્ચિત આવે અને દૂર કરે તો ચતુર્લઘુ પ્રાયશ્ચિત આવે. આ પ્રમાણે જિનપ્રતિમાના ઉપર આશાતનાના કારણભૂત વૃક્ષાદિકને આશ્રયી પણ જાણવું ॥ ૯૨ ॥

પ્ર૦-(૯૩) સાધુઓએ વસ્ત્રો કયારે ધોવા અને ન ધોવે તો શું દોષ લાગે ?

ઉ૦-વર્ષાકાલ પહેલાં જ વસ્ત્રો ધોવા જોઈએ, ન ધોવે તો આ પ્રમાણે દોષ લાગે.

**अइभार बुडण पणए सीयलपावरणऽजीर गेलन्ने ॥**
**ओभावण कायवहो वासासु अधावणे दोसा ॥१॥**

**ભાવાર્થ**—વર્ષા કાલની પહેલા વસ્ત્રો ન ધોવે તો મેલથી ભારી થાય, જીર્ણ થાય, લીલફુલ લાગે, ઠંડું વસ્ત્ર પહેરવાથી અજીર્ણ થાય, બીમારી આવે, પરાભવ થાય, અપૂકાયની વિરાધના થાય, આ પ્રમાણે દોષ લાગે, **શંકા**—વસ્ત્રો ક્યારે ધોવા? **સમાધાન**—

**अप्पत्तेच्चिअ वासे सव्वं उवहिं धुवंति जयणाए ॥**
**असईए दव्वस्स उ जहण्णओ पायनिज्जोगो ॥१॥**

**ભાવાર્થ**—વર્ષાકાલ આવ્યા પહેલા જ પંદર દિવસની અંદર બધી ઉપધિ યતનાપૂર્વક ધોઈ નાખવી, ગરમ પાણી થોડું હોય તો જઘન્યથી પાત્રાની, ઉપધિ, ઝોળી, પલ્લા ધોઇ નાખવા, જેથી ગૃહસ્થો ભિક્ષા આપતા જુગુપ્સા ન કરે એ પ્રમાણે ઓઘનિર્યુક્તિ સૂત્રની ટીકામાં છે. વળી વસ્ત્ર ધોવાને માટે ગૃહસ્થના પાત્ર કુંડાદિકમાં [1]મકાનના છાપરાનું પાણી ગ્રહણ કરે. જ્યારે મેઘ વર્ષીને બંધ થાય ત્યારે ગ્રહણ કરેલા પાણીમાં ખાર નાખવો જેથી તે પાણી સચિત્ત ન થાય, વસ્ત્ર ધોયા પછી એક કલ્યાણ એટલે બે ઉપવાસનો પ્રાયશ્ચિત આપવો, આચારાંગ સૂત્રમાં જે "**न धोइज्ज**" ઇત્યાદિ પાઠ છે તે જિનકલ્પિમુનિની અપેક્ષાએ જાણવું ॥ ૯૩ ॥

---

૧ કપડા ધોવા માટે મકાનના છાપરાનું પાણી લેવાનું કહ્યું છે તે વર્ષાઋતુના પહેલીવારના વર્ષાદનું પાણી લેવું, કેમકે તે પાણી છાપરૂ તાપથી તપેલું હોય, ધૂળ પડેલી હોય, ધુવાડુ લાગેલ હોય, તેથી અચિત્ત થાય. માટે તે પાણી લેવું, પણ બીજીવારનું પાણી લેવું નાહ.

પ્ર૦-(૯૪) જો વસ્ત્રમાં જુ ઉત્પન્ન થાય તો વસ્ત્ર ધોતી વખતે કઈ વિધિ કરવી ?

ઉ૦—કપડામાં જુ પડી ગઈ હોય તો વસ્ત્રની અંદર હાથ રાખીને બીજા વસ્ત્ર ઉપર જુ ચડાવી દેવી, પછી વસ્ત્ર ધોવા, ઓઘનિર્યુકિત સૂત્રમાં કહ્યું છે કે

"जयणा संकामणा" यतनया वस्त्रान्तरितहस्तेन अन्यस्मिन् वस्त्रे षट्पदीः संक्रामयंति ततो धावन्ति,

અર્થ ઉપર આપેલ છે. ॥ ૯૪ ॥

પ્ર૦-(૯૫) સ્થંડિલ જવા કેટલાક સાધુ ભેગા થઈને જાય અને કેટલું પાણી સાથે લે ?

ઉ૦—શ્રી ઓઘનિર્યુકિતમાં આ પ્રમાણે કહ્યું છે "दो दो गच्छन्ति" બે બે ભેગા મલીને જાય, એક એક ન જાય. તેમાં "तिण्हट्ठदवं तु घेत्तूण" ત્રણ સાધુને માટે જેટલું પાણી જોઈએ તેટલું તે બે સાધુઓ લઇને જાય પરંતુ સમશ્રેણિએ બેસે નહિ ઈત્યાદિ વિસ્તારની ઇચ્છાવાલાએ ઓઘનિર્યુકિત જોવી, સ્થંડિલ જતી વખતે ગુદા પુંછવાને માટે ઈંટના ટુકડા અથવા વસ્ત્રના ડગલ (ટુકડા) સાથે લેવા, એ વાત બૃહત્કલ્પની ટીકામાં છે. ॥ ૯૫ ॥

પ્ર૦-(૯૬) સાધુઓ પરસ્પર કેટલા અંતરે સુવે અને પાત્રાથી કેટલા દૂર સુવે ?

ઉ૦—ઉત્સર્ગપદે સાધુઓ બે હાથને અંતરે સુવે છે તે સિવાય અનેક પ્રકારના દોષનો સંભવ છે, તથા

પાત્રાથી વીઆ આંગલ દૂર સુવે, ઈત્યાદિ આ વિષયનો ઘણો વિસ્તાર ઓઘનિર્યુકિતથી જાણવો. ॥ ૯૬ ॥

પ્ર૦—(૯૭) રસ્તામાં ચાલતા માર્ગ કોને પૂછવો ?

ઉ૦—બાલ હોય, વૃદ્ધ હોય કે સ્ત્રી પુરુષ નપુંસકરૂપ હોય તેને માર્ગ ન પૂછવો. તેમાં પણ સાધર્મિક કે ગૃહસ્થ આ બેને પૂછવો, એના અભાવે અન્ય ધર્મી બે મધ્યમ વયવાલા પુરુષને પૂછવો, તે પણ ધર્મલાભપૂર્વક સુખશાં-તિપૂર્વક પૂછવું. વૃદ્ધ હોય તે માર્ગને જાણે નહિ, બાળક હોય તે હાસ્ય કરે અથવા માર્ગને ન જાણે નપુંસક અને સ્ત્રીને પૂછવામાં આવે તો બીજાને શંકા થાય, ત્યારે કેવી રીતે રહીને પૂછવું-

पासट्ठिओ पुच्छिज्जा वंदमाणं अवंदमाणं वा ॥
अणुवइऊण व पुच्छेज्जा तुण्हिक्कं नेव पुच्छेज्जा ॥५०॥

ભાવાર્થ—પાસે રહેલો માણસ વંદન કરતો હોય તેને પૂછે, અથવા આ માણસ પાસે થઇને ચાલ્યો જાય તો કેટલાક પગલા તેની પાછળ જઈને માર્ગ પૂછવો, પૂછવા છતાં કંઈપણ ન બોલે તો તેને પૂછવો નહીં ॥ ૯૭ ॥

પ્ર૦—(૯૮) બિમાર સાધુની સેવા કરવામાં આ લોક સંબંધી યશ-પ્રાપ્તિ આદિ ગુણ દેખાય છે, તેવો પરલોક સંબંધી કોઈ ગુણ છે કે નહિ ?

ઉ૦-પરલોક સંબંધી ગુણ છે જ તેને તીર્થંકરની

ભકિત તુલ્ય કહેલ છે અને તિર્થંકરની ભકિત સ્વર્ગ અને મોક્ષનો કારણ છે. ઓઘનિર્યુકિત ટીકામાં લખ્યું છે કે—

"गिलाणत्ति" साधुः कदाचित् यत्र ग्रामे प्रविष्टः इदं शृणुयात् यद् उत अत्र ग्लान आस्ते, ततश्च तत्परिपालनं कार्यं परिपालने च कथं न पारलौकिकगुणा इति ॥

**ભાવાર્થ**— કોઈક વખત સાધુએ ગામમાં પ્રવેશ કર્યો હોય અને આવું સાંભળે કે આ ગામમાં સાધુ બીમાર છે તો તેની સેવા કરવી જોઈએ, સેવા કરવામાં પરલોક સંબંધી ગુણો કેમ નથી? છે જ.

जो गिलाणं पडियरइ सो मं पडियरइ, जो मं पडियरइ सो गिलाणं पडियरइ त्ति' वचनप्रामाण्यात्.

તથા શ્રી બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે

'जो गिलाणं पडियरइ से ममं नाणेणं दंसणेणं चरित्तेणं पडिवज्जइ इत्यादि भगवदाज्ञाऽऽराधनात्'

ભાવાર્થ-જે માંદા સાધુની સેવા કરે છે, તે મારી સેવા કરે છે—અને જે મારી સેવા કરે છે તે માંદાની સેવા કરે છે—વચનના પ્રમાણિકતાથી; તેમજ શ્રી બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે-જે માંદા સાધુની સેવા કરે છે તે મને જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે આરાધે છે ઈત્યાદિ ભગવાનની આજ્ઞા આરાધવી જોઈએ ॥ ૯૮ ॥

પ્ર—(૯૯) સુવિહિત સાધુ, પાસત્થા આદિ માંદા પડ્યા હોય તો તેમની સેવા કરે કે નહિ ?

ઉ—લોકનિંદા અટકાવવાને માટે અને પાસત્થા આદિને સન્માર્ગમાં લાવવાને માટે પોતાને ઉચિત કર્મ કરવું જ જોઈએ. જે માટે ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે—

**'एस गमो पंचण्हवि नीयाईणं गिलाणपडियरणे' ॥ फासुअकरणनिकायण कहणपडिक्कामणा गमणं ॥ २२ ॥ संभावणे वि सद्दो देउलिय खरण्टजयण उवएसो ॥ अविसेसे निन्हगाण वि न एस अम्हं तओ गमणं ॥ २३ ॥ तारे हि जयणाकरणं अमुगं आणेहऽकप्पजणपुरओ ॥ नवि एरिसिया समणा जणणाए तो अवक्कमणं ॥ २४ ॥**

ભાવાર્થ-આદિ શબ્દથી પાસત્થા અવસન્ન કુશીલ અને સંસક્તનું ગ્રહણ કરવું, નિત્યવાસ કરનારા એ પાંચેની સેવા કરવામાં જે વિધિ છે, તે જણાવે છે-શુદ્ધ આહાર-પાણીથી સેવા કરવી. અને પછી કહે કે સાજા થયા પછી હું કહું એ પ્રમાણે તમારે કરવું જોઈએ, તેમજ તેની આગળ ધર્મકથા કરવી, પછી તે બીમાર તે પ્રમાદસ્થાનથી પાછો હઠે તો તેને સાથે લઇને જાય, અહિં अवि શબ્દ સંભાવના અર્થમાં છે. દેવમંદિરનું રક્ષણ કરનારા વેષ માત્ર ધારણ કરનારા હોય તે માંદા પડયા હોય તો તેની પણ સેવા કરવી 'खरंटत्ति' તેમને ઠપકો આપે, ધર્મને વિષે ઉદ્યમ કરો એમ કહે "जयणत्ति" યતનાપૂર્વક સેવા કરે કે જેથી સંયમને લાંછન ન લાગે અને તેમને ક્રિયા વિષ-

યક ઉપદેશ આપે, તેમજ જે દેશમાં યતનાવડે સાધુ અને નિહ્નવનો ભેદ ન જણાય તે દેશમાં નિહ્નવોની પણ યતનાવડે સેવા કરે. જો તે બિમાર એમ કહે કે આ અમારા પક્ષનો તથી તો ત્યાંથી ચાલ્યા જાય, જો તે બીમાર એમ કહે કે મને આ મંદ વાડમાંથી તારો તો યતનાવડે તેની સેવા કરવી, અમુક વસ્તુ લાવો એમ કહે તો લોકોની આગળ કહેવું કે આ વસ્તુ અકલ્પ્ય છે. સાધુ આવા હોતા નથી. લોકો સાધુ અને નિહ્નવનો ભેદ જાણી જાય તો ત્યાંથી ચાલ્યા જવું એ પ્રમાણે ઉપદેશમાલાંમાં પાસત્થા આદિની સેવા કરવાનું કહ્યું છે. વિશેષમાં એટલું કે વિપત્તિમાં આવેલ શ્રાવકની સેવા કરવાનું પણ ઉપદેશમાલાની ગાથામાં કહ્યું છે–

हीणस्स वि सुद्धपरुवगस्स नाणाहियस्स कायव्वं ॥ जणचित्तग्गहणत्थं करेंति लिंगावसेसेऽवि ॥ ३४६ ॥ ओसन्नस्स गिहिस्स व जिणपवयणतिव्वभावियमइस्स ॥ कीरइ जं अणवज्जं दढसंमत्तस्सऽवत्थासु । ३५० ॥

**ભાવાર્થ**–ભાવ ચારિત્ર રહિત શુદ્ધ પ્રરૂપણા કરનાર જ્ઞાન ગુણથી અધિક હોય તેની અને જેની પાસે ફક્ત વેષ રહેલ હોય તો તેની પણ સેવા કરે, જિનપ્રવચનથી તીવ્ર ભાવિત મતિવાળો અવસન્ન હોય કે દૃઢ સમ્યક્ત્વવાલો ગૃહસ્થ હોય તેની પણ મંદવાડમાં નિર્દોષપણે સેવા કરે ॥૯૯॥

પ્ર૦ (૧૦૦) બીમાર અને તેની સેવા કરનાર સાધુ બીજા સાધુઓની ભોજનમાંડલીમાં પ્રવેશ કરી શકે કે નહિ?

ઉ૦—બીમાર અને તેની સેવા કરનાર સાધુ પ્રાય-શ્ચિત્ત લઈ, તેને પૂર્ણ કર્યા પછી બીજા સાધુની ભોજન-માંડલીમાં પ્રવેશ કરી શકે. બીમારને દશ ઉપવાસનું પ્રાય-શ્ચિત્ત આવે અને સેવા કરનારને બે ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવે. મતાન્તરે બન્ને પંચકલ્યાણક દશ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત જાણવું. પ્રાયશ્ચિત પૂરું કર્યા પછી બન્ને સાધુ ભોજનમાંડલીમાં પ્રવેશ કરે. બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કેઃ–

ग्लाने प्रगुणीभूते सति ग्लानस्य पंचकल्याणकं प्रायश्चितं प्रतिचारकानां तु एककल्याणकं देयं आदेशान्तरेण वा द्वयोरपि पंचकल्याणकं मंतव्यं ततो व्यूढे प्रायश्चित्ते द्वावपि ग्लान-प्रतिचारकवर्गौ भोजनादिमण्डलीं प्रविशत इत्यादि ॥
આનો અર્થ ઉપર આવી ગએલ છે.

પ્ર૦ (૧૦૧) વર્ષાકાલ સિવાય આઠ માસરૂપ ઋતુબદ્ધ કાલમાં સાધુઓ અને પૌષધ વ્રતવાલા શ્રાવકો પાટ પાટલા ગ્રહણ કરે કે નહિ ?

ઉ૦–ઉત્સર્ગથી પાટ પાટલા ગ્રહણ કરે નહિ. જો ગ્રહણ કરે તો અવસન્નો કહેવાય, જે માટે જ્ઞાતા અધ્ય-યનમાં શૈલકના દૃષ્ટાન્તમાં કહ્યું છે કેઃ–

" तएणं से सेलए उउबद्धपीढफलगसेवी सज्जासंथारए ओसन्ने जाएत्ति" तथा आवश्यकनिर्युक्तौ अप्युक्तं च–
ओसन्नो वि य दुविहो सव्वे देसे य तत्थ सव्वंमि ॥
उउबद्धपीढफलगोठवियगभोईय नायव्वो ॥ १ ॥

**ભાવાર્થ**—ત્યારપછી તે શેલકમુનિ શેષકાલમાં શય્યા સંથારા માટે પાટ પાટલાનું સેવન કરનાર અવસન્ન થયા. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે-અવસન્નાના બે ભેદ છે. સર્વથી અને દેશથી, તેમાં સર્વથી અવસન્ન શેષકાલમાં પાટ પાટલાનો ઉપયોગ કરે, સ્થાપના ભોજન જમે ( એટલે સાધુને માટે સ્પેશીયલ તૈયાર કરી રાખી મૂકેલ ભોજનને સ્થાપના ભોજન કહેવાય ) તે અવસન્ન જાણવો. અપવાદ પદે શેષ કાલમાં પણ પાટ પાટલા વાપરે જેને માટે આગમમાં કહ્યું છે કેઃ-

**जह कारणे तणाई उउबद्धम्मि य हवन्ति गहियाइं ॥ तह फलगाणि वि गिण्हइ चिक्खिल्लाईहि कज्जेहिं ॥ १ ॥**

**ભાવાર્થ**-જેમ દેશાદિ લક્ષણ કારણે ઋતુબદ્ધકાલમાં ઘાસ ગ્રહણ કરેલ હોય છે તેમ શેષ કાલમાં કાદવ આદિ કારણે અહિં આદિ શબ્દથી જીવોત્પત્તિ, વનસ્પત્તિ, લીલફુલ આદિ કારણે પાટ પાટલા લેવાય છે. ૧૦૧

પ્ર૦ (૧૦૨) માર્ગમાં વૃક્ષની નીચે રહેવાની ઇચ્છાવાલા સાધુઓ ત્યાં કોની આજ્ઞા લઈને રહી શકે ?

ઉ૦—“अणुजाणह जस्सुग्गहो” ઈત્યાદિ વચનવડે વૃક્ષાદિની આજ્ઞા લઈને ત્યાં રહેવું, આવશ્યક સૂત્રની ટીકામાં એમ જ કહ્યું છે. સંક્ષેપથી તે પાઠ આ પ્રમાણે છે.

“**साधूनाम् इयं सामाचारी सर्वत्रैव अध्वादिषु वृक्षाद्यपि अनुज्ञाप्य स्थातव्यम् तृतीयव्रतरक्षणार्थम् एवं भिक्षाट-**

नादावपि व्याघातसंभवे क्वचित् स्थातुकामेन स्वामिनं तद् अभावे तदवग्रहदेवतां वा अनुज्ञाप्य स्थेयम्"

ભાવાર્થઃ-સાધુઓની આ સામાચારી છે કે सर्वत्र मार्ग વિગેરેમાં ત્રીજા વ્રતના રક્ષણુ માટે વૃક્ષ આદિની આજ્ઞા લઈને રહેવું, એ પ્રમાણે ગોચરી લેવા ગયા હોય ત્યારે કોઈ વ્યાઘાત સંભવે તો કોઈ સ્થળે ઊભા રહેવા માટે તેના સ્વામીને અથવા સ્વામીના અભાવે તે અવગ્રહના દેવની આજ્ઞા લઈને રહેવું.

પ્ર૦—(૧૦૩) સાધ્વીઓના ઉપાશ્રયમાં રાત્રિમાં કોઈ ચોર આદિ પ્રવેશ કરે તો સાધ્વીઓએ શું બોલવું?

ઉ૦—સાધ્વીઓના ઉપાશ્રયમા જો રાત્રિમાં કોઈ ચોર કે વ્યભિચારી માણસ પ્રવેશ કરે તો તે સમયે દ્વારમાં રહેલ સાધ્વીએ 'કોણુ છે' એમ ન બોલવું, એમ બોલવાથી પાડોશમાં રહેલા માણસોને શંકા આદિ ઉત્પન્ન થાય, પરંતુ छुछुरित वाहडि इति वक्तव्यम् છુછુ વાહડ વાહડ આ પ્રમાણે બોલવું, અથવા હે અનાથ! શું તારે માત પિતા ન[illegible] જેથી આ વખતે આવી રીતે રખડે છે, તેમજ દુષ્ટ જાતિના ઘરડા બળદની માફક અમારા ઉપાશ્રયને સેવે છે, હે નિર્ભાગ્ય! અહિ તારે યોગ્ય સ્થાન નથી ચાલ્યો જા, અહિંયા શું ખાઈશ? આ પ્રમાણે અન્યોક્તિવડે બોલવું ઇત્યાદિ બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે. ૧૦૩

પ્ર૦—(૧૦૪) કોઈ સાધુ કાલ કરે તો શો વિધિ કરવો

ઉ૦—એનો ઉત્તર બૃહત્કલ્પભાષ્યાદિમાં આવેલ જ છે તેમજ સંક્ષેપમાં કહે છે કેઃ—

**" जं वेलं कालगओ निक्कारणे कारणे भवे निरुद्धो"**
**जग्गण बंधण छेयणे एतं तु विहिं तहिं कुज्जा ॥ १ ॥**

**ભાવાર્થ**ઃ—દિવસ અથવા રાત્રિએ જે સમયે કાળ કરે તે સમયે જ મૃતકને કાઢવું. કોઈક વૈયાવચ્ચ કરનાર સાધુએ એકાન્ત શુદ્ધ પ્રદેશને વિષે તે મૃતકને પરઠવી દેવું. એક સાધુ શક્તિમાન ન હોય તો બીજા ઘણા ભેગા થઈને મૃતકને ઉપાડવું. આ પ્રમાણે નિષ્કારણે જાણવું એમ કહ્યું છે, કારણે તો કેટલોક વખત સુધી મૃતકને રાખી શકાય. તેમાં જાગવું, મડદાને બાંધવું, છેદ કરવો ઈત્યાદિ વિધિ શાસ્ત્ર પ્રમાણે કરવી. કયા કારણે મડદાને રાખવું તે કહે છેઃ—

**हिम-तेण-सावयभया-पिहितादारा-महानिनादो वा ॥**
**ठवणा णियगा व तहिं आयरियमहातवस्सी वा ॥ २ ॥**

**ભાવાર્થ**—રાત્રિમાં અસહ્ય હિમ પડતો હોય, ચોર તથા હિંસક જીવોનો ભય હોય તો ન નીકળી શકાય અથવા નગરના દરવાજા બંધ થઈ ગયા હોય, મોટો અવાજ થતો હોય, મહાજનને ખબર પડી ગઈ હોય તો તે મડદાને તે ગામ કે નગરમાં રાખવું. તે ગામાદિકમાં એવી વ્યવસ્થા હોય કે રાત્રિમાં મડદું કાઢવું નહિ. અથવા તે ગામ કે નગરમાં તેના સગા કે જ્ઞાતિજનો હોય તેઓ કહે કે અમને પૂછયા સિવાય મડદું કાઢશો નહિ. અથવા

તે નગરમાં આચાર્ય ઘણા પ્રસિદ્ધ હોય, અથવા કાલ કરનાર મહાતપસ્વી હોય, ઘણા કાળ સુધી અનશન પાળ્યું હોય, માસખમણ કર્યું હોય એવા કારણે રાત્રિમાં મડદું રાખી મૂકવું દિવસે પણ આવા કારણે રાખી શકાય. મડદાને ઢાંકવા માટે શુદ્ધ શ્વેત વસ્ત્ર ન હોય તો દિવસે પણ કાઢવું નહિ. રાજાદિ નગરમાં પ્રવેશ કરે કે નગરમાંથી નીકળે, દરવાજા બંધ થવાનો સંભવ હોય તો રાત્રે પણ મડદાને કાઢવું નહિ. હવે શીર્ષ દ્વાર કહે છે:—

जत्तो दिसाइ गामो तत्तो सीसं तु होइ कायव्वं। उट्ठंत रक्खणट्ठा अमंगलं लोगगरहा य ॥

**ભાવાર્થ**—જે દિશામાં ગામ હોય તે દિશા તરફ મડદાનું મસ્તક ઉપાશ્રયમાંથી લઈ જતી વખતે અને પરઠવતી વખતે કરવું કારણ કે કદાચિત્ મડદું ઊભું થાય તો પણ ઉપાશ્રય તરફ આવી શકે નહિ. બીજું, જે દિશા તરફ મડદાના પગ રાખવાથી અમંગલ થાય, લોકમાં નિંદા થાય, અરે! આ સાધુઓ એટલું પણ જાણતા નથી કે ગામની સન્મુખ મડદું ન કરાય, તેમજ પરઠવતી વખતે યથાજાત ઉપકરણ પડખે સ્થાપવા, તે રજોહરણ, મુહપત્તિ, ચોળપટ્ટો. જો આ ઉપકરણ મડદાની પાસે ન રાખે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે અને આજ્ઞાભંગનો દોષ લાગે અને કાળ કરનાર મિથ્યાત્વ ભાવને પામે એટલે દેવ થયા પછી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયા પછી ઉપકરણોને ન દેખે

તો એમ માને કે હું ગૃહસ્થલિંગે દેવ થયો છું એમ મિથ્યાત્વને પામે. અથવા રાજા લોકપરંપરાએ વાત જાણીને આ લોકોએ કોઈક માણસને ઉપદ્રવ કરેલ છે એવી બુદ્ધિથી કુપિત થએલો નજીકના બે ત્રણ ગામોમાં પ્રતિબંધ કરે. હવે કાઉસ્સગ્ગ દ્વાર કહે છેઃ-

**चेइअ चउवस्सए वा हायंतीओ थुईउ तो बिंते ॥ सारवणं वसहीए करेइ सव्वं वसइपालो ॥ १ ॥**

ભાવાર્થ—પછી દેરાસર કે ઉપાશ્રયમાં આવી પરિહીયમાના સ્તુતિ બોલે યાવત્ જ્યાં સુધી તેઓ ન આવ્યા હોય ત્યાં સુધી વસતિપાલ વસતિનું પ્રમાર્જન વિગેરે સર્વ કાર્ય કરે-આ વિષયમાં ચૂર્ણિનો વિશેષ પાઠ આ પ્રમાણે છેઃ-

**" तओ आगम्म चेइय घरं गच्छंति चेइयाणि वंदित्ता संतिनिमित्तं अजियसंतित्थवो परिकड्ढिज्जइ तिन्नि थुईओ परिहायंतीओ कड्ढिज्जंति तओ आगन्तु अविहिपरिट्ठावणियाए काउस्सग्गो कीरइ त्ति ॥**

ભાવાર્થ-ત્યાંથી આવીને દેરાસરમાં જાય, ચૈત્યવંદન કરે, શાન્તિ માટે અજિતશાન્તિ સ્તવ બોલે, પરિહાયંતી ત્રણ થોયો કહે, પછી આવીને अविधि पारिट्ठावणियाएનો કાઉસ્સગ્ગ કરે, તેમજ વ્યવહાર દૃષ્ટિથી મૃતકની આ પ્રમાણે ગતિ જાણવી.

थलकरणे वेमाणिओ जोइसिओ वाणमंतरो समम्मि ॥
गड्डाइ भवणवासी एस गति से समासेण ॥ १ ॥

ભાવાર્થ-જો તે મૃતકનું શરીર સ્થલ(ઊંચીજમીન) પર મૂકયું હોય, પાલખીમાં પધરાવ્યું હોય તો તે વૈમાનિક દેવ થયો છે એમ જાણવું. સરખી ભૂમિ પર મૂકયું હોય તો જ્યોતિષી કે વ્યન્તરમાં ઉત્પન્ન થયો છે. એમ જાણવું. ખાડામાં મૂકયું હોય તો ભવનપતિમાં ગયો છે એમ જાણવું. સંક્ષેપમાં આ પ્રમાણે તેની ગતિ કહેલ છે. ૧૦૪

પ્ર૦-(૧૦૫) વિહાર કરવાની ઇચ્છાવાલા આચાર્યાદિકે ચંદ્રબળ-તારાબળ જોવું કે નહિ ?

ઉ૦—પ્રયાણ કરવાની ઈચ્છાવાળા આચાર્યાદિકે ઘણું કરીને ચંદ્રબળ, તારાબળ જોવું જ જોઈએ. બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે-'अणुकुलेत्यादि" જ્યારે આચાર્યને ચંદ્રબળ, તારાબળ અનુકૂલ હોય ત્યારે પ્રસ્થાન કરે. ઉપાશ્રયમાંથી નિકળ્યા પછી જ્યાં સુધી સાર્થની સાથે ન થવાય ત્યાં સુધી પોતે શકુન ગ્રહણ કરે અને ભેગા થયા પછી સાર્થના શકુનની સાથે પ્રયાણ કરે.

પ્ર૦-(૧૦૬) જિનકલ્પ શબ્દમાં જિનપદવડે તીર્થંકરો, સામાન્ય કેવલીયો લેવાય કે અન્ય કોઈ? તથા જિનકલ્પિક સાધુઓ તે ભવમાં મોક્ષે જાય કે નહીં અને ન જાય તો શા કારણથી ?

૭૦–અહિં જિન શબ્દવડે તીર્થંકરો કે સામાન્ય કેવલીયો ન લેવાય, તેઓ સ્થવિરકલ્પિક અને જિનકલ્પિકથી ભિન્ન હોવાથી કલ્પાતીત શબ્દવડે કહેવાય છે, પરંતુ ગચ્છમાંથી નિકળેલ સાધુવિશેષ જાણવા, પ્રવચનસારોદ્ધારની ટીકામાં ૬૩ માં દ્વારમાં કહ્યું છે કેઃ–

"जिना गच्छनिर्गतसाधुविशेषाः तेषां कल्पः समाचारस्तेन चरन्तीति जिनकल्पिका इत्यादि"

જિન એટલે ગચ્છમાંથી નિકલેલ સાધુવિશેષ, તેઓનો કલ્પ એટલે આચાર, તેનું પાલન કરે, તે પ્રમાણે વર્તે તે જિનકલ્પિક કહેવાય, તેમજ જિનકલ્પિક મુનિઓ તે ભવમાં મોક્ષે ન જાય, કારણ કે આગમમાં તેમને કેવલજ્ઞાનનો નિષેધ કરેલ છે. બૃહત્કલ્પની ટીકામાં વેદને આશ્રયીને જિનકલ્પ ગ્રહણ કરતી વખતે સ્ત્રીવેદને છોડીને અસંક્લિષ્ટ પુરુષવેદ કે નપુંસકવેદ એમાંથી એક વેદ હોય છે, જિનકલ્પ સ્વીકાર કરેલ મુનિ સવેદી પણ હોય અને અવેદી પણ હોય. તેમાં જિનકલ્પિક મુનિને તે ભવમાં કેવલજ્ઞાનની ઉત્પત્તિનો નિષેધ છે, ઉપશમશ્રેણીમાં વેદને ઉપશમાવ્યા પછી અવેદકપણું પ્રાપ્ત થાય છે.

उवसमसेढीए खलु वेदे उवसामियम्मि उ अवेदो ॥ नवि खविए तज्जम्मे केवलपडिसेहभावाओ ॥ १ ॥

ભાવાર્થઃ–ઉપશમશ્રેણીમાં વેદને ઉપશમાવ્યા પછી અવેદકપણું પ્રાપ્ત થાય છે પણ વેદને ખપાવેલ હોતું નથી

તેથી તે ભવમાં કેવલજ્ઞાનનો નિષેધ છે, ઉપશમશ્રેણી સિવાય બાકીના કાલમાં તે સવેદી હોય છે. આ વિષયમાં કેટલાક આધુનિક લોકો એમ કહે છે કે જિનકલ્પિક સાધુઓનો આચાર હઠગર્ભિત હોય છે કારણ કે તે સાધુઓ સિંહ આદિને સન્મુખ આવતો જોઈને પણ તે જ માર્ગે જાય છે, બીજા રસ્તે જતા નથી, એટલે તેઓની તે ભવમાં મુક્તિ થતી નથી. એમ બોલવું તે અયોગ્ય છે, તેઓ ભગવાને કહેલ નિરપવાદ અનુષ્ઠાન કરનારા છે. તેમને જરા પણ હઠવાદ નથી, તેઓના આચારવિષયિક ભગવાનની આજ્ઞામાં સર્વથા હઠવાદનો અભાવ છે. એટલા માટે શ્રી આચારાંગ સૂત્રના છઠ્ઠા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં જિનકલ્પિક, સ્થવિરકલ્પિક સર્વે સાધુઓને જિનાજ્ઞાને અનુસરનારા અને સમ્યગ્દર્શની કહ્યા છે. કહ્યું છે કે:-

जिनकल्पिकः कश्चिदेककल्पधारी द्वौ त्रीन् वा बिभर्त्ति, स्थविरकल्पिको वा मासार्धमासक्षपकस्तथा विकृष्टाऽविकृष्ट-तपश्चारी प्रत्यहभोजी कूरगडुको वा एते सर्वेऽपि तीर्थकृत्-वचनानुसारतः परस्पराऽनिन्दया सम्यक्त्वदर्शिनः ।

ભાવાર્થ:-જિનકલ્પિક કોઈ એક વસ્ત્ર ધારણ કરે કે કોઈ બે અથવા ત્રણ વસ્ત્ર ધારણ કરે, અથવા સ્થવિરકલ્પી કોઈ માસક્ષમણ કે અર્ધ માસક્ષમણ કરે, કોઈ વિકૃષ્ટ ત્રણ, ચાર કે પાંચ ઉપવાસ કરે, કોઈ અવિકૃષ્ટ ઉપવાસ કે છઠ્ઠ કરે અને કોઈ કૂરગડુની માફક નિત્ય ભોજન કરે,

આ બધા સાધુઓ તીર્થંકરના વચનને અનુસરનારા હોવાથી પરસ્પર નિન્દાના અભાવે સમ્યગ્દર્શની જાણવા. કહ્યું છે કે–

**जो वि दुवत्थ तिवत्थो एगेण अचेलगो व संथरइ ॥ न हु ते हिलंति परं सव्वे वि हु ते जिणाणाए ॥ १ ॥**

ભાવાર્થ–જે કોઈ પણ સાધુ બે વસ્ત્ર અથવા ત્રણ વસ્ત્ર, એક વસ્ત્ર કે વસ્ત્રરહિતપણે પોતાના આચારનું પાલન કરે અને પરસ્પર કોઈની નિન્દા ન કરે તો તે સર્વ સાધુઓ જિનેશ્વરની આજ્ઞા પાળનારા છે એમ માનવું તેમજ જિનકલ્પિક કે પ્રતિમાધારી કોઈ સાધુ કદાચિત્ પોતાના કલ્પ એટલે આચારને અનુસારે ભિક્ષા ન મેળવી શકે તો પણ કૂરગડુકને પણ તું ઓદનમુંડ છે એમ કહીને એની નિન્દા કે હેલણા ન કરે, સર્વ સ્થવિરકલ્પી મુનિઓએ ત્રણ વસ્ત્ર અવશ્ય ગ્રહણ કરવા જોઈએ. એક વસ્ત્રથી શીત પરિષહ સહન કરી શકે તો પણ ત્રણ વસ્ત્ર ગ્રહણ કરવાની ભગવાનની આજ્ઞા છે, બીજાઓ તો એમ કહે છે કે જિનકલ્પી મુનિઓને ઉત્કૃષ્ટ ક્રિયા કરવાની હોવાથી ઉત્કૃષ્ટ પુન્યનો સંચય થાય છે અને તે પુન્ય વિશિષ્ટ સ્વર્ગાદિ સુખ ભોગવ્યા વિના ક્ષય થતું નથી તેથી તેમની તે ભવમાં મુક્તિ ન થાય ખરું તત્ત્વ શું છે તે તો કેવલી ભગવંત જાણે.

(૧૦૭) અર્ણિકાપુત્ર આચાર્યે પોતાની સાધ્વીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે એ જાણ્યા પછી તેણીને વંદન કર્યું કે નહિ ?

ઉ૦–સાધ્વીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. તે જાણ્યા પછી અર્ણિકાપુત્ર આચાર્યે સાધ્વીને વંદન કર્યું છે એવું જણાતું નથી.

"जाणामि, कहं अतिसएण, केण, केवलेण, खामिओ केवलि आसाइओत्ति"

ભાવાર્થ–હું જાણું છું. કેવી રીતે? અતિશયવડે. કયા અતિશયવડે? કેવલજ્ઞાન. આવશ્યકસૂત્રની ટીકામાં એટલો જ પાઠ છે, છદ્મસ્થ ગુરુએ કેવલજ્ઞાનવાલી સાધ્વીને ન વાંદવી.

પ્ર૦–(૧૦૮) જે પ્રકારે સાધુઓ ગામની બહાર હાથ લાંબા કરી આતાપના લે છે. કેટલાંક ભુજા ઊંચી કરી એક પગ ઊંચો સંકોચીને આતાપના લે છે એ પ્રમાણે સાધ્વીઓ કરી શકે કે નહિ?

ઉ૦—સાધ્વીઓ એ પ્રમાણે કરે નહિ, પરંતુ બૃહત્કલ્પમાં કહેલ વિધિ પ્રમાણે કરે છેઃ—

नो कप्पईत्यादि–आर्याया ग्रामाद् बहिरूर्ध्वमुखो बाहू कृत्वा एकं पादं ऊर्ध्वमाकुंच्य आतापनाभूमौ आतापयितुं न कल्पते किन्तु उपाश्रयमध्ये संघाटीप्रतिबद्धायाः प्रलम्बितबाहायाः समतलपादिकायाः स्थित्वा आतापयितुं कल्पते, यदत्राङ्मुखं क्रियते सा उत्कृष्टोत्कृष्टा।

ભાવાર્થ—સાધ્વી ગામની બહાર બે ભુજા ઊંચી કરીને એક પગ ઊંચો સંકોચીને આતાપના ભૂમિમાં

આતાપના લઈ શકે નહિં, પરંતુ સંઘાટીકા ઓઢવાના વસ્રની અંદર બે ભુજા લાંબી કરી, બંને પગ સરખા રાખીને આતાપના લઈ શકે છે.

પ્ર૦ (૧૦૯) પાંચ આશ્રવથી વિરમવું ઇત્યાદિ સંયમના ૧૭ ભેદ તો પ્રસિદ્ધ છે પરંતુ બીજા પ્રકારે ૧૭ ભેદ સંયમ અને અસંયમના શાસ્રમાં સંભળાય છે તે કેવી રીતે જાણવા?

ઉ૦–પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય–આ નવ પ્રકારના જીવો વિષે યતનાવડે પ્રવૃત્તિ કરવી તે નવવિધ સંયમ ૯, તથા અજીવસંયમ ૧૦, પ્રેક્ષાસંયમ ૧૧, ઉપેક્ષાસંયમ ૧૨, પરિષ્ઠાપના સંયમ ૧૩, પ્રમાર્જના સંયમ ૧૪, મન–વચન–કાયાના યોગોને શુભ કાર્યમાં પ્રવર્તાવવા અને અશુભ કાર્યથી રોકવા એ ત્રિવિધ સંયમ ૧૭–આ સત્તર પ્રકારનો સંયમ અને એનાથી વિપરીત તે અસંયમ છે, પાંચ અજીવ સંયમાદિનો અર્થ ઓઘનિર્યુક્તિ આદિ સૂત્રથી જાણવો, તે સંબંધી પાઠ આ પ્રમાણે છે–

पुढविदगअगणिमारुअवणस्सईबेइंदियतेइंदियचउरिंदियपंचेन्दिया

'तथा अजीवत्ति' અજીવમાં લીલફુલ લાગેલ પુસ્તકાદિ ગ્રહણ કરવાથી અસંયમ થાય છે જેથી તે ગ્રહણ કરવું નહિ, આદિ શબ્દથી 'दुसपणगं – तणपणगं – चम्मपणगं च' પાંચ

પ્રકારના વસ્ત્ર, પાંચ પ્રકારના ઘાસ, પાંચ પ્રકારનું ચામડું– આ ગ્રહણ કરવાથી અસંયમ થાય અને એનો ત્યાગ કરવાથી સંયમ થાય ૧૦ ભેદ થયા. પ્રેક્ષાસંયમ–પ્રથમ ચક્ષુ વડે ભૂમિ જોઈને પછી કાઉસ્સગ્ગ, શયન વિગેરે કરવું ૧૧. ઉપેક્ષા બે પ્રકારે હોય છે. સંયતવ્યાપાર ઉપેક્ષા અને ગૃહસ્થવ્યાપાર ઉપેક્ષા તેમાં સંયતવ્યાપારમાં પ્રમાદ કરતા સાધુને જોઈને પ્રેરણા ન કરવી તે સંયતવ્યાપાર ઉપેક્ષા, સાવદ્ય કાર્યમાં પ્રવૃત્તિ કરતા ગૃહસ્થને જોઈને પ્રેરણા ન કરવી તે ગૃહસ્થ વ્યાપાર ઉપેક્ષા ૧૨, જરૂરથી અધિક વસ્ત્ર–ભાત પાણી આદિ વિધિપૂર્વક પરઠવતા ત્યાગ કરતાં જે સંયમ તે પારિષ્ઠાપનક સંયમ ૧૩, '**सागारिय पमज्जणसंजमो**' ગૃહસ્થના દેખતા રજોહરણવડે પ્રમાર્જન ન કરવું તે રૂપ સંયમ, '**सेसे पमज्जणत्ति**' ગૃહસ્થના અભાવે રજોહરણવડે પ્રમાર્જન કરવું તે વડે સંયમ તે પ્રમાર્જના સંયમ ૧૪–એવી રીતે આ ચતુર્દશ ભેદ અને મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિ એ ૧૭ ભેદ જાણવા.

શ્રી સમવાયાંગ સૂત્રની ટીકામાં એટલી વિશેષતા છે– '**अजीवकायऽसंयम**' વિકટ સુવર્ણ, બહુમૂલ્યવસ્ત્ર પાત્ર પુસ્તક વિગેરે ગ્રહણ કરવા તે અજીવકાય–અસંયમ, અને તે વિકટ સુવર્ણાદિ ગ્રહણ ન કરવા તે અજીવકાયસંયમ, ઉપેક્ષા અસંયમ–અસંયમયોગોને વિષે પ્રવૃત્તિ કરવી એટલે સાવદ્ય કાર્યમાં મનાદિ યોગોને પ્રવર્તાવવા, સંયમયોગોને વિષે એટલે નિર્વદ્ય કાર્યમાં મનાદિયોગોને ન પ્રવર્તાવવા,

તે ઉપેક્ષા અસંયમ, ઉપેક્ષા સંયમ એનાથી વિપરીત–મનાદિ યોગોને સંયમ યોગોને વિષે પ્રવર્તાવવા અને અસંયમ યોગોને વિષે ન પ્રવર્તાવવા તે ઉપેક્ષા સંયમ કહેવાય, પ્રમાર્જના અસંયમ–પાત્રાદિનું પ્રમાર્જન ન કરવું અથવા અવિધિથી પ્રમાર્જન કરવું તે, તેનાથી વિપરીત પ્રમાર્જના સંયમ જાણવું, '**प्रागुक्तपाठे यदुक्तं अग्राह्यं दूसपणगं इत्यादि**'

એનો અર્થ આ પ્રમાણે છે જેમાં રૂ ભરેલું હોય એવા પાંચ પ્રકારના વસ્ત્ર તેની પ્રતિલેખના થઈ શકતી નથી. કેમકે એના અંદરનો ભાગ આંખથી જોઈ શકાતો નથી.

**"कुंचिकादिकं तु दुष्प्रतिलेखितदुष्यपंचकं" कुंचिका १ पूरिका २ प्रावार ३ दाढिकालि ४ जयनानि ५"**

રૂથી ભરેલું વસ્ત્ર તે **कुंचिका** ૧, જાડા શણના દોરડાથી વણેલું હોય તે **पूरिका** ૨, મોટા કંબલ તે **प्रावार** ૩, બે તાર ભેગા કરીને વણેલું વસ્ત્ર તે **दाढिकालि** ૪, બે સૂત્રનું વણેલું વસ્ત્ર તે **विरलिका**, ઉન અને સુતર ભેગું હોય તે જ **जयनानि** જીન તે પ્રસિદ્ધ છે. ઈત્યાદિ બૃહત્કલ્પમાં કહેલ છે, એવી રીતે પહોલાણવાલું ઘાસ અને રૂંવાટાવાલું ચામડું પણ અગ્રાહ્ય છે. ॥૧૦૯॥

પ્ર૦ (૧૧૦) કાલાતિક્રાન્ત–અધ્વાતિક્રાન્ત–ક્ષેત્રાતિક્રાન્ત–પ્રમાણાતિક્રાન્ત અશનાદિ સાધુઓને ન કલ્પે, પરંતુ કાલાતિક્રાન્તાદિ પદોનો અર્થ શો ?

ઉ૦—ત્રણ પ્રહર ઉપર રાખવામાં આવેલ અશનાદિ કાલાતિક્રાન્ત કહેવાય, અર્ધયોજનથી વધારે દૂરથી લાવેલ અથવા લઈ ગએલ અશનાદિ અધ્વાતિક્રાન્ત કહેવાય, તે અશનાદિ સાધુઓને અપરિભોગ્ય ત્યાગ કરવા યોગ્ય હોય છે, તે અધ્વાતિક્રાન્ત કહેવાય, એમ જીતકલ્પસૂત્રની ટીકામાં કહ્યું છે, તે આ પ્રમાણે-

"क्षेत्रं सूर्यसंबंधितापक्षेत्रं दिन, इत्यर्थः तदतिक्रांतं यत् तत् क्षेत्रातिक्रान्तं

સૂર્યોદય પહેલા અશનાદિ ગ્રહણ કરીને સૂર્યોદય થયા પછી વાપરે તે ક્ષેત્રાતિક્રાન્ત કહેવાય, તથા આહારનું પ્રમાણ બત્રીશ કવલનું છે, તેનું ઉલંઘન કરવું તે પ્રમાણાતિક્રાન્ત કહેવાય. શ્રી ભગવતીમાં કહ્યું છે કે:-

जो णं निग्गंथो वा निग्गंथी वा फासुएसणिज्जं असणं पाणं खाइमं साइमं अणुग्गेए सूरिए पडिग्गहित्ता उग्गए सूरिए आहारं आहारेइ एस णं गोयमा खित्तातिक्कंते पाणभोयणे ।

ભાવાર્થ:-જે સાધુ અથવા સાધ્વી અચિત્ત અને નિર્દોષ અશન, પાન ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારનો આહાર સૂર્યોદય પહેલાં ગ્રહણ કરીને સૂર્યોદય થયા પછી વાપરે તો હે ગૌતમ! તે આહાર અને પાણી ક્ષેત્રાતિક્રાન્ત કહેવાય. ॥ ૧૧૦ ॥

પ્ર૦ (૧૧૧) પ્રતિક્રમણના સૂત્રમાં અતિક્રમ વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર—આ ચાર ભેદ વ્રતભંગને આશ્રયી કહેલ છે, તેનું સ્વરૂપ શું ?

ઉ૦—આવશ્યક સૂત્રની બૃહદ્દવૃત્તિમાં આપેલ ઉત્તર અત્રે જાણવો, તે પાઠ આ પ્રમાણે—

**आहाकम्मणिमंतणे पडिसुणमाणे अइक्कमो होइ ॥ पद-भेदादिवइक्कमो गहिते तईओ तरो गिलिते ॥ १ ॥**

**ભાવાર્થ**:— કોઈ ગૃહસ્થ આધાકર્મી આહારને માટે નિમંત્રણ કરે. હું ગ્રહણ કરીશ એવા અભિપ્રાયથી સાધુ સાંભળે તો સાધુક્રિયાના ઉલ્લંઘનરૂપ અતિક્રમ નામક દોષ લાગે. કેમકે એવું વચન સાંભળવું સાધુને કલ્પે નહિ. તો તે સ્વીકાર કેમ કરી શકાય? ત્યારથી આરંભીને તેને માટે પાત્રા આદિ ગ્રહણ કરે યાવદ્ ઉપયોગ કરે ત્યાં સુધી અતિક્રમ જાણવું, ત્યારપછી ઉપયોગ કર્યા બાદ આધાકર્મી આહાર લેવાને માટે જાય, દાતારે પાત્રમાં નાખવા માટે ભોજન હાથમાં લીધું હોય ત્યાં સુધી વ્યતિક્રમ, પછી ગ્રહણ કરે ત્યારે અતિચાર, યાવત્ ઉપાશ્રયે જઈ ઈરિયાવહી પડિક્કમે કવલ હાથમાં લે ત્યાં સુધી અતિચાર જાણવું. પછી ઉત્તરકાલમાં અનાચાર. કહ્યું છે કે- "**तरो गिलितेति**" કવલ મુખમાં નાખે એટલે અનાચાર કહેવાય. (૧૧૧)

પ્ર૦ (૧૧૨)—દેશથી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર શ્રાવક બે પ્રકારે હોય છે: સ્વદારસંતોષી અને પરદારવર્જક

તેમને ઇત્વર પરિગ્રહગમનાદિ પાંચ અતિચારો કહ્યા છે, તે બંનેને સરખા હોય કે ન્યૂનાધિક એટલે ઓછાવત્તા ?

ઉ૦—પ્રવચનસારોદ્ધારની ટીકામાં આ વિષયને માટે ત્રણ અભિપ્રાય આવેલા છે, તે કહીએ છીએ-કોઈ માણસે ભાડું આપી થોડા કાલ માટે સ્વીકારેલી વેશ્યાને પોતાની સ્ત્રી માનીને સેવન કરતાં પોતાની બુદ્ધિની કલ્પનાવડે તે પોતાની સ્ત્રી હોવાથી સેવનારનું મન વ્રતની અપેક્ષાવાળું છે અને થોડા કાલને માટે રાખેલ હોવાથી બાહ્યદૃષ્ટિએ વ્રતનો ભંગ થતો નથી, પણ વસ્તુતઃ પરમાર્થથી પરસ્ત્રી હોવાથી વ્રતનો ભંગ થાય છે માટે ભંગ અને અભંગરૂપ આ પહેલો અતિચાર જાણવો, તથા **अपरिगृहीता** કોઈથી નહિ ગ્રહણ કરાયેલી, અન્ય સંબંધી ભાડું આપીને રાખેલી, વેશ્યા-પ્રોષિતભર્તૃકા જેનો પતિ પરદેશ ગએલ હોય તે, સ્વૈરિણી-ઈચ્છાનુંસાર ફરનારી, કુલાંગના, અનાથા એવી સ્ત્રીઓને સેવતા બીજો અતિચાર જાણવો. આ અનુપયોગથી કે અતિક્રમાદિને લઈને અતિચાર છે, અતિક્રમાદિનો અર્થ ઉપર આવી ગયેલ છે, તે અર્થ અહીં મૈથુનને આશ્રયી જોડવો. અત્રે આ પરમાર્થ છે-યાવત્ પોતાના શરીરની સાથે તેના શરીરનો સ્પર્શ કરે ત્યાં સુધી અતિચાર છે.

**“ तदवाच्यप्रदेशे स्वाऽवाच्यप्रक्षेपे तु अनाचारः**

સ્ત્રીના અવાચ્ય પ્રદેશને વિષે પોતાનો અવાચ્ય પ્રદેશ નાખે તો અનાચાર થાય, આ બે અતિચારો સ્વદાર-

સંતોષીને જાણુવા, પરસ્ત્રીના ત્યાગવાળાને નહિ, થોડા કાલ માટે ભાડું આપીને રાખેલી સ્ત્રી વેશ્યા હોવાથી અને અપરિગૃહીતા અનાથ હોવાથી પરસ્ત્રી પણાનો એમાં અભાવ છે, બાકીના ત્રણ અતિચારો તો બંનેને લાગે છે. આ પ્રમાણે હરિભદ્રસૂરિનો મત છે અને એ જ સૂત્રાનુસારી છે. કહ્યું છે કે

**सदारसंतोसस्स इमे पंच अइयारा जाणियव्वा न समाअरियव्वा ॥ १ ॥**

**ભાવાર્થ**-સ્વદારસંતોષીએ આ પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. બીજાઓ તો એમ કહે છે કે **इत्वरपरिगृहीता** આ અતિચાર સ્વદારસંતોષીને હોય છે, પૂર્વની માફક **अपरिगृहीता**નું સેવન આ અતિચાર પરસ્ત્રીના ત્યાગવાળાને હોય છે કેમકે અપરિગૃહીતા એટલે વેશ્યા, તેણે બીજા માણસનું ભાડું લીધેલ હોય અને તેની સાથે ગમન કરે તો પરદારગમનનો દોષ સંભવે કથંચિત તેનું પરસ્ત્રીપણું છે એટલે વ્રતનો ભંગ અને વેશ્યા હોવાથી વ્રતનું અભંગપણું તેથી ભંગા-ભંગરૂપ અતિચાર લાગે એ બીજો અતિચાર. બીજાઓ ફરી આ પ્રમાણે કહે છે- આ ત્રીજો મત.

**परदारवज्जिणो पंच हुंति तिन्निउ सरदारसंतुट्ठे ॥
इत्थीइ तिन्नि पंच व भंगविगप्पेहिं अइयारा ॥ १ ॥**

**ભાવાર્થ**-બીજા માણસે થોડા કાલને માટે જે વેશ્યાને ભાડું આપીને રાખેલી હોય તેની સાથે ગમન કરતા પરસ્રીના ત્યાગવાળાને વ્રતભંગ થાય કારણ કે કથંચિત્ તેણીનું પરસ્રીપણું છે અને લોકમાં તે પરસ્રી તરીકે રૂઢ નથી માટે વ્રતનો ભંગ ન થાય. એ પ્રમાણે ભંગાભંગરૂપ અતિચાર લાગે, તથા અપરિગૃહીતા જે અનાથ કે કુલાંગના તેની સાથે ગમન કરવું તે પરસ્રીના ત્યાગવાળાને અતિચાર લાગે, તેની કલ્પનાવડેતો બીજા ભરતારનો અભાવ હોવાથી તે પરસ્રી નથી માટે વ્રતનો અભંગ છે અને લોકમાં તો પરસ્રી તરીકે રૂઢ છે તેથી વ્રતભંગ થાય છે માટે ભંગાભંગરૂપ અતિચાર જાણવો. બાકીના ત્રણ અતિચારો તો બંનેને હોય છે સ્રીઓને તો સ્વપુરુષ-સંતોષ અને પરપુરુષના ત્યાગમાં ભેદ હોતો નથી, પોતાના પુરુષ સિવાય બધા પરપુરુષ જ છે, પરવિવાહ આદિ ત્રણ અતિચારો સ્વદારસંતોષીની માફક સ્રીઓને સ્વપુરુષવિષયક હોય છે અથવા પાંચ અતિચારો હોય છે.

**શંકા**-શી રીતે હોય છે?

**સમાધાન**-આદિના બે અતિચારો તો જ્યારે પોતાના પતિના વારાના દિવસે શોકયે વારો લીધો હોય ત્યારે શોકયના વારાનો લોપ કરીને પતિને સેવતા તે સ્રીને પહેલો અતિચાર લાગે. સ્રી પોતાના પતિને છોડીને અતિક્રમાદિકવડે બીજા પુરુષની પાસે જાય ત્યારે અથવા બ્રહ્મચારિણી અતિક્રમાદિકવડે પોતાના પતિની પાસે જાય ત્યારે બીજો

અતિચાર લાગે, બાકીના ત્રણ અતિચારો તો સ્ત્રીઓને પણ પૂર્વની માફક લાગે છે તથા તીવ્રકામાભિલાષઃ એટલે કામભોગોને વિષે અસંતોષ તે ત્રીજો અતિચાર છે, તથા અનંગ એટલે કામ તે સ્ત્રી-પુરૂષ-નપુંસકને સેવવાની ઈચ્છા અથવા હસ્તકર્માદિની ઈચ્છા તે કામ, તે વડે અથવા તેને વિષે ક્રીડા એટલે રમવું તે કામક્રીડા, પ્રબલરાગની ઉત્પત્તિના કારણભૂત દંત નખની કદર્થનાદિ પ્રકારે ક્રીડા કરવી. અથવા અંગ એટલે શરીરનો અવયવ મૈથુનની અપેક્ષાએ યોનિ વા પુરૂષચિહ્ન તેનાથી ભિન્ન જે અંગો સ્તન-કક્ષા-સાથલ-મુખ આદિ તેને વિષે ક્રીડા તે અનંગક્રીડા, અહીં શ્રાવક અત્યંત પાપભીરૂ હોવાથી બ્રહ્મચર્ય પાળવાની ઈચ્છાવાળો હોવા છતાં જ્યારે વેદના ઉદયની અસહિષ્ણુતાને લીધે બ્રહ્મચર્ય ન પાળી શકે ત્યારે વેદની શાંતિને માટે સ્વદાર-સંતોષાદિ વ્રત ગ્રહણ કરે છે, મૈથુન માત્રથી વેદની શાંતિ સંભવે છે તે તીવ્ર કામાભિલાષ અને અનંગક્રીડા અર્થથી નિષેધેલ છે કારણ કે તે સેવવામાં કોઈ જાતનો ગુણ નથી, ઉલટા ક્ષયરોગ વિગેરે દોષો ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે નિષેધનું આચારણ કરવાથી ભંગ અને પોતાના નિયમને બાધ ન આવવાથી અભંગ આ પ્રમાણે ભંગાભંગરૂપ અતિચાર જાણવો. તીવ્ર કામાભિલાષ અને અનંગ ક્રીડા-રૂપ આ બે અતિચારોને બીજા આચાર્યો જુદી રીતે વિચારે છે, તે સ્વદારસંતોષી શ્રાવક વિચાર કરે છે કે મેં તો મૈથુનના જ પચ્ચખાણ કર્યા છે. એ પ્રમાણે પોતાની કલ્પના

વડે વેશ્યાદિકને વિષે મૈથુનનો ત્યાગ કરે છે પણ આલિંગન આદિનો ત્યાગ કરતો નથી, પરદારવર્જક પણ પરસ્ત્રી વિષે મૈથુનનો ત્યાગ કરે છે પણ આલિંગન આદિનો નહિ, કથંચિત્ વ્રતનું સાપેક્ષપણું હોવાથી એ અતિચાર ગણાય. **'अपरेषां अन्येषां'** પોતપોતાના પુત્રાદિકથી ભિન્ન બીજાઓના પુત્ર પુત્રી આદિનો વિવાહ કરવો, કન્યારૂપ ફલની ઈચ્છાથી અથવા સ્નેહ સંબંધ વડે પરણાવવું, આ કાર્ય સ્વદારસંતોષીએ સ્વસ્ત્રી અને પરદારવર્જકે સ્વસ્ત્રી અને વેશ્યા સિવાય બીજી સ્રીને વિષે મન-વચન-કાયાવડે મૈથુન કરવું નહી અને કરાવવું નહી. આ પ્રમાણે જ્યારે વ્રત ગ્રહણ કર્યું હોય ત્યારે પરવિવાહ કરવો એ મૈથુનનું કારણ છે એટલે અર્થથી નિષેધ જ થાય છે. મૈથુન વ્રતકારી એમ માને કે હું તો આ વિવાહ જ કરૂં છું, મૈથુન કરાવતો નથી, આ પ્રમાણે વ્રતનું સાપેક્ષપણું હોવાથી તે પરવિવાહ-કરણ અતિચારરૂપ છે, કન્યારૂપ ફલની ઇચ્છા તો સમ્યગ્દૃષ્ટિને અવ્યુત્પન્નની અવસ્થામાં સંભવે છે. મિથ્યાદૃષ્ટિને ભદ્રક અવસ્થામાં હોય છે. ઉપકારને માટે વ્રતદાનમાં તે સંભવે છે.

**શંકા**-પરવિવાહની માફક પોતાના પુત્ર પુત્રીના વિવાહમાં પણ આ દોષ તો સમાન જ છે.

**સમાધાન**-આ સત્ય છે પરંતુ જો પોતાની કન્યા આદિનો વિવાહ ન કરવાવાં આવે તો તે સ્વચ્છંદચારી થઈ જાય તેથી શાસનનો ઉપઘાત થાય અને વિવાહ

કરવાથી તો તે પતિના કાબૂમાં રહેવાથી સ્વચ્છંદી ન થાય, જે યાદવશિરોમણી કૃષ્ણ અને ચેટક મહારાજાને પોતાના પુત્ર પુત્રીને વિષે પણ વિવાહનો નિયમ સંભળાય છે તે બીજા ચિંતા કરનારના સદ્ભાવે જાણવું, એ પ્રમાણે યોગ-શાસ્ત્રની ટીકામાં પણ જાણવું ॥ ૧૧૨ ॥

પ્ર૦—(૧૧૩) સાધુ અને શ્રાવકો જે ચતુર્થ ભક્ત, છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપ કરે છે તેના આદિ અને અંતમાં એકાશનના પચ્ચખાણ કરવાનો નિયમ છે કે નહિ ?
ઉ૦—આદિ અને અંતમાં એકાસણું કરવું જોઈએ એવો નિયમ જણાતો નથી. કહ્યું છે કે-

**चतुर्थभक्तं यावत् यत्र भक्तं त्यज्यते तत् चतुर्थमित्यादि, तच्चतुर्थशास्त्रोक्तत्वात् कथं न नियम इति चेत् श्रृणु व्युत्पत्तिमात्रमेवैतत् गच्छतीति गौरित्यादिवत् तात्पर्यं तु चतुर्थमिति उपवासस्य संज्ञा-**

**ભાવાર્થ**—ચાર ભક્ત સુધી જેમાં ભોજનનો ત્યાગ કરાય તે ચતુર્થભક્ત કહેવાય.

**શંકા**—ચતુર્થભક્ત એ શાસ્ત્રોક્ત હોવાથી નિયમ કેમ ન કહેવાય ?

**સમાધાન**—હે ભદ્ર! સાંભળ, તેતો વ્યુત્પત્તિ માત્ર છે. જાય તે ગાય કહેવાય એની માફક. આનો તાત્પર્ય

એ છે કે ચતુર્થ એ ઉપવાસનું નામ છે, ભગવતીસૂત્રની ટીકામાં બીજા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે–

"चउत्थं चउत्थे णं" चतुर्थं भक्तं यावत् भक्तं त्यज्यते यत्र तत् चतुर्थमियं चोपवासस्य संज्ञा, एवं षष्ठादिकमुपवासद्वयादेरिति, अन्तकृद्दशावृत्तौ अप्युक्तं रत्नावलीतपोधिकारे "चतुर्थमेकेन उपवासेन षष्ठं द्वाभ्यां अष्टमं त्रिभिरिति" किं च यदि चतुर्थादेराद्यन्तदिनयोरेकाशनकनियमो भवेत् तर्हि "वासावासं पज्जोसवियाणं छट्ठभत्तियस्स कप्पंति दोगोअरकाला" इत्यादि कल्पसूत्रोक्तपाठो विरुध्येत् ।

ભાવાર્થ–ચાર વખત ભોજનને જેમાં ત્યાગ કરાય તે તે ચતુર્થભક્ત, ચતુર્થ એ ઉપવાસની સંજ્ઞા છે, નામ છે. એ પ્રમાણે છઠ્ઠ એ બે ઉપવાસનું નામ. અંતકૃદ્દશાસૂત્રની ટીકામાં રત્નાવલીતપના અધિકારમાં એક ઉપવાસવડે ચતુર્થ, બે ઉપવાસવડે છઠ્ઠ, ત્રણ ઉપવાસવડે અઠ્ઠમ કહેવાય તેમ જણાવ્યું છે, વળી જો ચતુર્થ આદિના પહેલા અને છેલ્લા દિવસે એકાસન કરવાનો નિયમ હોય તો ચોમાસામાં છઠ્ઠ ભક્તવાલા સાધુને બે વાર ગોચરી જવું કલ્પે ઇત્યાદિ કલ્પસૂત્રના પાઠની સાથે વિરોધ આવે. ત્યાં છઠ્ઠના પારણે બે વાર આહાર નિમિત્તે ગૃહસ્થને ઘેર જવાનું કહ્યું છે.

પ્ર૦—(૧૧૪) શ્રાવકે રાત્રિભોજનનો ત્યાગ સો

ભોગોપભોગપરિમાણ નામક સાતમા વ્રતમાં જ અભક્ષ્યના ત્યાગ અવસરે કરેલું હતું, તો પછી શ્રાવકને અગિયાર પ્રતિમામાં પાંચમી પ્રતિમાની અંદર તે ત્યાગ કેમ કહ્યો ?

ઉ૦—પ્રાયઃ પૂર્વે અશન ખાદિમનો ત્યાગ કર્યો હતો. પાણી અને સ્વાદિમ મુખવાસની તો પરતન્ત્રતાને લઈને છૂટી રાખી હતી. પાંચમી પ્રતિમામાં તો તેનો પણ ત્યાગ કરવાનું કહ્યું છે તેથી કોઈ દોષ નથી.

પ્ર૦—(૧૧૫) દૈવસી આદિ પાંચ પ્રતિક્રમણમાં સરખા પાઠરૂપ ગમા આલોવા કેટલા હોય છે તથા આવશ્યકનિર્યુક્તિ આદિમાં સર્વ પ્રતિક્રમણની શરૂઆતમાં દૈવસિકની ગણના કેમ કરી ?

ઉ૦—ત્રણ ગમા એટલે ત્રણ આલોવા છે તે કહીએ છીએ-દેવવંદન કરી ચાર ખામણાવડે આચાર્યાદિ ગુરુને વંદન કરી "सव्वस्सवि ઇત્યાદિ કહીને જે" करेमि भंते ઈત્યાદિ બોલવાપૂર્વક જે "इच्छामि ठामि काउस्सग्गं ઈત્યાદિ બોલવું તે પહેલો ગમો જાણવો, તથા ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં "करेमि भंते" ઈત્યાદિ બોલવાપૂર્વક જે "इच्छामि पडिक्कमिउं" ઈત્યાદિ બોલવું તે બીજો ગમો છે, તથા પાંચમા આવશ્યકમાં જે "करेमि भंते" ઈત્યાદિ બોલવાપૂર્વક "इच्छामि ठामि काउस्सग्गं" ઇત્યાદિ બોલવું તે ત્રીજો ગમો જાણવો, તથા દૈવસિકની આદિમાં ગણના તો દિવસની મુખ્યતાને લીધે જાણવી. આવશ્યકનિર્યુક્તિની મોટી ટીકામાં આ પ્રમાણે કહ્યું છે—

"देवसिय राइय पक्खिय चाउम्मासे तहेव वरिसे य।
इक्केक्क तिन्नि गमा नायव्वा पंचसु एतेसु। १।

ભાવાર્થ-દિવસ વડે થયેલ હોય તે દૈવસિક, તેને વિષે, એ રીતે રાત્રિક-પાક્ષિક-ચતુર્માસિક-વાર્ષિક પાંચ પ્રતિક્રમણ, તે વિષે એક એક પ્રતિક્રમણમાં ત્રણ ગમા જાણવા. આ પાંચ પ્રતિક્રમણમાં ત્રણ ગમા શી રીતે થાય? સામાયિક કરીને કાઉસ્સગ્ગ કરવો ૧. સામાયિક કરીને પ્રતિક્રમણસૂત્ર બોલવું ૨. સામાયિક કરીને ફરી કાઉસગ્ગ કરવો. ૩.

પ્ર૦—(૧૧૬) કાયોત્સર્ગમાં ઉચ્છ્વાસાદિ કઈ કઈ વિધિ વડે કરવા?

ઉ૦—સમ્યગ્યતના વડે કરવું. યતનાનું સ્વરૂપ આવશ્યક બૃહદ્વૃદ્ધિથી જાણવું, તે સંબંધી સંક્ષેપ પાઠ આ પ્રમાણે છે—

"ऊसासं न निरुंभइ कायोत्सर्गे उच्छ्वासं न निरुणद्धि, किन्तु सूक्ष्मोच्छ्वासमेव यतनया मुंचति नोल्वणं, मा भूत सत्त्वविघात इति एवं कासक्षुतादीनि अपि कायोत्सर्गे अग्रतो हस्तदानेन यतनया क्रियन्ते न निरुध्यन्ते, वातनिसर्गे च शब्दस्य यतना क्रियते न निसृष्टं मुच्यते इत्यादिः"

**ભાવાર્થ**—કાયોત્સર્ગમાં ઉચ્છ્વાસ રોકવો નહિ. પરંતુ સૂક્ષ્મયતના વડે મૂકે, જોરથી નહિ જેથી કોઈ સત્વનો ઘાત ન થાય, એ પ્રમાણે ખાંસી, છીંક આદિ પણ કાઉસ્સગ્ગમાં મુખ આગળ હાથ રાખીને યતના કરે પણ રોકે નહિ, વાતસંચર થાય તો શબ્દની યતના કરે, નિકલ્યું હોય એમ ન મૂકે. અત્રે જીતકલ્પ ટીકામાં એટલી વિશેષતા છે કે—

**अधोवातनिर्गमे च करेण एकपुताकर्षणं कार्यं येन महान् कुत्सितः शब्दो न भवति. अन्यथा तु अविधिरिति "**

**ભાવાર્થ**—અધોવાત નિકલે ત્યારે હાથ વડે એક પુતાનું આકર્ષણ કરવું જેથી મહાન્ કુત્સિત શબ્દ ન થાય, તે સિવાય તો અવિધિ જાણવી.

પ્ર૦ (૧૧૭)—એકાશનાદિ પચ્ચખાણમાં "**पारिट्ठावणियागारेणम्**" એ પ્રમાણે આગાર આવે છે એનો અર્થ શો? તથા પરવઠાની વસ્તુ કોને આપવી?

ઉ૦—**परिष्ठापनं** એટલે પચ્ચખાણ કરેલ વિગઈ આદિનો સર્વથા ત્યાગ કરવો એ જ છે પ્રયોજન આનો તે પારિષ્ઠાપનિક આગાર વિશેષ જાણવું. બીજે સ્થળે એ વસ્તુનો ત્યાગ કરવામાં આવે તો બહુ દોષનો સંભવ છે. આગમિક ન્યાયવડે આશ્રય કરવામાં આવે તો ગુણનો સંભવ છે તેથી ગુરુ આજ્ઞાવડે ખાય તો પચ્ચખાણ ભાગે

નહિ એવો અર્થ પ્રવચનસારોદ્ધારની ટીકામાં છે. પરઠવવાની વસ્તુ કોને ખાવા આપવી તે કહીએ છીએ. એક સાધુ આયંબિલવાળો હોય અને બીજો ચોથ ભક્તવાળો હોય, ત્યારે તે વસ્તુ ચોથ ભક્તવાળાને આપવી, ચોથ ભક્ત-વાળામાં બાલ અને વૃદ્ધ હોય ત્યારે બાલને આપવી, તે બાલ પણ સશક્ત હોય અને અશક્ત હોય ત્યારે અશક્તને આપવી, તે અશક્ત પણ ફરનારો હોય અને બેસી રહેનારો હોય ત્યારે ફરનારને આપવી, તે ફરનાર પણ પરોણો હોય અને ત્યાં બેસી રહેનારો હોય ત્યારે પરોણાને આપવી, પરોણાના અભાવે ત્યાં રહેનારને આપવી, એ પ્રમાણે ચાર પદવડે ૧૬ ભાંગા થાય. છેલ્લો ભાંગો તો વૃદ્ધ-સશક્ત-નહિ ફરનારો-ત્યાં રહેનારો તે છે, તેમાં પહેલા ભાંગા-વાળાને આપવું. તેના અભાવે બીજા ભાંગાવાળાને આપવું. એ પ્રમાણે આયંબિલવત્ છઠ્ઠવાળામાં પણ ૧૬ થાય, આયંબિલવત્ અઠ્ઠમ ભક્તવાળામાં પણ ૧૬ ભાંગા થાય, આયંબિલવત્

પ્ર૦—(૧૧૮) સાધુ અને શ્રાવકે કેટલાની સાક્ષીએ પચ્ચખાણ કરવું ?

ઉ૦—આત્મસાક્ષીએ, દેવસાક્ષીએ અને ગુરુસાક્ષીએ પચ્ચખાણ કરવું. પ્રથમ આત્મસાક્ષીએ, પછી દેવસાક્ષીએ, પછી ગુરુસાક્ષીએ કરવું તેમ યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં કહ્યું છે—

'ततो गुरुणामभ्यर्णे प्रतिपत्तिपुरस्सरं ॥ विदधीत विशुद्धात्मा प्रत्याख्यानप्रकाशनम्'

ભાવાર્થ–ત્યાર પછી નિર્મલ ચિત્તવાળો વંદનપૂર્વક ગુરુ પાસે પચ્ચખાણ કરે ॥ ૧૧૮॥

પ્ર૦—(૧૧૯) છદ્મસ્થ સાધુઓ પડિલેહણ કરે છે પરંતુ કેવલીયો પડિલેહણા કરે કે નહિ ?

ઉ૦—જો વસ્ત્રાદિ જીવસંસક્ત જણાય તો કેવલીયો પ્રતિલેખના કરે છે, તે સિવાય નહિ. છદ્મસ્થને તો વસ્ત્રપાત્રાદિ જીવસંસ્કત હોય કે ન હોય પરંતુ પ્રતિલેખના અવશ્ય બે વાર કરવી જોઈએ. ઓઘનિર્યુક્તમાં શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે કે—

पाणीहिं संसत्ता पडिलेहा हुंति केवलीणं तु ॥ संसत्तमसंसत्ता छउमत्थाण तु पडिलेहा ॥ १ ॥

ભાવાર્થ–વસ્ત્રને જીવાત લાગેલ હોય તો કેવલીયો પડિલેહણ કરે છે અને છદ્મસ્થને તો જીવાત લાગેલ હોય કે ન હોય તો પણ પડિલેહણા કરવી જ જોઈએ ॥૧૧૯॥

પ્ર૦ (૧૨૦) આધુનિક કેટલાક લિંગીયો નિહ્નવો હંમેશા દોરાવડે મુખે મુખવસ્રિકાને બાંધી રાખે છે તે જિનાજ્ઞાનુસારી છે કે વિરુદ્ધ ?

ઉ૦–આ જિનાજ્ઞાવિરુદ્ધ જ જણાય છે, કોઈ પણ સૂત્રમાં આ વિધિ કહેલ નથી. વલી શાસ્ત્રમાં જ્યાં મુખવસ્ત્રિકાનો અધિકાર છે ત્યાં કોઈ પણ સ્થળે દોરાનું નામ નથી, તથા સુધર્મસ્વામીથી આરંભીને અવિચ્છિન્ન પરંપરાવડે કોઈ

પણ ધર્મગચ્છને વિશે દોરાવડે મુખવસ્ત્રિકા બાંધવાનું દેખાતું નથી, આ કારણથી દોરાવડે મુહપત્તિ બાંધવી, એ જિનાગમ અને સુવિહિત આચરણથી વિરુદ્ધ જ છે, બીજુ ગણધરાદિકે પણ યથાવસરે મુખે મુહપત્તિ બાંધી હતી, હંમેશા નહિ. જો હંમેશા બાંધી રાખતા હોય તો શ્રી વિપાક સૂત્રનો પાઠ અસંગત થઈ જાય. અગીયારમું અંગ વિપાક સૂત્રનો પાઠ જણાવે છે કે-

'तएणं सा मियादेवी तं कट्ठुसगडियं अणुकड्ढमाणी जेणेव भूमिघरए तेणेव उवागच्छइ उवागच्छइत्ता चउप्पुडेण वत्थेगं मुहं बंधमाणी, भगवं गोयमा एवं वयासी तुब्भेहिंवि भंते मुहपोत्तियाए मुहं बंधह, तएणं से भगवं गोयमा मियादेवीए एवं वुत्त समाणे मुहपोत्तियाए मुहं बंधइत्ति'

ભાવાર્થ-ત્યારપછી મૃગાવતીદેવી તે કાષ્ઠની સગડીને ખેંચતી જ્યાં ભોંયરું છે ત્યાં આવે છે, આવીને ચારપડ વસ્ત્રવડે મુખ બાંધતી ભગવાન ગૌતમસ્વામીને કહે છે કે-હે ભગવંત, તમે પણ મુહપત્તિવડે મુખ બાંધો, ત્યારપછી ભગવાન ગૌતમસ્વામિ મુહપત્તિ વડે મુખ બાંધે છે. આ પાઠથી હંમેશા મુખવસ્ત્રિકા વડે મુખ બાંધનારા લિંગીયો સૂત્રના ઉત્થાપક હોવાથી महामिथ्या दृष्टि અને સમ્યગ્દૃષ્ટિ જીવોને અદ્રષ્ટવ્ય મુખવાળા જાણવા. આગમમાં કહ્યું છે કે—

जे जिणवयणुत्तिण्णं वयणं भासंति अहव मन्नंति ॥
सम्मदिट्ठीणं तद्दंसणंपि संसारवुड्ढिकरं ॥ १ ॥

**ભાવાર્થ**—જેઓ જિનવચનથી વિરુદ્ધ વચન બોલે છે અને તે પ્રમાણે માને છે તેમનું દર્શન પણ સમ્યગ્-દૃષ્ટિને સંસારવર્ધક છે. ॥૧૨૦॥

**પ્ર૦**—(૧૨૧) સાધુએ દિવસે સૂવાનો શાસ્ત્રમાં નિષેધ કરેલ હોવાથી દૈવસિક પ્રતિક્રમણમાં '**इच्छामि पडिक्कमिउं पगामसिज्झाए**' ઈત્યાદિ સૂત્રવડે દિવસે સૂવાના અતિચારનું પ્રતિક્રમણ શી રીતે સંગત ગણાય, તથા રાત્રિમાં ગોચરી જવાનો અસંભવ હોવાથી રાત્રિના પ્રતિક્રમણમાં '**पडिक्कमामि गोयरच्चरियाए**' ઈત્યાદિ સૂત્ર વડે તદ્વિષયક અતિચારનું પ્રતિક્રમણ શી રીતે ઘટી શકે?

**ઉ૦**—ઉત્સર્ગપદે દિવસે સૂવાનો નિષેધ છતાં, અપવાદ-પદે રસ્તામાં ચાલતા થાક લાગ્યો હોય તો સૂવાનો નિષેધ નથી માટે અદોષ છે, અહીં આ વિષયમાં આ સૂત્ર જ આ અર્થનો જ્ઞાયક જાણવો. સાધુપ્રતિક્રમણ સૂત્રની અવ-ચૂરીમાં કહ્યું છે કે—

**'दिवा शयनस्य निषिद्धत्वात् असंभव एव अस्याऽति-चारस्य, न अपवादविषयत्वात् अस्य, तथाहि–अपवादतः सुप्यते एव साध्वखेदादौ इदमेव ज्ञायकमिति' एवं आवश्यकबृहद्वृत्तावपि ज्ञेयम्'**

**ભાવાર્થ-શંકા**—દિવસે સૂવાનો નિષેધ હોવાથી આ અતિચારનો અસંભવ જ છે.

**સમાધાન**—આ સૂત્ર અપવાદ વિષયક પણ હોવાથી એકાન્તે દિવસે સૂવાનો નિષેધ નથી, અપવાદપદે રસ્તામાં

ચાલતા થાક લાગ્યો હોય તો દિવસે પણ સૂવે જ, આ સૂત્ર જ આ અર્થને જણાવનાર છે, એ પ્રમાણે આવશ્યક બૃહદ્-વૃત્તિમાં પણ જાણવું. રાત્રિમાં ગોચરીનો અસંભવ છતાં પણ સ્વપ્નાદિમાં તેનો સંભવ હોવાથી રાત્રિ પ્રતિક્રમણમાં પણ ગોચરીના અતિચારનું પ્રતિક્રમણ યોગ્ય જ છે, એમાં કોઈ દોષ નથી. શ્રી પ્રતિક્રમણ સૂત્ર અવચૂર્ણિમાં કહ્યું છે કે-

શંકા --रात्रिकप्रतिक्रमणे 'इच्छामि पडिक्कमिउं गोयरचरियाए' ઈત્યાદિ સૂત્ર નિરર્થક છે रात्रौ अस्या असंभवात् રાત્રિમાં ગોચરીનો અસંભવ છે.

સમાધાન--स्वप्नादौ संभवादित्यदोष સ્વપ્નાદિમાં ગોચરીનો સંભવ છે માટે દોષ નથી इति चूर्णिप्रान्ते।१२१॥

પ્ર૦—(૧૨૨) કેવલજ્ઞાની સાધુ મોક્ષે જતા ચઉદમા ગુણસ્થાનકના અંતિમ સમયે જે કર્મપુદ્ગલોની નિર્જરા કરે છે. તે પરમાણુ પુદ્ગલો કર્મના સ્વભાવથી મુક્ત થયેલા કેટલા ક્ષેત્રને સ્પર્શ કરે છે?

ઉ૦--તે પુદ્ગલો સર્વલોકને સ્પર્શ કરે છે? આ વાત પન્નવણા સૂત્રમાં ઇન્દ્રિય પદના પહેલા ઉદ્દેશામાં કહેલ છે, તે પાઠ આ પ્રમાણે--

'अणगारस्स णं भंते भावियप्पणो मारणंतिय समुग्घाएणं समोहयस्स जे चरिमा निज्जरा पोग्गला सुहुमा णं ते पोग्गला पण्णत्ता समणाउसो सव्वं लोगं पि य णं ते ओगाहित्ता णं, ते चिट्ठंति, हंता गोयमा' વગેરે.

**ભાવાર્થ**--હે ભગવંત, મારણાંતિક સમુદ્ઘાતવડે પ્રયત્નવાલા ભાવિતાત્મા એટલે જ્ઞાનદર્શનાદિ ગુણો વડે સ્પર્શાયેલા મુનિના શૈલેશીકાલમાં અંત્યસમયે થનારા નિર્જરાના પુદ્ગલો, કર્મભાવથી રહિત થયેલા પરમાણુઓને આપે નિશ્ચિત સૂક્ષ્મ ચક્ષુઆદિ ઈન્દ્રિયના અવિષયભૂત કહેલા છે। આ પ્રમાણે ગૌતમસ્વામી મહારાજ પ્રશ્ન કરે છતે ભગવાન કહે છે કે 'હંતા ગોયમા! હે આયુષ્મન્ શ્રમણ તથા આ પ્રમાણે નિશ્ચિત છે કે તે પુદ્ગલ સૂક્ષ્મ છે અને સર્વલોકને સ્પર્શીને રહે છે.

**શંકા**—આ પુદ્ગલોને છદ્મસ્થ જીવ જાણે અને દેખે કે નહિ ?

**સમાધાન**—આ પુદગલોને કેવલી ભગવાન સર્વ પોતાના શરીરગત આત્મપ્રદેશોવડે જાણે અને દેખે છે, વિશિષ્ટ અવધિજ્ઞાન રહિત છદ્મસ્થ જીવ ન જાણે અને ન દેખે, કોઈ દેવ પણ ન જાણે અને ન દેખે;, તો પછી મનુષ્ય શી રીતે જાણે અને દેખે ? ઈત્યાદિ અધિકાર પન્નવણા સૂત્રથી જાણવો ॥ ૧૨૨ ॥

**પ્ર૦**—(૧૨૩) આરિસો જોનાર માણસ શું આરિસો જુએ છે કે પોતાનું શરીર જુએ છે કે શરીરનું પ્રતિબિંબ જુએ છે ?

ઉ૦—આરિસો જોનાર માણસ આરિસો તો જુએ છે ને તેની આગળ રહેલ છે તે દર્પણમાં પોતાના શરીરને દેખતો નથી, કારણ કે પોતાનું શરીર પોતાના આત્માને વિષે

રહેલ છે, દર્પણમાં નથી. પોતાના શરીરના પ્રતિબિંબને જુએ છે તે છાયાના પુદ્ગલરૂપ છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે '**आयंसो पहमाणो**' દર્પણને જોનાર મનુષ્ય શું દર્પણને દેખે છે કે શરીરના પ્રતિબિંબને દેખે છે? **भगवान आह**- ભગવાન કહે છે કે, દર્પણને તો જૂએ છે તેનો સ્ફૂટરૂપ યથાવસ્થિતપણે તેણે જાણેલ છે, પોતાના શરીરને દેખતો નથી, તેમાં તેનો અભાવ છે, પોતાનું શરીર પોતાના આત્માને વિષે રહેલ છે, દર્પણમાં નથી તેથી જ તેમાં શી રીતે જુએ? '**पलिभागमिति**' પોતાના શરીરના પ્રતિબિંબને જુએ છે.

શંકા-પ્રતિબિંબ એ શું છે? છાયાના પુદ્ગલો છે. સર્વ એકેન્દ્રિય વસ્તુ સ્થૂલ બાદર છે. **चयापचयधर्मकं** વૃદ્ધિહાનિના ધર્મવાલી છે, **छाय पुद्‌गला व्यवह्रियंते** છાયાનો પુદ્ગલરૂપે વ્યવહાર થાય છે તે છાયાના પુદ્ગલો પ્રત્યક્ષ સિદ્ધ છે, દરેક સ્થૂલ વસ્તુની છાયાની પ્રત્યેક પ્રાણીને પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે. ॥ ૧૨૩ ॥

પ્ર૦—(૧૨૪) કંબલાદિ વસ્ત્ર અતિશય મજબૂત વીંટ્યો હોય અને જેટલા આકાશપ્રદેશને અવગાહે કે સ્પર્શ કરે છે, તે વસ્ત્ર પાછું છૂટું કરાયેલું હોય ત્યારે તેટલા જ આકાશ પ્રદેશને સ્પર્શ કરે કે ન્યૂનાધિક ?

ઉ૦—વિંટાયેલું કે છૂટું કરાયેલું તે વસ્ત્ર બંને રીતે સરખા આકાશપ્રદેશને સ્પર્શ કરે છે; ન્યૂનાધિક એટલે ઓછાવત્તા નહીં. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં ઈન્દ્રિય પદના પહેલા ઉદ્દેશામાં,

कंबलसाडएणं भंते' इत्यादि कम्बलशाटक आवेष्टितः परवेष्टितः गाढतरं संवेल्लितः सन् यावत् आकाशप्रदेशान् अवगाह्य तिष्ठति 'विरल्लिएवीति' विरलीकृतोऽपि तावदेव आकाशप्रदेशान् स्पृष्ट्वा तिष्ठति 'भगवान् आह हंता गोयमा, इत्यादि केवलं घनप्रतरमात्रकृतो विशेषः प्रदेश-संख्या तु उभयत्रापि तुल्येत्यादि'

આનો અર્થ ઉપર આવી ગએલ છે. ॥ ૧૨૪ ॥

પ્ર૦—(૧૨૫) 'अचित्तजोणिसुरनिरय' આ વચનથી દેવ અને નારકોની સૂત્રમાં અચિત્તયોનિ કહેલ છે તે શી રીતે ઘટે છે કેમકે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સર્વલોકમાં વ્યાપીને રહેલા છે એમ સૂત્રમાં કહેલ છે.

ઉ૦—સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સર્વલોકમાં વ્યાપીને રહેલા છે તો પણ તેમના પ્રદેશોવડે દેવ, નારકના ઉપપાતસ્થાનના પુદ્ગલો પરસ્પર મળવાવડે સંબદ્ધ થયા નથી તેથી તેઓની અચિત્ત જ યોનિ છે, એમાં કોઈ દોષ નથી. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના નવમા પદમાં કહ્યું છે કે-

यद्यपि च सूक्ष्मैकेंद्रियाः सकललोकव्यापिनस्तथापि न तत्प्रदेशैरुपपातस्थानपुद्गला अन्योन्यानुगमेन संबद्धा इति अचित्ता एव तेषां योनिरिति, एवं सग्रहणीवृत्तावपि बोध्यम्, श्रीभगवतीवृत्तौ दशमशतके द्वितियोद्देशकेऽप्युक्तं–तथाहि

'सत्यपि एकेन्द्रियसूक्ष्मजीवनिकायसंभवे नारकदेवानां यत् उपपातक्षेत्रं तत् न केनचित् जीवेन परिगृहीतमिति, अचिता तेषां योनिरिति'

ભાવાર્થ—જો કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સકલ લોકવ્યાપી છે તો પણ તેમના પ્રદેશો માટે દેવ, નારકના ઉપપાતસ્થાનના પુદ્‌ગલો પરસ્પર મળવાવડે સંબદ્ધ નથી; માટે તેઓની અચિત્ત જ યોનિ છે. એ પ્રમાણે સંગ્રહણીની ટીકામાં પણ જાણવું. શ્રી ભગવતી સૂત્રની ટીકામાં દસમા શતકના બીજા ઉદ્દેશામાં પણ કહ્યું છે કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવનિકાય સંભવે છે તો પણ દેવ અને નારકનું જે ઉપપાતક્ષેત્ર છે તે કોઈ જીવે ગ્રહણ કરેલું નથી તેથી તેઓની યોનિ અચિત્ત છે. ॥ ૧૨૫ ॥

પ્ર૦—(૧૨૬) ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય એ ચારે દ્રવ્યોનાં જે જે આઠ મધ્યપ્રદેશો રુચકપ્રદેશો કહેવાય છે. તેમાં આકાશનાં આઠ મધ્યપ્રદેશો મેરુપર્વતની મધ્યમાં સમભૂતલ પ્રદેશમાં રહેલ છે. એ તો પ્રસિદ્ધ જ છે. પરંતુ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને જીવાસ્તિકાયનાં મધ્ય પ્રદેશો ક્યાં રહેલા છે! તથા કેવલી સમુદ્‌ઘાત વખતે જીવના આઠ મધ્ય પ્રદેશો ક્યાં રહે છે? (૧). તથા તે આઠ જીવ પ્રદેશો કેટલા આકાશ પ્રદેશોમાં અવગાહીને રહે છે? (૨) તથા તે આઠ પ્રદેશો કર્મથી લેપાયેલા છે કે નહી? (૩)

ઉ૦—ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનાં જે આઠ મધ્ય પ્રદેશો છે તે આકાશાસ્તિકાયનાં આઠ રુચક પ્રદેશ ઉપર હંમેશા રહે છે, કારણ કે તે બન્નેનાં પ્રદેશો લોકાકાશ પ્રમાણ છે. અને પોતાના પ્રદેશો વડે લોકાકાશમાં વ્યાપીને હંમેશા અવિચલ પણે રહે છે.

જીવના આઠ મધ્ય પ્રદેશો પોતપોતાના શરીરનાં મધ્ય ભાગમાં જ હંમેશા રહે છે. કેવલી સમુદ્ઘાત વખત મેરુપર્વતનાં મધ્યમાં રહેલા આકાશાસ્તિકાયનાં આઠ રુચક પ્રદેશ ઊપર જ તેઓ રહે છે. (૧)

જીવના તે આઠ રુચક પ્રદેશો જઘન્યથી એક આકાશ પ્રદેશ ઉપર અવગાહીને રહે છે. અથવા બે-ત્રણ-ચાર પાંચ કે છ આકાશ પ્રદેશ ઉપર અવગાહીને રહે છે. તેઓનો સંકોચ વિકાશનો સ્વભાવ હોવાથી. ઉત્કૃષ્ટથી આઠ આકાશ પ્રદેશ ઉપર (એક એક પ્રદેશ ઉપર) અવગાહીને રહે છે. પરંતુ સાત આકાશ પ્રદેશ ઉપર અવગાહીને રહેતા નથી. તેવા પ્રકારના સ્વભાવથી. (૨) જીવના તે આઠ રુચક પ્રદેશો કર્મથી લેપાયેલા હોતા નથી કારણ કે તેઓ અવિચલ હોય છે, એથી સર્વદા નિરાવરણ જ રહે છે, બાકીનાં આત્મ પ્રદેશો કર્મથી લેપાયેલા હોય છે. (૩)

આ બધી બાબત શ્રીમદ્ ભગવતી ઠાણુંગ આચારાંગ સૂત્રની વૃત્તિ આદિમાં કહેલ છે. તેનાં અનુક્રમે પાઠઃ—

"अट्ठधम्मत्थिकायस्स मज्झपएसेत्ति" एते च रुचक-प्रदेशाष्टकावगाहिनोऽवसेया इति चूर्णिकारः, इह च यद्यपि

लोकप्रमाणत्वेन धर्मास्तिकायादेर्मध्यं रत्नप्रभाऽवकाशान्तरे एव भवति न रुचके, तथापि दिशाम् अनुदिशाम् च तत्प्रभवत्वात् धर्मास्तिकायादिमध्यं तत्र विवक्षितमिति संभाव्यते " जीवत्थिकायस्सत्ति " प्रत्येकं जीवानामित्यर्थः ते च सर्वस्याम् अवगाहनायां मध्यभागे एव भवन्ति इति मध्यप्रदेशा उच्यन्ते.

एएसिणं भंते अट्ठजीवत्थिकायस्स मज्झपदेसा कतिसु आगासपएसेसु ओघाहंते ? गोयमा० जहन्नेणं एकंसि वा दोहिं वा तिहिं वा चउहिं वा पंचहिं वा छहिं वा उक्कोसेणं अट्ठसु नो चेव णं सत्तसु त्ति "

संकोचविकाशधर्मत्वात् तेषां " उक्कोसेणं अट्ठसुत्ति " एकैकस्मिंस्तेषाम् अवगाहनात्. " नो चेव णं सत्तसु त्ति " वस्तुस्वभावादिति श्रीभगवती सूत्रवृत्योः पञ्चविंशतिशतके चतुर्थोद्देशके ।

तथा " अट्ठधम्म " इत्यादि स्पष्टं नवरं धर्माधर्माकाशानां मध्यप्रदेशास्ते ये रुचकरूपा इति. जीवस्याऽपि केवलिसमुद्घाते रुचकस्था एव ते, अन्यदा तु अष्टावविचला, एते मध्यप्रदेशाः, शेषास्तु आवर्त्तमानजलमिव अनवरतम् उद्वर्त्तनपरिवर्त्तनपराः, तत्स्वभावत्वात्, ये ते अमध्यमप्रदेशा इति स्थानाङ्गसूत्रवृत्त्योः,

तथा पञ्चदशविधेनाऽपि योगेन आत्माऽष्टौ प्रदेशान्

विहाय उत्तप्तभाजनोदकवद् उद्वर्त्तमानैः सर्वैरेव आत्मप्रदेशैरात्मप्रदेशावष्टब्धाकाशदेशस्थं कार्मणशरीरयोग्यं कर्मदलिकं यद् बध्नाति तत्प्रयोगकर्म इत्युच्यते "इत्याद्याचाराङ्गसूत्रवृत्तौ" लोकविजयाख्य द्वितीयाध्ययन प्रथमोद्देशके तत्र हि एतदर्थसंवादी श्रीभगवतीसूत्रपाठोऽपि लिखितोऽस्ति, स तत एव अवसेयः ॥ तथा

स्पृशन्ते कर्मगा तेऽपि, प्रदेशा आत्मनो यदि ।
तदा जीवो जगत्यस्मिन्, अजीवत्वमवाप्नुयाद् ॥ १ ॥ इति ज्ञानदीपिकायामपि बोध्यम् ॥

૫૦ (૧૨૭)–જીવ અજીવ આદિ નવતત્ત્વો સ્થાનાંગાદિ શાસ્ત્રોમાં કહેલા છે. પરંતુ જીવ અજીવ સિવાયનાં સાત તત્વો જુદા જણાતા નથી. કારણકે પુણ્ય અને પાપ એ કર્મ છે. બંધ પણ કર્મનો જ છે. અને કર્મ એ પુદગલોનો પરિણામ છે. અને પુદ્ગલો અજીવ છે. મિથ્યાદર્શન આદિરૂપ આશ્રવ તે જીવનો પરિણામ છે. આશ્રવનિરોધરૂપ સંવર તે પણ નિવૃત્તિરૂપ જીવનો પરિણામ છે. કર્મનું ધીમે ધીમે છુટું પડવું તે નિર્જરા અને પોતાની શક્તિથી કર્મ અને જીવનું જે તદ્દન જુદું થવું તે મોક્ષ. તેથી જીવ અને અજીવ બે જ તત્વો છે. પણ નવ તત્વો નથી.

ઉ૦— આ વાત સાચી છે. સામાન્યથી જીવ અને અજીવ બે જ પદાર્થો સૂત્રમાં કહ્યાં છે, પરંતુ વિશેષથી તે જ બે તત્વોને નવતત્વ તરીકે ત્યાં કહેલાં છે, વસ્તુનું

સ્વરૂપ સામાન્ય અને વિશેષથી બે પ્રકારે હોવાથી તે આ પ્રમાણે—આશ્રવથી બંધ અને બંધ દ્વારા પુણ્ય-પાપ આ તત્વો સંસારના કારણો છે અને સંવર-નિર્જરા આ બે તત્વો મોક્ષના કારણ રૂપ છે. સંસારના કારણરૂપ તત્વોનાં ત્યાગવડે જ આ બે તત્વો પ્રવર્તે છે. અન્યથા નહી. એથી નવતત્વો કહેવામાં કોઈ દોષ નથી. આ બાબત સ્થાનાંગ સૂત્રની વૃત્તિને આશ્રયીને અહીંયા બતાવેલ છે. વિશેષ અર્થીએ તે જોઈ લેવી. ॥ ૧૨૭ ॥

પ્ર૦(૧૨૮) ષડ શીતિક કર્મગ્રંથમાં '**मणनाण चक्खु वज्जा अणहारे**' એ ગાથામાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુ દર્શન સિવાયનાં બાકીના દસ ઉપયોગ અણાહારિ માર્ગણાએ હોય છે. એમ કહેતાં આચાર્ય ભગવંતે વિગ્રહગતિમાં ચક્ષુદર્શનનો નિષેધ કર્યો અને અચક્ષુ દર્શન સ્વીકાર્યું તે કેવી રીતે ઘટે ? કારણકે તે અવસ્થામાં બન્નેનો સંભવ નથી. તે આ પ્રમાણે **चक्खुदिट्ठि अचक्खुसेसिंदियेहिं वज्जनाम्** ચક્ષુવડે જોવું તે ચક્ષુ દર્શન. અને બાકીની ઇંદ્રિયોવડે જાણવું તે અચક્ષુ દર્શન. જેમ વિગ્રહ ગતિમાં ચક્ષુ ઇંદ્રિયનો ઉપયોગ નથી. તેમ બાકીની ઇંદ્રિયોનો પણ ઉપયોગ નથી કારણ કે તે વખતે એક પણ ઇંદ્રિયની નિષ્પત્તિ થયેલ નથી.

ઉ૦— ઈંદ્રિયના આશ્રય વિના સામાન્ય ઉપયોગ માત્રને પણ અચક્ષુ દર્શન કહેવાય છે. અને તેવો સામાન્ય ઉપયોગ વિગ્રહગતિમાં પણ હોવાથી કહેલ દોષનો અવકાશ નથી.

यदुक्तं श्रीभगवतीसूत्रवृत्तौ त्रयोदशशतके प्रथमोद्देशके "चक्खुदंसणी न उववज्जंति त्ति" इन्द्रियत्यागेन तत्रोत्पत्तेरिति 'तर्हि अचक्षुर्दर्शनिनः कथम् उत्पद्यते? उच्यते: इन्द्रियानाश्रितस्य सामान्योपयोगमात्रस्य अचक्षुर्दर्शनशब्दाभिधेयस्य उत्पादसमयेऽपि भावात् अचक्षुर्दर्शनिन उत्पद्यन्ते इत्युच्यते ॥

ભાવાર્થ—શ્રી ભગવતી સૂત્ર વૃત્તિમાં તેરમાં શતકમાં પહેલા ઉદ્દેશામાં કહ્યું છે કેઃ—ચક્ષુદર્શની ઉત્પન્ન થતા નથી. ઇન્દ્રિયનાં ત્યાગ વડે પરભવમાં ઉપજતાં હોવાથી.

શંકા— તો અચક્ષુદર્શની કેવી રીતે ઉત્પન્ન થાય?

સમાધાન—ઈન્દ્રિયના આશ્રય વિના, અચક્ષુદર્શન વડે કહેવા યોગ્ય સામાન્ય ઉપયોગ માત્ર ઉત્પત્તિ સમયે તથા વિગ્રહગતિમાં હોવાથી અચક્ષુદર્શનવાળા ઉત્પન્ન થાય છે. એમ કહેવાય છે. ॥ ૧૨૮ ॥

પ્ર૦—(૧૨૯) સર્વ યુગલિક મનુષ્યોને કેટલું આયુષ્ય બાકી હોય ત્યારે સંતાનની ઉત્પત્તિ થાય?

ઉ૦—તેઓનું છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે સંતાનની ઉત્પત્તિ થાય છે. તે પછી પહેલાં આરામાં ૪૯ દિવસ, બીજા આરામાં ૬૪ દિવસ અને ત્રીજા આરામાં ૭૯ દિવસ સુધી તેઓ સંતાનોનું પાલન કરે છે.

यदुक्तं प्रथमारकस्वरूपाधिकारे जंबूद्वीपप्रज्ञप्तौ अन्तर-

द्वीपाधिकारे जीवाभिगमे च "छम्मासावसेसाउआ जुगलं पसवंति त्ति"

युग्मं सुतसुतारूपं षण्मासशेषजीविताः ।
प्रसूय यान्ति त्रिदिवमेते मृत्वा समाधिना ॥२०॥

इत्यादि लोकप्रकाशेऽपि, एतेन एकोनाशीत्यादि-दिनानि अपत्यपालनां विधाय तत्कालं युगलिनो म्रियन्ते इति भ्रान्तिः परास्ता, ॥

**ભાવાર્થ**— પહેલા આરાના સ્વરૂપના અધિકારમાં જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં અને અંતરદ્વીપનાં અધિકારમાં જીવાભિગમસૂત્રમાં કહ્યું છે કે:–યુગલિયા છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે પુત્ર–પુત્રી રૂપ યુગલને જન્મ આપે છે. લોક પ્રકાશમાં પણ કહ્યું છે કે:– આ યુગલીયા પોતાનું આયુષ્ય છ માસ બાકી રહે ત્યારે પુત્ર–પુત્રી રૂપ યુગલને જન્મ આપીને; સમાધિ વડે મરીને સ્વર્ગમાં જાય છે. આ રીતે સર્વ યુગલીયા પોતાના આયુષ્યનાં છ માસ બાકી રહે ત્યારે જ યુગલને જન્મ આપે છે, તેથી ૭૯ દિવસ, ૬૪ દિવસ, ૪૯ દિવસ સંતાનોનું પાલન કરીને તુરત જ યુગલીયા મરી જાય છે. એવી ભ્રાન્તિ દૂર કરાઈ. ॥ ૧૨૯ ॥

પ્ર૦— (૧૩૦) ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા અને ત્રણ ગાઉની ઉંચાઈવાલા યુગલીયાઓને ૨૫૬ પૃષ્ટિ કરંડક કહ્યા, બે પલ્યોપમ આયુષ્યવાળા અને બે ગાઉની ઉંચાઈવાલા યુગલીયાઓને ૧૨૮ પૃષ્ટિ કરંડક કહ્યા, એક પલ્યોયમના

આયુષ્યવાળા અને એક ગાઉની ઉંચાઈવાલા તથા પલ્યોપમનાં અસંખ્યાતમાં ભાગનાં આયુષ્યવાળા અને ૮૦૦ ધનુષ્ય ઉંચા યુગલીયાઓને ૬૪ પૃષ્ટિ કરંડક કહ્યા, તે પૃષ્ટિકરંડક એટલે શું ?

ઉ૦—પૃષ્ટિ કરંડક એટલે પૃષ્ટિ વંશ અથવા કરોડ-રજ્જુ. જેમકે આપણાં જેવા નાના શરીર પ્રમાણવાળાને એક કરોડ-રજ્જુ હોય છે. તે પ્રમાણે મોટા શરીર પ્રમાણ વાળા તેઓને કહેલા સંખ્યાવાલી કરોડ રજ્જુઓ હોય છે. ॥ ૧૩૦ ॥

પ્ર૦—(૧૩૧) મેરુપર્વતની પશ્ચિમ દિશામાં સમભૂતલાથી આરંભીને અનુક્રમે નીચી નીચી ભૂમિ નલીનાવતી અને વપ્ર વિજય નામનાં ક્ષેત્રની જગ્યાએ એક હજાર યોજન ઉંડી (નીચી) થઈ છે. ત્યાં જે કોઇ ગામ છે, તે અધોગ્રામ કહેવાય છે. તે પ્રદેશમાં શીતોદા નદી પણ સમભૂતલા પૃથ્વીની અપેક્ષાએ એક હજાર યોજન નીચે વહે છે. જયન્ત નામના દ્વાર વડે યુક્ત એવી જગતી અને સમુદ્ર એ બન્ને પણ નદીની અપેક્ષાએ એક હજાર યોજન ઉપર (ઊંચે) રહેલ છે. તો જગતી કોની ઉપર રહેલી છે ? અને શીતોદા નદીનું પાણી કેવી રીતે સમુદ્રમાં પ્રવેશ કરે છે ?

ઉ૦—અધોગ્રામોને અન્તે એક હજાર યોજન ઊંચી ભીંત છે તેનાં ઉપર જયંત નામના દ્વારથી યુક્ત એવી જગતીની ભીંત રહેલી છે. અને શીતોદા નદી પણ જગ-

તીની નીચેની એક હજાર યોજનની ભીંતને ભેદીને સમુદ્રમાં પ્રવેશ કરે છે.

यदुक्तं लोकप्रकाशे सप्तदशतमे सर्गे
विजये नलिनावत्यां वप्राख्ये चान्तर्वर्त्तिनः ।
सहस्रयोजनान्युण्डा, ग्रामा भवन्ति केचन ॥२४॥
ततोऽधोलौकिकग्रामा इति ते ख्यातिमयरुः ।
तेषामन्ते स्थिता भूमि-भित्ती रोद्धुमिवार्णवम् ॥२५॥
तत्रैव जगती भित्ति-र्जयन्तद्वारराजिता ।
ऊर्ध्वं स्थिताऽधोग्रामाणां विदक्षुरिव कौतुकम् ॥२६॥
शीतोदाऽपि स्त्रीस्वभावा, दिवाऽधोगामिनी क्रमात् ।
योजनाना सहस्रेषु याति भित्त्वा जगत्यधः ॥२७॥

ભાવાર્થ—લોકપ્રકાશનાં સત્તરમા સર્ગમાં કહ્યું છે કે-નલીનાવતી અને વપ્ર નામની વિજયમાં સમભૂતલાની અપેક્ષાએ એક હજાર યોજન ઊંડા જે ગામો રહેલા છે. તે અધોલૌકિક ગ્રામ કહેવાય છે. તે ગામને છેડે જાણે સમુદ્રને અટકાવવા માટે જ ન રહેલી હોય તેવી ભૂમિ ભીંત છે. તે ભૂમિભીંત ઉપર જયંત નામના દ્વારથી શોભતી અને જાણે કે અધો ગામનું કૌતુક જોવાને જ ન રહેલી હોય તેવી જગતી છે. દિવસે નીચું જોઈને ચાલનારી સ્ત્રીના જેવા સ્વભાવવાળી શીતોદા નદી પણ જગતીની નીચે એક હજાર યોજન ભેદીને સમુદ્રમાં જાય છે. ॥૧૩૧॥

પ્ર૦-(૧૩૨)પુષ્કારાર્ધ દ્વીપમાં જે નદીઓ માનુષ્યોત્તર પર્વત તરફ વહે છે. તેઓનાં પાણી કેમાં પ્રવેશ કરે છે? કારણ કે આગળ સમુદ્રનો અભાવ છે. અને માનુષ્યોત્તર પર્વત વલયાકારે ચારે બાજુ રહેલો છે. તેથી માનુષ્યોત્તર પર્વત તરફ વહેતી નદીઓનાં પાણી ક્યાં જાય છે?

ઉ૦—તે નદીઓનાં પાણી માનુષ્યોત્તર પર્વતનાં નીચેનાં પ્રદેશમાં સમાઈ જાય છે.

**यदुक्तं क्षेत्रसमास सूत्रवृत्त्योः—"तह इह बहिमुह सलिला पविसंति य नरनगस्स अहोत्ति "**

**ભાવાર્થ**—ક્ષેત્ર સમાસ સૂત્ર વૃત્તિમાં કહ્યું છે કે પુષ્કરાર્ધ ક્ષેત્રમાં માનુષ્યોત્તર પર્વત તરફ વહેતી નદીઓનાં પાણી આગળ સમુદ્રનો અભાવ હોવાથી માનુષ્યોત્તર પર્વતની નીચે સમાઈ જાય છે.

**क्वचित्तु ठाणांगे—भणियमिणं पुक्खर बहिगामिणी उ सलिलाओ॥ भिदत्तुं माणुसनगं पुक्खर उदहि समल्लीणा ॥१॥ इति गाथा दृश्यते, परं मानुषोत्तर नगात् बहि र्नद्यभावस्योक्तत्वात् कथं पुष्करोदधिगमनं तासां संभवति इति चिंत्यम्**

**ભાવાર્થ**—પુષ્કરાર્ધ ક્ષેત્રમાં માનુષ્યોત્તર પર્વત તરફ વહેતી નદીઓ, માનુષ્યોત્તર પર્વતને ભેદીને પુષ્કરવર સમુદ્રને મળે છે. એવી ઠાણાંગ સૂત્રમાં ગાથા દેખાય છે. પરંતુ માનુષ્યોત્તર પર્વતની બહાર નદીઓનો અભાવ કહેલો

હોવાથી તે નદીઓનું પુષ્કરવર સમુદ્રમાં જવું કેવી રીતે સંભવે તે વિચારવા યોગ્ય છે.

एवं नरोत्तरनगाऽभिमुखाः सरितोऽखिलाः ।
विलीयन्त इह ततः परं तासामभावतः ॥७५७॥

स्थानाङ्गसूत्रे सप्तमस्थाने पाठस्तु अयम्ः—

" पुक्खरवरदीवड्ढपुरत्थिमद्धेणं सत्त वासा तहेव, नवरं पुरत्थाभिमुहीओ पुक्खरोदसमुदं समुप्पेति पच्चत्थाभिमुहीओ कालोदसमुदं "

અર્થ ઉપર આવી ગયો છે. ॥૧૩૪॥

પ્ર૦ (૧૩૩)---જેમ જીવો વડે દેવપણું રાજાપણું વગેરે ભાવો અનંતિવાર પ્રાપ્ત કરાયા છે. તેમ ઈન્દ્રપણું, તીર્થંકરપણું, ભાવિતાત્મકપણું, ચક્રવર્તિપણું, વાસુદેવપણું વગેરે ભાવો અનંતિવાર પ્રાપ્ત કરાયા છે કે નહિ ?

ઉ૦---દેવેન્દ્રપણું વગેરે ભાવો અનંતિવાર પ્રાપ્ત કરાયા નથી જ. બાકીના સર્વ ભાવો અનંતિવાર પ્રાપ્ત કરાયા છે. આચારાંગસૂત્રની વૃત્તિનાં પહેલા ઉદ્દેશામાં કહ્યું છે કે—

देविंदचक्कवट्टित्तणाइ मो-त्तुण तित्थयरभावम् ।
अणगारभाविआप्पा वि य सेसाय अणंतसो पत्ता ॥१॥

અર્થ ઉપર આવી ગયેલ છે.

શંકા—देविंदचक्कवट्टित्तणाइ रज्जाई उत्तमा भोगा ।
पत्ता अणंतखुत्तो न य हं तत्तिं गओ तेहिं ॥२५२॥

**અર્થ**-દેવેન્દ્રપણું ચક્રવર્તિપણું રાજય આદિ ઉત્તમ ભોગો મેં અનંતિવાર પ્રાપ્ત કર્યા તોપણ હું તેનાથી તૃપ્તિ પામ્યો નથી.

ઉપર મુજબ મરણ વિધિ પ્રકીર્ણકમાં કહેલાં વચનનો બાધ થાય છે, કારણ કે તેમાં તે ભાવો અનંતિવાર પ્રાપ્ત કર્યાનું જણાવેલ છે.

**સમાધાન**-સિદ્ધાન્તનાં વચનો પરસ્પર અવિરોધિ હોવાથી અહીંયા આ પ્રકારે અર્થ ઘટાવવો. ઉપરોક્ત ગાથાનાં પહેલા પદમાં "**अणेगसो**" (અનેક વાર) એ પદ અધ્યાહારથી લેવું એટલે આ રીતે અર્થ કરવો. દેવેન્દ્રપણું ચક્રવર્તિપણું, આદિ પદથી વાસુદેવપણું મારા વડે અનેક વાર પ્રાપ્ત કરાયું છે. તથા બીજા રાજયાદિ ઉત્તમ ભોગો મારા વડે અનંતિવાર પ્રાપ્ત કરાયા છે, તો પણ હું તેનાથી તૃપ્તિ પામ્યો નહીં.

**શંકા**-ફરી અહિં કોઈ પુછે છે કે દેવેન્દ્રપણું વિગેરે ભાવો જો અનંતવાર પ્રાપ્ત નથી કર્યા તો કેટલી વાર પ્રાપ્ત કર્યા છે?

**સમાધાન**-તીર્થંકરપણું જો કોઈ જીવ પામે તો તે એક જ વાર પામે છે. પરંતુ ફરી ફરીને પામતો નથી. એ વાત પ્રસિદ્ધ જ છે. તથા ભાવિતાત્માપણું અણગારપણું ઉત્કૃષ્ટથી આઠ વાર કેટલાક જીવો પામે છે.

આઠ ભવમાં જ તેની પ્રાપ્તિ કહેલી હોવાથી.

यदुक्तं श्रीभगवती सूत्रवृत्त्योः—

कति विहाणं भंते आराहणा पण्णत्ता ?

गोयमा ! तिविहा आराहणा पण्णत्ता तं जहाः— णाणाराहणा "उपधानाद्युपचारकरणं" दंसणाराहणा निःशङ्कितत्वादि तदाचारानुपालनं, चरित्ताराहणा निरतिचारता, णाणाराहणाणं भंते कति विहापण्णत्ता ? गोयमा! तिविहा पण्णत्ता, तं जहाः—

उक्कोसिया मज्झिमा जहण्णा दंसणाराहणाणं भंते कतिविहा पण्णत्ता ? एवं चेव तिविहा वि, एवं चेव चरित्ताराहणा वि, जस्स णं भंते उक्कोसिया णाणाराहणा तस्स उक्कोसिया दंसणाराहणा, जस्स उक्कोसिया दंसणाराहणा तस्स उक्कोसिया णाणाराहणा ? गोयमा ! जस्स उक्कोसिया णाणाराहणा तस्स दंसणाराहणा उक्कोसा वा अजहण्णुक्कोसा वा ॥ "उत्कृष्टज्ञानाराधनावतो हि आद्ये द्वे दर्शनाराधने भवतो, न पुनस्तृतीया तथा स्वभावत्वात् तस्येति" ॥ जस्स पुण उक्कोसिया दंसणाराहणा तस्स णाणाराहणा उक्कोसा वा जहण्णा वा अजहण्णमणुक्कोसा वा ? जस्सणं भंते उक्कोसिया णाणाराहणा तस्सुक्कोसिया चरित्ताराहणा? जस्सुक्कोसिया चरित्ताराहणा तस्स उक्कोसिया णाणाराहणा ? जहा उक्कोसिया णाणाराहणा य दंसणाराहणा य भणिया, तहा उक्कोसिया णाणाराहणाय चरित्ता

राहणाय भाणियव्वा, 'उत्कृष्टज्ञानाराधनावतो हि चारित्रं प्रति नाल्पतमप्रयत्नता स्यात्, तत्स्वभावात् तस्येति'

जस्स णं भंते उक्कोसिया दंसणाराहणा तस्सुक्कोसिया चरित्ताराहणा? जस्सुक्कोसिया चरित्ताराहणा तस्सुक्कोसिया दंसाराहणा? गोयमा! जस्सुक्कोसिया दंसाराहणा तस्स चरित्ताराहणा उक्कोसिया वा जहण्णा वा अजहण्णमणुक्कोसा वा। जस्स पुण उक्कोसिया चरित्ताराहणा तस्स दंसणाराहणा नियमा उक्कोसा ॥

उक्कोसियाणं भंते णाणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झइ? जाव अंतं करेइ? गोयमा! अत्थेगइए तेणेव भवग्गहणेणं सिज्झई, जाव अंतं करेइ. अत्थेगइए दोच्चेणं भवग्गहणेणं सिज्झइ जाव अंतं करेई।

"उत्कृष्ट चारित्राराधनासद्भावे" अत्थेगइए कप्पोवएसु "कल्पोपगेषु सौधर्मादि देवलोकोपगेषु देवेषु मध्ये उपपद्यते। "मध्यम चारित्राराधना सद्भावे" कप्पातीतएसु वा ग्रैवेयकादिदेवेषु उववज्जइ उपपद्यते। मध्यमोत्कृष्टचारित्राराधना सद्भावे

"उक्कोसियाणं भंते दंसणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं एवं चेव। उक्कोसियेणं भंते चरित्ताराहणं आराहेत्ता एवं चेव, नवरं अत्थेगइए कप्पातीतएसु उववज्जइत्ति" उत्कृष्टचारित्राराधनावतः सौधर्मादिकल्पेष्वगमनात्।

मज्झिमियाणं भंते णाणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झइ जाव अंतं करेति, गोयमा! अत्थेगइए दोच्चेणं भवग्गहणेणं सिज्झइ जाव अंतं करेति- "अधिकृतमनुष्य भवापेक्षया द्वितीयेन मनुष्यभवेनेति" तच्चं पुण भवग्गहणं णातिक्कमति।"

एताश्च चारित्राराधनाः संवलिता ज्ञानाद्याराधना इह विवक्षिताः कथमन्यथा जघन्यज्ञानाराधनाम् आश्रित्य वक्ष्यति "सत्तट्ठ भवग्गहणाइं पुणणाइक्कमत्ति" यतश्चारित्राराधनाया एवेदं फलम् उक्तं यदाह "अट्ठभवाउ चरित्तेत्ति"।

श्रुतसम्यक्त्वदेशविरति भवास्तु असंख्येया उक्तास्ततः चरणाराधनारहित ज्ञानदर्शनाराधना असंख्येय भविका अपि भवति, नतु अष्टभविका एवेति।

मज्झिमियं णं भंते दंसणाराहणं आराहेत्ता एवं चेव, एवं मज्झिमियं चरित्ताराहणं पि। जहण्णियं णं भंते णाणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झति? जाव अंतं करेति?

गोयमा अत्थेगइए तच्चेणं भवग्गहणेणं सिज्झति जाव अंतं करेति. सत्तट्ठभवग्गहणाइं पुण णाइक्कमति एवं दंसणाराहणं पि, एवं चरित्ताराहणं पि. इति भगवत्यष्टमशते दशमोद्देशके। विशेषार्थं तु एतद्वृत्तेर्ज्ञेयः।

तथा इन्द्रत्व चक्रित्व वासुदेवत्वादि भावान् जीवःसंसारे वसन् कति वारान् प्राप्नोतीति तु क्वापि शास्त्रे दृष्टं नास्तीति न लिख्यते. हीरप्रश्नेऽपि एतत्प्रश्नस्य इदमेव उत्तरं प्रोक्तमस्ति इति ॥

**ભાવાર્થ**–હે ભગવંત આરાધના કેટલા પ્રકારની કહેલી છે? હે ગૌતમ આરાધના ત્રણ પ્રકારે કહેલી છે. તે આ પ્રમાણેઃ–

ઉપધાન વિગેરે કરવા તે જ્ઞાન આરાધના છે. જિન-વચનમાં કોઈ પણ જાતની શંકા ન રાખવી ઇત્યાદિક દર્શનાચારનું પાલન કરવું તે દર્શન આરાધના છે. અતિ-ચાર રહિત ચારિત્રનું પાલન કરવું તે ચારિત્રાચારની આરાધના છે.

હે ભગવંત જ્ઞાનની આરાધના કેટલા પ્રકારે કહેલી છે? હે ગૌતમ? જ્ઞાનની આરાધના ત્રણ પ્રકારે કહેલી છે. તે આ પ્રમાણેઃ–

ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય.

હે ભગવંત દર્શનની આરાધના કેટલા પ્રકારે કહેલી છે! હે ગૌતમ? ઉપર મુજબ ત્રણ પ્રકારે કહેલી છે, એવી રીતે ચારિત્રની આરાધન પણ ત્રણ પ્રકારે કહેલી છે.

હે ભગવંત! જેને ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના હોય તેને ઉત્કૃષ્ટ દર્શનની આરાધના હોય? અને જેને ઉત્કૃષ્ટ દર્શનની આરાધના હોય તેને ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના

હોય ? હે ગૌતમ! જેને ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના હોય તેને ઉત્કૃષ્ટ દર્શનની આરાધના હોય, અથવા મધ્યમ આરાધના હોય. ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધનાવાળાને આદિના બે દર્શનની આરાધના થાય. ત્રીજાની નહીં કેમ કે તેનો તેવો સ્વભાવ છે.

જેને ઉત્કૃષ્ટ દર્શનની આરાધાના હોય તેને જ્ઞાનની આરાધના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણે પ્રકારની હોય.

હે ભગવંત ! જેને ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના હોય તેને ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના હોય! અને જેને ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના હોય તેને ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના હોય ? હે ગૌતમ ! જેમ ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના અને દર્શનની આરાધના કહી તેજ પ્રમાણે. ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના અને ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના પણ જાણવી. કેમ કે ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધનાવાળાને ચારિત્રના તરફ અલ્પ પ્રયત્ન હોતો નથી. કેમ કે તેનો તેવો સ્વભાવ જ છે.

હે ભગવંત ? જેને ઉત્કૃષ્ટ દર્શનની આરાધના હોય તેને ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના હોય ? અને જેને ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના હોય તેને ઉત્કૃષ્ટ દર્શનની આરાધના હોય ! હે ગૌતમ ? જેને ઉત્કૃષ્ટ દર્શનની આરાધના હોય તેને ચારિત્રની આરાધના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણે પ્રકારની હોય. વળી જેને ઉત્કૃષ્ટ ચારિત્રની

આરાધના હોય તેને દર્શનની આરાધના ઉત્કૃષ્ટ નિયમા હોય.

હે ભગવંત ? ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના કરીને કેટલા ભવે સિદ્ધ થાય ? યાવત્ કર્મનો ક્ષય કરે ? હે ગૌતમ ? કેટલાંક જીવો તેજ ભવની અંદર સિદ્ધ થાય યાવત્ કર્મનો ક્ષય કરે. કેટલા બીજે ભવે સિદ્ધ થાય. યાવત્ કર્મનો ક્ષય કરે, ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના થઈ હોય તો કેટલાંક જીવો કલ્પોપન્ન એવા સૌધર્માદિક દેવોને વિષે ઉત્પન્ન થાય અને મધ્યમ ચારિત્રની આરાધના થઇ હોય તો કલ્પાતિત એવા ગ્રૈવેયકાદિ દેવલોકને વિષે ઉત્પન્ન થાય છે.

હે ભગવંત ? ઉત્કૃષ્ટ દર્શનની આરાધના કરીને કેટલા ભવે મોક્ષે જાય ? હે ગૌતમ ! ઉપર મુજબ તેજ ભવમાં અથવા બીજા ભવમાં મોક્ષે જાય.

હે ભગવંત ? ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના કરી કેટલા ભવે મોક્ષે જાય ? હે ગૌતમ ? ઉપર મુજબ જ વિશેષમાં એટલું કે કેટલાંક જીવો કલ્પાતિત ગ્રૈવેયકાદિકમાં ઉત્પન્ન થાય. ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધનાવાળા સૌધર્માદિક દેવલોકમાં ઉત્પન્ન થતાં નથી.

હે ભગવંત ! જ્ઞાનની આરાધના મધ્યમ રીતે કરીને કેટલા ભવે સિદ્ધ થાય ? હે ગૌતમ ? કેટલાંક જીવો બીજા ભવે સિદ્ધ થાય. પ્રસ્તુત મનુષ્ય ભવની અપેક્ષાએ બીજો મનુષ્યનો ભવ લેવો. ત્રીજો ભવ કરે નહિં.

અહિંયા ચારિત્રની આરાધના જ્ઞાનની આરાધના સાથે વિવક્ષા કરેલી છે. તે સિવાય તો જઘન્ય જ્ઞાનની આરાધના આશ્રયીને સાત-આઠ ભવથી વધારે ભવ કરે નહિ તેમ કહેશે. તે શી રીતે ઘટે ? કેમકે ચારિત્રની અરાધનાનું ફલ છે. જેને માટે કહ્યું છે કે જઘન્ય ચારિત્રની આરાધના કરનારો વધુમાં વધુ આઠમે ભવે તો સિદ્ધ થાય જ, શ્રત, સમ્યકત્વ, દેશવિરતિવાળાનાં ભવો તો અસંખ્યાતા કહેલા છે. એથી જ કરીને ચારિત્રની આરાધના રહિત જ્ઞાન અને દર્શનની આરાધના અસંખ્યાતા ભવવાળી હોય છે. સાત-આઠ ભવવાળી નહી.

હે ભગવંત! મધ્યમ રીતે દર્શનની આરાધના કરી કેટલા ભવે મોક્ષે જાય ? હે ગૌતમ ? પૂર્વની માફક જ. મધ્યમ રીતે ચારિત્રની આરાધના કરવાવાળો પણ એજ રીતે મોક્ષે જાય.

હે ભગવંત ? જઘન્ય રીતે જ્ઞાનની આરાધના કરીને કેટલા ભવે સિદ્ધ થાય ? યાવત્ કર્મનો અંત કરે ? હે ગૌતમ ! કેટલાંક જીવો ત્રીજા ભવે સિદ્ધ થાય યાવત્ કર્મનો અંત કરે. સાત આઠથી તો વધારે ભવ કરે નહિ. એ રીતે જઘન્ય દર્શનની આરાધના અને ચારિત્રની આરાધના વિષે જાણવું.

આ પ્રમાણે ભગવતી સૂત્રનાં આઠમાં શતકમાં દશમાં ઉદ્દેશામાં કહ્યું છે. વિશેષાર્થ તેની ટીકામાંથી જાણવો.

તથા ઈન્દ્રપણું, ચક્રવર્તિપણું અને વાસુદેવપણું

આદિ ભાવોને સંસારમાં રહેતો જીવ કેટલી વાર પ્રાપ્ત કરે? આ વાતનો ઉત્તર કોઈ શાસ્ત્રમાં જોયો નથી, એટલે લખતા નથી. હીર પ્રશ્નમાં પણ આ પ્રશ્નનો એજ ઉત્તર આપેલો છે. ઈન્દ્રપણું ચક્રવર્તિપણું આદિ ભાવો જીવોએ અનંતિવાર પ્રાપ્ત કર્યા નથી. ॥૧૩૫॥

પ્ર૦–(૧૩૬) દ્રવ્ય મન અને ભાવ મનનું સ્વરૂપ શું છે? તેમજ દ્રવ્ય મન વગર ભાવ મન હોય કે નહી? અને ભાવ મન વગર દ્રવ્ય મન હોય કે નહી?

ઉ૦–સંજ્ઞિપંચેદ્રિય જીવોએ મનપર્યાપ્તિનામ કર્મના ઉદયથી મનને યોગ્ય પુદ્ગલ દ્રવ્યોને ગ્રહણ કરીને તેને મન પણે પરિણમાવેલા હોય તેને દ્રવ્ય મન કહેવાય છે. તે મનો દ્રવ્યનું આલંબન લઈ જીવનો જે મનનો વ્યાપાર તે ભાવમન કહેવાય છે. જેના માટે નંદી અધ્યયનનાં ચૂર્ણિકાર કહે છેઃ–

" मणपज्जत्ती नाम कम्मोद्यतो जोगोमणोदव्वे घेत्तुं, मणत्तेण परिणामिया दव्वा दव्वमणो भण्णइ " ॥

जीवो पुण मणणपरिणामकिरियावंतो भावमणो किं भणियं होइ ? मणदव्वालंबणो जीवस्स मणणवावारो भावमणो भण्णइत्ति "

એનો અર્થ ઉપર આવી ગયેલ છે.

તથા દ્રવ્ય મન વિના ભાવ મન ન હોય, અસંજ્ઞિની જેમ. અને ભવસ્થ કેવલીની માફક ભાવ મન વિના પણ

દ્રવ્ય મન તો હોય છે, તેના માટે લોક પ્રકાશમાં કહ્યું છે કેઃ-

द्रव्यचित्तं विना भावचित्तं, न स्यादसंज्ञिवत् ।
विनाऽपि भावचित्तं तु, द्रव्यतो जिनवद् भवेत् ॥११॥

એનો અર્થ ઉપર આવી ગયો છે.

આ રીતે ભાવ મન વિના પણ ભવસ્થ કેવલીની જેમ દ્રવ્ય મન હોય છે. એમ પ્રજ્ઞાપના વૃત્તિમાં પણ કહ્યું છે. આમ કહેવાથી સર્વ એકેન્દ્રિયાદિ અસંજ્ઞિ જીવોને દ્રવ્ય મનનો અભાવ હોવાથી ભાવ મન નથી. એમ જણાવ્યું છે.

વળી જ્યારે 'ભાવ મન' શબ્દથી ચૈતન્ય માત્રની વિવક્ષા કરાય છે. ત્યારે દ્રવ્ય મન વિના પણ ભાવ મન હોય છે. અને તે અસંજ્ઞિ જીવોને પણ હોય છે જ. આજ અભિપ્રાયથી શ્રી ભગવતી સૂત્રની વૃત્તિમાં પણ ભાવ મનથી યુક્ત જીવોની પરભવમાં ઉત્પત્તિ કહી છે. તેનો પાઠ આ પ્રમાણે છેઃ-

"नोइंदिओ उवउत्ता उववज्जंति" नोइन्द्रियं मनः तत्र च यद्यपि मनःपर्याप्त्यभावे द्रव्यमनो नास्ति, तथापि भावमनसश्च चैतन्यरूपस्य सदा भावात्, तेनोपयुक्ताना-मुत्पत्तेः, "नोइन्द्रियोपयुक्ता उत्पद्यन्ते इत्युच्यते ॥ इति त्रयोदशशतके प्रथमोद्देशके ॥ १३६ ॥

**ભાવાર્થ**-જીવો મન સહિત પરભવમાં ઉપજે છે. તેમાં જો કે મનઃ પર્યાપ્તિનાં અભાવમાં દ્રવ્ય મન નથી.

તો પણ ચૈતન્યરૂપ ભાવ મન હંમેશા (સદા કાળ) હોવાથી તે ભાવ મન સહિત ઉત્પત્તિ થતી હોવાથી મન સહિત ઉપજે છે. એમ કહેવાય છે. આ પ્રમાણે શ્રી ભગવતી સૂત્રમાં તેરમાં શતકમાં પહેલા ઉદ્દેશામાં કહ્યું છે. ॥ ૧૩૬ ॥

**પ્ર. (૧૩૭) "सव्वजीवाणं पि यणं अक्खरस्स अणंतो भागो निच्चुग्घाडिओ" इति वचनात्–**

સર્વ જીવોને અક્ષરનો અનંતમો ભાગ હંમેશા ઉઘાડો હોય છે, એમ સિદ્ધાન્તના વચનથી કહ્યું છે, તેમાં 'અક્ષર' શબ્દ વડે શું ગ્રહણ કરાય છે?

ઉ૦–મુખ્ય પણે અક્ષર શબ્દ વડે અહીં કેવલ જ્ઞાન ગ્રહણ કરાય છે. અને પ્રસંગથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ ગ્રહણ કરાય છે. બૃહત્કલ્પ વૃત્તિમાં અક્ષર શ્રુતનાં અધિકારમાં અને નન્દી સૂત્રની વૃત્તિમાં શ્રુતજ્ઞાનનાં અધિકારમાં આ જ પ્રમાણે કહેલું છે.

**तथाच तावत् बृहत्कल्पवृत्तिपाठ उक्तं सर्वाऽऽकाशप्रदेशेभ्योऽनन्तगुणं ज्ञानम् ।**

સર્વ આકાશ પ્રદેશો કરતાં જ્ઞાન અનંતગણું છે. એમ બૃહત્કલ્પ વૃત્તિમાં કહ્યું છે.

હવે તે જ્ઞાન, 'અક્ષર' કેમ કહેવાય છે. તે બતાવે છે.

**णाणं तु अक्खरं जेण खरति न कयाइ तं तु जीवा ।**
**तो तस्स उ अणंतभागो न वरिज्जंति सव्वजीवाणं ॥**

**અર્થ**-જે કારણથી તે જ્ઞાન જીવથી કદી પણ જુદું પડતું નથી તે કારણથી નાન અક્ષર કહેવાય છે. ( **न क्षरति इति अक्षरः** )

**શંકા**-જ્ઞાન જીવથી કદી પણ ભ્રષ્ટ થતું નથી એ શી રીતે જાણી શકાય ?

**સમાધાન**-તે અક્ષર (જ્ઞાન) નો અનન્તમો ભાગ અતિ પ્રબલ એવા જ્ઞાનાવરણના ઉદય વડે ઢંકાતો નથી.

**इक्केको जियदेसो नाणावरणस्स हुंतणं तेहिं ।**
**अविभागेहिं आवरितो सव्वजियाणं जिणे मोत्तुं ॥**

**અર્થ**-કેવલ જ્ઞાનિઓને મુકીને સંસારી સર્વ જીવોનાં એકે-એક આત્મ પ્રદેશો જ્ઞાના વરણીય કર્મનાં અનંતા અવિભાગ પરિચ્છેદો વડે ઢંકાયેલા છે.

જો એમ છે તો જ્ઞાનનો અનંતમો ભાગ હંમેશા ઉઘાડો છે એમ કેમ કહ્યું છે!

**जइ पुण सो विवरेज्जइ तेणं जीवो अजीवयं गच्छे ।**
**सुट्ठवि मेहसमुदये होइ पहा चंदसूराणं ॥**

**અર્થ**-જેમ ગાઢ વાદળા ચડી આવ્યા હોય તો પણ તેવા પ્રકારના સ્વભાવથી ચંદ્ર સૂર્યની પ્રભા તો દેખાય જ છે, તેમ જીવનાં એક એક પ્રદેશો જ્ઞાના વરણીય કર્મનાં અનંતા અવિભાગ પરિચ્છેદો વડે ઢંકાયેલા હોવા છતાં પણ તેવા પ્રકારના સ્વભાવથી જ જ્ઞાનનો અનન્તમો ભાગ હંમેશા ઉઘાડો રહે છે, જો તે પણ ઢંકાઈ જાય તો

એકાન્તથી નિશ્ચેતન થવાથી જીવ ઘડાની માફક અજીવ-પણાને પામે.

**શંકા**–પૃથ્વીકાય આદિનું સર્વથા જ્ઞાન ઢંકાયેલું છે. તો જ્ઞાનનો અનન્તમો ભાગ હંમેશા ઉઘાડો રહે છે. એમ કેમ કહેવાય છે ?

अव्वत्तमक्खरं पुण पंचण्ह वि थीणद्धिसहिएणं ।
नाणावरणुदएणं बिंदिय माईक्कम विसोही ॥

**સમાધાન**–પૃથ્વીકાયથી માંડીને વનસ્પતિકાય સુધીનાં પાંચે પ્રકારનાં એકેન્દ્રિય જીવોને થીણદ્ધિનિદ્રા સહિત જ્ઞાનાવરણીયનાં ઉદયમાં પણ, સુતેલા, મદોન્મત્ત અને મૂર્છિત આદિની જેમ અક્ષર–જ્ઞાન અવ્યકત–અસ્પષ્ટ હોય છે. આથી તેઓમાં પણ જ્ઞાન સર્વથા ઢંકાયેલું હોતું નથી તેમાં પણ પૃથ્વીકાયનાં જીવોને જ્ઞાન અતિ અવ્યક્ત હોય છે. તેનાં કરતાં અપ્કાયનાં જીવોને વિશુદ્ધ હોય છે. તેના કરતાં અનુક્રમે તેઉકાય, વાઉકાય અને વનસ્પતિ કાયનાં જીવોને વધારે સ્પષ્ટ હોય છે. તે પછી અનુક્રમે બે ઈન્દ્રિયાદિ જીવોને જ્ઞાનની વૃદ્ધિ ત્યાં સુધી કહેવી યાવત્ અનુત્તરોપપાતિ દેવોને વિશુદ્ધિ વધારે હોય તેના કરતાં પણ ચૌદપૂર્વીઓને જ્ઞાનની વિશુદ્ધિ વધારે હોય આ વાત ચૂર્ણિકારનાં વચનથી લખેલી છે. उक्तं च :—

तं चिय विसुज्झमाणं बिंदियमादिक्कमेण विन्नेयं ।
जा होंति णुत्तरसुरा सव्वविसुद्धं तु पुव्वधरे ॥

અર્થ ઉપર આવી ગયો છે.

અહીંયા જો કે પહેલાં સર્વ આકાશ પ્રદેશો કરતાં અનંતગણું અક્ષર-જ્ઞાન કહ્યું તે કેવલ જ્ઞાનની અપેક્ષાએ કહ્યું છે. અને તેનો જ અનંતમો ભાગ હંમેશા ઉઘાડો હોય છે. તો પણ કેવલ જ્ઞાનની જેમ શ્રુત જ્ઞાનનો પણ અનંતમો ભાગ હંમેશા ઉઘાડો હોય છે. તેથી અંતમાં અક્ષર શ્રુત કહ્યું એમ યોજના કરી છે. નન્દી સૂત્રની વૃત્તિનો પાઠ આ પ્રમાણે છે:-

तथा च अकारादिकं सर्वद्रव्यपर्यायपरिमाणं तथा मत्यादीनि अपि ज्ञानानि द्रष्टव्यानि, न्यायस्य समानत्वात्। इह यद्यपि सर्वं ज्ञानं अविशेषेणाऽक्षरम् उच्यते सर्वद्रव्य-पर्यायपरिमाणं च भवति, तथाऽपि श्रुताधिकारादिह अक्षरं श्रुतज्ञानम् अवसेयम्। श्रुतज्ञानं च मतिज्ञानाऽविना भूतं ततो मतिज्ञानमपि, तदेवं यत् श्रुतज्ञानमकारादिकंचोत्कर्षतः सर्वद्रव्यपर्यायपरिमाणं तच्च सर्वोत्कृष्ट श्रुतकेवलिनो द्वाद-शाङ्गविदः संगच्छते न शेषस्य, ततोऽनादिभावः श्रुतस्य जन्तूनां जघन्यो मध्यमो वा द्रष्टव्यो, न तु उत्कृष्टे इति स्थितम् ॥

अपर आह—अनादिभाव एव श्रुतस्य कथम् उपपद्यते ? यावता यदा प्रबल श्रुतज्ञानावरणस्त्यानर्द्धिनिद्रारूपदर्शना-वरणोदयः संभवति तदा संभाव्यते साकल्येन श्रुतस्या-वरणं, यथा अवध्यादिज्ञानस्य, ततोऽवध्यादिज्ञानमि व

आदिमदेव युज्यते श्रुतमपि, नाऽनादिमदिति कथं तृतीय चतुर्थभङ्ग संभवः ? ( अनादिशान्तम् अनाद्यनन्तम् )

अत आह—"सव्वजीवाणं पि" इत्यादि सर्वजीवाना मिति णमिति वाक्यालंकारेऽक्षरस्य श्रुतज्ञानस्य, श्रुतज्ञानं च मतिज्ञानाऽविनाभावि ततो मतिज्ञानस्यापि अनन्तभागो अनन्ततमो भागो नित्योद्घाटितः सर्वदैवाऽप्रावृत्तः, सोऽपि च अनन्तमो भागो अनेकविधस्तत्र सर्वजघन्य चैतन्यमात्रं तत्पुनः सर्वोत्कृष्टश्रुतावरणस्त्यानर्द्धिनिद्रोदय-भावेऽपिनाव्रियते तथा जीवस्वभावात्। तथा च आह "जईत्यादि" यदि पुनः सोऽपि अनन्ततमो भागोऽपि आव्रियते तेन तर्हि जीवोऽजीवत्वं प्राप्नुयाद्, जीवो हि चैतन्यलक्षणः ततो यदि प्रबलश्रुतावरणस्त्थानर्द्धिनिद्रो द्यभावे चैतन्यमात्रमपि आव्रियते तर्हि जीवस्य स्वभाव परित्यागेन अजीवतैव संपनीपद्येत न चतद् दृष्टमिष्टं वा सर्वस्य सर्वदा स्व स्वभावाऽ-तिरस्कारात्" तत्रैव दृष्टान्तमाह "सदुवीत्यादि" सुष्ठु अपि मेघसमुदये भवति प्रभाचंद्रसूर्ययोः इयमत्र भावना यथा निबिडनिबिडतरमेघपटलैराच्छादितयोः सूर्यचन्द्रमसोर्नैकान्तेन तत्प्रभानाशः संपद्यते, सर्वस्य सर्वथा स्वभावापनयस्य कर्तुम् अशक्यत्वात्, एवम् अनन्तानन्तैरपि ज्ञानदर्शनावरणकर्मपरमाणुभिरेकैकस्याऽपि

आत्मप्रदेशस्यावेष्टित परिवेष्टितस्यापि नैकान्तेन चैतन्य-मात्रस्याभावो भवति, ततो यत्सर्वजघन्यं तन्मतिश्रुतात्मकम्। अतः सिद्धोऽक्षरस्यानन्ततमोभागो नित्योद्घाटितः" तथा च सति मतिज्ञानस्य श्रुतज्ञानस्य चानादिभावः प्रतिपाद्यमानो न विरुध्यते इति स्थितम् ॥ १३५ ॥

ભાવાર્થ—જેમ સર્વ દ્રવ્ય, પર્યાયનાં પરિમાણવાળું. અકારાદિક શ્રુતજ્ઞાન તેમ મતિ આદિ જ્ઞાન પણ જાણવા જોઈએ. ન્યાયનું સમાનપણું હોવાથી. અહીંયા જો કે સામાન્યથી સર્વ જ્ઞાન, 'અક્ષર' કહેવાય છે. અને તે સર્વ દ્રવ્ય, પર્યાયનાં પરિમાણવાળું હોય છે. તો પણ અહીં શ્રુતજ્ઞાનનો અધિકાર હોવાથી 'અક્ષર' એટલે શ્રુતજ્ઞાન જાણવું. અને શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન વિના હોતું નથી, એટલે મતિજ્ઞાન પણ તેટલા પરિમાણવાળું જાણવું. તેથી આ પ્રમાણે જે અ કારાદિક શ્રુતજ્ઞાન ઉત્કૃષ્ટથી સર્વ દ્રવ્ય; પર્યાયનાં પરિમાણવાળું છે તે સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાની એવા બાર અંગનાં જાણકારને ઘટે છે. બીજાને નહી. તેથી પ્રાણીઓને શ્રુતજ્ઞાન જે અનાદિ કાળનું કહ્યું છે તે જઘન્ય અથવા મધ્યમ જાણવું. પરંતુ ઉત્કૃષ્ટ નહીં.

શંકા–અહીં કોઈ કહે છે કેઃ– શ્રુતજ્ઞાન અનાદિ કાળનું જ છે એ કેમ ઘટે? જ્યારે પ્રબલ શ્રુતજ્ઞાનાવરણ અને થિણદ્ધિ નિદ્રા રૂપ દર્શનાવરણનો ઉદય હોય

ત્યારે સંપૂર્ણપણે શ્રુતજ્ઞાનનાં આવરણનો સંભવ છે. જેમ અવધિ આદિ જ્ઞાનનો સંપૂર્ણ આવરણ થાય છે તેમ. તેથી અવધિ આદિ જ્ઞાનની જેમ શ્રુતજ્ઞાન પણ આદિવાળું કહેવું જોઈએ. પણ અનાદિવાળું નહી. તેથી ત્રીજા ચોથા ભાગનો સંભવ કેવી રીતે હોય ?

**સમાધાન–'सव्वजीवाणं पि'** ઇત્યાદિ વચનથી સર્વ જીવોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો અનન્તમો ભાગ હંમેશા ઉઘાડો જ હોય છે. અને તે અનન્તમો ભાગ પણ અનેક પ્રકારનો હોય છે. તેમાં સર્વ જઘન્ય–ચૈતન્ય માત્ર, તે (ચૈતન્ય માત્ર) સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનાવરણ અને થીણદ્ધિ નિદ્રાનાં ઉદય વખતે પણ ઢંકાતો નથી. તેવા પ્રકારનો જીવનો સ્વભાવ હોવાથી. **तथा च आहः–'जईत्यादि'** વળી જો તે અનન્તમો ભાગ પણ તેના વડે ઢંકાઈ જાય તો જીવ અજીવપણાને પામે. કારણ કે જીવ ચૈતન્ય–લક્ષણવાળો છે. તેથી જ પ્રબલ શ્રુતજ્ઞાનાવરણ અને થીણદ્ધિ નિદ્રાનાં ઉદય વખતે ચૈતન્ય માત્ર પણ ઢંકાઈ જાય તો જીવનાં સ્વભાવનો ત્યાગ થઈ જવાથી અજીવપણું જ પ્રાપ્ત થાય. અને આ બાબત કદી જોઈ નથી અને ઇષ્ટ પણ નથી. કારણ કે દરેક વસ્તુ પોતાનો સ્વભાવ છોડતી ન હોવાથી. તેમાં દૃષ્ટાન્ત કહે છે. '**सुट्ठुवीत्यादि**' ગાઢ વાદળા ચઢી આવ્યા હોય તો પણ ચંદ્ર–સૂર્યની પ્રભાતો રહે છે જ. અહીંયા કહેવાનું એ છે કે જેમ અત્યંત ગાઢ વાદળાઓ વડે ઢંકાયેલા સૂર્ય ચંદ્રની પ્રભાનો એકાન્તે નાશ થતો નથી.

દરેક પદાર્થને પોતાનો સ્વભાવ સર્વથા દૂર કરવો, અશકય હોવાથી. એ રીતે જીવનાં એકે એક પ્રદેશો અનન્તા-નન્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મનાં પરમાણુઓથી અત્યંત ગાઢ રીતે ઢંકાયા હોય તો પણ એકાંતે ચૈતન્ય માત્રનો અભાવ થતો નથી. તેથી જે સર્વ જઘન્ય ચૈતન્ય માત્ર તે મતિ-શ્રુત રૂપ છે. આથી અક્ષરનો અનન્તમો ભાગ હંમેશા ઉઘાડો હોય છે. તે સિદ્ધ થયું અને તેમ થવાથી મતિ જ્ઞાન અને શ્રુત જ્ઞાન અનાદિ કાળનાં છે, તે પણ સિદ્ધ થયું. ॥ ૧૩૫ ॥

પ્ર૦-(૧૩૬) કેવલી ભગવાન્ કેવલ જ્ઞાન વડે સર્વ દ્રવ્ય અને પર્યાયોને દરેક સમયે સાક્ષાત્ જાણે છે, પરંતુ કેવલ જ્ઞાન સંબંધી જે સ્વભાવ વડે એક પર્યાયને જાણે છે, તે જ સ્વભાવ વડે બીજા પર્યાયને જાણે છે? કે બીજા સ્વભાવ વડે?

ઉ૦- બીજા પર્યાયને ભિન્ન સ્વભાવ વડે જ જાણે છે. પરંતુ તે જ સ્વભાવ વડે નહીં. નહીં તો બન્ને પર્યાયોનું એકપણું થવાનો પ્રસંગ આવે. તેથી જેટલાં જાણવા લાયક પર્યાયો છે તેટલાં જ તેને જણાવનારા કેવલજ્ઞાનનાં સ્વભાવો જાણવા. નન્દીસૂત્રવૃત્તિમાં કહ્યું છે કે:-

" यावन्तो जगति रूपिद्रव्याणां ये गुरुलघुपर्यायास्तान् सर्वानपि साक्षात् करतलकलितमुक्ताफलवत् केवलाऽऽलोकेन प्रतिक्षणम् अवलोकते भगवान्, न च येन स्वभावेन

**एकं पर्य्यायं परिछिनत्ति तेनैव स्वभावेन पर्य्याया-न्तरमिति, तयोः पर्य्याययोरेकत्वप्रसक्तेः"**

આનો અર્થ ઉપર આવી ગયો છે.

ઘટનાં પર્યાયને જાણવાનાં સ્વભાવવાળું જે જ્ઞાન તે જ્યારે પટ પર્યાયને જાણવાને સમર્થ થાય ત્યારે પટ પર્યાયને ઘટ પર્યાયરૂપપણાની આપત્તિ થાય. તે સિવાય ઘટ પર્યાયને જાણનારૂં જ્ઞાન પટ પર્યાયને જાણી શકે નહીં તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી. તેથી જેટલાં જાણવા યોગ્ય પર્યાયો છે. તેટલા તેને જણાવનાર કેવલજ્ઞાનનાં સ્વભાવો જાણવા અને જેટલા સ્વભાવો તેટલા પર્યાયો છે. તેથી પર્યાયોની અપેક્ષાએ સર્વદ્રવ્ય અને સર્વપર્યાયનાં પરિમાણવાળું કેવલજ્ઞાન કહ્યું છે.

**શંકા**–અકારાદિ શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનનાં પર્યાયોનું પરિમાણ સરખું છે? કે ઓછુંવત્તું છે?

**સમાધાન**–સરખું જ છે. ફક્ત સ્વ અને પર પર્યાય રૂપ તફાવત છે. **यदुक्तं नन्दीवृत्तौ** નંદીસૂત્રવૃત્તિમાં કહ્યું છે કેઃ–

**पर्याय परिमाणचिन्तायां परमार्थतो न कश्चिद् अकारादि श्रुत-केवलज्ञानयोर्विशेषः। अयं तु विशेषः, केवलज्ञानं स्वपर्य्यायैरपि सर्वद्रव्यपर्यायपरिमाणतुल्यम्, अकारादि तु स्वपरपर्य्यायैरेवेत्यादि.**

**ભાવાર્થ**-પર્યાયનાં પરિમાણુની વિચારણુામાં વાસ્તવિક રીતે અકારાદિ શ્રુતજ્ઞાન કે કેવલજ્ઞાનનો કોઈ ભેદ નથી. પરંતુ આટલો તફાવત છે કે કેવલજ્ઞાન સ્વપર્યાયો વડે સર્વ દ્રવ્ય પર્યાયોનાં પરિણુામ જેટલું છે. જ્યારે અકારાદિ શ્રુતજ્ઞાન સ્વ અને પર પર્યાયો વડે સર્વ દ્રવ્ય પર્યાયોનાં પરિમાણુ જેટલું છે. ॥ ૧૩૬ ॥

પ્ર૦-(૧૩૭) વિજય આદિ ચાર વિમાનમાંથી કોઈ પણુ વિમાનમાં ઉત્પન્ન થયેલો જીવ ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવ પામી નારકી, ભવનપતિ, તિર્યંચ, વ્યંતર, જ્યોતિષિમાં ઉત્પન્ન થાય કે કેમ ?

ઉ૦-વિજય આદિ ચાર વિમાનમાં ઉત્પન્ન થયેલો જીવ ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવ પામી ત્યાંથી મરીને નારકી આદિ ઉપર કહેલા સ્થાનોમાં ઉત્પન્ન થતો જ નથી. પરંતુ સૌધર્માદિ દેવલોકમાં જ ઉત્પન્ન થાય છે. પ્રજ્ઞાપના સૂત્રની વૃત્તિમાં પંદરમાં ઈન્દ્રિયનામનાં પદમાં કહ્યું છે કેઃ-

**"इह विजयादिषु चतुर्षु विमानेषु गतो जीवो नियमात् ततो उद्धृत्तो न जातु कदाचिदपि नैरयिकादिषु पञ्चेन्द्रियतिर्यक्पर्यवसानेषु तथा व्यन्तरज्योतिष्केषु च मध्ये समागमिष्यति, मनुष्येषु सौधर्मादिषु चागमिष्यतीति"**

**ભાવાર્થ**-ઉપર આવી ગયો છે. ॥ ૧૩૭ ॥

પ્ર૦-(૧૩૮) ભરતચક્રવર્તિનો જીવ નિગોદ આદિમાંથી નીકલીને કેટલા ભવો કરીને મુક્તિમાં ગયો ? અને

સમ્યક્ત્વ પામીને જે કદી પણ વમન ન કરે તે કેટલા ભવે મોક્ષે જાય ?

ઉ૦-ભરતચક્રવર્તિનો જીવ સાત-આઠ ભવ કરીને મુક્તિમાં ગયાનું સંભવે છે.

આચારાંગ સૂત્રની વૃત્તિમાં લોકસાર અધ્યયનમાં ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કેઃ-

"भावयुद् वाऽहं शरीरं लब्ध्वा कश्चित् तेनैव भवेन अशेष[illegible]मक्षयं विधत्ते, मरुदेवी स्वामिनीवत्, कश्चित् सप्त[illegible]रष्टभिर्वा भवैर्भरतवत्. कश्चित् अपार्द्धपुद्गलपरावर्त्तेन, अपरो न सेत्स्यति एवेति"

ભાવાર્થ-ભાવયુક્ત એવા યોગ્ય શરીરને મેળવીને કોઇક તે જ ભવે મોક્ષે જાય, મરુદેવી માતાની જેમ કોઈક સાત આઠ ભવે મોક્ષે જાય, ભરત ચક્રવર્તિની જેમ કોઈક અપાર્ધ પુદ્ગલ પરાવર્ત કાળે મોક્ષે જાય. સમ્યક્ત્વ પામ્યા વગરનો તો મોક્ષે જાય જ નહીં.

સમ્યક્ત્વ પામીને જે કદી પણ વમન ન કરે તે સાત કે આઠ ભવ સુધી સંસારમાં રહે તે પછી અવશ્ય મુક્તિને પામે.

સૂત્ર કૃતાઙ્ગ વૃત્તિમાં ચોદમાં અધ્યયનમાં કહ્યું છે કેઃ-

"अप्रतिपतितसम्यक्त्वो जीव उत्कृष्टतः सप्ताष्टौ वा भवान् म्रियते नोर्ध्वमिति"

આનો અર્થ ઉપર આવી જાય છે. ॥૧૩૮॥

પ્ર૦-૧૩૯ સુક્ષ્મ નિગોદમાંથી નીકળીને કેટલાંક જીવો કાલાન્તરે ફરી પણ સુક્ષ્મ નિગોદમાં જાય છે, તો ઉત્કૃષ્ટથી તેઓ કેટલો કાળ તેમાં રહે ? (૧)

સુક્ષ્મ નિગોદમાંથી નીકળીને કેટલાક જીવો બાદર નિગોદમાં જ ગતિ આગતિ કરતાં ઉત્કૃષ્ટથી કેટલો કાળ તેમાં (બાદર નિગોદમાં) રહે? (૨)

ક્યારેક સુક્ષ્મ નિગોદમાં અને ક્યારેક બાદર નિગોદમાં ઉત્પન્ન થતાં જીવો સામાન્ય નિગોદ માત્રમાં ઉત્કૃષ્ટથી કેટલો કાળ રહે ? (૩)

સુક્ષ્મ-બાદર સાધારણ-પ્રત્યેક રૂપ વનસ્પતિકાય માત્રમાં ઉત્કૃષ્ટથી કેટલો કાળ જીવો રહે? (૪)

ઉ૦-વ્યવહાર રાશિમાં આવેલા જીવો જો સુક્ષ્મ નિગોદમાં જાય તો ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી તેમાં રહે છે. પછી અવશ્ય બાદર નિગોદ આદિમાં આવે છે. (૧)

બાદર નિગોદમાં ઉત્કૃષ્ટથી ૭૦ કોટાકોટિ સાગરોપમ સુધી રહે છે. તેથી વધુ નહી. (૨)

સામાન્ય નિગોદમાં અઢી પુદ્દગલ પરાવર્ત કાળ સુધી એટલે કે અનન્ત કાળ સુધી રહે છે. (૩)

વનસ્પતિકાય માત્રમાં અસંખ્યાતા પુદ્દગલ પરાવર્ત

કાળ સુધી રહે છે. અને તે પુદ્ગલ પરાવર્તો આવલિકાના અસંખ્યાતમાં ભાગમાં જેટલા સમય હોય તેટલા જાણવા.

આ બધી સ્થિતિ વ્યવહાર રાશિમાં આવેલા જીવોને આશ્રયીને કહી છે. તેથી મરુદેવા માતા વિગેરેને આશ્રયીને વિરોધ નથી.

આગમમા કહ્યું છે કેઃ—

**सुहुमनिगोए णं भंते, सुहुम निगोए त्ति कालओ कियच्चिरं होइ? गोयमा जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखिज्जाओ उस्सप्पिणि ओसप्पिणीओ.**

**ભાવાર્થ**–હે ભગવંત! સુક્ષ્મ નિગોદમાં સુક્ષ્મ નિગોદ પણે જીવ કેટલો કાળ રહે? હે ગૌતમ! જઘન્યથી અંત મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતો કાળ અસંખ્યાતિ ઉત્સર્પિણી અવસર્પિણી સુધી રહે. ॥૧૩૯॥

પ્ર૦ (૧૪૦)—જેઓનાં રૂંવાટાઓ વડે રત્નકંબલ વસ્ત્ર ઉત્પન્ન થાય છે. તે ઉંદરડા અગ્નિમાં ઉત્પન્ન થાય છે. આથી જ તે વસ્ત્રની મલીનતા અગ્નિમાં નાખવા વડે શુદ્ધ થાય છે. એવી ઉક્તિ સંભળાય છે. તેમાં અગ્નિમાં ઉંદરડાની ઉત્પત્તિ કોઈ શાસ્ત્રમાં કહી છે કે નહી? તથા કોઇકના પેટમાં ગીરોળી ઉત્પન્ન થાય છે એમ સંભળાય છે તેમાં શું કારણ છે?

ઉ૦—અનુયોગ દ્વાર વૃત્તિમાં આવશ્યક નિક્ષેપાના

અધિકારમાં અગ્નિમાં ઉંદરડાની ઉત્પત્તિ કહી છે. તે પાઠ આ પ્રમાણે છે:—

" इष्टकापाकाद्यग्निमूषिकावास इत्युच्यते तत्रहि अग्नौ किल मूषिकाः सम्मूर्च्छन्तीति "

**ભાવાર્થ**—ઇંટનાં નિભાડાનો અગ્નિ, ઉંદરોનો આવાસ છે. એમ કહેવાય છે. તે અગ્નિમાં સંમૂર્ચ્છિમ ઉંદરડા ઉત્પન્ન થાય છે. તથા પેટમાં ગીરોળીની ઉત્પત્તિનું કારણ નિશીથચૂર્ણિમાં કહ્યું છે. તેનો પાઠ આ પ્રમાણે છે:—

" गिहकोइल अवयवसंमिस्सेण भुत्तेण पोट्टे किल गिहकोइला संमुच्छंति त्ति "

**ભાવાર્થ**:—ગીરોળીનાં અવયવ મિશ્રિત ભોજન વડે પેટમાં ગીરોળી ઉત્પન્ન થાય છે. ॥૧૪૦॥

**પ્ર૦** (૧૪૧)—કેટલાંક આધુનિક પાખંડી નિહ્નવો એમ કહે છે કે "અભયકુમારે મોકલેલા રજોહરણાદિનાં દર્શન વડે આર્દ્રકુમાર પ્રતિબોધ પામ્યો હતો" તે વચન આગમ અનુસારે છે કે આગમ વિરુદ્ધ છે?

ઉ૦—ઉપરોક્ત વચન આગમ વિરુદ્ધ જ છે એમ જાણવું. ઉત્સૂત્ર ભાષી સિવાય બીજો કોણ આવું પોતાની મતિ કલ્પનાથી કલ્પેલું સૂત્ર વિરુદ્ધ વચન બોલવાનો ઉત્સાહ રાખે. કારણ કે સૂત્રમાં સાક્ષાત્ એકાન્તે જિન

પ્રતિમાને જોઈને આર્દ્રકુમાર પ્રતિબોધ પામ્યાનું કહેલું છે. સૂત્રકૃતાઙ્ગ સૂત્રનાં આર્દ્રકીય અધ્યયનની નિર્યુક્તિનો પાઠ આ પ્રમાણે છેઃ—

संवेगसमावन्नो मायी भत्तं चइत्तु दीयलोए।
चइऊणं अद्दउरे अद्दसुओ अद्दओ जाओ ॥९३॥
पीती दोण्ह उ दूओ पुच्छण अभयस्स पट्ठवे सो वि।
तेण वि सम्मद्दिट्ठि त्ति होज्ज पडिमारहस्स गयं ॥९४॥
दट्ठुं संबुद्धो रक्खिओ य आसाणवाहणपलाओ।
पव्वइयं तो धरिओ रज्जं न करेई को अन्नो ॥९५॥

**ભાવાર્થ**—આર્દ્રકુમારનો જીવ આગલા ભવમાં વસંતપુરમાં સામાયિક નામનો ખેડૂત હતો. તેણે પોતાની પત્ની સાથે દીક્ષા લીધી. એક વખત ગોચરી જતાં બન્ને મળ્યા સ્ત્રીને જોઈને સામાયિક ખેડૂત તેના પર અનુરાગી થયો. તે વાત જાણી સ્ત્રી જે સાધ્વી હતી તે અણુસણ કરીને સ્વર્ગે ગઈ. આ વાત જાણીને માયાવી તે સામાયિક ખેડૂત વૈરાગ્ય પામ્યો. અને અણુસણ કરીને દેવલોકમાં ગયો ત્યાંથી ચ્યવી આર્દ્રપુરમાં આર્દ્રકરાજાનો આર્દ્રક નામનો પુત્ર થયો. તે આર્દ્રક રાજાને રાજગૃહના શ્રેણિક રાજા સાથે મૈત્રી હતી. તેથી અરસપરસ ભેટણાં મોકલતાં એક વખત આર્દ્રક રાજાએ ભેટણું મોકલ્યું. તે વખતે આર્દ્રકકુમારે પણ અભયકુમાર માટે ભેટણું મોકલ્યું. તેથી અભયકુમારે વિચાર્યું કે આ ભવિ જીવ છે. તેથી મારી

મૈત્રી ઇચ્છે છે. તેથી તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તે માટે એકાન્તમાં જિનપ્રતિમા મોકલી. તેને જોઈને આર્દ્રકકુમાર પ્રતિબોધ પામ્યો, અને વિષયોથી વિરક્ત થયો. આથી તે નાસી ન જાય તે માટે તેના ઉપર તેના પિતાએ ૫૦૦ રાજપુત્રોની ચોકી મૂકી. છતાં અશ્વ ખેલાવવાને બહાને છટકી જઈ આર્ય દેશમાં આવી દીક્ષા લીધી. તે વખતે આકાશવાણી થયેલી કે "તારે હજુ ઘણાં ભોગાવલી કર્મ બાકી છે." એમ દેવતાએ વારવા છતાં "મારા સિવાય બીજો કોણ રાજ્ય નહિ કરે" એમ કહી દેવતાના વચનની અવગણના કરી ચારિત્ર લીધું. આ પ્રમાણે ઉપરોક્ત પાઠથી જણાય છે કે આર્દ્રકુમાર જિનપ્રતિમાના દર્શનથી જ બોધ પામ્યા હતા.

નિર્યુક્તિનું આ વચન સૂત્રવચન નથી એમ ન કહેવું. કારણ કે શ્રુતકેવલિ શ્રી ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિ રચેલી હોવાથી તે સૂત્ર જેવી જ છે.

"सुयकेवलिणा रइयमिति" वचनात्.

વળી શ્રી ભગવતી સૂત્ર અનુયોગ દ્વારમાં પણ કહ્યું છે કે :—

"सुत्तत्थो खलु पढमो बीओ निज्जुत्तिमीसिओ भणिओ,
तइओ य निरवसेसो एस विही होइ अणुओगे"

ઈત્યાદિ વચનથી નિર્યુક્તિ ભાષ્ય ચૂર્ણિ વિગેરે

પ્રમાણ કરાયેલા છે. આથી તેનું વચન જેઓ ન માને તે સૂત્રના ઉત્થાપકો જાણવા. ॥૧૪૧॥

**પ્ર૦** (૧૪૨) અત્યારના કેટલાક પાખંડીઓ ગૃહસ્થોને પણ અંગ ઉપાંગ આદિ સિદ્ધાન્તો ભણાવે છે. તે જિનેશ્વરની આજ્ઞા અનુસારે છે? કે તેની વિરુદ્ધ છે?

ઉ૦ આ કૃત્ય જિનેશ્વરની આજ્ઞા વિરુદ્ધ જ છે એમ જાણવું. નિશીથ સૂત્રમાં ઓગણીસમા ઉદ્દેશામાં ગૃહસ્થોને સૂત્ર વાંચવાનો નિષેધ હોવાથી તે પાઠ આ પ્રમાણે છે–

**जे अण्णउत्थियं वा गारत्थियं वा वाएति वायं तं वा साइज्जति से आवज्जति चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं "**

**ભાવાર્થ**—જેઓ અન્ય તીર્થીઓને અથવા ગૃહસ્થોને વાચના આપે છે અથવા તેને સહાય આપે છે તેને ચાતુર્માસિક પરિહાર સ્થાન ઉદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત આવે છે.

આથી જ શ્રી અરિહંત ભગવંતોનાં ચરણમાં શ્રાવકોનાં વર્ણનમાં ઠેકઠેકાણે 'મેળવ્યો છે અર્થ જેમણે' 'ગ્રહણ કર્યો છે અર્થ જેમણે' એવા પદો જ દેખાય છે. પરંતુ 'સૂત્રનું અધ્યયન કર્યું છે જેમણે' એવો પાઠ દેખાતો નથી.

જો એમ છે તો શ્રાવકોને દશવૈકાલિક સૂત્ર પણ ન ભણાવવું? તેનાં ઉત્તરમાં કહે છે કે શ્રાવકોને દશવૈકાલિક

સૂત્રનાં ષડ્જીવનિકાય નામના ચોથા અધ્યયન સુધી જ ભણાવવું. પણ બાકીનાં છ અધ્યયનો ભણાવવા નહીં. આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે કે—

" जहन्नेणं अट्ठपवयणमायाओ उक्कोसेणं छज्जीवणिया सुत्तओ, अत्थओ वि पिंडेसणं न सुत्तओ, अत्थओ पुण उल्लावेणं सुणइ त्ति "

ભાવાર્થ—શ્રાવકને સૂત્રથી જઘન્યથી અષ્ટ પ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી છજ્જીવ નિકાય અધ્યયન સુધી ભણાવવું. પિંડેષણા અધ્યયન અર્થથી ભણાવવું પણ સૂત્રથી નહિ. અર્થ પણ માત્ર સાંભળે. બીજે પણ કહ્યું છે કે જે શ્રાવકોને દશવૈકાલિક સૂત્રના ષડ્જીવ નિકાય અધ્યયનથી આગળ ભણાવે છે તે પોતાના મનકલ્પિત કદાચરણવાળો છે. (૧૪૨)

પ્ર૦ (૧૪૩)—શ્રી મહાવીરસ્વામી ભગવંતનો અંબડ નામનો શ્રાવક હતો તે જાતે બ્રાહ્મણ હતો કે ક્ષત્રિય ? તથા તેનું જે વિવિધ રૂપ કરવાનું સામર્થ્ય હતું તે તપથી ઉત્પન્ન થયેલી વૈક્રિય લબ્ધિના બળ વડે હતું ? કે પ્રસન્ન થયેલા દેવે આપેલ વિદ્યાબળ વડે હતું ? તથા આવતી ચોવિશિમાં જે તીર્થંકર થવાના છે તે અંબડ કોણ ?

ઉ૦—અહીં શાસ્ત્ર દૃષ્ટિએ વિચારતાં શ્રી મહાવીર સ્વામીનાં અંબડ નામનાં બે શ્રાવકો થયા છે એમ સંભવે છે તે આ પ્રમાણે ઔપપાતિક ઉપાંગમાં કહ્યું છે કે:-શ્રી

વીરસ્વામીનો શ્રાવક અંબડ પરિવ્રાજક જાતે બ્રાહ્મણ હતો, અને ઘણાં છઠ્ઠ અઠ્ઠમ આદિ તપશ્ચર્યાથી તેને અવધિજ્ઞાન અને વૈક્રિયલબ્ધિ ઉત્પન્ન થઈ હતી. તેને સાતસો શિષ્યો હતા. અન્તે અનશનવડે કાળ કરીને બ્રહ્મ દેવલોકમાં ગયો અને પછી મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષે જશે.

શ્રી મુનિરત્નસૂરિકૃત અંબડ ચરિત્રમાં આ પ્રમાણે કહ્યું છેઃ–

રથપુરમાં રહેનારો ક્ષત્રિય જાતિનો અંબડ રાજા હતો, તેને સાંખ્યમતની ગોરખ યોગિનીએ સાત દેશ આપ્યા હતા. બત્રીસ શ્રેષ્ઠ સ્ત્રીઓ અને મોટા રાજ્યની સમૃદ્ધિવાળો હતો. તેને પ્રસન્ન થયેલા સૂર્યાદિ દેવોએ અનેક વિદ્યાઓ આપી હતી. કેટલાક કાળે શ્રી કેશિ ગણધરના ઉપદેશથી સમ્યક્ત્વ પામીને તેમનાંજ વચનથી શ્રી મહાવીરસ્વામી ભગવંતના ચરણની સેવા સ્વીકારી હતી. મનની શિથિલતાથી અઢાર વખત સમ્યક્ત્વ મુકયું તથા સ્વીકાર્યું હતું. શ્રી વીર પરમાત્માએ બતાવેલ સુલસા શ્રાવિકાની દૃઢતાને જોવાથી અત્યંત દૃઢ થયું છે સમ્યક્ત્વ જેનું એવો અંબડ રાજા પોતાના પુત્રને રાજ્ય આપીને અનશનવડે કાળ કરીને સ્વર્ગમાં ગયા. બીજા અંબડ ચરિત્રમાં આજ અંબડ રાજા આવતી ચોવિશિમાં તીર્થંકર થશે એમ કહ્યું છે.

ઠાણાંગ સૂત્રની વૃત્તિમાં પણ બે અંબડ શ્રાવકો જણાવેલા છે. પરંતુ એટલું વિશેષ છે કે તેમાં અંબડ

પરિવ્રાજક જ કે જેણે સુલભા શ્રાવિકાની પરીક્ષા કરી હતી તેજ ભાવિ તીર્થંકરનો જીવ કહ્યો છે, તત્ત્વ તો કેવલિઓ અથવા બહુશ્રુતો જાણે. ॥૧૪૩॥

પ્ર૦ (૧૪૪)-શાસ્ત્રોમાં જે નવ પાપ નિયાણાં કહ્યા છે તે કયા કયા ?

ઉ૦-(૧) ભવાન્તરમાં હું રાજા થાઉં એવી પ્રાર્થના એ પહેલું નિયાણું.

(૨) મારે ઘણા વ્યાપાર અને રાજ્યવડે સર્યું પરંતુ સમૃદ્ધિમાન ગૃહસ્થ થાઉં એવી પ્રાર્થના એ બીજું નિયાણું.

(૩) પુરૂષને અનેક પ્રકારનું કષ્ટ પડતું જોઈને ભવાન્તરમાં હું સ્ત્રી થાઉં એવી પ્રાર્થના એ ત્રીજું નિયાણું.

(૪) સ્ત્રીને પરવશતાનું દુઃખ જોઈને હું પુરૂષ થાઉં એવી પ્રાર્થના એ ચોથું નિયાણું.

(૫) મનુષ્ય સંબંધી વિષયોનાં અશુચિપણાથી દેવસંબંધી ઘણાં વિષયોની પ્રાર્થના એ પાંચમું નિયાણું.

(૬) જે દેવો સ્વ અને પર દેવ–દેવીનાં સેવનમાં અને પોતે વિકુર્વેલ દેવદેવીનાં સેવનમાં આસક્ત છે તેઓ 'બહુરત'=(ઘણાં આસકત) કહેવાય છે અને જે દેવો પોતેજ દેવપણે

અને દેવી પણે વિકુર્વણા કરીને વિષય સેવે છે. પરંતુ બીજાને નહી તેઓ સ્વરત કહેવાય છે, તેનાં સંબંધી નિયાણું કરવું, તે છઠ્ઠું નિયાણું.

(૭) ઉપર કહેલાં છ પ્રકારનાં નિયાણાં કરનારા ભવાન્તરમાં દુર્લભ બોધિ થાય છે, આથી જે દેવો (નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનવાસી) મૈથુન સેવનથી રહિત છે. તે 'અરત' કહેવાય છે, તે સંબંધિ નિયાણું કરવું તે સાતમું નિયાણું.

(૮) ઉપર કહેલા (૧) બહુરત (૨) સ્વરત (૩) અરત એ ત્રણે દેવનાં ભેદો છે. ભવાન્તરમાં હું સાધુને વહોરાવનાર શ્રાવક થાઉં એવી પ્રાર્થના એ આઠમું નિયાણું.

(૯) વ્રતની આકાંક્ષાથી હું ભવાન્તરમાં દરિદ્ર શ્રાવક થાઉં એવી પ્રાર્થના એ નવમું નિયાણું.

ઉપર કહેલા નવ નિયાણામાં છેલ્લા ત્રણ અનુક્રમે સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વ વિરતિને આપનારા છે. પણ મોક્ષ આપનાર નથી. આ બધી બાબત પક્ખીસૂત્રની વૃત્તિમાં કહી છે, બીજે ઠેકાણે પણ કહ્યું છે કે:–

निव-सिद्धि-इत्थि-पुरिसे परपवियारे य सपवियारे य ।
अप्पसुरय-सड्ढ-दरिद्दे हुज्जा नव नियाणाइ त्ति ॥१॥

**શંકાઃ**- રાજ્ય આદિની પ્રાર્થનાની જેમ તીર્થંકર પણું, ચરમ શરીરિપણાની પ્રાર્થના પણ દુષ્ટ છે કે નહી?

**સમાધાનઃ**-તીર્થંકરપણું આદિને વિષે પણ નિયાણું ન કરવું એમ ભગવંત શ્રી મહાવીરસ્વામીએ કહ્યું છે, નિયાણામાં તો સારી વસ્તુનાં વિષયમાં પણ અપવાદ નથી. સાધુને નિયાણાને નિષેધજ છે. એ પ્રમાણે બૃહત્કલ્પવૃત્તિમાં કહ્યું છે. તીર્થંકરપણા આદિની પ્રાર્થના પણ સાધુને યુક્ત નથી જ. વળી સર્વકર્મના ક્ષયથી મારો મોક્ષ થાઓ એવી ભાવના પણ શું નિયાણું કહેવાય? ખરેખર આ પણ નિશ્ચય નયથી નિષેધ્યુંજ છે. કારણ કે ઉત્તમ મુનિ મોક્ષમાં કે સંસારમાં સર્વ ઠેકાણે સ્પૃહા વગરના જ હોય એમ કહેલું હોવાથી તોપણ ભાવનામાં અપરિણત સત્વને અંગિકાર કરીને વ્યવહારથી આ દુષ્ટ નથી.

આવશ્યકબૃહદ્વૃત્તિમાં ધ્યાન શતક અધિકારમાં અને યોગશાસ્ત્રની વૃત્તિમાં કહ્યું છે કેઃ-

"जयवीय राय" इत्यादि.

આ પ્રણિધાન નિયાણા રૂપ નથી, પ્રાયઃ કરીને આસક્તિ રહિત અભિલાષા રૂપ હોવાથી.

આ બધું અપ્રમત્તસંયત નામનાં સાતમા ગુણસ્થાનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી કરવા યોગ્ય છે. અપ્રમત્ત સંય-

તાદિને તો મોક્ષમાં પણ અભિલાષા હોતી નથી. વિસ્તારના અર્થીઓએ પૂજાપંચાશકની વૃત્તિ જોવી. ॥ ૧૪૪ ॥

પ્ર૦ (૧૪૫) બીજા પુરુષની જેમ તીર્થંકરોના વૃષણ અને પુરૂષચિહ્ન આદિ ગુહ્ય પ્રદેશ જોવામાં આવે કે નહીં ?

ઉ૦ અતિગુપ્ત હોવાથી પ્રાયે કરીને હાથી અને જાતિવંત અશ્વની જેમ જોવામાં આવે જ નહી. પ્રાયે કરીને એમ કહેવાથી ગૃહસ્થપણામાં સ્ત્રી સાથેનાં સંભોગ સમયે કંઈક દૃષ્ટિપથમાં આવવામાં દોષ નથી.

યોગશાસ્ત્રવૃતિનાં પ્રથમ પ્રકાશમાં કહ્યું છે કે-

**स्वामिनः कुञ्जरस्येव मुष्कौ गूढौ समस्थिती ।**
**अतिगूढं च पुंश्चिह्नं कुलीनस्येव वाजिनः ॥३०॥**

સિદ્ધાન્તમાં પણ આ બાબત કોઈ જગ્યાએ કહી છે ?

ઉત્તર- ઔપપાતિક ઉપાંગસૂત્રની વૃત્તિમાં છે.

“ **वरतुरगसुजायगुज्झं देसेत्ति** ” શ્રેષ્ઠ અશ્વની જેમ અત્યંત ગુપ્તપણાવડે સારી રીતે નિષ્પન્ન થયેલ છે ગુહ્યદેશ જેનો. એ પ્રમાણે વીરપ્રભુનાં વર્ણનનાં અધિકારમાં છે.

શંકા—જો એમ છે તો કેટલાક (દિગંબરો) અત્યંત પ્રકટ ગુહ્ય પ્રદેશવાળી જિન પ્રતિમાઓ કરાવે છે તે વાંદવા યોગ્ય છે કે નહિ ?

**સમાધાનઃ—** પ્રથમ તો તે ભગવંતની પ્રતિમાજ નથી. કારણ કે ભગવંતની પ્રતિમાઓ ભગવંતની જેમ

અતિગુપ્ત ગુહ્ય પ્રદેશવાળી હોવી જોઇએ. અને દિગંબર કારિત પ્રતિમાઓ તો સાક્ષાત્ ગુહ્યપ્રદેશ દેખાય તેવી હોય છે. અને તેમ હોવાથી પ્રતિમાઓ કેવી રીતે વાંદવા યોગ્ય ગણાય ? વળી ઉત્સૂત્રવાદિઓએ તથા ગૃહસ્થોએ પ્રતિષ્ઠિત કરેલાં ચૈત્યો અવંદનીય જ છે. શ્રી જિનપતિસૂરિએ પ્રબોધ ઉદયમાં કહ્યું છે કે:-

"पौर्णमासिकादिमतवर्त्तीनि चैत्यानि अवन्द्यान्येव अनधिकारिप्रतिष्ठापितत्वात् दिगम्बरादिपरिग्रहीतवद् इत्यादि."

અર્થ:-પુનમ આદિ મતમાં રહેલા ચૈત્યો. અનધિકારિઓએ પ્રતિષ્ઠત કરેલ હોવાથી અવંદનીયજ છે. દિગંબરાદિ ઓએ પરિગૃહીત ચૈત્યોની જેમ.

એવી રીતે સ્વદર્શન મિથ્યાદષ્ટિ ચૈત્યવાસિ વિગેરે વડે ગ્રહણ કરાયેલી પ્રતિમા પણ વર્જનીય છે.

"कूराभिग्गहियमहामिच्छद्दिट्ठीहिं पावेहिं अहमाहमेहिं नामायरिय उवज्झाय साहुलिंगीहिं जिनघर मढ आवासोपकप्पिओ साय सीलेहिं"

ઈત્યાદિ મહાનિશીથ આદિ આગમ વચનો વડે ચૈત્યવાસિ વિગેરેનું મિથ્યાદષ્ટિપણું પ્રતિપાદન કરેલું છે.

**શંકા:**—તેવા પ્રકારનાં બિંબ આદિના દર્શનથી

પણ કોઈકને સમ્યક્‌ત્વાદિની ઉત્પત્તિ થાય છે, તો તેમને વંદન કરવા જવામાં શું દોષ?

**સમાધાન** :—દ્રવ્ય લિંગિઓ વડે ગ્રહણ કરાયેલાં ચૈત્યોમાં બિંબ આદિનાં દર્શનથી ક્યારેક કોઈકને સમ્યક્‌ત્વ રત્નની ઉત્પત્તિ ભલે થતી હોય. તોપણ '**जइवि हु सम्मुप्पाओ कस्से वि**' ઇત્યાદિ વચનો વડે કલ્પભાષ્યમાં નિહ્નવની જેમ તે ચૈત્યોનું વર્જન કરવાનું કહેલું હોવાથી વિવેકી પુરુષોને ત્યાં જવું યોગ્ય નથી. આ બધી બાબત પ્રબોધ ઉદયમાંથી સંક્ષેપીને અહીં લખી છે. શ્રી બૃહત્કલ્પ ભાષ્ય ચૂર્ણિ આદિમાં પ્રથમ ખંડમાં આ અર્થ વિસ્તારથી લખ્યો છે. ત્યાંથી જાણી લેવો.

**શંકા** :—જેમ નિહ્નવ આદિ વડે ગ્રહણ કરાયેલી પ્રતિમાઓ અવંદ્ય છે. તેમ તેઓએ કરેલા સ્તોત્ર પ્રકરણાદિક પણ સમ્યગ્દૃષ્ટિઓને અગ્રાહ્ય છે કે ગ્રાહ્ય છે?

**સમાધાન**—અગ્રાહ્ય જ છે. શ્રી મહાનિશીથ સૂત્રમાં ચોથા અધ્યયનમાં કહ્યું છે કે :—

**जे भिक्खु वा भिक्खुणी वा परपाखंडीणं पसंसं करेज्जा जेआवि णिण्हगाणं पसंसं करेज्जा जेआवि अनुकूलं भासेज्जा जेआवि निण्हगाणं आययणं पविसिज्जा जेआवि निण्हगाणं गंथं सत्थं पयक्खरं वा परूवेज्जा जे णं निण्हगाणं संतिए कायकिलेसाइतवे वा संजमेइ वा णाणेइ वा विणाणेइ वा**

मूए वा पंडिच्चेइ वा अभिमुहमुद्धपरिसा मज्झगए सिलाहेज्जा से वि आणं परमाहम्मिएसु उववज्जेज्जा जहा सुमतीति "

**ભાવાર્થ**:-જે ભિક્ષુ અથવા ભિક્ષુણી પર પાખંડીઓની પ્રશંસા કરે, જેઓ નિહ્નવોની પ્રશંસા કરે, તેઓને અનુકૂળ વચન બોલે, તેઓનાં સ્થાનમાં પ્રવેશ કરે, તેઓના ગ્રંથશાસ્ત્ર કે પદ કે અક્ષર માત્રની પ્રરૂપણા કરે. તેઓની પાસે કાયક્લેશ આદિતપ કરે, સંયમ લે, જ્ઞાન મેળવે, વિજ્ઞાન મેળવે. તેઓનાં શ્રુત કે પંડિતાઇના વખાણ કરે સન્મુખ બેસીને ભોળા માણસોની સભામાં તેઓનાં વખાણ કરે તે 'સુમતિ'ની જેમ પરમાધાર્મિકપણાને પામે છે. ॥ ૧૪૫ ॥

પ્ર૦ (૧૪૬)—મનક નામનો પોતાનો પુત્ર સ્વર્ગમાં ગયે છતે શ્રી શય્યંભવસૂરિએ અશ્રુપાત કરેલો તે શોકથી કે હર્ષથી ?

ઉ૦—શોકથી કરેલો એમ કેટલાક કહે છે. પરંતુ તે અયોગ્ય છે. કારણ કે શ્રુતકેવલિ એવા તે મહાપુરુષને તેવા પ્રકારનાં શોકની ઉત્પત્તિનો અસંભવ છે. પરંતુ આ બાળકે થોડા જ કાળમાં આરાધના કરી એવા વિચાર પૂર્વકનાં હર્ષથી જ અશ્રુપાત થયો હતો.

શ્રી દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં કહ્યું છે કે–

**आणंद अंसुपायं काही सज्जं भवा तहि थेरा।**
**जसभद्दस्स य पुच्छा, कहणा य वियारणा संघे ॥१॥**

શ્રી દશવૈકાલિક સૂત્રની બૃહદ્ વૃત્તિમાં પણ કહ્યું છે કે:-અહો આ બાળકે થોડા જ વખતમાં આરાધના કરી એ કારણે શ્રી શય્યંભવસૂરિને હર્ષના આંસુ આવ્યા હતા. ॥ ૧૪૬ ॥

પ્ર૦ ૧૪૭—દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવમાં કોણ કોનાથી વધારે સુક્ષ્મ છે?

ઉ૦—સમયરૂપ **કાળ** સુક્ષ્મ છે. એકવાર ચક્ષુ (આંખ) ઉઘાડ વાસ કરીએ એટલીવારમાં અસંખ્યાતા સમય થઈ જાય છે તેના કરતાં **ક્ષેત્ર** વધારે સુક્ષ્મ છે. અંગુલ શ્રેણી માત્ર ક્ષેત્ર પ્રદેશોને સમયે સમયે અપહાર કરતાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ લાગે છે, તેનાં કરતાં **દ્રવ્યો** સુક્ષ્મ છે.

એક એક આકાશ પ્રદેશમાં અનંતાનંત પરમાણુ આદિ પુદ્ગલ દ્રવ્યો અવગાહીને રહી શકે છે. તેનાં કરતાં પણ '**ભાવ**' શબ્દ વડે વાચ્ય પર્યાયો અતિસુક્ષ્મ છે. દરેક પરમાણુ આદિ દ્રવ્યોમાં અનન્તાનન્ત પર્યાયો હોવાથી.

આચારાઙ્ગ નિર્યુક્તિવૃત્તિ તથા લોકપ્રકાશમાં કહ્યું છે કે:-

**निउणो य हवइ कालो, तत्तो निउणयरं अ हवइ खित्तं।**
**अंगुलसेढीमित्ते ओसप्पिणीओ असंखिज्जा ॥८९॥**

इति द्वितीयोद्देशके ।

कालवृद्धौ द्रव्यभावक्षेत्रवृद्धिरसंशयम् ।
क्षेत्रवृद्धौ तु कालस्य भजना क्षेत्र सौक्ष्मतः ॥१९॥
द्रव्यपर्याययोर्वृद्धिरवश्यं क्षेत्रवृद्धितः ।
अत्र शेषो विशेषश्च ज्ञेय आवश्यकादितः ॥२०॥

इति तृतीयसर्गेऽवधिज्ञानाधिकारे ।

ભાવાર્થ-કાળ સુક્ષ્મ છે. તેનાં કરતાં ક્ષેત્ર વધારે સુક્ષ્મ છે. અંગુલ પ્રમાણુ શ્રેણીનાં પ્રદેશોને સમયે સમયે અપહારતાં અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણીઓ ચાલી જાય છે. કાળની વૃદ્ધિમાં દ્રવ્ય ભાવ અને ક્ષેત્રની વૃદ્ધિ ચોક્કસ થાય છે. અને ક્ષેત્રની વૃદ્ધિમાં કાલની વૃદ્ધિની ભજના જાણવી. કારણુ કે કાળ કરતાં ક્ષેત્ર સુક્ષ્મ છે.

ક્ષેત્રની વૃદ્ધિમાં દ્રવ્ય અને પર્યાયની વૃદ્ધિ અવશ્ય થાય છે. આ બાબતમાં વિશેષ જાણુવાની ઈચ્છાવાળાએ આવશ્યકાદિથી જાણી લેવું. ॥ ૧૪૭ ॥

પ્ર૦-(૧૪૮) કેવલીઓને પણુ તેરમા ગુણુઠાણુાને અન્તે સુક્ષ્મક્રિયા અપ્રતિપાતિ આદિ શુકલધ્યાન કહ્યું છે, અને ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા, અને તે કેવલીઓને સંભવતી નથી. કારણુ કે તેમને ભાવમનનો જ અભાવ હોય છે. તો ઉપર કહ્યું તેવું શુક્લધ્યાન કઈ રીતે સંભવે?

ઉ૦-ચિત્તની એકાગ્રતા રૂપ ધ્યાન, શાસ્ત્રમાં છદ્મસ્થોને આશ્રયીને કહ્યું છે. કેવલીઓને તો કાયાની નિશ્ચલતા એજ ધ્યાન કહ્યું છે. આથી કોઈ દોષ નથી.

ગુણસ્થાનક્રમારોહ સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કેઃ–

**छद्मस्थस्य यथा ध्यानं, मनसः स्थैर्यमुच्यते ।**
**तथैव वपुषः स्थैर्यं, ध्यानं केवलिनो भवेत् ॥१०१॥**

ભાવાર્થ–જે પ્રકારે છદ્મસ્થ યોગિને મનની સ્થિરતા એ ધ્યાન કહેવાય છે, તે જ પ્રકારે કેવલીને શરીરની સ્થિરતા (નિશ્ચલપણું) એ ધ્યાન કહેવાય છે. અને તેથી શૈલેશીકરણ થાય છે. ત્યારપછી તે તરત જ અયોગિ કેવલી ગુણસ્થાનકે જાય છે.

**जह छउमत्थस्स मणो झाणं, मन्नइ सुनिच्चलं संतं ।**
**तह केवलिणो काओ, सुनिच्चलो भण्णइ झाणं ॥८४॥**

ભાવાર્થ-જેમ છદ્મસ્થનું અત્યંત નિશ્ચલ થયેલું મન ધ્યાન કહેવાય છે. તેમ કેવલીની અત્યંત નિશ્ચલ થયેલી કાયા ધ્યાન કહેવાય છે. આ પ્રમાણે આવશ્યકભાષ્યમાં ધ્યાનશતકમાં કહેલું છે. ॥ ૧૪૮ ॥

પ્ર૦ (૧૪૯)–અત્યારે કેટલાક મુનિઓ રજોહરણ ઉપર ઉનની નિષદ્યા હંમેશા બાંધી રાખે છે તે શું આગમ અનુસારે છે? કે રૂઢિમાત્ર છે?

ઉ૦–આ રૂઢિમાત્ર જ છે એમ જણાય છે. આગમમાં તે નિષદ્યા યથાવસરે બેસવા માટે તેને જણાવેલ છે. બૃહત્કલ્પવૃત્તિમાં બીજા ખંડમાં કહ્યું છે કે– "**पाणिद्वय इत्यादि" गाथायाम् "निसिज्जिज्जत्ति"** રજોહરણની બે નિષદ્યા

બેસવા માટે રખાય છે. અહિંયા જો કે બે નિષદ્યા કહી છે. પરંતુ તેજ શાસ્ત્રમાં પાછળ એક જ નિષદ્યા કહી છે. તેનો પાઠ આ પ્રમાણે છે–"**औपग्रहिक्यां निषद्यायामुपविष्टश्चार्थं श्रृणोतीति**" 'ઔપગ્રહિકીમાં નિષદ્યા ઉપર બેઠેલા મુનિ અર્થ સાંભળે છે.' એ રીતે યોગશાસ્ત્રમાં પ્રથમ પ્રકાશમાં ચારિત્ર અધિકારમાં કહ્યું છે કે–

આસન એટલે બેસવું તે જે પ્રદેશ ઉપર બેસવાની ઈચ્છા હોય તે પ્રદેશને ચક્ષુથી જોઈને, અને રજોહરણ વડે પ્રમાર્જીને નિષદ્યા પાથરીને બેસવું.

એવી રીતે પ્રવચનસારોદ્ધારની બૃહદ્વૃત્તિમાં અને શ્રી મલયગિરિજીએ કરેલ પિણ્ડ નિર્યુક્તિની વૃત્તિમાં પણ કહ્યું છે.

પ્ર૦ (૧૫૦)–ઓઘાનું પ્રમાણ કેટલું?

**बत्तीसंगुलदीहं चउवीसं अंगुलाइं दंडो से।**
**अट्ठंगुला दसीओ एगयरं हीणमहियं वा ॥१॥**

**અર્થ**—ચોવીસ આંગલની દાંડી અને આઠ આંગલની દસીઓ મળી કુલ બત્રીસ અંગુલ ઓઘાનું પ્રમાણ છે. તેમાં બેમાંથી એક જેટલું ઓછું હોય તેટલું બીજું વધારે લેવું ઉપર મુજબ ઓઘનિર્યુક્તિ સૂત્રમાં કહેલું છે.

ઉપરોક્ત પ્રમાણથી ઓછા–વત્તા પ્રમાણનું રજોહરણ સૂત્રવિરુદ્ધ માનવું, વળી ઓઘનિર્યુક્તિ સૂત્રની વૃત્તિમાં જ વિશેષથી રજોહરણનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે:—

घणं मूले थिरं मज्झे अग्गे मद्दव जुत्तयं ।
एगंगियं अज्झुसिरं पोराणामं तिपासियं ॥१॥

વ્યાખ્યા—મૂલે એટલે દાંડીના છેડે ઘન એટલે ગાઢ મજબુત હોય, મધ્યપ્રદેશમાં સ્થિર હોય, અને અગ્રે એટલે દશીઓનાં છેડે મૃદુ (નરમ) કરવું, એક અંગવાળું એટલે નિષદ્યાની કામળીમાંથી જ દશીયો કાઢેલું, વળી જેની દશીયો તથા નિષદ્યા ગુંથેલી ન હોય તેવું, અંગુઠાનાં પર્વ ઉપર તર્જની અંગુલી રાખતાં જેટલું પોલાણ થાય તેટલું પુરાય તેવું, દોરી વડે ત્રણ આંટા દઈને પાશબંધ વડે બાંધેલું એવા પ્રકારનું રજોહરણ કરવું,

પ્ર૦ (૧૫૧)—તત્ત્વરૂપ અર્થ ઉપર શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન કહેવાય છે. તેમાં શ્રદ્ધા એટલે આ વસ્તુ આમ જ છે. એવો વિશ્વાસ અને તે માનસિક અભિલાષા રુપ છે, અને તે અપર્યાપ્ત અવસ્થામાં હોતો નથી, અને સમ્યક્ત્વ તો તે અપર્યાપ્ત અવસ્થામાં પણ માનેલું છે. કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમની કહી છે. તો આ લક્ષણ કેમ ઘટે ?

ઉ૦—તત્વરૂપ અર્થ ઉપર શ્રદ્ધા કરવી તે તો સમ્યક્ત્વનું કાર્ય છે, અને સમ્યક્ત્વ તો મિથ્યાત્વ મોહનીયના ક્ષય-ઉપશમ આદિથી ઉત્પન્ન થતાં આત્માના શુભ પરિણામ રુપ છે, અને આ લક્ષણ તો મન રહિત એવા સિદ્ધ ભગવંતોને પણ ઘટે છે. એટલે કહ્યા મુજબનો દોષ આવતો નથી.

**શંકા**:—સ્વશાસ્ત્રમાં કહેલા તત્ત્વ ઉપર શ્રદ્ધા રાખનારા પર પાખંડીઓને જેમ અભિગ્રહિક મિથ્યાત્વ કહ્યું છે તેમ સ્વશાસ્ત્રમાં કહેલા તત્ત્વ ઉપર શ્રદ્ધા રાખનારા જૈનોને પણ તે અભિગ્રહિક મિથ્યાત્વ કેમ ન કહ્યું ?

**સમાધાન**:—સ્વશાસ્ત્રમાં જ નિયંત્રિત છે વિવેક રૂપ પ્રકાશ જેઓનો અને પરપક્ષને તોડી પાડવામાં દક્ષ એવા પર પાંખડીઓને જ અભિગ્રહિક મિથ્યાત્વ જાણવું પરંતુ ધર્મ અધર્મના વાદ વડે પરીક્ષાપૂર્વક તત્ત્વનો વિચાર કરીને પોતે સ્વીકારેલ અર્થ ઉપર શ્રદ્ધા રાખનારા જૈનોને પરપક્ષને તોડી પાડવામાં દક્ષ હોવા છતાં પણ અભિગ્રહિક મિથ્યાત્વ લાગતું નથી. કારણ કે તેઓનો વિવેકરૂપી પ્રકાશ સ્વશાસ્ત્ર વડે નિયંત્રિત થઈ ગયેલો હોતો નથી. જે પોતાના કુલાચાર વડે નામનો જ જૈન હોય છતાં આગમ પરીક્ષાનો બાધ કરે તેને અભિગ્રહિક મિથ્યાત્વ જ છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવ પરીક્ષા કર્યા વિના પક્ષપાત કરનારા હોતા નથી.

શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે કેઃ—

**पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥१॥**

**ભાવાર્થ**:-મને શ્રી વીર ભગવંત ઉપર પક્ષપાત નથી અને કપિલ આદિ ઉપર દ્વેષ નથી જેનું વચન યુક્તિયુક્ત હોય તેનો સ્વીકાર કરવો જોઇએ,

આ બધી વાત ધર્મસંગ્રહ પ્રકરણને અનુસારે જાણવી.

**શંકા**—આનાથી જૈનોને અભિગ્રહિત મિથ્યાત્વ નથી એમ સાબિત કરીને સમ્યક્ત્વ છે એમ પ્રતિપાદન કર્યું. પરંતુ તે ક્ષાયિક ક્ષાયોપશમિક ઔપશમિક એ ત્રણે પ્રકારનું સમ્યક્ત્વ ચારે ગતિમાં પ્રાપ્ત થાય કે નહી?

**સમાધાન**—કેટલાક લઘુકર્મી જીવોને પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે નરક ગતિમાં પહેલી ત્રણ નારકીમાં ત્રણે પ્રકારનું સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તેમાં ક્ષાયિકતો પરભવ સંબંધીજ હોય છે. પરંતુ તે ભવ સંબધી હોતું નથી. કારણકે મનુષ્યની જેમ તે જ ભવમાં નવા ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. ઔપશમિક સમ્યક્ત્વ તેજ ભવનું હોય છે. ક્ષાયો પશમિક સમ્યક્ત્વ તેજ ભવનું અગર પરભવનું એમ બન્ને પ્રકારનું હોય છે, બાકીની ચાર નારકીમાં ક્ષાયિક સમ્યક્ત્વ હોતું જ નથી કારણકે ક્ષાયિક સમ્યક્ત્વવાળા તે ચાર નરક પૃથ્વીમાં ઉપજતા નથી. બીજા બે સમ્યક્ત્વ હોય છે તે પૂર્વની માફક જાણી લેવા.

**દેવગતિમાં**—વૈમાનિક દેવોને તો પહેલી ત્રણ નારકીની જેમ ત્રણે પ્રકારનાં સમ્યક્ત્વ હોય છે. ભવનપતિ વ્યંતર જ્યોતિષ્કોને ક્ષાયિક સમ્યક્ત્વ હોતું નથી જ. કારણકે ક્ષાયિક સમ્યક્ત્વવાળા જીવો તેમાં ઉત્પન્ન થતાં નથી. બીજા બે સમ્યક્ત્વ પૂર્વની માફક હોય છે.

મનુષ્યો સંખ્યાતવર્ષનાં આયુષ્યવાળા અને અસંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા એમ બે પ્રકારનાં હોય છે તેમાં સંખ્યાતવર્ષનાં આયુષ્યવાળાને ઔપશમિક સમ્યક્ત્વ તે ભવસંબંધી જ હોય છે. ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ તે ભવનાં પણ હોય અગર પરભવનાં પણ હોય અસંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા મનુષ્યોને ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વ પહેલી ત્રણ નારકી અને વૈમાનિક દેવની જેમ જાણવું અને ક્ષાયોપશમિક તો કર્મગ્રંથના અભિપ્રાયે તેજ ભવનું અને સિદ્ધાન્તનાં અભિપ્રાયે પરભવનું પણ હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચો પણ મનુષ્યની જેમ બે પ્રકારનાં હોય છે. તેમાં અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણે સમ્યક્ત્વો મનુષ્યની જેમ કહેવા. સંખ્યાતા વર્ષનાં આયુષ્યવાળા સંજ્ઞિપંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચિણીઓને ક્ષાયિક સમ્યક્ત્વ હોતું નથીજ બીજા બે સમ્યક્ત્વ પૂર્વની માફક કહેવા.

બાકીનાં એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞિ પંચેન્દ્રિય સુધીનાં તિર્યંચોને તો ત્રણમાંથી એકપણ સમ્યક્ત્વ સંભવતું નથી.

ઉપરોક્ત સર્વ બાબત પ્રવચનસારોદ્ધારના ૧૪૯માં દ્વારમાંથી ઉદ્ધરીને સંક્ષેપમાં કહી છે. વિસ્તારના અર્થીઓએ તેની બૃહદ્‌વૃત્તિ જોવી.

શંકા—નિશ્ચયનયનાં મતે લોકમાં એક ધર્મ અને

બાકીનું સમ્યક્ત્વાદિ ધર્મનું સાધન કહ્યું છે તો જીવને ધર્મની પ્રાપ્તિ ક્યારે થાય ?

**સમાધાન**–ધર્મસંગ્રહણીમાં નિશ્ચયનયના મતે શૈલેશી કરણના છેલ્લા સમયેજ ધર્મ કહ્યો છે તે પૂર્વનાં સમયમાં તો ધર્મનાં સાધનનો જ સંભવ છે એમ કહ્યું છે.

सो उ भवक्खय हेऊ सेलेसीचरमसमयभावी जो ।
सेसो पुण निच्छयओ तस्सेव पसाहगो भणिओ त्ति ॥

**ભાવાર્થ**—શૈલેશીકરણનાં ચરમ સમયે જે (ધર્મ) થાય છે. તે સંસારનાં ક્ષયમાં હેતુભૂત છે. બાકીનું બધું તેનું જ સાધન કહ્યું છે. નિશ્ચયનયના મતે આ વાત કહી છે.

આ પ્રમાણે નિર્દોષ સમ્યક્ત્વના સ્વરૂપનો વિચાર, તેની અંતર્ગત જ, જૈનોના અનભિગ્રહિકપણાનો વિચાર, તથા ચારે ગતિમાં ક્ષાયિકાદિ સમ્યક્ત્વના સ્વરૂપનો વિચાર, તેમજ એવંભૂતરૂપ નિશ્ચયનયથી શૈલેશી અવસ્થાના છેલ્લા સમયે ધર્મપ્રાપ્તિનો વિચાર પણ જણાવ્યો ॥

श्रीजिनलाभसूर्यादिसद्गुरूणामनुग्रहात् ।
क्षमाकल्याणगणिना निर्मिते स्मृतिहेतवे ॥१॥
प्रश्नोत्तरसार्द्धशतेऽपरार्द्धं परिपूर्णतां ॥
गतंस्यादत्रकश्चित् दोषः शोध्यः सधाधनैः ॥२॥

**ભાવાર્થ** :—આચાર્યશ્રી જિનલાભસૂરિસદ્દગુરુના અનુગ્રહથી ક્ષમાકલ્યાણગણિએ યાદગીરીને માટે બનાવેલ પ્રશ્નોત્તરસાર્ધશતક નામક ગ્રંથનો **उत्तरार्ध** પૂર્ણ થયો. આની અંદર કોઈ દોષ રહેલ હોય તો વિદ્વાનોએ સુધારીને વાંચવું.

**મહોપાધ્યાય શ્રીક્ષમાકલ્યાણગણિએ જેસલમેર નગરમાં આ ગ્રંથની શરૂઆત કરી અને સં. ૧૮૫૧ની સાલમાં જેઠ સુદ ૫ના દિવસે જેસલમેરમાં જ ગ્રંથની સમાપ્ત કરી**

**ઇતિશમ**

શ્રી તપાગચ્છ-સંવિગ્નશાખાપ્રવર્તક ક્રિયોદ્ધારક અનુયોગાચાર્ય પંન્યાસશ્રી સત્યવિજયગણિપટ્ટપરંપરાગત-તીર્થોદ્ધારક આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરપટ્ટપ્રભાવક-જિનાગમરહસ્યવેદી આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીશ્વરપટ્ટવિભૂષક આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરિકૃત– પ્રશ્નોત્તર સાર્ધશતક ગ્રન્થસ્ય ગુર્જર ભાષાનુવાદ સમાપ્ત:।। વિક્રમ સંવત ૨૦૧૪ મહા સુદ ૫–પાટડી.



મુદ્રક : પંડીત મફતલાલ ઝવેરચંદ નયન પ્રીન્ટીગ પ્રેસ, ઢીકવાવાડી, અમદાવાદ.